અંદાજપત્ર પ્રકાશન નં. ૩૫

सत्यमेव जयते

ગુજરાત સરકાર

# વિકાસ વિવરણ

## ૨૦૧૮-૧૯

સામાન્ય વહીવટ વિભાગ

આયોજન પ્રભાગ

સચિવાલય, ગાંધીનગર

ફેબ્રુઆરી - ૨૦૧૮

# વિકાસ વિવરણ

# ૨૦૧૮-૧૯

## વિષયસૂચિ

**ભાગ - ૧**

**પ્રકરણ**

**પાના નં.**


| | | |
|---|---|---|
| ૧. | ગુજરાત વર્તમાન સ્થિતિ | ( ૧-૧૯) |
| ૨. | વિકાસ અભિગમ | (૨૦-૪૫) |
| ૩. | રોજગાર અને કૌશલ્ય વિકાસ | (૪૬-૫૨) |
| ૪. | આદિજાતિ વિકાસ કાર્યક્રમ | (૫૩-૬૨) |
| ૫. | સામાજિક વિકાસ | (૬૩-૬૬) |
| ૬. | જેન્ડર ફોકસ | (૬૭-૭૩) |
| ૭. | વિકેન્દ્રિત વિકાસમાં માનવ વિકાસ અભિગમ | (૭૪-૭૮) |
| ૮. | ઈ – ગવર્નન્સ | (૭૯-૮૫) |
| ૯. | ૨૦ મુદ્દા કાર્યક્રમ | (૮૬-૧૦૦) |
| ૧૦. | રાજયમાં બાહ્ય સહાયિત યોજનાઓ | (૧૦૧-૧૦૩) |

# ભાગ - ૨

## વિભાગવાર હેતુઓ, વ્યુહ રચના અને મુખ્ય યોજનાઓ


| | | |
|---|---|---|
| ૧ | કૃષિ અને સહકાર વિભાગ | ( ૧-૭૨) |
| ૨ | ક્લાઈમેટ ચેન્જ વિભાગ | (૭૩-૭૬) |
| ૩ | શિક્ષણ વિભાગ | (૭૭-૧૧૮) |
| ૪ | ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ | (૧૧૯-૧૩૧) |
| ૫ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતેનો વિભાગ | (૧૩૨-૧૩૭) |
| ૬ | વન અને પર્યાવરણ વિભાગ | (૧૩૮-૧૫૧) |
| ૭ | સામાન્ય વહીવટ વિભાગ | (૧૫૨-૧૬૧) |
| ૮ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | (૧૬૨-૧૮૫) |
| ૯ | ગૃહ વિભાગ | (૧૮૬-૨૦૩) |
| ૧૦ | માહિતી અને પ્રસારણ વિભાગ | (૨૦૪-૨૦૫) |
| ૧૧ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | (૨૦૬-૨૨૬) |
| ૧૨ | શ્રમ અને રોજગાર વિભાગ | (૨૨૭-૨૪૧) |
| ૧૩ | કાયદા વિભાગ | (૨૪૨-૨૪૩) |
| ૧૪ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | (૨૪૪-૨૫૬) |
| ૧૫ | બંદરો અને વાહન વ્યવહાર વિભાગ | (૨૫૭-૨૫૯) |
| ૧૬ | પંચાયત, ગ્રામ ગ્રૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | (૨૬૦-૨૮૦) |
| ૧૭ | માર્ગ અને મકાન વિભાગ | (૨૮૧-૨૯૧) |
| ૧૮ | મહેસૂલ વિભાગ | (૨૯૨-૩૦૦) |
| ૧૯ | સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ | (૩૦૧-૩૨૮) |
| ૨૦ | આદિજાતિ વિકાસ વિભાગ | (૩૨૯-૩૪૩) |
| ૨૧ | રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ | (૩૪૪-૩૫૧) |
| ૨૨ | વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ | (૩૫૨-૩૬૦) |
| ૨૩ | શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ | (૩૬૧-૩૭૨) |
| ૨૪ | મહિલા અને બાળ વિકાસ વિભાગ | (૩૭૩-૩૮૩) |

# ભાગ-૧

# પ્રકરણ

# પ્રકરણ-૧

## વર્તમાન આર્થિક ચિત્ર

1.1 વૈશ્વિક અર્થતંત્ર પુન: સંતુલન મેળવી રહ્યું છે અને તેમાં આર્થિક વૃધ્ધિદરમાં સુધારાના ચિહ્નો જોવા મળે છે. વૈશ્વિક વૃધ્ધિ અગાઉના વર્ષ કરતાં વધુ ઝડપથી વધવાનો અંદાજ છે. છેલ્લાં ૬ વર્ષોમાં ઉત્પાદનનો વૈશ્વિક ખરીદ વ્યવસ્થાપનનો સૂચકાંક ટોચ પર છે.

1.2 ઉત્પાદન અને વેપારમાં સુધારો, આત્મવિશ્વાસમાં વધારો અને અનુકૂળ વૈશ્વિક નાણાંકીય પરિસ્થિતિને કારણે UN-DESA એ વર્ષ ૨૦૧૭ અને વર્ષ ૨૦૧૮માં વૈશ્વિક વૃધ્ધિદર ૩.૦ ટકા જેટલો સ્થિર રહેવાનું અંદાજેલ છે.

1.3 ઉભરતા બજારો અને વિકાસશીલ અર્થતંત્રોમાં ભવિષ્યનું રોકાણ અને ઉત્પાદકતાની વૃધ્ધિ વધારવા જરૂરી સુધારાઓને વેગ આપવો પડશે. તકનીકિ પરિવર્તન અને કાર્યક્ષમતાના લાભ માટે નવું મૂડી રોકાણ મહત્વનું છે. મુખ્ય ક્ષેત્રો જેવા કે સંશોધન અને વિકાસ, શિક્ષણ અને આંતરમાળખાકીય સુવિધાઓમાં રોકાણ, સામાજિક અને પર્યાવરણીય પ્રગતિને પ્રોત્સાહન તેમજ ઉત્પાદકતા વૃધ્ધિને ટેકો આપવા માટે મદદરૂપ થઇ શકે છે.

1.4 ભારતની અર્થવ્યવસ્થા વિશ્વની સૌથી સુવ્યવસ્થિત રીતે વિકસતી અર્થવ્યવસ્થા છે. આર્થિક ઉદારીકરણ (૧૯૯૧) પછી ભારતે વાર્ષિક ધોરણે ૬-૭ ટકાએ સરેરાશ વૃધ્ધિ જાળવી રાખી છે. માળખાકીય સુધારાઓમાં વેગ, નિયમને અનુલક્ષીને નીતિ ઘડતર તરફનો ઝોક તથા ચીજવસ્તુઓના નીચા ભાવને કારણે વિકાસને ઉત્તેજન મળ્યું છે.

1.5 એક વર્ષ પૂર્વે થયેલ નોટબંધી, માલસામાન અને સેવા પરના વેરા (GST) ના અમલીકરણની અસર અને ફેરફારના પગલા સાથે અર્થતંત્ર ઝડપથી નિયમિત થઇ રહેલ છે અને વિકાસ સાધી રહેલ છે. ભારતીય અર્થતંત્ર પર GST ની સાનુકૂળ અસર જોવા મળશે.

1.6 જાહેર વેતન અને પેન્શનમાં વધારો તથા કૃષિ તેમજ ગ્રામીણ આવકમાં વધારાને લીધે ખાનગી વપરાશમાં વધારો થયો છે. ઉપભોકતા સંબંધિત સૂચકો મજબૂત થયા છે, સાથો સાથ ઔદ્યોગિક ઉત્પાદનમાં વધારો થયો છે.

1.7 કેન્દ્ર સરકાર દ્વારા વ્યવસાય કરવાની સરળતા બાબતે રાજયોને નંબર આપવાની પહેલને કારણે ઘણા રાજયોમાં વ્યવસાય કરવાની સરળતાની બાબતમાં સુધારો થયો છે. કેટલાક રાજયોએ વેપાર કરવાની સરળતા વધારવાની બાબતમાં આગેવાની લીધી છે અને ઉંચી ઉત્પાદક્તા અને આવક પ્રાપ્ત કરી છે.

1.8 ભારત સરકારના આર્થિક સર્વેક્ષણ મુજબ ૨૦૧૭-૨૦૧૮ના નાણાંકીય વર્ષમાં ભારતની વાસ્તવિક જીડીપી વૃધ્ધિ ૬.૭૫ ટકા અંદાજેલ છે.

1.9 ભારતનું સેવા ક્ષેત્ર વિશ્વનું સૌથી ઝડપથી વિકસતું ક્ષેત્ર છે. ખાનગી ક્ષેત્રમાં આઇ.ટી. ઉદ્યોગ ભારતનો સૌથી મોટો નોકરીદાતા ઉદ્યોગ છે. વધુમાં, નાણાકીય વર્ષ ૨૦૧૭માં ભારત આઇ. ટી. સેવા, બિઝનેસ પ્રોસેસ આઉટસોર્સિંગ (BPO) સેવાઓ અને સોફ્ટવેર સેવાઓનું મુખ્ય નિકાસકર્તા રહ્યું છે.

1.10 ગુજરાતમાં સાતત્યપૂર્ણ સુશાસનના કારણે રાજયનો સારો વિકાસ થયેલો છે. ગુજરાત દેશમાં ઝડપી વૃધ્ધિ, નોકરી અને ઉદ્યોગની વિપુલ તકો ધરાવતું સમૃધ્ધ અને મોટા રાજયો પૈકીનું રાજય છે.

1.11 કપાસ, તેલીબિયાં અને તમાકુ જેવા રોકડીયા પાકો અને તેની વધેલી પાક ઉત્પાદકતા એ કૃષિક્ષેત્રની વૃધ્ધિને અસર કરતા મુખ્ય પરીબળો છે. રાજયમાં પાણીની અછત હોવા છતાં ગુજરાત સરકાર દ્વારા કૃષિ ક્ષેત્રે લેવામાં આવેલ નિર્ણાયક પગલાંના કારણે નોંધપાત્ર વૃધ્ધિ થઇ છે. સતત વધતું દૂધનું ઉત્પાદન અને નોંધપાત્ર મત્સ્યનિકાસનો પશુપાલન ક્ષેત્રે વૃધ્ધિમાં મહત્વનો ફાળો છે.

1.12 ભારતના ખાસ આર્થિક વિકાસ ક્ષેત્ર (SEZ) અંતર્ગત ગુજરાત સૌથી વધારે ભૌગોલિક વિસ્તાર ધરાવતું સૌથી વિકસિત ઔદ્યોગિક રાજયોમાંનું એક છે. ગુજરાત સરકારે પરવાના, લાઇસન્સ અને પર્યાવરણની મંજૂરી ઝડપથી મળે તે માટે અસરકારક પગલાં લીધાં છે જેના પરિણામે વધુ અને વધુ નવા કારખાનાઓ ઉભા થઇ રહ્યાં છે.

1.13 CRISIL દ્વારા "સ્ટેટ ઓફ ગ્રોથ" નામના અહેવાલમાં Macro Economic ના ત્રણ મુખ્ય માપદંડો વૃધ્ધિ, ફુગાવો અને નાણાકીય સદ્ધરતાનું વિશ્લેષણ કરીને ગુજરાતને વર્ષ ૨૦૧૩ અને ૨૦૧૭ વચ્ચેના સમયગાળામાં સૌથી ઝડપી વૃધ્ધિ પામતા રાજય તરીકે દર્શાવ્યું છે.

## વસતિ

1.14 ભારતની વસતિ ૧લી માર્ચ, ૨૦૧૧ના રોજ ૦.૦૦ કલાકે ૧૨૧.૦૯ કરોડ નોંધાયેલ, જે પૈકી ૬૨.૩૩ કરોડ પુરૂષો અને ૫૮.૭૬ કરોડ સ્ત્રીઓ હતી. તે જ તારીખ અને સમયે ગુજરાતની વસતિ ૬.૦૪ કરોડ નોંધાયેલ, જે પૈકી ૩.૧૫ કરોડ પુરૂષો અને ૨.૮૯ કરોડ સ્ત્રીઓ હતી. જેમાં ગ્રામીણ વસતિ ૩.૪૭ કરોડ અને શહેરી વસતિ ૨.૫૭ કરોડ હતી. છેલ્લા દસકામાં ગ્રામીણ વસતિમાં ૨૯.૫૪ લાખ અને શહેરી વસતિમાં ૬૮.૧૫ લાખનો વધારો નોંધાયેલ છે.

1.15 દેશના રાજ્યોમાં ગુજરાત રાજ્ય વસતિની દ્રષ્ટિએ ૧૦મો ક્રમ અને વસતિ ગીચતાની દ્રષ્ટિએ ૧૪મો ક્રમ (કેન્દ્ર શાસિત પ્રદેશ સિવાય) ધરાવે છે. ગુજરાત ભારતના કુલ વિસ્તારના ૫.૯૭ ટકા વિસ્તાર અને કુલ વસતિના ૪.૯૯ ટકા વસતિ ધરાવે છે.

1.16 ટકાવારીની દ્રષ્ટિએ જોઇએ તો, રાજ્યમાં કુલ વસતિમાં ૫૭.૪ ટકા ગ્રામિણ વસતિ (દસકામાં ૫.૨ ટકાનો ઘટાડો) અને ૪૨.૬ ટકા શહેરી વસતિ (દસકામાં ૫.૨ ટકાનો વધારો) નો સમાવેશ થાય છે.

1.17 ૨૧મી સદીની શરૂઆતમાં ગુજરાત રાજ્યની વસતિ ૫.૦૭ કરોડ હતી. વર્ષ ૨૦૧૧ની વસતિ ગણતરી અનુસાર, ગુજરાતની વસતિ ૬.૦૪ કરોડ થવા પામેલ છે. વર્ષ ૨૦૦૧ થી ૨૦૧૧ દરમ્યાન ભારતના ૧૭.૭ ટકાના દાયકાના વસતિ વૃદ્ધિદરની સામે ગુજરાતનો વસતિ વૃદ્ધિદર ૧૯.૩ ટકા થવા પામેલ છે. ગ્રામીણ વિસ્તારમાં વસતિ વૃદ્ધિદર ૯.૩ ટકા હતો જ્યારે શહેરોમાં ૩૬.૦ ટકા હતો.

1.18 દેશમાં જાતિ પ્રમાણ ૨૦૦૧માં ૯૩૩ હતું જે ૧૦ અંક વધીને ૨૦૧૧માં ૯૪૩ થવા પામેલ છે. જ્યારે રાજ્યમાં જાતિ પ્રમાણ ૨૦૦૧માં ૯૨૦ હતું જે સામાન્ય ઘટીને ૨૦૧૧માં ૯૧૯ થયેલ છે. જાતિ પ્રમાણ રાજયના ગ્રામીણ વિસ્તારમાં ૨૦૦૧માં ૯૪૫ હતું જે ૪ અંક વધીને ૨૦૧૧માં ૯૪૯ થયેલ છે, જ્યારે શહેરી વિસ્તારમાં ૨૦૦૧માં ૮૮૦ હતું જે ૨૦૧૧માં યથાવત રહેવા પામેલ છે. આમ, દેશના જાતિ પ્રમાણ ૯૪૩ની સામે રાજ્યનું જાતિ પ્રમાણ ૯૧૯ અને દેશના શહેરી વિસ્તારના જાતિ પ્રમાણ ૯૨૯ ની સામે રાજ્યના શહેરી વિસ્તારનું જાતિ પ્રમાણ ૮૮૦ રહેવા પામેલ છે. ગુજરાતની સ્થાપના સમયથી એટલે કે ૧૯૬૧થી, રાજયમાં જાતિ પ્રમાણ, ૧૯૮૧ની વસતિ ગણતરી સિવાય, સતત ઘટવાનું વલણ ધરાવે છે. મજબુત ઔદ્યોગિક પાયો અને ઉંચા શહેરીકરણના દરને લીધે અન્ય રાજ્યના લોકો સ્થળાંતર કરવા આકર્ષાય છે. જેની અસર રાજ્યના જાતિ પ્રમાણ પર પડે છે.

1.19 વસતિ ગણતરી-૨૦૧૧ મુજબ રાજ્યમાં ૦-૬ વર્ષની વયજૂથના ૭૭.૭૭ લાખ બાળકો નોંધાયેલ, જેમાં ગ્રામીણ વિસ્તારમાં ૪૮.૨૫ લાખ અને શહેરી વિસ્તારમાં ૨૯.૫૨ લાખ નોંધાયેલ.

1.20 રાષ્ટ્રીય સ્તરે, વસતિ ગણતરી-૨૦૧૧ મુજબ, ૦-૬ વર્ષની વય જૂથના બાળકોના જાતિ પ્રમાણમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળેલ છે અને ૧૯૬૧થી સતત ઘટીને ૯૧૮ થવા પામેલ છે. જ્યારે ગુજરાત રાજ્યમાં બાળ જાતિ પ્રમાણ જે છેલ્લા ચાર દાયકાઓમા ઘટતુ હતુ તે ૨૦૦૧માં ૮૮૩ થી વધીને ૨૦૧૧માં ૮૯૦ થવા પામેલ છે.

1.21 વસતિ ગણતરી-૨૦૦૧ મુજબ રાજ્યમાં પ્રતિ. ચો.કિ.મી. વસતિની ગીચતા ૨૫૮ હતી, જે વસતિ ગણતરી-૨૦૧૧માં ૩૦૮ થયેલ હતી. આમ છતાં તે, દેશની ૩૮૨ પ્રતિ. ચો.કિ.મી.ની વસતિ ગીચતા કરતા ઓછી છે.

1.22 ગુજરાતમાં સાક્ષરતા દર, વર્ષ ૨૦૦૧ના ૬૯.૧ ટકાથી વધીને વર્ષ ૨૦૧૧માં ૭૮.૦ ટકા થયેલ છે. આમ સાક્ષરતા દરમાં દાયકા દરમ્યાન ૮.૯ ટકાનો સુધારો થયેલ છે. જે રાષ્ટ્રના ૮.૨ ટકા કરતા વધુ છે. સાક્ષરતા દર, ગ્રામ્ય વિસ્તારમાં ૧૦.૪ ટકાનો વધારો થઈ ૭૧.૭ ટકા થયેલ છે જ્યારે શહેરી વિસ્તારમાં ૪.૫ ટકાનો વધારો થઈને ૮૬.૩ ટકા થયેલ છે. ગુજરાતમાં સ્ત્રી સાક્ષરતા દર વર્ષ ૨૦૦૧માં ૫૭.૮ ટકા હતો તે વર્ષ ૨૦૧૧માં શહેરી સ્ત્રી સાક્ષરતા દરમાં ૮૧.૦ ટકા સાથે ૬૯.૭ ટકા થયેલ છે જે સંતોષજનક બાબત છે. સ્ત્રી-પુરૂષ સાક્ષરતા દરમાં વર્ષ ૨૦૦૧માં ૨૧.૯ ટકાનો તફાવત હતો તે વર્ષ ૨૦૧૧માં ઘટીને ૧૬.૧ ટકા થયેલ છે, જે છોકરીઓના ૧૦૦ ટકા પ્રવેશ માટેના સરકારશ્રી અને સમાજના સહિયારા પ્રયત્નોનું સીધુ

પરિણામ છે. કન્યા શિક્ષણને પ્રોત્સાહિત કરવામાં માટે તેમાં વધુ રોકાણ કરવાથી આ તફાવતને હજુ વધુ ઘટાડવાની તકો રહેલી છે.

1.23 **અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની વસતિઃ** વસતિ ગણતરી-૨૦૧૧ મુજબ, ભારતમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની વસતિ અનુક્રમે ૧૬.૬ ટકા અને ૮.૬ ટકાની સામે રાજ્યમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની વસતિ અનુક્રમે ૪૦.૭૪ લાખ (૬.૭ ટકા) અને ૮૯.૧૭ લાખ (૧૪.૮ ટકા) હતી. ભારતની અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની કુલ વસતિમાં ગુજરાતનો હિસ્સો અનુક્રમે ૨.૦ ટકા અને ૮.૬ ટકા હતો. અનુસૂચિત જાતિની વસતિના લગભગ ૫૬.૦ ટકા વસતિ ગ્રામ્ય વિસ્તારમાં અને બાકીની ૪૪.૦ ટકા વસતિ શહેરી વિસ્તારમાં હતી. જયારે અનુસૂચિત જનજાતિની વસતિનાં ૯૦.૦ ટકા વસતિ ગ્રામ્ય વિસ્તારમાં અને ૧૦.૦ ટકા વસતિ શહેરી વિસ્તારમાં હતી.

**રાજ્યનું ઘરગથ્થુ ઉત્પાદન**

1.24 **MOSPI** ભારત સરકાર દ્વારા ગયા વર્ષે પાયાનું વર્ષ બદલીને ૨૦૦૪-૦૫ નાં સ્થાને ૨૦૧૧-૧૨ કરવામાં આવેલ છે. તદ્અનુસાર તમામ રાજયોની અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકશ્રીની કચેરીઓએ પાયાનું વર્ષ બદલવાનું થાય છે તે મુજબ પાયાનું વર્ષ ૨૦૦૪-૦૫ થી વર્ષ ૨૦૧૧-૧૨ કરેલ છે

1.25 ઘરગથ્થુ ઉત્પાદનના ઝડપી અંદાજો મુજબ ચાલુ ભાવે, રાજ્યનું એકંદર ઘરગથ્થુ ઉત્પાદન બજારભાવે, વર્ષ ૨૦૧૬-૧૭માં રૂ. ૧૧,૫૮,૧૫૧ કરોડ અંદાજવામાં આવેલ છે, જે વર્ષ ૨૦૧૫-૧૬માં રૂ. ૧૦,૨૫,૧૮૮ કરોડના સુધારેલ અંદાજની સરખામણીએ ૧૩.૦ ટકાની વૃદ્ધિ દર્શાવે છે. વર્ષ ૨૦૧૧-૧૨ ના સ્થિરભાવે રાજ્યનું એકંદર ઘરગથ્થુ ઉત્પાદન બજારભાવે વર્ષ ૨૦૧૬-૧૭માં રૂ. ૯,૮૪,૫૯૮ કરોડ અંદાજવામાં આવેલ છે જે વર્ષ ૨૦૧૫-૧૬ના રૂ. ૮,૯૪,૬૬૭ કરોડના સુધારેલ અંદાજની સામે ૧૦.૧ ટકાની વૃદ્ધિ દર્શાવે છે.

1.26 વર્ષ ૨૦૧૬-૧૭ માં, ચાલુ ભાવે, રાજ્યની એકંદર મૂલ્ય વૃદ્ધિ માં પ્રાથમિક, દ્વિતીય અને તૃતીય ક્ષેત્રનો ફાળો અનુક્રમે ૧૯.૧ ટકા, ૪૪.૮ ટકા અને ૩૬.૧ ટકા નોંધાયેલ છે.

1.27 **રાજ્યનું ચોખ્ખું ઘરગથ્થુ ઉત્પાદન** : ચાલુ ભાવે, રાજ્યનું ચોખ્ખુ ઘરગથ્થુ ઉત્પાદન બજારભાવે, વર્ષ ૨૦૧૬-૧૭માં રૂ. ૧૦,૧૯,૨૬૦ કરોડ અંદાજવામાં આવેલ છે, જે વર્ષ ૨૦૧૫-૧૬ ના રૂ. ૯,૦૦,૫૩૯ કરોડના સુધારેલ અંદાજની સરખામણીએ ૧૩.૨ ટકાની વૃદ્ધિ દર્શાવે છે

1.28 **માથાદીઠ આવક** : ચાલુ ભાવે, વર્ષ ૨૦૧૬-૧૭ ની માથાદીઠ આવક(રાજ્યનું માથાદીઠ ચોખ્ખુ ઘરગથ્થુ ઉત્પાદન) રૂ. ૧,૫૬,૬૯૧ અંદાજવામાં આવેલ છે, જે વર્ષ ૨૦૧૫-૧૬ ની રૂ. ૧,૪૦,૨૭૩ ના સુધારેલ અંદાજ ની સરખામણીએ ૧૧.૭ ટકાની વૃદ્ધિ દર્શાવે છે. વર્ષ ૨૦૧૧-૧૨ ના સ્થિરભાવે, વર્ષ ૨૦૧૬-૧૭ માટે માથાદીઠ આવક (રાજ્યનું માથાદીઠ ચોખ્ખુ ઘરગથ્થુ ઉત્પાદન) બજાર ભાવે રૂ. ૧,૩૨,૭૭૩ અંદાજવામાં આવી છે, જે વર્ષ ૨૦૧૫-૧૬ ના રૂ. ૧,૨૨,૧૪૮ ના સુધારેલ અંદાજ ની સરખામણીએ ૮.૭ ટકાની વૃદ્ધિ દર્શાવે છે.

**કૃષિ અને સંલગ્ન ક્ષેત્રો**

1.29 **કૃષિ** : વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન અનાજનું ઉત્પાદન ૭૪.૨૦ લાખ ટન થયેલ જેની સરખામણીએ વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન (બીજા અંદાજ મુજબ) અનાજનું ઉત્પાદન ૬૬.૮૮ લાખ ટન થવાનો અંદાજ છે. વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન કપાસનું ઉત્પાદન ૧૭૦ કિલોની એક એવી ૫૦.૪૩ લાખ ગાંસડી હતું જે વધીને વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન ૧૨૭.૪૬ લાખ ગાંસડી થવાનો અંદાજ છે. વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન તેલીબિયાંનું ઉત્પાદન ૪૫.૭૬ લાખ ટન થયેલ હતું, જેની સામે વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન ૪૯.૩૨ લાખ ટન થવાનો અંદાજ છે.

1.30 **બાગાયત** : વર્ષ ૨૦૧૫-૧૬ દરમ્યાન ફળોનું ઉત્પાદન ૮૫.૦૫ લાખ ટન, શાકભાજીનું ઉત્પાદન ૧૨૬.૮૨ લાખ ટન, મસાલા પાકોનું ઉત્પાદન ૮.૩૩ લાખ ટન અને ફૂલોનું ઉત્પાદન ૧.૮૪ લાખ ટન હતું જે વધીને વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન અનુક્રમે ૮૯.૫૩ લાખ ટન, ૧૩૧.૬૧ લાખ ટન, ૯.૨૩ લાખ ટન અને ૧.૯૫ લાખ ટન થયેલ છે. વર્ષ ૨૦૧૫-૧૬ દરમ્યાન નાળિયેરનું ઉત્પાદન ૨,૧૫૧.૯૭ લાખ નટસ હતું જે વધીને વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન ૨,૩૨૧.૭૦ લાખ નટસ થયેલ છે. વર્ષ ૨૦૧૩-૧૪થી કુલ ફળ પાકોમાં નાળિયેરનો વિસ્તાર અને ઉત્પાદનનો સમાવેશ કરવામાં આવતો નથી.

1.31 **પશુપાલન** : વર્ષ ૨૦૧૨ની ૧૯મી પશુધન ગણતરીના કામચલાઉ પરિણામો મુજબ રાજ્યનું કુલ પશુધન ૨૭૩.૯૭ લાખ (કુતરા, સસલા અને હાથી સહિત) હતું. મુખ્ય પશુધન પેદાશોના સંકલિત નિદર્શ મોજણીના કામચલાઉ અંદાજો મુજબ રાજયમાં દૂધનું ઉત્પાદન વર્ષ ૨૦૧૫-૧૬ ના ૧૨૨.૬૨ લાખ ટનથી વધીને વર્ષ ૨૦૧૬-૧૭માં ૧૨૭.૮૪ લાખ ટન થયેલ હતુ. ઇંડાનું ઉત્પાદન વર્ષ ૨૦૧૫-૧૬ દરમ્યાનના ૧૭૨૧૬ લાખ નંગથી વધીને વર્ષ ૨૦૧૬-૧૭માં ૧૭૯૪૦ લાખ નંગ થયેલ હતું. જયારે ઊનનું ઉત્પાદન વર્ષ ૨૦૧૫-૧૬ દરમ્યાનના ૨૨.૮૩ લાખ કિ.ગ્રા.થી નહીવત ઘટીને વર્ષ ૨૦૧૬-૧૭ માં ૨૨.૬૭ લાખ કિ.ગ્રા.નું થયેલ હતું.

1.32 **મત્સ્યોદ્યોગ**: વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન ગુજરાત રાજ્યમાં એકંદર રૂ. ૬,૨૩૩.૮૯ કરોડની કિંમતનું ૮.૧૬ લાખ ટન મત્સ્ય ઉત્પાદન અંદાજવામાં આવ્યું છે. રાજ્યના કુલ મત્સ્ય ઉત્પાદનમાં દરિયાઈ મત્સ્ય ઉત્પાદનનો ફાળો ૮૫.૬૯ ટકા જેટલો છે . વર્ષ ૨૦૧૬-૧૭ (કા) દરમ્યાન ૨,૦૯,૦૭૪ ટન મત્સ્ય અને મત્સ્ય પેદાશોની નિકાસ મારફતે રાજ્યે રૂ. ૩,૬૫૩.૦૬ કરોડ મેળવેલ છે

1.33 વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન (સપ્ટેમ્બર-૨૦૧૭ સુધીમાં) (કા) રૂ.૧,૯૭૫.૩૩ કરોડની કિંમતનું કુલ ૨.૭૧ લાખ ટન મત્સ્ય ઉત્પાદન (દરિયાઇ મત્સ્ય ઉત્પાદન ૨.૨૮ લાખ ટન અને આંતરદેશીય મત્સ્ય ઉત્પાદન ૦.૪૩ લાખ ટન) અંદાજેલ છે. વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન (સપ્ટેમ્બર-૨૦૧૭ સુધીમાં)(કા) રાજ્યમાંથી રૂ.૭૪૪.૦૩ કરોડની કિંમતની ૪૬,૭૪૦ ટન મત્સ્ય અને મત્સ્ય પેદાશોની નિકાસ કરવામાં આવેલ છે.

1.34 રાજ્યમાં સપ્ટેમ્બર-૨૦૧૭ (કા) ના અંતે ૩૫,૦૩૬ મત્સ્ય હોડીઓ નોંધાયેલ હતી, જે પૈકી ૨૪,૯૩૪ યાંત્રિક હોડીઓ અને ૧૦,૧૦૨ બિનયાંત્રિક હોડીઓ છે. રાજ્યની આંતરદેશીય સ્તરે સતત વધતી જતી મત્સ્ય બીજની માંગને પહોંચી વળવા વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન ૮,૩૧૯.૮૫ લાખ મત્સ્ય બીજ (સ્પોન)નું ઉત્પાદન કરવામાં આવેલ છે

1.35 **જંગલો**: ગુજરાતનો જંગલ વિસ્તાર વર્ષ ૨૦૧૬-૧૭માં લગભગ ૨૧,૮૯૯.૪૯ ચો.કિ.મી. છે, જે રાજ્યના કુલ ભૌગોલિક વિસ્તારના આશરે ૧૧.૧૭ ટકા જેટલો છે. રાજ્યના કુલ ભૌગોલિક વિસ્તારના લગભગ ૮.૪૭ ટકા વિસ્તારને આવરી લેતા ૨૩ વન્યપ્રાણી અભયારણ્યો અને ૪ રાષ્ટ્રીય ઉદ્યાનો છે.

1.36 **જળ સંશાધન વિકાસ**: રાજ્યમાં પાણીના સ્રોત અપૂરતા છે. આથી સરકારે ઓછા, અસમાન અને અનિશ્ચિત વરસાદ તથા રાજ્યના વિશાળ વિસ્તારની સિંચાઈ માટેની અત્યાધિક જરૂરિયાતને કારણે સિંચાઈ શક્તિના વિકાસ અને વિસ્તરણને સરકારે ઉચ્ચ અગ્રતા આપી છે.

1.37 ભૂતળ જળ સપાટી દ્વારા છેવટની એકંદર સંભવિત સિંચાઈ ક્ષમતા, સરદાર સરોવર (નર્મદા) પરિયોજના મારફતે થનાર ૧૭.૯૨ લાખ હેકટર સહિત ૪૮.૧૧ લાખ હેક્ટર આકારવામાં આવી છે. તેવી જ રીતે ભૂગર્ભ જળ દ્વારા લગભગ ૨૦.૦૪ લાખ હેક્ટર સિંચાઈ આકારવામાં આવી છે. આમ ભૂતળ જળ અને ભૂગર્ભ જળ દ્વારા કુલ એકંદર ૬૮.૧૫ લાખ હેક્ટર સિંચાઈ શક્તિ ઉત્પન્ન થવાનો અંદાજ છે. જૂન-૨૦૧૭ સુધીમાં સપાટી જળ (ભૂતળ જળ)ની છેવટની એકંદર સિંચાઇ ક્ષમતા સામે ઉભી કરાયેલ કુલ ભૂતળ જળની સિંચાઇ ક્ષમતા ૯૦.૬૨ ટકા અને અધિકત્તમ ઉપયોગમાં લેવાયેલ સિંચાઇ ક્ષમતા ઉભી કરાયેલ સિંચાઈ ક્ષમતાના ૬૮.૨૫ ટકા થવા પામે છે.

1.38 રાજ્ય સરકારે “સરદાર પટેલ સહભાગી જળ સંચય યોજના” નામે સહભાગી જળસંચય યોજના અમલમાં મુકી છે. આ યોજના સમગ્ર રાજ્યમાં ૮૦:૨૦ ના ધોરણે (૮૦ ટકા સરકારી ફાળો અને ૨૦ ટકા લાભાર્થી ફાળો) અમલમાં છે. માર્ચ-૨૦૧૭ સુધીમાં કુલ ૯૨,૭૦૮ ચેકડેમ બાંધવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન (ઓક્ટોબર-૨૦૧૭ સુધીમાં) ૨૫૧ ચેકડેમો બાંધવામાં આવ્યા છે. આમ જળસંપત્તિ પ્રભાગ દ્વારા ઓક્ટોબર-૨૦૧૭ સુધીમાં વિવિધ યોજનાઓ અંતર્ગત કુલ ૯૨,૯૫૯ ચેકડેમો બાંધવામાં આવેલ છે. જ્યારે અન્ય વિભાગો દ્વારા કુલ ૭૫,૯૩૬ ચેકડેમો બાંધવામાં આવેલ છે. આમ ઓક્ટોબર-૨૦૧૭ સુધીમાં રાજ્યમાં નાના, મોટા ચેકડેમો મળી કુલ ૧,૬૮,૮૯૫ ચેકડેમો બાંધવામાં આવેલ છે. જ્યારે માર્ચ-૨૦૧૭ સુધીમાં ગ્રામ વિકાસ એજન્સી, આદિજાતી વિકાસ વિભાગ, વન અને પર્યાવરણ વિભાગ અને કૃષિ વિભાગ દ્વારા ૧,૨૫,૫૪૧ બોરીબંધ અને ૨,૬૧,૯૮૮ ખેત તલાવડી બાંધવામાં આવેલ છે.

1.39 સરદાર સરોવર પ્રોજેકટ એ એક બહુલક્ષી યોજના છે. જેમાં નર્મદા જિલ્લામાં નર્મદા નદી ઉપર બંધનું નક્કર બાંધકામ, ૧,૪૫૦ મે.વો.ની કુલ સ્થાપિત ક્ષમતા ધરાવતાં બે વીજ મથકો (રીવર બેડ પાવર હાઉસ તથા કેનાલ હેડ પાવર હાઉસ) અને શરૂઆતમાં ૪૦,૦૦૦ કયુસેક પાણીની વહનક્ષમતા અને ગુજરાત - રાજસ્થાન સરહદના અંતિમ છેડે ૨,૫૦૦ કયુસેક પાણીની

વહનક્ષમતા ધરાવતી ૪૫૮ કિ.મી. લાંબી મુખ્ય નહેર સાથે સિંચાઈના પાણીની વહેંચણી માટે કુલ ૭૧,૭૪૮ કિ.મી.ની લંબાઈવાળી નહેરોના નેટવર્કનો સમાવેશ થાય છે.

1.40 વર્ષ ૨૦૧૪-૧૫ની ભાવ સપાટી પ્રમાણે પ્રોજેક્ટનો કુલ ખર્ચ રૂ.૫૪,૭૭૨.૯૩ કરોડ અંદાજવામાં આવેલ છે. યોજના પાછળ એપ્રિલ-૨૦૧૭થી નવેમ્બર-૨૦૧૭ સુધીના રૂ.૨,૮૫૬.૩૨ કરોડ મળી નવેમ્બર-૨૦૧૭ સુધીમાં રૂ.૪૫,૪૩૫.૯૭ કરોડ ખર્ચ થવા પામેલ છે. વધુમાં લોનના વ્યાજ પાછળ નવેમ્બર -૨૦૧૭ સુધીમાં વધારાના રૂ.૧૪,૮૫૬ કરોડનો ખર્ચ થયેલ છે.

1.41 આ યોજના દ્વારા રાજયના ૧૭ જિલ્લાઓના ૭૯ તાલુકાઓમાં ૧૮ લાખ હેક્ટર વિસ્તારને સિંચાઈનો લાભ મળશે. આ ઉપરાંત લગભગ ૯,૪૯૦ ગામો અને ૧૭૩ શહેરોમાં ઘરગથ્થુ તેમજ ઔદ્યોગિક વપરાશ માટે પાણી પુરૂ પાડવાનું આયોજન છે.

1.42 **સૌની યોજના** : સૌરાષ્ટ્રના અછતગ્રસ્ત વિસ્તારમાં નર્મદાના પૂરના **1 MAF (Millian Acre Feet)** પાણી પહોંચાડવા માટે "સૌની યોજના' અમલમાં મુકવામાં આવેલ છે. આ યોજનામાં ૪ લીંક પાઈપલાઈન દ્વારા સૌરાષ્ટ્રના ૭ જિલ્લાઓમાં હયાત ૧૧૫ જળાશયોમાં પાણી પહોંચાડવાનું આયોજન છે. આ યોજનાથી ૮,૨૫,૦૦૦ એકર વિસ્તારમાં સિંચાઈ સુવિધા સુદૃઢ થશે. આ યોજનામાં પ્રથમ તબક્કામાં રૂ. ૬,૭૬૧ કરોડના ૧૨ પેકેજોની કામગીરીથી ૧,૬૬,૦૦૦ એકર વિસ્તારમાં સિંચાઈ સુવિધા સુદૃઢ કરવાની કામગીરી પૂર્ણ થયેલ છે. આ યોજનામાં ૪ (ચાર) લીંકના બીજા તબક્કામાં રૂ. ૬,૪૭૩ કરોડના ૧૨ પેકેજો કે જેનાથી હયાત ૬૦ જળાશયોના ૩,૯૪,૦૦૦ એકર વિસ્તારને લાભ થશે. આ કામગીરી પ્રગતિ હેઠળ છે અને બે વર્ષના સમયગાળામાં પૂર્ણ કરવાનું આયોજન છે.

1.43 સુજલામ સુફલામ યોજના અંતર્ગત કચ્છ વિસ્તારમાં ક્ષાર પ્રવેશને અટકાવવા તમામ ૫૪ બંધારાના કામો ઓક્ટોબર-૨૦૧૭ સુધીમાં પૂર્ણ કરેલ છે

1.44 **સહભાગી સિંચાઈ વ્યવસ્થા સહભાગી સિંચાઈ વ્યવસ્થા** : સહભાગી સિંચાઈ વ્યવસ્થા હેઠળ શક્ય એટલો વધુ સિંચાઈનો વિસ્તાર આવરી લેવા રાજ્ય સરકારે નિર્ણય કરેલ છે. રાજ્ય સરકારે ""ગુજરાત વોટર યુઝર્સ પાર્ટીસીપેટરી ઈરીગેશન મેનેજમેન્ટ એક્ટ, ૨૦૦૭" પણ પસાર કરેલ છે. સહભાગી સિંચાઈ વ્યવસ્થા હેઠળ માર્ચ-૨૦૧૭ સુધીમાં ૫,૫૫,૩૬૬ હેક્ટરનું હસ્તાંતર કરવામાં આવેલ છે અને ૧,૮૦૬ વોટર યુઝર્સ એસોસીએશનોને આવરી લેવામાં આવેલ છે. જ્યારે વર્ષ ૨૦૧૭-૧૮ (સપ્ટેમ્બર-૨૦૧૭ સુધીમાં) ૫,૨૧૫ હેક્ટરનું હસ્તાંતર કરવામાં આવેલ છે અને ૧૬ વોટર યુઝર્સ એસોસીએશનોને આવરી લેવામાં આવેલ છે. આમ સપ્ટેમ્બર-૨૦૧૭ સુધીમાં ૫,૬૦,૫૮૧ હેક્ટરનું હસ્તાંતર કરવામાં આવેલ છે અને ૧,૮૨૨ વોટર યુઝર્સ એસોસીએશનોને આવરી લેવામાં આવેલ છે.

**જળાશયોમાં પાણી સંગ્રહ**

1.45 ૧૫, ડિસેમ્બર -૨૦૧૭ના રોજ ૧૫,૭૭૯.૦૧ મિલીયન ઘન મીટર સંગ્રહક્ષમતા ધરાવતા કુલ ૨૦૩ ડેમ પૈકી ૪૫ ડેમો (૧૨,૯૦૧.૦૫ મિલીયન ઘન મીટર સંગ્રહ ક્ષમતા) ગુજરાત વિસ્તાર

કે જેમાં દક્ષિણ, ઉત્તર તથા મધ્ય ગુજરાતનો વિસ્તાર સમાવિષ્ટ થાય છે, કચ્છ વિસ્તારમાં ૨૦ ડેમ (૩૩૨.૨૭ મિલીયન ઘન મીટર સંગ્રહ ક્ષમતા) અને સૌરાષ્ટ્ર વિસ્તારમાં ૧૩૮ ડેમ (૨,૫૪૫.૬૯ મિલીયન ઘન મીટર સંગ્રહ ક્ષમતા) આવેલ છે. ૧૫, ડિસેમ્બર-૨૦૧૭ના રોજ આ જળાશયોમાં પાણીનો કુલ જથ્થો ૯,૨૫૫.૪૭ મિલીયન ઘન મીટર હતો. જે ડેમની સંગ્રહ ક્ષમતાના ૫૮.૬૬ ટકા હતો.

## ઉદ્યોગ

1.46 **ઔદ્યોગિક રોકાણની સ્થિતિ**: ગુજરાત તેની આર્થિક નીતિઓ અને હકારાત્મક વહીવટને કારણે મૂડીરોકાણનું સૌથી મોટા પસંદગીના કેન્દ્ર તરીકે ઉભર્યું છે. ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસની યાત્રામાં વાઈબ્રન્ટ ગુજરાત સમિટે અસરકારક ઉદ્દીપકનું કામ કર્યું છે.

1.47 **વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમીટ**: વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમીટ-૨૦૦૩ થી ૨૦૧૭ દરમિયાન કુલ ૭૬,૫૧૨ પ્રોજેક્ટ માટે એમ.ઓ.યુ.તથા ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન ફાઈલ કરવામાં આવેલ છે. ૩૧ મી માર્ચ, ૨૦૧૭ ની સ્થિતિએ ૨૦૧૫ સમીટ સુધીમાં નોંધાયેલ પ્રોજેક્ટ પૈકી ૩૦,૫૧૨ પ્રોજેક્ટ ઉત્પાદનમાં ગયેલ છે.આ પ્રોજેક્ટસ દ્વારા કુલ ૧૭,૦૯,૮૮૧ રોજગારી ઉભી થયેલ છે.

1.48 **સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ એકમો** : ભારત સરકારના **MSME** મંત્રાલયના તા.૧૮-૯-૨૦૧૫ના નોટીફીકેશન નં.**S.O.2576(E)** થી **EM Part I** અને **Part-II** પ્રણાલી બંધ કરી તેને બદલે ઉદ્યોગ આધાર મેમોરેન્ડમ **(UAM)** ફાઈલ કરવાનું નોટીફીકેશન જાહેર કરેલ છે. જે **MSME** મંત્રાલયના વેબપોર્ટલ **udyogaadhar.gov.in** ઉપર ફાઈલીંગ કરી શકાય છે. ઉદ્યોગ આધારિત મેમોરેન્ડમ અમલીકરણ થયા બાદ તા. ૦૬-૧૧-૨૦૧૭ સુધીમાં કુલ ૩૬૭૮૩૨ એકમો નોંધાયેલ છે.

1.49 **કારખાના** : રાજ્યમાં ચાલુ કારખાનાની સંખ્યા વર્ષ ૨૦૧૫(કા) ના અંતે ૩૦,૭૪૩ હતી તે વર્ષ ૨૦૧૬(કા) ના અંતે ૩૧,૦૪૦ થઇ છે. આ કારખાનાઓમાં સરેરાશ દૈનિક રોજગારી ૨૦૧૫(કા) અંતે ૧૬.૨૩ લાખ હતી જે વર્ષ ૨૦૧૬(કા) ના અંતે વધીને ૧૬.૬૫ લાખ થઇ છે.

1.50 કેલેન્ડર વર્ષ ૨૦૧૬ દરમ્યાન હડતાલ અને તાળાબંધીના ૧૯ બનાવો નોંધાયેલ હતા જેને કારણે ૫,૧૪૭ કામદારોને અસર પહોંચી હતી અને ૫૨,૯૭૭ માનવદિન ગુમાવવા પડયા હતા જેની સામે વર્ષ ૨૦૧૭ (કા) દરમ્યાન (ઓક્ટોબર-૨૦૧૭ સુધી) હડતાલ અને તાળાબંધીના કુલ ૧૯ બનાવો નોંધાયેલ હતા, જેને કારણે ૫,૨૮૬ કામદારોને અસર પહોંચી હતી અને ૩૯,૭૭૯ માનવ દિન ગુમાવવા પડેલ હતા.

## ઉદ્યોગોની વાર્ષિક મોજણીના પરિણામો (ઉવામો)

1.51 ઉદ્યોગોની વાર્ષિક મોજણીના આખરી પરિણામો મુજબ, ગુજરાત રાજ્યમાં વર્ષ ૨૦૧૩-૧૪માં ફેક્ટરીની સંખ્યા ૨૨,૮૭૬ હતી, જે વર્ષ ૨૦૧૪-૧૫ માં ૨.૪૩ ટકા વધીને ૨૩,૪૩૩ થવા પામેલ છે. જ્યારે કારખાના ક્ષેત્રે ઉત્પાદનને લીધે ચોખ્ખું ઉમેરાયેલ મૂલ્ય વર્ષ ૨૦૧૩-૧૪માં રૂ.૧,૨૮,૪૨૦ કરોડ હતું તે વધીને વર્ષ ૨૦૧૪-૧૫ માં રૂ.૧,૬૯,૬૬૮ કરોડ થયું છે, જે

અગાઉના વર્ષની સામે ૩૨.૧૨ ટકાનો વધારો દર્શાવે છે. મોજણીમાં આવરી લેવાયેલ રાજ્યના નોંધાયેલ બધા જ કારખાનાઓનું ચાલુ ભાવે ઉત્પાદન મૂલ્ય વર્ષ ૨૦૧૩-૧૪માં રૂ.૧૨,૩૦,૬૪૨ કરોડ હતું તે વધીને વર્ષ ૨૦૧૪-૧૫ માં રૂ.૧૨,૭૦,૧૨૫ કરોડ થયું છે, જે અગાઉના વર્ષની સામે ૩.૨૧ ટકાનો વધારો દર્શાવે છે. ગુજરાત રાજ્યમાં કારખાના ક્ષેત્ર દ્વારા ઉભી કરાયેલ સ્થાયી મૂડી વર્ષ ૨૦૧૩-૧૪માં રૂ.૩,૮૨,૬૫૪ કરોડ હતી જે વર્ષ ૨૦૧૪-૧૫ માં વધીને રૂ.૪,૩૭,૭૦૨ કરોડ થયેલ છે, જે અગાઉના વર્ષની સામે ૧૪.૩૯ ટકાનો વધારો દર્શાવે છે. બધા કારખાનામાં વ્યવસ્થાપકો, નિરીક્ષકો તેમજ અન્ય મહેકમ સહિતની રોજગારી વર્ષ ૨૦૧૩-૧૪માં ૧૩.૭૩ લાખ વ્યક્તિઓની હતી તે વધીને વર્ષ ૨૦૧૪-૧૫ માં ૧૪.૬૨ લાખ વ્યક્તિઓની થયેલ છે. જે દર્શાવે છે કે વર્ષ ૨૦૧૪-૧૫ માં સંગઠીત ઉત્પાદન ક્ષેત્રમાંની રોજગારીમાં અંદાજે ૮૯,૫૩૭ જેટલી વ્યક્તિઓનો વધારો થયેલ છે.

**ખનીજ**

1.52 **ખનીજ ઉત્પાદન:** કામચલાઉ અંદાજ મુજબ વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન મુખ્ય ખનિજો માં ચૂનાના પથ્થરનું ૩૬,૪૨૪, લિગ્નાઇટનું ૧૨,૩૯૦ અને બોક્સાઇટનું ૯,૯૯૫ હજાર ટન ઉત્પાદન હતું. જ્યારે ગૌણ ખનિજોમા સિલીકા/ગ્લાસ સેન્ડનું ૫૩,૩૭૨, માટી (અન્ય)નું ૬,૯૯૬, ચીનાઈ માટી (ક્રુડ અને રીફા.)નું ૩,૯૨૮, બેન્ટોનાઇટનું ૨,૮૩૮, ડોલોમાઈટનું ૧,૦૯૮ અને બોલ કલેનું ૮૭૧ હજાર ટન ઉત્પાદન હતું. પેટ્રોલિયમ (ક્રુડ)નું ૪,૬૦૫ હજાર ટન અને કુદરતીવાયુ (વપરાશી) નું ૧,૫૧૯ મિલિયન ક્યુબિક મીટર ઉત્પાદન હતું. રાજ્યમાં વર્ષ ૨૦૧૬-૧૭(કા) માં થયેલ ખનિજ ઉત્પાદનનું મૂલ્ય એકંદરે રૂ.૧૭,૭૯૧.૯૭ કરોડ થવા પામે છે.

**આંતરમાળખું**

1.53 **વિદ્યુત** : રાજ્યની પરંપરાગત સ્રોતની વીજ સ્થાપિત ક્ષમતા માર્ચ, ૨૦૧૭ના અંતે કુલ ૧૯,૮૮૮ મે.વો. હતી, જે પૈકી ગુજરાત રાજ્યની વીજ કોર્પોરેશન લી.ની ૫,૯૯૭ મે.વો., રાજ્યના સ્વતંત્ર વીજ ઉત્પાદકો (State IIPs) ની ૨,૬૦૪ મે.વો., ખાનગી IPPs ની ૭,૨૦૭ મે.વો. અને કેન્દ્રની ૪,૦૮૦ મે.વો. છે. તેમજ વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન ૮૪૦ મે.વો. વીજ ક્ષમતાને બિનકાર્યન્વિત કરવામાં આવેલ છે. ઓક્ટોબર ૨૦૧૭ના અંતે રોજ કુલ ૧૯,૫૫૫ મે.વો. પૈકી ગુજરાત રાજ્યની વીજ કોર્પોરેશન લી.ની ૫,૫૧૭ મે.વો., રાજ્યના સ્વતંત્ર વીજ ઉત્પાદકો (State IPPs) ની ૨,૬૦૪ મે.વો., ખાનગી IPPs ની ૭,૨૦૭ મે.વો. અને કેન્દ્રની ૪,૨૨૭ મે.વો. હતી. વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન ૪૮૦ મે.વો. વીજ ક્ષમતાને બિનકાર્યન્વિત કરવામાં આવેલ છે.

1.54 રાજ્યની વિન્ડ ફાર્મની સ્થાપિત ક્ષમતા માર્ચ, ૨૦૧૭ ના અંતે ૫,૩૧૬ મે.વો. હતી જે ૩૧મી ઓક્ટોબર, ૨૦૧૭ના રોજ ૫,૪૮૦ મે.વો. થયેલ છે.રાજ્યની સોલાર પ્લાન્ટની સ્થાપિત ક્ષમતા માર્ચ, ૨૦૧૭ ના અંતે ૧,૨૬૭ મે.વો. હતી જે ૩૧મી ઓક્ટોબર, ૨૦૧૭ના રોજ ૧,૫૬૮ મે.વો. થયેલ છે. રાજ્યની બાયોમાસ અને નાના હાઈડ્રો પ્લાન્ટની સ્થાપિત ક્ષમતા માર્ચ, ૨૦૧૭ ના

અંતે ૪૧.૨ મે.વો. અને ૯.૬ મે.વો. હતી જે ૩૧મી ઓક્ટોબર, ૨૦૧૭ના રોજ પણ તેજ રહેલ છે.

1.55 રાજ્યમાં કુલ વીજ વપરાશ વર્ષ ૨૦૧૫-૧૬માં ૭૫,૮૪૧ મીલીયન યુનિટની સામે વર્ષ ૨૦૧૬-૧૭માં ૭૭,૮૮૧ મીલીયન યુનિટ (ટોરેન્ટ પાવર લી. સહિત) હતો. સૌથી વધુ ઔદ્યોગિક વપરાશમાં ૩૯,૮૪૨ મીલીયન યુનિટ (૫૧.૧૬ ટકા) નોંધાયેલ હતું. ત્યારબાદ ખેતીમાં ૧૭,૫૨૭ મીલીયન યુનિટ (૨૨.૫૦ ટકા), ઘરગથ્થુમાં ૧૩,૮૮૩ મીલીયન યુનિટ (૧૭.૮૩ ટકા), જાહેર દિવાબત્તી અને વોટરવર્કસ ૨,૨૮૪ મીલીયન યુનિટ (૨.૯૩ ટકા), વાણિજ્યમાં ૧,૯૪૯ મીલીયન યુનિટ (૨.૫૦ ટકા), રેલવેમાં ૬૭ મીલીયન યુનિટ (0.0૯ ટકા) અને અન્ય વપરાશમાં ૨,૩૨૯ મીલીયન યુનિટ (૨.૯૯ ટકા) હતું.

1.56 **રેલવે** : ગુજરાતમાં રેલ્વે લાઈનની કુલ લંબાઈ, ૩૧ માર્ચ-૨૦૧૬ના રોજ, ૩,૫૦૬.૫૫ કિ.મી. બ્રોડગેજ, ૧,૧૯૩.૦૪ કિ.મી. મીટરગેજ અને ૫૫૮.૯૦ કિ.મી. નેરોગેજ રેલવે લાઈન મળીને, કુલ ૫,૨૫૮.૪૯ કિ.મી. હતી.

1.57 **રસ્તા** : વર્ષ ૨૦૧૩-૧૪ના અંતે રાજ્યમાં રસ્તાઓની કુલ લંબાઈ (નોનપ્લાન, સામુદાયિક, શહેરી અને પ્રોજેક્ટ રોડ સિવાય) ૭૯,૮૯૪ કિલોમીટર હતી, જે વર્ષ ૨૦૧૪-૧૫ના અંતે વધીને ૮૦,૫૮૨ કિ.મી. થઈ હતી. વર્ષ ૨૦૧૪-૧૫ના અંતે રસ્તાઓની કુલ ૮૦,૫૮૨ કિ.મી.ની લંબાઈ પૈકી પાકા રસ્તાઓની લંબાઈ ૭૮,૬૪૭ કિ.મી. (૯૭.૬૦ ટકા) હતી, જ્યારે કાચા રસ્તાઓની લંબાઈ ૧,૯૩૫ કિ.મી. (૨.૪૦ ટકા) હતી.

1.58 વર્ષ ૨૦૧૪-૧૫ના અંતે ૮૦,૫૮૨ કિ.મી.ના કુલ રસ્તાઓ પૈકી ૪,૧૭૯ કિ.મી. રાષ્ટ્રીય ધોરી માર્ગો, ૧૭,૯૪૧ કિ.મી. રાજ્ય ધોરી માર્ગો, ૨૦,૪૫૪ કિ.મી. મુખ્ય જિલ્લા માર્ગો, ૧૦,૨૫૨ કિ.મી. અન્ય જિલ્લા માર્ગો અને ૨૭,૭૫૬ કિ.મી. ગ્રામ્ય માર્ગોની લંબાઈ હતી.

1.59 **મોટર વાહનો** : રાજ્યમાં નોંધાયેલ મોટર વાહનોની સંખ્યા વર્ષ ૨૦૧૫-૧૬માં ૨૦૩.૬૧ લાખથી વધીને વર્ષ ૨૦૧૬-૧૭ના અંતે ૨૨૦.૩૭ લાખ હતી (૮.૨૩ ટકાની વૃધ્ધિ દર્શાવે છે). વર્ષ ૨૦૧૫-૧૬ની સરખામણીએ વર્ષ ૨૦૧૬-૧૭માં મોટર સાઈકલ/સ્કૂટર/મોપેડની સંખ્યા ૧૪૯.૧૯ લાખથી વધીને ૧૬૧.૪૪ લાખ, ત્રણ અને ચાર પૈડાવાળા વાહનો પૈકી ઓટોરીક્ષાની સંખ્યા ૭.૧૮ લાખથી વધીને ૭.૫૮ લાખ, મોટરકાર (જીપ સહિત)ની સંખ્યા ૨૪.૪૪ લાખથી વધીને ૨૭.૧૩ લાખ, માલવાહક વાહનો (ટેમ્પો સહિત)ની સંખ્યા ૧૦.૦૯ લાખથી વધીને ૧૦.૭૩ લાખ, ટ્રેઈલરની સંખ્યા ૩.૬૯ લાખથી વધીને ૩.૭૯ લાખ અને ટ્રેક્ટરની સંખ્યા ૬.૪૧ લાખથી વધીને ૬.૮૭ લાખ નોંધાયેલ હતી. રાજ્યમાં વર્ષ ૨૦૧૭-૧૮ (નવેમ્બર, ૨૦૧૭ અંતિત) દરમ્યાન ૨૨૮.૪૦ લાખ વાહનો નોંધાયેલ છે, કુલ નોંધાયેલ વાહનો પૈકી લગભગ ૧૬૭.૨૦ લાખ (૭૩.૨૦ ટકા) વાહનો મોટર સાયકલ વર્ગના (દ્વિચક્રી) વાહનો છે. ત્રણ પૈડાવાળા અને ચાર પૈડાવાળા વાહનોના પ્રકારમાં ઓટોરીક્ષાની સંખ્યા ૭,૭૭,૯૮૬, મોટરકાર (જીપ સહિત)ની સંખ્યા ૨૮,૫૪,૮૯૩, માલવાહક વાહનો (ટેમ્પો સહિત)ની સંખ્યા ૧૦,૯૯,૮૩૮, ટ્રેઈલર્સની સંખ્યા ૩,૮૦,૪૨૫ અને ટ્રેક્ટરોની સંખ્યા ૭,૧૫,૩૯૭ નોંધાયેલ છે.

1.60 **બંદર વિકાસ** : આંતરમાળખાકીય વિકાસના પ્રયાસોની બાબતમાં ગુજરાત એ દેશના રાજયોમાં ખૂબ પ્રગતિશીલ, દૂરદર્શી અને અગ્રીમ ગણાતું રાજય છે. ખાસ કરીને ગુજરાતનું મેરીટાઈમ ક્ષેત્ર નાના બંદરોના વિકાસની બાબતમાં દેશના રાજયોની સરખામણીમાં ખૂબ જ વિકસીત ગણવામાં આવી રહ્યું છે. ગુજરાત મેરીટાઈમ બોર્ડ ૪૬ Non-major બંદરોનું સંચાલન કરે છે. મધ્યમ અને નાના બંદરો દ્વારા હેરફેર થયેલ કુલ માલનો જથ્થો વર્ષ ૨૦૧૭-૧૮ (નવેમ્બર, ૨૦૧૭ સુધીમાં) ૨,૪૧૬.૯૪ લાખ ટન થયેલ છે.

1.61 **કંડલા બંદર** દ્વારા હેરફેર થયેલ કુલ માલનો જથ્થો (ટ્રાન્શીપમેન્ટ કાર્ગો સહિત) વર્ષ ૨૦૧૫-૧૬માં ૧,૦૦૦.૫૧ લાખ ટન હતો, જે વધીને વર્ષ ૨૦૧૬-૧૭માં ૧,૦૫૪.૪૨ લાખ ટન થયેલ છે, જે અગાઉના વર્ષની સરખામણીમાં ૫.૩૯ ટકાનો વધારો દર્શાવે છે.

1.62 **ટપાલ અને સંદેશાવ્યવહાર** : ૩૧ માર્ચ-૨૦૧૭ ના રોજ રાજ્યમાં ૮,૯૮૪ ટપાલ કચેરીઓ/ શાખાઓ કાર્યરત હતી જે ઓક્ટોબર-૨૦૧૭ સુધીમાં ટપાલ કચેરીઓ/ શાખાઓની સંખ્યામાં કોઈ ફેરફાર થયેલ નથી.

1.63 ગુજરાતમાં BSNLના ૩૧ ઓક્ટોબર, ૨૦૧૭ સુધીમાં કુલ ૧૦,૪૯,૭૨૦ લેન્ડલાઈન કનેકશન અને ૨,૯૬,૮૫૭ BSNL ઈન્ટરનેટ કનેકશન હતા. જ્યારે COAI ની માહિતી મુજબ ગુજરાતમાં ઓક્ટોબર, ૧૭ સુધીમાં ૬.૫૬ કરોડ GSM સેલ્યુલર ધારકો હતા

**બેન્કીંગ**

1.64 **શાખાઓનું વિસ્તરણ** : રાજ્યમાં ૨૦૧૬-૧૭ દરમ્યાન, કુલ બેંક શાખાઓની સંખ્યા માર્ચ-૨૦૧૬માં જે ૯,૦૧૭ હતી તેમાં ૩૦૮નો વધારો થઈ માર્ચ, ૨૦૧૭માં ૯,૩૨૫ થયેલ છે. વર્ષ ૨૦૧૭-૧૮માં સપ્ટેમ્બર, ૨૦૧૭ સુધીમાં કુલ ૯,૨૫૦ શાખાઓ થયેલ છે.

1.65 **થાપણો** : ગુજરાતમાં આ બેંકોની કુલ થાપણો માર્ચ ૨૦૧૬માં રૂ.૫,૩૮,૧૩૩ કરોડની હતી જેમાં રૂ.૮૫,૬૫૪ કરોડનો વધારો થઈ માર્ચ ૨૦૧૭માં રૂ.૬,૨૩,૭૮૭ કરોડ થયેલ છે, જે ગત વર્ષના ૯.૭૮ ટકાની સરખામણીએ ૧૫.૯૨ ટકાની વૃદ્ધિ દર્શાવે છે. વર્ષ ૨૦૧૭-૧૮માં સપ્ટેમ્બર-૨૦૧૭ સુધીમાં ગુજરાતમાં આ બેંકોની કુલ થાપણોમાં રૂ. ૭,૯૫૧ કરોડનો વધારો થઈ સંચયી કુલ રૂ.૬,૩૧,૭૩૮ કરોડ થયેલ છે, જે માર્ચ-૨૦૧૭ની સરખામણીએ ૧.૨૭ ટકાની વૃદ્ધિ દર્શાવે છે.

1.66 **ધિરાણ** : માર્ચ-૨૦૧૬માં કુલ ધિરાણ રૂ.૪,૩૧,૫૪૧ કરોડ હતું જેમાં રૂ.૨૮,૪૮૯ કરોડનો વધારો થઈ માર્ચ-૨૦૧૭માં રૂ. ૪,૬૦,૦૩૦ કરોડ થયેલ છે, જે ગત વર્ષના ૧૧.૩૧ ટકાની સરખામણીએ ૬.૬૦ ટકાનો વધારો દર્શાવે છે. વર્ષ ૨૦૧૭-૧૮માં સપ્ટેમ્બર-૨૦૧૭ સુધીમાં ગુજરાતમાં બધી જ બેંકોના કુલ ધિરાણમાં રૂ.૨૯,૮૦૩ કરોડનો વધારો થઈ સંચયી કુલ રૂ.૪,૮૯,૮૩૩ કરોડ થયેલ છે, જે માર્ચ-૨૦૧૭ની સરખામણીએ ૬.૪૮ ટકાની વૃદ્ધિ દર્શાવે છે.

1.67 **ધિરાણ થાપણ દર** : માર્ચ-૨૦૧૬માં ૮૦.૧૯ ટકા હતો જે ૬.૪૪ ટકા જેટલો ઘટીને માર્ચ-૨૦૧૭માં ૭૩.૭૫ ટકા થયેલ છે.

## સામાજિક ક્ષેત્રો

1.68 **ગુજરાત - માનવ વિકાસ અભિગમ** : ગુજરાત માનવ વિકાસનાં બધાં ક્ષેત્રોમાં એક આદર્શ રાજય બનવાનું ધ્યેય રાખે છે. કોઇ પણ નાત-જાત કે ધર્મના ભેદભાવ વગર ગુજરાત રાજયનો દરેક વ્યક્તિ (૧) શિક્ષિત અને તંદુરસ્ત હોય (૨) તેના માથે છત હોય અને શુદ્ધ પર્યાવરણ મળે (૩) પીવાનું પાણી અને સ્વચ્છતાની સગવડો સુલભ હોય (૪) રોજગારીનું અસરકારક માધ્યમ હોય (૫) નિર્ભય રીતે જીવી શકે (૬) દરેકને સમાન તક પ્રાપ્ત થાય.

1.69 **પ્રાથમિક શિક્ષણ** : રાજ્યમાં પ્રાથમિક શિક્ષણ પુરૂં પાડતી શૈક્ષણિક સંસ્થાઓની સંખ્યા વર્ષ ૨૦૧૫-૧૬માં ૪૪,૦૧૮ હતી જે વર્ષ ૨૦૧૬-૧૭ માં ૪૪,૫૪૫ થઈ હતી. આ શાળાઓમાં નોંધણી થયેલ વિદ્યાર્થીઓની સંખ્યા અગાઉના વર્ષની ૯૦.૬૭ લાખની સામે વર્ષ ૨૦૧૬-૧૭ માં ૯૦.૧૨ લાખ થઈ હતી.

1.70 રાજ્યમાં પ્રાથમિક શિક્ષણ (ધોરણ ૧ થી ૫)માં શાળામાં વિદ્યાર્થીઓના ચાલુ રહેવાનો દર **(Retention Rate)** તથા શાળા છોડી જવાના દર **(Drop Out Rate)**માં સુધારાની પ્રક્રિયા ઉત્સાહજનક રહેલ છે. પ્રાથમિક (ધોરણ ૧ થી ૫) વિભાગનો શાળા છોડી જવાનો દર વર્ષ ૧૯૯૯-૦૦ના ૨૨.૩૦ ટકાથી નોંધપાત્ર ઘટી વર્ષ ૨૦૧૬-૧૭ માં ૧.૫૪ ટકા થવા પામેલ છે. ધોરણ ૧ થી ૮માં શાળા છોડી જવાનો દર વર્ષ ૨૦૧૬-૧૭ માં ૬.૦૬ ટકા થવા પામેલ છે.

1.71 **માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ** : માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ આપતી સંસ્થાઓની સંખ્યા વર્ષ ૨૦૧૫-૧૬માં ૧૦,૯૪૦ હતી જે વધીને વર્ષ ૨૦૧૬-૧૭માં ૧૧,૪૭૮ થયેલ છે. જ્યારે વિદ્યાર્થીઓની સંખ્યા વર્ષ ૨૦૧૫-૧૬માં ૨૬.૭૯ લાખ હતી જે વધીને વર્ષ ૨૦૧૬-૧૭માં ૨૬.૯૩ લાખ થયેલ છે.

1.72 **ઉચ્ચ શિક્ષણ** : સુધરેલ આંકડાઓ મુજબ વર્ષ ૨૦૧૫-૧૬ માં રાજ્યમાં ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થાઓની સંખ્યા ૨,૦૦૩ હતી, જે વધીને વર્ષ ૨૦૧૬-૧૭ (કા) માં ૨,૫૭૧ થવા પામેલ છે. વર્ષ ૨૦૧૬-૧૭ (કા) દરમ્યાન રાજ્યની ઉચ્ચ શિક્ષણ સંસ્થામાં દાખલ થયેલ વિધાર્થીઓની સંખ્યા ૧૪.૫૭ લાખ થયેલ છે જે પૈકી વિધાર્થીનીઓની સંખ્યા ૫.૯૦ લાખ થયેલ છે તેમજ શિક્ષકોની સંખ્યા ૫૧,૩૨૩ થયેલ છે.

1.73 **તાંત્રિક શિક્ષણ** : શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮(કા) ના અંતે ડિગ્રી ઈજનેરી, ડિગ્રી સ્થાપત્ય, ડિગ્રી ફાર્મસી, એમ.બી.એ. અને એમ.સી.એ.ના અભ્યાસની કુલ પ્રવેશ ક્ષમતા અનુક્રમે ૬૮,૧૧૩, ૧,૬૮૦, ૫,૬૭૫, ૯,૮૭૦ અને ૫,૪૧૦ બેઠકોની હતી. જયારે ડિપ્લોમા એન્જીનિયરીંગ અને ડિપ્લોમા ફાર્મસીના સંદર્ભમાં પ્રવેશ ક્ષમતા ૬૯,૯૫૨ અને ૫૮૦ બેઠકોની અનુક્રમે હતી.

1.74 **મધ્યાહ્ન ભોજન યોજના** : વર્ષ ૨૦૧૬-૧૭માં કુલ ૩૩,૭૧૫ શાળાઓના કુલ ૪૪.૮૬ લાખ લાભાર્થીઓને મધ્યાહ્ન ભોજન યોજના હેઠળ ગરમ ખોરાકનો લાભ આપવામાં આવેલ હતો.

1.75 **જાહેર આરોગ્ય** : જાહેર આરોગ્ય વિષયક આંતરમાળખાને લીધે રાજ્યમાં લોકોના આરોગ્ય સ્તરમાં નોંધપાત્ર સુધારો શક્ય બનેલ છે. જન્મદર ૨૪.૯ (૨૦૦૧) માંથી ઘટીને ૨૦.૧ **(SRS-**

2016) થયો છે, મૃત્યુદર ૭.૮ (૨૦૦૧) માંથી ઘટીને ૬.૧(SRS-2016) થયેલ છે. અને બાળ મરણદર પણ ૬૦ (૨૦૦૧) માંથી ઘટીને ૩0 (SRS-2016) જેટલો નીચે આવેલ છે રાજ્યમાં કાર્યરત સામૂહિક આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને પેટા કેન્દ્રોની સંખ્યા માર્ચ, ૨૦૧૭ના અંતે અનુક્રમે ૩૬૪, ૧,૩૯૩ અને ૯,૧૫૬ થઈ છે.

1.76 **પાણી પુરવઠો અને સ્વચ્છતા** : પીવાનું પાણી અને સ્વચ્છતા એ જીવનની ગુણવત્તા નક્કી કરવા તથા જાળવવા અંગેની પાયાની માનવીય જરૂરિયાત છે. સુરક્ષિત પીવાનું પાણી તથા સ્વચ્છતા એ માનવીય આરોગ્ય અને સુખાકારી માટે ખૂબ અગત્યના છે.

1.77 **ગ્રામીણ પાણી પુરવઠા કાર્યક્રમ** : રાજ્યમાં આ કાર્યક્રમ સને ૧૯૬૧થી અમલમાં આવ્યો છે. આ કાર્યક્રમમાં ગ્રામ્ય જૂથ પાણી પુરવઠા યોજનાઓ (સાર્વજનિક સ્રોત/જૂથ સ્રોત પર આધારિત), વ્યક્તિગત ગ્રામ્ય પાણી પુરવઠા યોજનાઓ, મીની પાઈપ યોજના, હેન્ડ પંપ બેસાડવા તેમજ લોકભાગીદારી આધારિત ગ્રામ્ય વિસ્તારમાં આંતરિક પાણી પુરવઠા યોજનાઓનો સમાવેશ થાય છે.

1.78 વર્ષ ૨૦૧૬-૧૭માં ૩૨ ફળિયાઓને શુદ્ધ અને પૂરતા પીવાના પાણીની સુવિધાથી આવરી લેવાના લક્ષ્યાંક સામે કુલ ૩૨ ફળિયાઓને પીવાના પાણીની સુવિધાથી આવરી લેવાયેલ છે, જે ૧૦૦ ટકા સિદ્ધિ દર્શાવેલ છે. વધુમાં અન્ય ૧૫૭૩ ફળિયાઓને પીવાના પાણીની સુવિધાથી આવરી લેવાયેલ છે. વર્ષ ૨૦૧૭-૧૮ માં બજેટ આઉટકમ મુજબ ૪૦૦ ફળિયાઓને માથાદીઠ દૈનકિ ૧૦૦ લીટર પાણી ઉપલબ્ધ કરાવવાના લક્ષ્યાક સામે ૨૨૯ ફળિયાઓને નવેમ્બર-૨૦૧૭ સુધીમાં પૂર્ણ કરવામા આવેલ છે.

1.79 **ગ્રામ્ય જૂથ પાણી પુરવઠા યોજના** : બે કે તેથી વધારે ફળિયાઓને આવરી લેતી એક કે વધારે સ્રોત ધરાવતી યોજના જૂથ પાણી પુરવઠા યોજના તરીકે અમલમાં છે. હાલમાં, વોટર ગ્રીડ દ્વારા ૧૨,૦૦૦થી વધુ ગામોનું જોડાણ થયેલ છે. જ્યારે ૪,૭૨૭ ગામો, ૧,૯૭૩ ફળિયાઓ અને ૩૯ શહેરી વિસ્તારોને આવરી લેતી ૬૬ જૂથ યોજનાઓના અંદાજિત રકમ રૂ. ૪,૫૯૧.૫૪ કરોડના કામો પ્રગતિ હેઠળ છે.

1.80 **સરદાર સરોવર કેનાલ આધારિત યોજના (એસ.એસ.સી.બી.)** : રાજ્ય સરકારે નર્મદાનું પાણી સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાત અને પંચમહાલ જિલ્લાના ૯૬૩૩ ગામો અને ૧૩૧ શહેરોને પુરૂ પાડવા માટે અંદાજીત કિંમત રૂ.૧,૩૯૯૦ કરોડ (સુધારેલ)નો માસ્ટર પ્લાન તૈયાર કરીને અમલીકરણ કરેલ છે. જિલ્લાઓના વિભાજન અને પુનઃરચના તેમજ વસતિ ગણતરી-૨૦૧૧ મુજબ ૯,૪૯૦ ગામ અને ૧૭૩ શહેરોને નર્મદા માસ્ટર પ્લાનમાં આવરી લેવાનું આયોજન કરવામાં આવેલ છે. નર્મદા કેનાલ આધારિત પાણી પુરવઠા યોજનાનું અમલીકરણ બે કાર્યક્રમ (૧) સરદાર સરોવર કેનાલ આધારિત યોજના અને (૨) સુજલામ સુફલામ યોજના અંતર્ગત કરવામાં આવે છે. નર્મદા ટ્રીબ્યુનલે ૧.૦૬ મીલીયન એકર ફીટ (એટલે કે ૩૫૨૮ M.L.D.) પાણી પીવા માટે તેમજ ઔદ્યોગિક વપરાશ માટે આરક્ષિત રાખેલ છે. રાજ્ય દ્વારા પાણીના વિતરણ માટે મહી / નર્મદા આધારિત બલ્ક પાઈપલાઈન પેકેજીસ હાથ ધરેલ છે. ઓક્ટોબર-

૨૦૧૭ સુધીમાં ૨,૮૬૭.૬૩ કિ.મી. બલ્ક પાઈપલાઈનનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે. તેમજ વિતરણ વ્યવસ્થાના કામો દ્વારા ૮,૪૧૫ ગામ અને ૧૬૪ શહેરોને આવરી લેવામાં આવેલ છે. સુજલામ સુફલામ યોજનાના કામો મહદઅંશે પૂર્ણ થતા આ યોજનાને ગ્રામ્ય પાણી પુરવઠા હેઠળ મર્જ કરવામાં આવેલ છે.

1.81 **શહેરી પાણી પુરવઠા યોજના** : સાબરકાંઠા જિલ્લાના ઈડર-વડાલી-ખેડબ્રહ્મા શહેરો માટે ધરોઈ ડેમ આધારિત અંદાજિત રકમ રૂ.૯૬.૦૦ કરોડના કામો વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન પૂર્ણ કરવામા આવેલ છે.

1.82 **ગ્રામ વિકાસ** : કમિશ્નરશ્રી ગ્રામ વિકાસની કચેરી દ્વારા ગ્રામિણ વિસ્તારમાં વસવાટ કરતા લોકોની ગરીબી ઘટાડવા માટે આજીવિકા, કૌશલ્ય વિકાસ, સામાજિક સુરક્ષા અને માળખાકીય સુવિધાના કાર્યક્રમ, ગ્રામિણ વિસ્તારમાં વસવાટ કરતા લોકોની જીવનની ગુણવત્તા સુધારવા માટે ગ્રામિણ વિકાસ મંત્રાલય વિભાગ તથા અન્ય સંલગ્ન વિભાગો સાથે મળીને કાર્યક્રમો ચલાવવામાં આવે છે.

1.83 **મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજના (નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન)**

- આ યોજના હેઠળ કુલ ૩૪.૨૬ લાખ જોબકાર્ડ આપવામાં આવેલ છે.
- DBT દ્વારા ૧૦૦ ટકા શ્રમિકોના વેતનની ચુકવણી કરવામાં આવેલ છે.
- આ યોજના હેઠળ ૭.૦૬ લાખ લાભાર્થી કુટુંબોને કુલ ૨૪૯.૬૧ લાખ માનવદિનની રોજગારી આપવામાં આવેલ છે.
- આજની તારીખે કુલ રૂ.૭૦૪.૪૮ કરોડની ચુકવણી કરવામાં આવેલ છે.
- ૭૮,૩૮૨ કામો પૂર્ણ કરવામાં આવેલ છે.
- પારદર્શિતા અને જવાબદારી હેતુ માટે કામ કરતી વખતે મનરેગાના કામોનું GIS બેઝ આયોજન અને દેખરેખ કાર્યક્રમ ૧ સપ્ટેમ્બર, ૨૦૧૬થી અમલમાં આવ્યો. ૩.૮૬ લાખ અસ્કયામતોનું જીઓ ટેગીંગ કરવામાં આવ્યું જે પબ્લિક ડોમેઇનમાં ઉપલબ્ધ છે.

1.84 **પ્રધાનમંત્રી આવાસ યોજના** (PMAY) : પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ વર્ષ ૨૦૧૬-૧૭નો ૧,૧૩,૫૯૫ અને વર્ષ ૨૦૧૭-૧૮નો ૯૧,૧૦૮ લક્ષ્યાંક મળી બંને વર્ષનો સંયુક્ત લક્ષ્યાંક ૨,૦૪,૭૦૩ મળેલ છે. જે પૈકી ૧,૭૫,૦૦૦ આવાસો મંજૂર કરેલ છે. ૧,૨૮,૬૧૬ આવાસોના કામ શરૂ કરવામાં આવેલ છે અને ૧,૬૧,૯૪૯ લાભાર્થીને પ્રથમ હપ્તો અને ૬૫,૮૯૬ લાભાર્થીને દ્વિતીય હપ્તો ચુકવવામાં આવેલ છે. ૮,૩૬૩ આવાસોના કામ પૂર્ણ થયેલ છે.

1.85 **પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના (જળસ્રાવ એકમ):(નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન)**

- વર્ષ ૨૦૧૫-૧૬થી સંકલિત જળસ્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજનામાં સમાવેશ કરવામાં આવેલ છે.

- ૧,૦૪૫ ચેકડેમ, ૨૪૪ નાળા બંધ, ૨૮૦ નવા તળાવ અને ખેત તલાવડી ૧,૨૬૬ કામો પૂર્ણ કરવામાં આવેલ છે. જેમાં રૂ. ૧૫૭.૬૧ કરોડનો ખર્ચ થયેલ છે.

1.86 **સ્વચ્છ ભારત મિશન (ગ્રામિણ)** : આ કાર્યક્રમ ગ્રામ્ય વિસ્તારોમાં પરીવાર માટે વ્યક્તિગત શૌચાલયના નિમાર્ણ કરવાના હેતુ માટે ૨જી ઓક્ટોબર, ૨૦૧૪થી કાર્યરત છે. આ ઉપરાંત ગામ માટે ઘન અને પ્રવાહી કચરાના સંચાલન માટે અમલમાં મુકાયેલ છે.

- આ કાર્યક્રમ અંતર્ગત તા.૦૨/૧૦/૨૦૧૭ ના રોજ કિર્તી મંદિર, પોરબંદર ખાતે માન. રાષ્ટ્રપતિશ્રીના પ્રેરક ઉપસ્થિતિમાં ગુજરાતને ODF જાહેર કરેલ છે.
- ૩,૩૦૦ જેટલી ગ્રામ પંચાયતોમાં ઘન કચરાના સલામત નિકાલ વ્યવસ્થાપનનો શુભારંભ કરવામાં આવેલ છે.
- આ યોજના હેઠળ નાંણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ ના ૫.૦૦ લાખ શૌચાલયના લક્ષ્યાંક સામે ૫.૦૦ લાખ શૌચાલય બાંધકામની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે અને રૂ. ૬૦,૧૯૪.૦૦ લાખનો ખર્ચ થયેલ છે.

1.87 **રોજગાર** : રોજગાર વિનિમય કચેરીઓમાં વર્ષ ૨૦૧૫ દરમ્યાન ૪.૭૪ લાખ ઉમેદવારોની નોંધણી કરવામાં આવેલ હતી અને ૩.૩૭ લાખ ઉમેદવારોને રોજગારી પૂરી પાડેલ. જયારે વર્ષ ૨૦૧૬ દરમ્યાન રોજગાર વિનિમય કચેરીઓમાં ૪.૪૪ લાખ ઉમેદવારોની નોંધણી કરવામાં આવેલ છે અને ૩.૪૪ લાખ ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં આવેલ છે. રોજગાર વિનિમય કચેરીઓમાં વર્ષ ૨૦૧૭ (ઓકટોબર, ૨૦૧૭ અંતિત) દરમ્યાન ૪.૫૫ લાખ ઉમેદવારોની નોંધણી કરવામાં આવેલ છે અને ૩.૬૦ લાખ ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં આવેલ છે. રોજગાર વિનિમય કચેરીઓમાં ૩૧મી ઓકટોબર-૨૦૧૭ના રોજ ૫.૫૯ લાખ રોજગાર વાંચ્છુઓ નોંધાયેલા છે, જે પૈકી ૫.૩૦ લાખ શિક્ષિત અને ૦.૨૯ લાખ અશિક્ષિત છે.

**પછાત વર્ગોનું કલ્યાણ**

1.88 **વનબંધુ કલ્યાણ યોજના (ટ્રાયબલ સબ પ્લાન)** : યોજનાઓના ઘડતર, અમલીકરણ અને સંકલન માટે જિલ્લા કક્ષાએ 'જિલ્લા આદિજાતિ વિકાસ મંડળ' (District Adijati Vikas Mandal)ની રચના કરવામાં આવેલ છે. રાજ્ય સરકારે દરેક વિભાગની આદિજાતિ પેટા યોજના હેઠળ ગુજરાત પેટર્ન માટે જોગવાઈના ૯૦ ટકા જિલ્લા કક્ષાએ ઘડાતી અને અમલમાં મૂકાતી યોજનાઓ માટે અંકિત કરી, બાકીની ૧૦ ટકા જોગવાઈ રાજ્ય સ્તરે ઘડાતી અને અમલમાં મુકાતી યોજનાઓ માટે રાખવાનું નક્કી કરેલ છે.

1.89 વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન આદિજાતિ વિસ્તાર પેટા યોજના માટે, રૂ. ૧૦,૨૬૭.૬૭ કરોડની સુધારેલ જોગવાઈ કરવામાં આવેલ, જેની સામે રૂ. ૯,૦૬૬.૦૨ કરોડનો ખર્ચ થયો હતો.

1.90 વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન આદિજાતિ વિસ્તાર પેટા યોજના (વનબંધુ કલ્યાણ યોજના) હેઠળ રૂ. ૧૨,૫૫૯.૩૪ કરોડની જોગવાઈ કરવામાં આવેલ, જેની સામે ઓક્ટોબર-૨૦૧૭ સુધીમાં રૂ. ૩,૯૫૨.૮૩ કરોડનો ખર્ચ થયેલ છે.

1.91 કમિશ્નર, આદિજાતિ વિકાસ હસ્તકની આદિજાતિ કલ્યાણની વિવિધ યોજનાઓ હેઠળ વર્ષ ૨૦૧૬-૧૭ માં રૂ. ૧,૬૦૦.૦૦ કરોડની જોગવાઈ સામે રૂ. ૧,૫૩૫.૧૬ કરોડનો ખર્ચ થયેલ હતો. વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન રૂ. ૨,૦૦૦.૦૦ કરોડની જોગવાઈ સામે નવેમ્બર-૨૦૧૭ સુધીમાં રૂ. ૮૦૧.૯૭ કરોડનો ખર્ચ થયેલ છે.

1.92 **અનુસૂચિત જાતિ પેટા યોજના** : રાજ્ય સરકાર અનુસૂચિત જાતિઓના ઝડપી સામાજિક-આર્થિક વિકાસ માટે વિશેષ પ્રયત્નો કરે છે. વિકાસના તમામ સદર હેઠળ અનુસૂચિત જાતિઓ માટે ચોક્કસ જોગવાઈ નિયત કરીને, તેને અનુસૂચિત જાતિઓ માટેની અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ સંકલિત કરવામાં આવે છે. અનુસૂચિત જાતિઓ માટેની અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ વર્ષ ૨૦૧૬-૧૭માં કરવામાં આવેલ રૂ. ૪,૨૦૧.૪૬ કરોડની જોગવાઈ સામે વર્ષાન્તે રૂ. ૩,૨૦૯.૯૯ કરોડનો (૭૬.૪૦ ટકા) ખર્ચ થયેલ હતો. અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ વર્ષ ૨૦૧૭-૧૮ માં કરવામાં આવેલ રૂ. ૪,૬૦૩.૬૯ કરોડની જોગવાઈ સામે સપ્ટેમ્બર, ૨૦૧૭ સુધીમાં રૂ. ૧,૪૧૬.૦૬ કરોડનો (૩૦.૭૬ ટકા) ખર્ચ થયેલ છે.

**નાગરિક પુરવઠો**

1.93 રાજ્ય સરકાર નક્કી થયેલ વિતરણ પ્રમાણ અને વ્યાજબી ભાવની દુકાનો મારફતે રેશનકાર્ડ ધારકોને ઘઉં, ચોખા, ખાંડ, આયોડિનયુક્ત મીઠું અને ખાદ્યતેલ વિતરણ કરે છે. તા. ૧-૪-૨૦૧૬થી રાજ્યમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩નો અમલ કરવામાં આવેલ છે. જેથી રાજ્ય સરકાર દ્વારા લક્ષિત જાહેર વિતરણ યોજના (TPDS) ના બદલે રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ ઘઉં અને ચોખાનું વિતરણ કરવામાં આવે છે. રાજ્ય સરકાર વતી ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી. ભારતીય ખાદ્ય નિગમ પાસેથી અનાજનો જથ્થો ઉપાડે છે અને તેનું વાજબી ભાવની દુકાનો મારફતે વિતરણ કરે છે.

1.94 **રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ અંતર્ગત "માં અન્નપૂર્ણા યોજના"** : રાજ્ય સરકારે ૧લી એપ્રિલ-૨૦૧૬થી સમગ્ર રાજ્યમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩ અંતર્ગત "માં અન્નપૂર્ણા યોજના"નો શુભારંભ કરેલ છે. આ યોજનામાં બે પ્રકારના લાભાર્થીઓને લાભ મળે છે (અ) રાજ્યના અંત્યોદય અન્ન યોજના હેઠળના તમામ કાર્ડધારકો અને (બ) રાજ્ય સરકારે તા. ૨૨-૭-૨૦૧૪ના ઠરાવથી નિયત કરેલ ધોરણો મુજબના અગ્રતા ધરાવતા કુટુંબો.

**આયોજન**

1.95 રાજ્યની બારમી પંચવર્ષિય યોજના માટેની અંદાજિત જોગવાઈ રૂ. ૨,૮૩,૬૨૩.૦૦ કરોડ નક્કી કરવામાં આવેલ છે જે અગીયારમી પંચવર્ષિય યોજનાની જોગવાઈ (રૂ.૧,૨૮,૫૦૦.૦૦ કરોડ) કરતા ૧૨૦.૭૨ ટકા વધુ છે.

1.96 ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૭-૧૮ માં આઉટકમ બજેટ બહાર પાડવાનો નિર્ણય થયેલ છે. આઉટકમ બજેટ અંદાજપત્ર પ્રકાશન તરીકે સામેલ કરવામાં આવેલ છે. આઉટકમ બજેટ દ્વારા અંદાજપત્રીય જોગવાઈઓને વિકાસ પરિણામો સાથે જોડવામાં આવશે.

1.97 આઉટકમ બજેટ દ્વારા નાણાંકીય ફાળવણી અને સરકારી કાર્યક્રમોની અમલીકરણમાં પારદર્શકતામાં વધારો થશે અને જ્યાં વધારે જરૂરિયાત અને ઉપયોગીતા હોય ત્યાં નાણાંકીય ફાળવણી કરવામાં નિર્ણાયક બનશે. સરકારી નાણાં પ્રજાના હિતમાં વધુ સક્ષમ રીતે વપરાય અને નાગરિકોને તેનો વધુને વધુ લાભ મળે અને બિનજરૂરી અથવા ઓછા ઉપયોગી ખર્ચને ટાળી શકાય તે માટે આઉટકમ બજેટ ખૂબ જ ઉપયોગી બનશે તેવી અપેક્ષા છે.

1.98 સામાન્ય વહીવટ વિભાગ આયોજન પ્રભાગ દ્વારા સરકારી વિભાગોની સાથે વિગતવાર પરામર્શ કરવામાં આવેલ છે. આ પરામર્શના અંતે મોટી જોગવાઈઓ ધરાવતી યોજનાઓ, બાંધકામ અને ખરીદીને લગતી યોજનાઓ, વિકાસના સૂચકાંકને સુધારવા માટે ઘડાયેલી યોજનાઓ તેમજ વ્યક્તિગત લાભોને લગતી યોજનાઓને આઉટકમ બજેટમાં સામેલ કરવા માટે પસંદ કરવામાં આવેલ છે. તદ્પરાંત દરેક યોજના માટે જે તે વિભાગ દ્વારા યોજનાના અમલીકરણને લગતા નિર્દેશક નક્કી કરી આવતા ત્રણ વર્ષ માટે ઉક્ત નિર્દેશકને લગતા ભૌતિક લક્ષ્યાંકો સૂચવવામાં આવેલ છે. જુદા જુદા વિભાગોની સાથે ચર્ચા વિચારણા બાદ સંબંધિત વિવિધ સદરોની માંગણીઓ અંતર્ગત વિગતવાર ચર્ચા બાદ લગભગ ૫૦૦ જેટલી યોજનાઓનો સમાવેશ કરવામાં આવેલ છે.

1.99 આઉટકમ બજેટમાં સમાવિષ્ટ યોજના હેઠળ હાથ ધરવામાં આવતી કામગીરી, લાભાર્થીઓ માટે સહાયનું ધોરણ, અમલીકરણ એજન્સી તેમજ સૂચિત પરિણામો સામેલ કરવામાં આવેલ છે.

1.100 **વિકેન્દ્રિત જિલ્લા આયોજન** : વિકેન્દ્રિત જિલ્લા આયોજનનો સાચા અર્થમાં અમલ કરવાની બાબતે ગુજરાત રાજ્ય અગ્રેસર રહ્યું છે. આ કાર્યક્રમ હેઠળ જિલ્લા કક્ષાની યોજનાઓ માટે નિયત કરેલ જોગવાઇના ૨૦ ટકા જેટલી રકમ જિલ્લા આયોજન મંડળોને હવાલે મુકવામાં આવે છે.

1.101 **તાલુકા સેન્ટ્રીક એપ્રોચ** : રાજ્ય સરકારશ્રી દ્વારા વર્ષ ૨૦૧૦-૧૧ માં આ કાર્યક્રમ હેઠળ ટકાવારીના ધોરણે ગ્રાન્ટ ફાળવણી કરવાને બદલે તાલુકાને વિકાસનું એક્મ ગણી "Taluka Centric Approach" વિવેકાધિન, પ્રોત્સાહક અને ભૌગોલિક રીતે ખાસ પછાત વિસ્તારોની જોગવાઈ હેઠળ તાલુકામાં આવેલ ગામોની સંખ્યાને ધ્યાનમાં લઈ ગ્રાન્ટ ફાળવણી માટે નીચે મુજબનું નવું ધોરણ અપનાવવામાં આવેલ છે.

- ૫૦ સુધીનાં ગામો ધરાવતા તાલુકાઓને વાર્ષિક  રૂ. ૧.૦૦ કરોડની ગ્રાન્ટ
- ૫૧ થી ૧૦૦ સુધીનાં ગામો ધરાવતા તાલુકાઓને વાર્ષિક રૂ ૧.૨૫ કરોડની ગ્રાન્ટ
- ૧૦૦ થી વધુ ગામડાઓ ધરાવતા તાલુકાઓને વાર્ષિક રૂ ૧.૫૦ કરોડની ગ્રાન્ટ.

1.102 વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમની શરૂઆતથી તા. ૩૦-૧૧-૨૦૧૭ સુધીમાં મેળવેલ ભૌતિક સિદ્ધિઓ નીચે મુજબ છે.

| **ક્રમ** | **કામની વિગત** | **શરૂઆતથી તા.૩૦-૧૧-૨૦૧૭ સુધી (સંખ્યા)** |
|---|---|---|
| ૧ | પ્રાથમિક શાળા માટે બાંધેલા નવા વર્ગ ખંડો | ૩૨,૧૩૯ |
| ૨ | પ્રાથમિક શાળાના વર્ગખંડોની મરામત | ૫,૨૬૭ |
| ૩ | પાણી પુરવઠાના નવા કામો | ૯૬,૮૯૫ |
| ૪ | બંધ પડેલી ગ્રામ્ય પાણી પુરવઠા યોજનાઓ પુનઃ ચાલુ કરવી | ૧,૯૭૬ |
| ૫ | નવા પ્રવેશ માર્ગો | ૧,૦૪,૬૨૩ |
| ૬ | કડી માર્ગો (લીંક રોડ) | ૧૦,૮૧૨ |
| ૭ | બધા હેતુ માટે વિજળીકરણ કરેલ ગામો | ૧૫,૮૨૦ |
| ૮ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને પેટા કેન્દ્રોની મરામત | ૨,૨૧૦ |
| | કુલ | ૨,૬૯,૭૪૨ |

1.103 આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો **(ATVT)**: રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં ચાલતી વિકાસની પ્રક્રિયામાં લોકોને સાંકળવાના હેતુથી તથા તાલુકા કક્ષાએથી ગ્રામ્ય પ્રજાને તેમની જરૂરીયાત મુજબની સુદ્રઢ પાયાગત સુવિધાઓ ઉપલબ્ધ કરાવી શકાય, તેવા હેતુથી "**ATVT**" યોજના નામની એક નવી યોજના વર્ષ ૨૦૧૧-૧૨થી અમલમાં લાવવામાં આવી છે. જેનાથી રાજ્યનો દરેક તાલુકો સામાજિક વિકાસના "**Double Digit**" દરને પાર કરી શકે તેવા લક્ષ્યાંક સાથે સ્થાનિક કક્ષાએથી માળખું ઉભું કરવામાં આવેલ છે. આ યોજનાનો મુખ્ય હેતુ વિકેન્દ્રીકરણના ભાગરૂપે સ્થાનિક કક્ષાએથી જ પ્રજાની જરૂરીયાત મુજબ મૂળભૂત સુવિધાઓ પૂરી પાડવાની બાબતને પ્રાથમિકતા આપવાનો છે. આ ઉદ્દેશ સાથે આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો **(ATVT)**

નામની આ યોજના છેલ્લા પાંચ વર્ષથી અમલમાં છે. આ યોજનાનું અમલીકરણ તાલુકા કક્ષાએથી શરૂ કરવામાં આવેલ છે અને ગ્રામ્ય કક્ષાએ મૂળભૂત સુવિધાઓ જેવી કે ગ્રામ્ય આંતરિક રસ્તા, ગટર વ્યવસ્થા, પીવાના પાણીની સુવિધા તથા ઘન કચરાના નિકાલ વગેરે જેવા મુખ્ય ચાર સદરો હેઠળ વિકાસની પ્રક્રિયાને પ્રાથમિકતા આપવાનો ઉદ્દેશ છે.

**જાહેર નાણાં**

1.104 **જાહેર હિસાબો વર્ષ ૨૦૧૬-૧૭**: વર્ષ ૨૦૧૬-૧૭ના કામચલાઉ હિસાબો મુજબ, વર્ષ દરમ્યાન રૂ. ૧,૩૭,૯૧૫.૯૪ કરોડની કુલ આવક થયેલ હતી જે ગત વર્ષ ૨૦૧૫-૧૬ની આવક કરતાં રૂ.૧૬,૮૨૧.૭૧ કરોડ વધારે હતી. ગત વર્ષ કરતાં મહેસુલી આવક રૂ.૧૨,૩૫૯.૨૩ કરોડ વધારે હતી અને મૂડી આવક રૂ.૪,૪૬૨.૪૮ કરોડ વધુ હતી. વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન રૂ.૧,૩૫,૮૦૦.૯૬ કરોડનો ખર્ચ થયેલ હતો. જે વર્ષ ૨૦૧૫-૧૬ના ખર્ચ કરતાં રૂ.૮,૯૮૩.૫૩ કરોડ વધારે હતો. ગત વર્ષની સરખામણીએ મહેસૂલી ખર્ચ રૂ.૮,૧૧૬.૨૯ કરોડ વધારે હતો જયારે મૂડી ખર્ચ રૂ.૮૬૭.૨૪ કરોડ વધારે હતો.

1.105 વર્ષ ૨૦૧૬-૧૭ના કામચલાઉ હિસાબો મુજબ મહેસૂલી હિસાબ ખાતેની આવક લગભગ રૂ. ૧,૦૯,૮૪૧.૮૧ કરોડ હતી જ્યારે મહેસૂલી હિસાબ ખાતેનું ખર્ચ લગભગ રૂ. ૧,૦૩,૮૯૪.૮૩ કરોડ હતું. જે મહેસૂલી હિસાબ ખાતે રૂ. ૫,૯૪૬.૯૮ કરોડની પુરાંત દર્શાવે છે. મૂડી હિસાબ ખાતે રૂ. ૨૮,૦૭૪.૧૩ કરોડની આવક સામે રૂ. ૩૧,૯૦૬.૧૩ કરોડનો મૂડી ખર્ચ થયેલ છે, જે રૂ. ૩,૮૩૨.૦૦ કરોડની ખાધ દર્શાવે છે. વર્ષ ૨૦૧૫-૧૬ દરમ્યાન મૂડી હિસાબ ખાતે આંતરિક દેવાની ચુકવણી માટે રૂ. ૫,૫૩૪.૦૬ કરોડ સામે વર્ષ ૨૦૧૬-૧૭ કામચલાઉ હિસાબોમાં રૂ. ૮,૩૮૬.૨૭ કરોડની ચુકવણી થયેલ છે. વર્ષ ૨૦૧૬-૧૭ ના કામચલાઉ હિસાબોમાં મહેસૂલી અને મૂડી હિસાબ ખાતેની કુલ પુરાંત રૂ. ૨,૧૧૪.૯૮ કરોડ જ્યારે આકસ્મિક નિધિ ખાતે રૂ. ૩.૭૫ કરોડની પુરાંત અને જાહેર હિસાબ ખાતે રૂ. ૧,૯૯૧.૯૩ કરોડની ચોખ્ખી ખાધ રહે છે. તેથી સરકારના હિસાબો વર્ષ ૨૦૧૬-૧૭ માં કુલ ચોખ્ખી લેવડ-દેવડ રૂ. ૧૨૬.૮૦ કરોડની પુરાંત દર્શાવે છે.

*******

# પ્રકરણ-૨
# વિકાસ અભિગમ

2.1 ભારત દેશની પશ્ચિમે  આવેલું ગુજરાત સમૃધ્ધ વારસો વ્યાપાર અને સંસ્કૃતિ ધરાવે છે. રાજ્યના હડપ્પા અને ધોળાવીરામાં ૫૦૦૦ વર્ષ પહેલાંથી શહેરી આયોજન અને જળ સંગ્રહણના નમુના જોવા મળે છે. ધોલેરા અને લોથલ સીંધુખીણની સંસ્કૃતિના અગત્યના બંદરો હતા.

2.2 ગુજરાત ભૌગોલિક વિવિધતા ધરાવે છે, જેમાં ૧૬૦૦ કી.મી. લાંબો દરીયા કીનારો, દક્ષિણમાં ઉપજાઉ જમીન અને બારેમાસ વહેતી નર્મદા, કચ્છ અને ઉત્તર ગુજરાતમાં રણ. રાજ્યએ સૌનો સાથ સૌનો વિકાસ જેવું એકમાત્ર અને દાર્શનિક અભિગમ સામાજીક અને આર્થિક વિકાસને  તેના સિધ્ધાંત તરીકે સ્વીકારેલ છે. જે રાજ્યના સમતોલ અને પ્રગતિશીલ વિકાસની ઇચ્છાનું પ્રતિબિંબ પાડે છે.

2.3 રાજ્ય કૃષિ, ઉત્પાદન અને સેવા ક્ષેત્ર પર ભાર મૂકવાની સાથે સંવાદિત અને સંતુલિત વિકાસ તરફ પ્રયત્ન કરે છે અને વ્યાપક માનવ વિકાસ પર તીવ્ર ધ્યાન કેન્દ્રિત કરે છે.

### કૃષિ અને ગ્રામિણ અર્થવ્યવસ્થા

2.4 ખેડૂત સશક્તિકરણ અને ટેકનોલોજીનો વિકાસ કૃષિમાં સતત વૃદ્ધિ માટેના અભિગમ છે. મધ્યમ ગાળા દરમિયાન ગુજરાતમાં કૃષિ ક્ષેત્રે પહેલેથી જ બે અંકમાં વૃદ્ધિ જોવા મળી છે. ઇનપુટની કિંમતમાં ઘટાડો કરવો, યાંત્રીકિકરણ દ્વારા કાર્યક્ષમતા વધારવી અને ખેતીમાંથી પૂરતું વળતર મળી રહે તેવી સગવડ વગેરે દ્વારા ખેડૂતોની આવકમાં વધારો કરવા માટેની કૃષિ નીતિઓ અને કાર્યક્રમો પર ધ્યાન આપવામાં આવે છે. પરંપરાગત કૃષિમાં ટેક્નોલોજી ઉમેરવાનો અભિગમ રાજ્યના કૃષિ ક્ષેત્ર માટે આમૂલ પરિવર્તનરૂપ બનશે. જીપીએસ, જીઆઇએસ, રિમોટ સેન્સિંગનો ઉપયોગ કરવાથી ખેડૂતોને તેમની ઉત્પાદકતા વધારવા માટે મદદ મળશે.

2.5 સિંચાઈ અને વીજ પુરવઠામાં સતત વધારો અને માઇક્રો સિંચાઇના મોટા પાયે અપનાવવાની બાબત ગુજરાતની કૃષિ માટે આમૂલ પરિવર્તન લાવનારી બની રહેલ છે. લાભાર્થી ખેડૂતોને સૂક્ષ્મ સિંચાઇ પધ્ધતિ અપનાવવા માટે નાણાંકીય સહાય આપી ટપક / ફુવારા / રેઇન ગન / છિદ્રાળુ પાઇપ દ્વારા ગુજરાતમાં માઇક્રો સિંચાઇને ૧૬.૯૬ લાખ હેકટર જમીનમાં અપનાવવામાં આવી છે.

2.6 પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના હેઠળ પાક વીમા દ્વારા સહાય કરીને રાજ્યની ખેત આવકમાં જોખમ ઘટાડવાનું ચાલુ રાખવામાં આવશે. સહકારી સેક્ટર ઇન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરવા અને પ્રાથમિક સહકારી મંડળીઓને આધુનિક બનાવવામાં ટેકો પૂરો પાડશે. ખેડૂતોને આપવામાં આવેલા ધિરાણ અંતર્ગત વ્યાજ સહાય રાહતથી મદદ મળશે.

### બાગાયત

**2.7** રાજ્યમાં બાગાયતી ખેતી થકી ખેડૂતોની આવક બમણી કરવાનાં હેતુસર વર્ષ ૨૦૨૧-૨૨ સુધીમાં શાકભાજી પાકોની ઉત્પાદકતા ૨૦.૪૩ મે.ટન/ હેક્ટર અને ફળ પાકોની ઉત્પાદકતા ૨૧.૨૮ મે.ટન/ હેક્ટરથી વધારી અનુક્રમે ૨૨.૭૦ મે.ટન/ હેક્ટર અને ૨૩.૪૦ મે.ટન/ હેક્ટર સુધી વધારવા વિવિધ યોજનાઓ થકી સઘન આયોજન કરવામાં આવશે. વધુમાં હાલની કોલ્ડ સ્ટોરેજ સંગ્રહ ક્ષમતા ૨૩ લાખ મે.ટન થી વધારી ૩૦ લાખ મે.ટન સુધી લઇ જવાનું આયોજન છે. જે માટે કોલ્ડ સ્ટોરેજ, ફૂડ પ્રોસેસીંગ એકમ તેમજ અન્ય માળખાકીય સુવિધાઓ ઉભી કરવા જેવા ઉપાયો તથા ખેતી ખર્ચમાં ઘટાડો થાય તેવા એક્સક્લુઝીવ પોઇન્ટ તૈયાર કરવામાં આવશે.

### દરિયાકાંઠા ક્ષાર પ્રવેશ નિવારણ યોજના

**2.8** ગુજરાત રાજ્યનો દરિયાકાંઠા નો ૧૬૦૦ કિ.મી. લંબાઈનો લખપત (કચ્છ) થી ઉમરગાંવ નો કચ્છની દક્ષિણ ગુજરાત સુધી નો દરિયાઈ વિસ્તાર દરિયાઈ ખારાશથી અસરગ્રસ્ત છે. આ પરિસ્થિતિના નિવારણ માટે દરિયાઈ ક્ષાર નિવારણ યોજનાનો અમલ રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૦૪-૦૫ થી અમલમાં આવેલ છે. આ યોજનામાં ગુજરાત રાજ્યના ૧૪ જિલ્લાનો સમાવેશ કરેલ છે.

**2.9** આ યોજના હેઠળ રાજયના દરિયાકાંઠાના તમામ જિલ્લાઓ (વલસાડ થી કચ્છ સુધી) માં ૧૦૦% સહાયથી વરસાદના વહી જતા પાણીને જમીન સંરક્ષણની જુદી જુદી પ્રવૃતિઓ દ્વારા રોકીને જમીનમાં ઉતારવાની કામગીરી હાથ ધરવામાં આવશે.

**2.10** આ યોજનામાં ડિસેમ્બર-૨૦૧૭ સુધી રૂ. ૧,૮,૩૭૯૬ હેક્ટર વિસ્તારમાં જમીન સુધારણાની કામગીરી થયેલ છે. આ યોજનાનું વર્ષ ૨૦૧૮-૧૯નું રૂ. ૧,૫૯૫.૦૦ લાખ તેમજ ભૌતિક ૭,૯૭૫ હેક્ટર આયોજન અંદાજવામાં આવેલ છે.

### જળ સંચય માટે મોટા કદની ખેત તલાવડીની યોજના

**2.11** રાજ્યનો મોટા ભાગનો વિસ્તાર ઢાળ અને ખાડા ટેકરાવાળો તેમજ પથરાળ અને છીછરો છે. એટલું જ નહિં રાજ્યના મોટા ભાગના વિસ્તારમાં ખાસ કરીને સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતમાં વરસાદ અનિયમિત અને અપૂરતો તેમજ માત્ર ૩૦૦ થી ૬૦૦ મી.મી. જેટલો જ પડે છે. તેમજ વરસાદનું મોટા ભાગનું પાણી નદીઓ મારફતે દરિયામાં વ્યર્થ વહી જાય છે. આ વિસ્તારમાં ભૂગર્ભ જળનો પીવા માટે અને સિંચાઇ માટે વધુ પ્રમાણમાં ઉપયોગ થાય છે. તેથી ભૂગર્ભ જળના વધુ પડતા ખેંચાણ ના કારણે જમીનમાં પાણીના તળ નીચે જતા જાય છે. પરિણામે આવા વિસ્તારમાં દિન-પ્રતિદિન પાણીની અછત વધતી જાય છે. આ પરિસ્થિતિના નિવારણ માટે નદી નાળા મારફતે દરિયામાં નિરર્થક વહી જતાં વરસાદના પાણીને રોકી જમીનમાં ઉતારવું તે જ સચોટ ઉપાય છે. ખેત તલાવડી આ માટેની સરળ પદ્ધતિ છે.

2.12 ખેત તલાવડી ખેડૂતોના ખેતરમાં પસાર થતા વહેણમાં જ્યાં પાણીનો સંગ્રહ થાય તેવી જગ્યાએ બનાવવાથી વરસાદના વહી જતાં પાણીનો સંગ્રહ થશે. જેથી પાણીના તળ ઊંચા આવશે. ચોમાસામાં જ્યારે વરસાદ ખેંચાય ત્યારે અને પાકની કટોકટીની અવસ્થાએ પૂરક સિંચાઇ આપી ચોમાસામાં મુરઝાતા પાકને બચાવવા માટે ઉપયોગમાં લઈ શકાય છે. તદ્ઉપરાંત વહી જતું પાણી ખેત તલાવડી મારફત જમીનમાં ઊંડે ઊતરે છે જેને લીધે આજુ બાજુના કુવાઓના તળ ઊંચા આવે છે.

2.13 આ યોજના હેઠળ ખેડૂતની જમીનમાં મોટા કદની ખેત તલાવડી માટે ખાતેદારો માટે કુલ કામગીરીના ખર્ચ ઉપર ૯૦% સહાય આપવામાં આવશે અને બાકી રહેતી ૧૦% રકમ જે શ્રમદાનના સ્વરૂપમાં નિગમની કચેરીએ જમા કરાવ્યા બાદ કામગીરી કરવાની રહેશે.

2.14 નિગમ દ્વારા આ યોજના હેઠળ ડિસેમ્બર-૨૦૧૭ સુધી ૭૭,૮૩૮ ખેત તલાવડીઓ બનાવવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૮-૧૯ માટે રૂ. ૩,૭૮૦.00 લાખના ખર્ચે ૧,૬૨૧ ખેત તલાવડી અને ૩૬૩ સીમ તલાવડી બનાવવાનું આયોજન કરેલ છે.

**પશુપાલન અને ડેરી વિકાસ**

2.15 ગુજરાત તેની પશુપાલનની પરંપરા જાળવી રાખીને દૂધ ઉત્પાદન ક્ષેત્રે અગ્રેસર રાજ્ય રહેલ છે. ગુજરાત રાજ્ય દ્વારા દૂધ, ખેત અને મત્સ્ય ઉત્પાદનમાં વેલ્યુ એડીશન દ્વારા ગ્રામ્ય આવક વધારવા તરફ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. આ ક્ષેત્રે કેટલીક પહેલો નીચે મુજબની છે.

**મોબાઈલ પશુ દવાખાના**

2.16 ૧૦ ગામ દીઠ ૧ મોબાઈલ પશુદવાખાનું સ્થાપવાની યોજનામાં ડીસેમ્બર ૨૦૧૭ની સ્થિતિએ કુલ ૩૪૫ પશુ દવાખાનાની સ્થાપના કરવામાં આવેલ છે. આગામી વર્ષમાં કુલ ૧૧૫ મોબાઈલ પશુ દવાખાના સ્થાપવાનું આયોજન કરવામાં આવેલ છે.

2.17 વર્ષ ૨૦૦૨થી રાજ્યમાં પશુ આરોગ્ય મેળાઓનું આયોજન સફળતાપુર્વક દર વર્ષે કરવામાં આવે છે. રાજ્યના પશુધન માટેની સુદ્રઢ પશુઆરોગ્ય સેવાઓ, સઘન રસીકરણ અને રોગ નિયંત્રણની કામગીરીના પરિણામે પશુઓના ચેપી રોગચાળામાં ઘટાડો નોધાયેલ છે. નવેમ્બર, ૨૦૧૭ની સ્થિતિએ કુલ ૨,૯૫૬ પશુઆરોગ્ય મેળા યોજાઈ ગયેલ છે. જેમાં કુલ ૧૫,૦૫,૨૬૬ પશુઓને પશુ સારવાર પુરી પાડવામાં આવી છે. વર્ષ ૨૦૧૮-૧૯માં ૪,૪૯૭ પશુ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવેલ છે.

**દેશી ઓલાદનું સંવર્ધન**

2.18 કૃત્રિમ બીજદાનની કામગીરી દ્વારા ઉચ્ચ ગુણવત્તા ધરાવતા બીજથી રાજ્યની દેશી ઓલાદોની જાળવણી કરી શુધ્ધ સંવર્ધન વડે ઓલાદમાં સુધારો કરાયેલ છે. સાથો સાથ સ્થાનિક પશુપાલકોને તેમના દેશી ગાય તથા ભેસમાં કૃત્રિમ બીજદાન દ્વારા દેશી ઓલાદનાં સંવર્ધન માટે

પ્રોત્સાહિત કરવામાં આવશે. દેશી ઓલાદની જાળવણી સશક્ત બનાવવા અને તેના પ્રચાર કરવાના મહત્વનો કાર્યક્રમ હાથ ધરવાનું આયોજન કરવામાં આવેલ છે.

**મત્સ્યોદ્યોગ**

**2.19** મત્સ્યોદ્યોગ ક્ષેત્રે આજીવિકા અને રોજગારીનો મહત્વનો સ્ત્રોત હોવા ઉપરાંત ગુજરાત માટે વિદેશી હૂંડિયામણ કમાણી આપનાર છે. રાજયમાં કુલ ૩૫,૦૩૬ મત્સ્ય બોટો નોંધાયેલ છે. રાજય સરકારે મત્સ્ય બંદરો અને મત્સ્ય ઉતરાણ કેન્દ્રોના સશકિતકરણ અને આધુનિકરણનો અગત્યનો કાર્યક્રમ હાથ ધરેલ છે. માંગરોળ, નવાબંદર, માઢવાડ, વેરાવળ, પોરબંદર, ઓખા અને સુત્રાપાડા મત્સ્યોદ્યોગ ક્ષેત્ર વિકસવવામાં આવનાર અગત્યના સ્થળો છે. વધુમાં, રાજય સરકાર દ્વારા માછીમારીના ખર્ચમાં ઘટાડો કરવા અને વ્યાજબી આવક મેળવવા માટે ડીઝલની કિંમતમાં રાહત આપવામાં આવશે. માછીમારોને ઈન્સ્યુલેટેડ બોક્ષ, ટ્રોલર અને ગીલનેટ, જીપીએસ અને એલર્ટ ટ્રાન્સમીટર, લાઇફ સેવીંગ ઇકવીપમેન્ટ, ફાઇબર રોપ, ટોઇલેટ કીટ, સોલાર લાઇટ વિ. માટે અપાતી સહાય ચાલુ રાખવાનો નિર્ણય કરેલ છે.

**જાહેર આરોગ્ય અને પરિવાર કલ્યાણ**

**પ્રજનન અને બાળ આરોગ્ય (RCH)**

**2.20** રાજયમાં માતા મૃત્યુદર ઘટાડવાના હેતુથી ચિરંજીવી યોજના અને અન્ય પ્રોત્સાહક પગલાં થકી રાજયનો સંસ્થાકીય પ્રસૂતિ દર ૫૭.૦૩% (૨૦૦૪-૦૫) થી વધીને ૯૮.૯% (૨૦૧૬- ૧૭)માં થયો છે.

- બાળ મૃત્યુદર ઘટાડવાના ઉદ્દેશથી ૨૨ જાન્યુઆરી, ૨૦૦૯થી બાળ સખા યોજના અમલમાં મુકેલ છે.

**બાલ સખા યોજના**

**2.21** આ યોજનાના અસરકારક અમલીકરણ અને અન્ય પગલાંઓ થકી રાજયનો બાળ મૃત્યુદર ૩૦ થી ઘટાડીને **(SRS-2015)**ને ૨૬ થી નીચે લઇ જવાનું ધ્યેય રાખેલ છે.

- ૧૮૭ બાળ નિષ્ણાંતો આ યોજનામાં સામેલ થઇ બી.પી.એલ.(આવકવેરો ન ભરતા), અનુસુચિત જાતિ અને જનજાતિના તથા વાર્ષિક રૂ. ૨.૦૦ લાખ સુધીની આવક ધરાવતા કુટુંબોના ૦-૧ વર્ષના નવજાત શિશુઓને જરૂરી સેવાઓ પુરી પાડે છે.
- આ યોજના હેઠળ ઓક્ટોબર,૨૦૧૭ સુધીમાં કુલ ૫.૨૨ લાખ નવજાત શિશુઓને સેવાઓ પૂરી પાડવામાં આવેલ છે.
- રાજયના ૭૯ હાઈ-પ્રાયોરીટી તાલુકાઓ કે જયાં નવજાત શિશુની ઘનિષ્ઠ સારવારની લેવલ-૨ અને લેવલ-૩ ની મર્યાદિત સેવાઓ ઉપલબ્ધ છે આ વિસ્તારનાં ૧.૫ કિ.ગ્રા. કે તેથી ઓછા વજન સાથે જન્મેલ નવજાત શિશુઓને જન્મના ૨૮ દિવસ સુધી ઘનિષ્ઠ સારવારની સેવાઓ

તેમના જિલ્લા/ તાલુકામાં જ મળી રહે તે હેતુથી સપ્ટેમ્બર- ૨૦૧૭ થી બાળસખા-૩ યોજના શરૂ કરાઈ છે.

- જે અંતર્ગત ખાનગી બાળરોગ નિષ્ણાંત, તબીબી ક્ષેત્રે કાર્યરત સ્વૈચ્છિક અને ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓ સરકાર સાથે કરારથી જોડાઈ નિર્ધારીત સેવાઓ વિના મૂલ્યે પુરી પાડશે. નવેમ્બર-૨૦૧૭ સુધીમાં યોજના અંતર્ગત ૪૩ ખાનગી બાળરોગ નિષ્ણાત સેવાઓ પુરી પાડવા સરકાર સાથે કરારથી જોડાયા છે અને ૨૬૩ બાળકોને આ યોજનાનો લાભ અપાયેલ છે.
- આ યોજના માટે વર્ષ ૨૦૧૮-૧૯માં રૂ. ૪૩.૬૦ કરોડની (બાલસખા -1, 2, 3) જોગવાઇ કરવામાં આવેલ છે.

**ચિરંજીવી યોજના**

**2.22** ચિરંજીવી યોજના હેઠળ સરકાર સાથે કરારથી જોડાયેલ તબીબને ૧૦૦ પ્રસુતિ માટે રૂ. ૩,૮૦,૦૦૦/ - ની ચુકવણી કરવામાં આવે છે. જેમાં સામાન્ય, જટીલ પ્રસુતિઓ અને જરૂરી સવલતો, લેબોરેટરી તપાસ, દવાઓ વગેરેનો સમાવેશ થાય છે.

- જો ખાનગી સ્ત્રીરોગ નિષ્ણાત તેની સેવાઓ સરકારી દવાખાનામાં આવી રીતે પુરી પાડે તો તેને પ્રતિ સિઝેરીયન પ્રસૂતિ માટે રૂ. ૨,૫૦૦/ - ની ચૂકવણી કરવામાં આવે છે.
- આ યોજનાની શરુઆતથી ઓક્ટોબર-૨૦૧૭ સુધીમાં ૧૨.૧૯ લાખ સગર્ભાઓએ આ યોજનાનો લાભ લીધેલ છે.
- આ યોજના હેઠળ ૪૧૩ તબીબો સેવા પુરી પડવા માટે સરકાર સાથે કરારથી જોડાયેલ છે.
- આ યોજના માટે વર્ષ ૨૦૧૮-૧૯ માં રૂ. ૩૫.૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

**બેટી વધાવો અભિયાન**

**2.23** યોજનાનો ઉદેશ/ હેતુ- જન્મ સમયે જાતિ પ્રમાણપત્રમાં સમતુલા જાળવવા રાજયમાં પી.સી. એન્ડ પી.એન.ડી.ટી. કાયદાનો કડક અમલ.

- ધ પી.સી.એન્ડ પી.એન.ડી.ટી. એકટ અંતર્ગત, સંબંધિત કામગીરી કરતાં તમામ સોનોગ્રાફી ક્લિનીકો / જીનેટીક લેબોરેટરી / ઇમેજીંગ સેન્ટરો અને સલાહ કેન્દ્રોની નોંધણી કરવી.
- જાતિ પરીક્ષણ અટકાવી અને જાતિ આધારિત સ્રી ભૃણ હત્યા અટકાવવી.

**રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વિમા યોજના**

**2.24** આ યોજના સમગ્ર રાજયમાં અમલમાં છે. જે ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબો તેમજ અન્ય અસંગઠિત ક્ષેત્રના કુટુંબો માટે વિમા કવચ આપવા ભારત સરકાર દ્વારા બીમારીઓના કારણે હોસ્પિટલમાં દાખલ થવાથી આવતી નાણાંકીય જવાબદારીથી બી.પી.એલ. કુટુંબોનું રક્ષણ કરવાના હેતુથી અમલમાં મુકાયેલ છે.

**2.25** સદર યોજના હેઠળ વાર્ષિક રૂ. ૩૦,૦૦૦/ - સુધીનો કુટુંબ દીઠ તબીબી સેવા ખર્ચ વિમા કવચ હેઠળ આવરી લેવાય છે. જે વિમિત પરિવારમાં સિનીયર સીટીઝન હોય તેને રૂા. ૩૦,૦૦૦/- સુધીનો વધારાનો ફાયદો દરેક સિનીયર સીટીઝન દીઠ મળે છે.

- પૂર્વ અસ્તિત્વમાં હયાત રોગ પણ દિન એકથી આવરી લેવામાં આવે છે.
- આ યોજના હેઠળ શહેરી અને ગ્રામ્ય વિસ્તારના ગરીબી રેખા હેઠળના ૨૬.૯૭ લાખ કુટુંબોને પ્રસૂતિના લાભો સાથે આવરી લેવાયેલ છે.
- આ યોજના હેઠળ ડિસેમ્બર,૨૦૧૭ સુધીમાં રૂ. ૨૭.૭૬ કરોડના ૪૨,૮૨૯ દાવાઓ નોંધાયેલ છે.
- આ યોજના હેઠળ સેવા આપવા માટે ૫૮૫ સરકારી, ૧,૦૮૧ પ્રાઇવેટ સહિત ૧,૬૨૬ દવાખાનાઓ મુકરર થયેલ છે.
- આ યોજના માટે વર્ષ ૨૦૧૮-૧૯ માં રૂ. ૮૦.૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

**મુખ્યમંત્રી અમૃતમ (મા) યોજના અને મા – વાત્સલ્ય યોજના**

**2.26** આ યોજનાનો હેતુ ગરીબી રેખા હેઠળના કુટુંબોને નિર્ધારિત રોગોની તૃતિય સ્તરની ગુણવત્તાયુકત તજજ્ઞ સારવાર ઉપલબ્ધ કરાવવાનો છે.

- આ યોજના હેઠળ ગંભીર બિમારીઓ જેવી કે હૃદય, કીડની, કેન્સર, મગજના રોગો, ગંભીર રીતે દાઝી ગયેલા, નવજાત શિશુના રોગો અને ગંભીર ઇજા જેવા રોગોની તૃતિય સ્તરની ગુણવત્તાસભર સારવાર આપવામાં આવે છે.
- મુખ્યમંત્રી અમૃતમ 'મા' યોજનાની સફળતાથી પ્રેરાઈને આ યોજનાનો વ્યાપ "મા વાત્સલ્ય" તરીકે વાર્ષિક રૂ. ૧.૨૦ લાખ કે તેથી ઓછી આવક ધરાવતા કુટુંબો સુધી ૧૫ મી ઓગષ્ટ, ૨૦૧૪ થી વિસ્તારવામાં આવી છે. હવે આ યોજના અંતર્ગત રૂ. ૨.૫૦ લાખ સુધીની આવક ધરાવતા પરિવારોને લાભ આપવામાં આવે છે.
- વર્ષ ૨૦૧૬ થી યુ-વીન કાર્ડ ધારકોને પણ આ યોજના હેઠળ આવરી લીધેલ છે.
- નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ થી ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારની તમામ આશા બહેનો અને તેમના પરિવારજનો પત્રકારો અને તેમના પરિવારજનો તેમજ રાજ્ય સરકારના વર્ગ- ૩ અને વર્ગ-૪ના તમામ સંવર્ગો પરની જગ્યાઓ ઉપર સીધી ભરતીથી નિમણૂંક આપેલ ફિક્સ પગારના કર્મચારીઓને મુખ્યમંત્રી અમૃતમ વાત્સલ્ય યોજનાના તમામ લાભ આપવામાં આવે છે.
- આ યોજના હેઠળ કુલ-૬૨૮ પ્રોસીજર માટેની સર્જરી અને ફોલોઅપ સહિત કેશલેસ તબીબી અને સર્જીકલ સારવાર પ્રતિ કુટુંબદીઠ બે લાખની વાર્ષિક મર્યાદામાં પૂરી પાડવામાં આવે છે.
- આ યોજના અંતર્ગત રાજ્યમાં કુલ ૧૬૭ હોસ્પિટલો જોડાયેલ, જેમાં ૧૦૩ ખાનગી, ૨૧ સરકારી તેમજ ૪૩ સ્ટેન્ડઅલોન ડાયાલીસીસ સેન્ટરો જેવી સારી સુવિધા ધરાવતી હોસ્પિટલોમાં જઇને લાભ લઇ શકે છે.

- મુખ્યમંત્રી અમૃતમ યોજનાની શરૂઆતથી ડીસેમ્બર, ૨૦૧૭ સુધીમાં અંદાજે ૨૨.૬૫ લાખ મા કાર્ડ બી.પી.એલ કુટુંબોને આપવામાં આવેલ છે અને તે અંતર્ગત રૂ. ૨૮૨.૪૪ કરોડના ૨,૦૦,૨૦૦ દાવાઓ નોંધાયેલ છે.
- મા વાત્સલ્ય યોજના હેઠળ ઓગષ્ટ, ૨૦૧૪ થી ડીસેમ્બર, ૨૦૧૭ સુધીમાં ૨૯.૦૬ લાખ પાત્રતા ધરાવતા કુટુંબોની નોંધણી કરવામાં આવી છે અને જે અંતર્ગત રૂ.૯૦૦.૯૦ કરોડના ૬,૬૦,૫૦૫ દાવાઓ નોંધાયેલ છે.
- આ યોજના માટે વર્ષ ૨૦૧૮-૧૯ માં રૂ. ૫૫૦.૦૦ કરોડની જોગવાઇ સુચવવામાં આવી છે.

**શાળા આરોગ્ય કાર્યક્રમ**

**2.27** રાજ્યના તમામ બાળકોની સઘન સુદ્રઢ તંદુરસ્તી માટે આરોગ્ય તપાસ અને સારવાર

**લાભાર્થી**

- નવજાત શિશુથી ૬ વર્ષના આંગણવાડીના બાળકો.
- પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ.
- શાળાએ ન જતા ૧૮ વર્ષ સુધીના બાળકો.
- દર વર્ષે ૧.૫ કરોડ બાળકોની આરોગ્ય તપાસ.

**સેવાઓ/લાભ**

- આરોગ્ય તપાસણી.
- સ્થળ પર પ્રાથમિક સારવાર.
- વિનામૂલ્યે ચશ્મા.
- આરોગ્ય અને સંદર્ભકાર્ડ
- બીજા તબકકાની સંદર્ભ સેવા.
- હૃદ્દય, કીડની, કેન્સર, કિડની પ્રત્યારોપણ, લીવર પ્રત્યારોપણ, કોકલીયર તથા બોન-મેરો
- ટ્રાન્સપ્લાન્ટ, ઇમ્પ્લાન્ટ સહિતની સારવાર.
- આરોગ્ય અને જીવન-કૌશલ્ય શિક્ષણ.

**તબીબી સેવાઓ**

**જીવીકે ઇ.એમ.આર.આઇ. દ્વારા કાર્યરત ગુજરાત ૧૦૮ ઇમરજન્સી સેવાઓ**

**2.28** રાજ્ય સરકારે તા.૨૯/ ૮/ ૨૦૦૭ ના રોજથી કુદરતી આપત્તિ, રોગચાળો, ધોરીમાર્ગ અકસ્માત, ડી-રેઇલમેન્ટ અને રાજ્યના બિમાર લોકો માટે પ્રિ-હોસ્પિટલ ઇમરજન્સી તબીબી સેવા પુરી પાડવા માટે ટોલ ફ્રી નંબર સાથે ગુજરાત ૧૦૮ ઇમરજન્સી એમ્બ્યુલન્સ ટ્રાન્સપોર્ટેશન

સર્વિસીસ શરૂ કરેલ છે. હાલમાં કુલ ૫૮૫ એમ્બ્યુલન્સ શરૂ કરવામાં આવી છે. આ ફક્ત એમ્બ્યુલન્સ સેવા નથી પરંતુ તે શક્યતમ ઓછા સમયમાં વિનામૂલ્યે ૨૪ x ૭ પ્રિ-હોસ્પિટલ સેવા પુરી પાડે છે.

**2.29** ૧૦૮ ઇમરજન્સી એમ્બ્યુલન્સ સેવાઓના સરળ સંચાલન માટે વાર્ષિક વિકાસ યોજના સને ૨૦૧૮-૧૯ ના વર્ષમાં ૧૦૦ નવી એમ્બ્યુલન્સો રિપ્લેસમેન્ટથી પુરી પાડવા માટે રૂ.૧૭૪૦.૦૦ લાખની જોગવાઇ સુચવવામાં આવેલ છે.

**2.30** ગુજરાત સરકારે કઠવાડા, અમદાવાદ ખાતે ૧૫ એકરના કેમ્પસમાં આર્ટ ઓફ ઇમરજન્સી રિસર્ચ સેન્ટરની સ્થાપના કરેલ છે. ગુજરાત સરકાર આ પ્રકારની સુવિધા ઉભી કરવામાં દેશમાં અગ્રેસર છે. તા.૩૦/ ૧૧/ ૨૦૧૭ સુધીમાં આ કાર્યક્રમ હેઠળ કુલ ૮૧,૪૧,૪૩૧ કોલને પ્રતિસાદ આપવામાં આવેલ છે અને ૨૮,૯૩,૫૭૧ પ્રસૂતિ સંબંધિત કોલને પ્રતિસાદ આપવામાં આવેલ છે તેમજ ૬,૫૭,૪૫૦ મહામૂલી જીંદગી બચાવવામાં આવેલ છે.

**પ્રધાનમંત્રી હિમોડાયાલીસીસ કાર્યક્રમ**

**2.31** લોકોની બદલાતી જતી જીવનશૈલી તેમજ ગુણવત્તાસભર પાણીના અભાવે કીડનીને લગતા રોગોનું પ્રમાણ દિવસે દિવસે વધતુ જાય છે. રોગ અને મૃત્યુદરના પ્રમાણને જોતા, ૨૦ ટકા મૃત્યુદરના મુખ્ય કારણ તરીકે કીડનીને લગતા રોગો માલૂમ પડેલ છે. એક વખત દર્દીની કિડની કામ કરતી બંધ થઇ જાય ત્યારે દર્દીને હિમોડાયાલીસીસ અને પેરીટોનીયલ ડાયાલીસીસની સારવાર મેળવવી જરૂરી બની રહે છે. કેટલીક વખત દર્દીઓને કિડની ટ્રાન્સપ્લાન્ટ કરાવવાની જરૂરીયાત રહે છે.

**2.32** અગાઉના વર્ષોમાં કિડનીને લગતા રોગોની સારવાર માટે સરકાર સહાયિત ફક્ત આઇ.કે.ડી.આર.સી. અમદાવાદ ખાતે કાર્યરત હતી. જેને કારણે કિડનીને લગતા રોગોની સારવાર મેળવવામાં દર્દીઓને ખુબ જ હાડમારી રહેતી હતી. આ સંજોગોને ધ્યાનમાં લઇને રાજ્ય સરકારે કિડની ડીસીઝ અને રિસર્ચ સેન્ટર, અમદાવાદ ખાતે હિમોડાયાલીસીસની સારવાર દર્દીઓને સ્થાનિક કક્ષાએ મળી રહે તે માટે હિમોડાયાલીસીસ યુનિટની જુદી જુદી હોસ્પિટલો ખાતે સ્થાપના કરવા સમજુતી કરાર કરેલ છે.

**2.33** રાજ્ય સરકારે રાજ્યની જુદી જુદી હોસ્પિટલો અનુક્રમે મેડિકલ કોલેજ અને સીવીલ હોસ્પિટલો, પેટા જીલ્લા હોસ્પિટલ ખાતે હિમોડાયાલીસીસ યુનિટની સ્થાપના કરેલ છે. આ હોસ્પિટલો ખાતે કૂલ ૩૫૬ હિમોડાયાલીસીસ મશીન પ્રસ્થાપિત કરવામાં આવેલ છે અને આ કાર્યક્રમ શરૂ થયાથી નવેમ્બર-૨૦૧૭ના અંત સુધીમાં કુલ ૩,૯૨,૩૯૯ કિડનીના દર્દીઓને ડાયાલીસીસની સારવાર પૂરી પાડવામાં આવેલ છે.

**ભારતીય તબીબી અને હોમીયોપેથી પધ્ધતિ**

- આ ખાતા હસ્તકની તમામ હોસ્પિટલો અને દવાખાનાઓમાં આયુર્વેદ રસાયણ ચિકિત્સા દ્વારા વૃધ્ધાવસ્થાને લગતી ખાસ રસાયણ ચિકિત્સા- સઘન કાર્યક્રમનું રૂા.૨૦૦.૦૦ લાખનું આયોજન હાથ ધરેલ છે.
- રાજયના જીલ્લાઓ અંબાજી, દેવભૂમિ દ્વારકા, સોમનાથ, સાપુતારા, પાલીતાણા, માંડવી (કચ્છ), દાંડી(નવસારી), તિથલ (વલસાડ), વડનગર ખાતે આયુર્વેદ ટુરિઝમ સેન્ટર શરૂ કરવા માટે રૂા.૫૦૦.૦૦ લાખનું આયોજન હાથ ધરેલ છે.
- તાજેતરમાં વર્ષ ૨૦૧૭-૧૮ ના જુલાઇ-૨૦૧૭ વખતે બનાસકાંઠા જીલ્લામાં અતિવૃષ્ટિ પછી રોગચાળાથી બચવા **"આયુર્વેદ અમૃતપ્રેય પ્રકલ્પ** પ્રોજેકટ**"** અંતર્ગત આયુર્વેદ અમૃતપ્રેયનો પ્રયોગ સફળ રહયો છે. તે માટે રાજયના જિલ્લામાંઓમાં અમૃત પેય પ્રકલ્પ – સંક્રામક રોગના ઉપદ્રવ માટે રૂા.૫૦૦.૦૦ લાખનું કેમ્પનુ આયોજન હાથ ધરેલ છે.

**ખોરાક અને ઔષધ નિયમન તંત્ર**

**2.34** ફુડ સેફટીની કામગીરીને વધુ અસરકારક બનાવવા ચાલુ વર્ષે ફુડ મોનીટરીંગ સીસ્ટમ ને લગતો ઓનલાઇન સોફટવેર અમલી બનાવવામાં આવેલ છે. ગુજરાત રાજ્ય દેશમાં આ પ્રકારનું સોફટવેર ડેવલોપ કરવામાં અને તેનો અમલ કરવામાં સૌ પ્રથમ છે. આ સોફટવેરના અમલથી ફુડ સેફટીના નવા કાયદાનુ અમલીકરણ વધુ સઘન બનશે.

- પી.એફ.એ. ને લગતા ૪૫૦૦ કેસો પૈકી ના જે કિસ્સામાં મીસબ્રાન્ડેડ, સબસ્ટાન્ડર્ડ નમુના હોય (નાની ક્ષતિ હોય અને આરોગ્યને નુકશાનકારક ન હોય તેવા નમુના) તેવા આશરે ૧૭૫૦ જેટલા ૧૦ વર્ષ કે તેથી વધુ સમયથી ચાલતા કેસોનો નામદાર ગુજરાત હાઇકોર્ટના સ્પેશિયલ સીટીંગ દ્વારા ૨ દિવસમાં જ દંડ કરી નિકાલ કરવામાં આવ્યો, અને ગુજરાત રાજ્ય આ કામગીરીમાં દેશમાં પ્રથમ રહેલ છે.
- ખોરાક તથા ઔષધના નમુનાઓનું ઓન સાઇટ ટેસ્ટીંગ માટે મોબાઇલ વાન શરૂ કરવામાં ગુજરાત દેશનું સૌ પ્રથમ રાજ્ય છે.
- ખાદ્ય પદાર્થમાં થતી ભેળસેળ અંગેની જાગૃતતા સરળતાથી જાહેર જનતામાં ફેલાય તે માટેની જાગૃતિથી આરોગ્યની રક્ષા પ્રાથમિક પરીક્ષણ કીટનો ઉપયોગ વધુ કાર્યક્ષમ બનાવવા 'ઓન ધ સ્પોટ' ટેસ્ટીંગ કરી શકાય તે માટે મોબાઇલ વાન અને એક્ઝિબીશન વાન શરૂ કરવામાં આવેલ છે. દિવાળીના તહેવારોમાં આ વાન અને ટેસ્ટીંગ કીટના ઉપયોગથી ૯૫૭ નમુનાઓની ચકાસણી કરવામાં આવી તથા ૧૬૯૯ એકમોની ચકાસણી કરવામાં આવેલ અને ૨૩૭૭ કિગ્રા જથ્થાનો નાશ કરવામાં આવ્યો.

- ઔષધ અને સૌદર્ય પ્રસાધન ધારાના ભંગ બદલ તંત્ર દ્વારા વર્ષ દરમ્યાન ૯ દરોડા પાડી બનાવટી દવાઓ શોધી કુલ રૂ.૧૯,૯૭,૫૪૭ નો માલ જપ્ત કરી તે સંદર્ભે જરૂરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે અને કુલ ૧૮ કોર્ટ કેસો દાખલ કરવામાં આવેલ છે.
- વડોદરાની પ્રયોગશાળાનું મકાન ૧૯૬૮ માં બંધવામાં આવેલ હતુ,જે ખુબ જ જુનુ હોવાથી નવું મકાન બાંધવાનો સરકારશ્રીએ નિર્ણય લીધેલ છે. અને 'નેશનલ એક્રેડીટેશન બોર્ડ ફોર ટેસ્ટીંગ કેલીબ્રેશન'ના ધારાધોરણ મુજબનું અતિ આધુનીક મલ્ટી સ્ટોરેજ બિલ્ડીંગ બાંધવાની કામગીરી શરૂ કરવામાં આવનાર છે.

**કમિશનર શાળાઓ**

**2.35** રાજ્યની સને ૨૦૧૮-૧૯ના વર્ષમાં સરકારી અને બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અંદાજીત ૫,૦૦૦ શિક્ષણ સહાયકોની ભરતી કરવામાં આવશે.

- વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના અંતર્ગત રાજયની સરકારી અને બિન સરકારી ગ્રાન્ટેડ શાળાઓમાં ધો-૯માં અભ્યાસ કરતી કન્યાઓને કન્યાદીઠ રૂા.૨,૦૦૦/ - લેખે ગરીબી રેખા હેઠળ તેમજ ઓછી સાક્ષરતા હેઠળ આવતા ગામોની કન્યાઓને સહાય ચૂકવવામાં આવે છે. આ માટે સને ૨૦૧૮-૧૯ના વર્ષમાં રૂા. ૨૨૫ લાખની જોગવાઇ કરવામાં આવી છે.
- વિદ્યાદીપ વીમા યોજના અંતર્ગત રાજયની સરકારી અને બિનસરકારી ગ્રાન્ટેડ શાળામાં ધો-૯ થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીનું અકસ્માતથી અવસાન થાય તો રૂા. ૫૦,૦૦૦/ - વિમા યોજનાની રકમ ચૂકવવામાં આવે છે.
- રાજ્યના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના અંદાજીત ૧૪.૫૦ લાખ જેટલા વિદ્યાર્થીઓને એસ. ટી. પાસમાં કન્સેશન આપવા માટે કુલ રૂ. ૪૬,૧૦૬.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.
- સને ૨૦૧૮-૧૯ના વર્ષમાં રાજ્યની ૧,૨૫૦ સરકારી/ બિનસરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ૨૫૦ લાખના ખર્ચે ફીટનેસ વીથ જોયફૂલ લર્નીંગ પ્રવૃત્તિ માટે લો-બજેટ જીમ માટે જોગવાઇ કરવામાં આવેલ છે.
- મુખ્યમંત્રીશ્રી સ્વાવલંબન યોજના અંતર્ગત રાજયની સરકારી/ બિનસરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ધો-૯ થી ૧૨ માં અભ્યાસ કરતાં તમામ જાતિના વિધાર્થીઓના માતા પિતા/વાલીની આવક મર્યાદા ધ્યાને લીધા સિવાય વિના મૂલ્યે પાઠયપુસ્તક પુરા પાડવાની યોજના અમલમાં છે.
- રાજ્ય સરકારશ્રીના શિક્ષણ વિભાગ દ્વારા નિયત કરવામાં આવેલા ધારાધોરણ મુજબ **PPP** ધોરણે નવી ગ્રીન ફિલ્ડ/બ્રાઉન ફિલ્ડ સૈનિક શાળાઓ શરૂ કરવા માટેની પ્રોત્સાહક યોજના શરૂ કરવામાં આવી છે. આ યોજનામાં સરકારે વિદ્યાર્થીદીઠ રૂા. ૩૦,૦૦૦ ની સહાય આપવાની જોગવાઇ કરેલ છે.

- રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન અંતર્ગત કુલ ૪૫૯ આર.એમ.એસ.એ. શાળાઓ કાર્યરત છે. જેમાં ૩૨,૦૯૭ વિધાર્થીઓ અભ્યાસ કરે છે. ૨૫૫ આર.એમ.એસ.એ. શાળાઓના બાંધકામ પૂર્ણ થયેલ છે. ૬૮ ગર્લ્સ હોસ્ટેલ શરૂ કરવામાં આવી છે,જેમાં ધોરણ-૯ થી ૧૨માં અભ્યાસ કરતી અને ૧૪ થી ૧૮ની વય જૂથની ૫,૦૩૦ વિદ્યાર્થિનીઓએ હોસ્ટેલમાં નિ:શુલ્ક પ્રવેશ મેળવેલ છે. ૭૨ મોડેલ સ્કૂલ કાર્યરત છે,જેમાં ધોરણ ૬ થી ૧૨ ના ૧૬,૫૮૩ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. ૨૦ મોડેલ ડે સ્કૂલ કાર્યરત છે,જેમાં ૨,૯૧૯ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.
- દિવ્યાંગ વિદ્યાર્થીઓને સામાન્ય શાળાના વિદ્યાર્થીઓની શિક્ષણની સમાન તકો પુરી પાડવામાં આવે છે. તેઓને શૈક્ષણિક લાભો જેવા કે ગણવેશ,પુસ્તકો, રીડર એલાઉન્સ, ટ્રાન્સ્પોર્ટ એલાઉન્સ, હોસ્ટેલ એલાઉન્સ, એસ્કોર્ટ એલાઉન્સ, થેરાપ્યુટિક સર્વિસિઝ,કન્યાઓને સ્ટાઈપેન્ડ,આસિસ્ટીવ ડિવાઇસીઝ વગેરે તેમજ વિશિષ્ટ શિક્ષણની ટેકારૂપ સહાયક સેવાઓ પુરી પાડવામાં આવે છે. કુલ ૫૩ સંસ્થાઓમાં અંદાજે ૧૦,૩૩૦ દિવ્યાંગોને આ **IEDSS** યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે.

**સર્વ શિક્ષા અભિયાન**

**2.36** **કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય (કેજીબીવી)**: આ યોજના ૧૦ થી ૧૬ વર્ષની શાળાએ ન ગયેલ કે અભ્યાસ છોડી દીધેલ કન્યાઓ માટેની યોજના છે. કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયએ એસ.સી., એસ.ટી., ઓ.બી.સી., માઇનોરીટી અને અન્ય જાતિની બાલિકાઓને રહેવા અને ભણવા માટેની નિવાસી હોસ્ટેલ છે. શિક્ષણ ઉપરાંત ખાસ વિષયોમાં કોચીંગ અને મુળભુત સુવિધાઓ અહીં પુરી પાડવામાં આવે છે.

**મધ્યાહ્ન ભોજન યોજના**

**2.37** મધ્યાહ્ન ભોજન યોજના કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરેલ યોજના છે. જેના અંતર્ગત ધોરણ-૧ થી ૮ ના બાળકોને દિવસ દરમ્યાન તાજું અને ગરમ ભોજન આપવામાં આવે છે. ગુજરાતમાં મધ્યાહ્ન ભોજન યોજના ૧૯૮૪થી લાગુ કરેલ છે. ભારતમાં મધ્યાહ્ન ભોજન યોજના લાગુ કરનાર ગુજરાત રાજ્ય બીજું રાજ્ય છે. આ યોજના માટેનો ખર્ચ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર વચ્ચે ૬૦:૪૦ ના પ્રમાણમાં કરવામાં આવે છે.

**અન્ન ત્રિવેણી યોજના**

**2.38** આ યોજનાનો ઉદ્દેશ ઓછામાં ઓછું ધોરણ-૮ સુધીની આદિજાતિની બાળાઓની શાળામાં હાજરીમાં વધારો કરવા અને શાળા છોડી જતી આદિજાતિ બાળાઓની સંખ્યામાં ઘટાડો કરવા માટેનો છે.

- આદિજાતિ વિસ્તારોમાં જે બાળાએ વર્ષ દરમ્યાન વર્ગમાં ૭૦ ટકા હાજરી નોંધાવેલ હોય તે બાળાના વાલીઓને અન્ન ત્રિવેણી યોજના અંતર્ગત બાળાદીઠ ૬૦ કિલો અનાજ આપવાની યોજના છે. જેમાં સત્ર દીઠ ૧૦ કિગ્રા ઘઉં, ૧૦ કિગ્રા ચોખા અને ૧૦ કિગ્રા મકાઈ આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

- કુટુંબદીઠ વધુમાં વધુ બે બાળાઓને લાભ આપવામાં આવે છે.
- TASP યોજનાનું કુલ ૧૪ પછાત વિસ્તારો અમલીકરણ થઈ રહ્યું છે.
- વર્ષ ૨૦૧૬-૧૭ માં આશરે ૫.૧૮ લાખ બાળાઓને આ યોજનાનો લાભ આપવામાં આવેલ છે અને રૂા. ૬૧.૦૦ કરોડનો ખર્ચ થયેલ છે.

**સુખડી યોજના**

**2.39** આ યોજનાનો ઉદ્દેશ બાળકોના ખોરાકમાં અનાજનો વપરાશ વધારવાનો અને તે થકી તેમનામાં પ્રોટીન અને કેલેરીનું પ્રમાણ વધારવાનો છે.

- **CFTRI** અને પોષણયુક્ત આહારના નિષ્ણાતો દ્વારા મંજુર કરાયેલ સુખડી બનાવવાની રીતથી તૈયાર કરેલ સુખડી અઠવાડિયામાં એકવાર આપવામાં આવે છે. આ સુખડી ઘઉં, તેલ અને ગોળમાંથી બનાવવામાં આવે છે.

**દૂધ સંજીવની યોજના**

**2.40** રાજ્યના ૧૨ જિલ્લાના ૨૬ વિકાસશીલ તાલુકાઓની પ્રાથમિક શાળાઓના ૪,૮૧,૬૪૨ બાળકોને અઠવાડિયામાં પાંચ દિવસ ૨૦૦ મીલીગ્રામ ફ્લેવર્ડ દૂધ આપવાની યોજના અમલમાં મુકવામાં આવેલી છે.

**ટેકનિકલ શિક્ષણ**

**ટેબલેટ યોજના**

**2.41** રાજ્ય સરકાર દ્વારા ધોરણ-૧૦ અને ધોરણ -૧૨ની માન્ય બોર્ડની પરીક્ષા ઉત્તીર્ણ કરી રાજ્યના ડિપ્લોમા તેમજ સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર અંદાજે ૩ લાખ વિદ્યાર્થીઓને રૂ. ૧૦૦૦ ના ટોકન દરે ટેબલેટ આપવા માટે સને ૨૦૧૭-૧૮ માં કુલ રૂ. ૨૦૦.૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. આ યોજના હેઠળ આજદિન સુધી કુલ ૨.૯૦ લાખ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવેલ છે. વિદ્યાર્થીઓ ટેબલેટનો સક્ષમ ઉપયોગ કરી શકે તે હેતુથી ટેકનીકલ શિક્ષણ વિભાગ દ્વારા **NAMO e-Tab** એન્ડ્રોઈડ એપ્લીકેશન બનાવવામાં આવી છે. આ એપ્લીકેશનના ઉપયોગ થકી વિદ્યાર્થીઓ રાજ્ય સરકારની વિવિધ શિષ્યવૃતિની યોજનાઓની માહિતી, કેરિયર કાઉન્સેલિંગની માહિતી, રાજ્યની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓની માહિતી, રાજ્ય સરકારની 'સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન પોલીસી' **(SSIP)**ની માહિતી મેળવી શકે છે તેમજ ઓનલાઈન વિડીઓ લેક્ચર્સ અને બ્રિટીશ કાઉન્સિલની લેંગ્વેજ લેબ જેવા સંસાધનોનો ઉપયોગ પણ કરી શકે છે.

**NAMO Wi-Fi**

**2.42** શિક્ષણ વિભાગના ડીજીટલ એજ્યુકેશન ડેવલોપમેન્ટ ફંડ **(DEDF)** અંતર્ગત કુલ રૂ. ૩૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે તેમજ **DEDF** અંતર્ગત પ્રથમ તબક્કે રાજ્યની **107** ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ અને ૩ યુનિવર્સીટી ખાતે **Wi-Fi** સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

**પ્રાથમિક શિક્ષણ**

**શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી રથ**

**2.43** ગુજરાત રાજયમાં ૬ થી ૧૪ વર્ષની વયના તમામ બાળકો શાળામાં પ્રવેશ મેળવે, નિયમિત શાળામાં જાય અને શાળામાં ટકી રહે તેવા પ્રયાસો છેલ્લાં કેટલાક વર્ષથી કરવામાં આવ્યા છે. આ કાર્યક્રમમાં માનનીય મુખ્યમંત્રીશ્રી, માન. મંત્રીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, સરકારના સચિવશ્રીઓ અને સરકારના ઉચ્ચ અધિકારીઓ જોડાય છે. દરેક ગામમાં ૧૦૦ ટકા નામાંકન થાય તે માટેના પ્રયત્નો કરવામાં આવેલ છે. આ કાર્યક્રમના પરિણામે શાળાઓમાં વિદ્યાર્થીઓના નામાંકનમાં ઘણો સુધારો જોવા મળેલ છે અને વિદ્યાર્થીઓના નામાંકનમાં ૯૯ ટકા કરતા વધારો થયેલ છે. કન્યાઓના નામાંકનમાં પણ વધારો અને ડ્રોપ આઉટ રેટમાં ઘણો ઘટાડો થવા પામેલ છે.

**ગુણોત્સવ**

**2.44** ગુણોત્સવ કાર્યક્રમ દ્વારા બાળકો, શિક્ષકો શાળામાં સર્વગ્રાહી મુલ્યાંકન કરવામાં આવે છે. ગુણોત્સવના કાર્યક્રમની શરૂઆત વર્ષ ૨૦૦૯-૧૦ થી કરવામાં આવેલ છે. પ્રાથમિક શાળાઓની શૈક્ષણિક સહ-શૈક્ષણિક તેમજ ભૌતિક સુવિધાઓની ઉપયોગિતાની ચકાસણી કરવામાં આવી છે. રાજ્યના મુખ્યમંત્રીશ્રી, તમામ મંત્રીશ્રીઓ અને ઉચ્ચ અધિકારીશ્રીઓ દ્વારા રાજ્યની ૨૫ ટકાથી પણ વધુ શાળાઓમાં રૂબરૂ પૂરા દિવસ માટે રોકાઇને શાળાઓનું શૈક્ષણિક તેમજ ભૌતિક મૂલ્યાંકન કરવામાં આવ્યુ હતું.

**ઉચ્ચ શિક્ષણ**

**મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના**

**2.45** સરકારે મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના શરૂ કરેલ છે. જે રૂ .૧૦૦૦ કરોડની માતબર સહાયને કારણે તેજસ્વી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ માટે મહત્વની પુરવાર થઈ છે. યોજનાનો સહાયનુ ધોરણ અને વ્યાપ પ્રાથમિક શાળાના વિદ્યાથીઓ વ્યવસાયિક કોલેજ શિક્ષણ સુધીના વિદ્યાર્થીઓ સુધી લંબાવવામાં આવી છે.

- આ યોજનાનો લાભ એવા વિદ્યાર્થીઓને મળે કે જેમણે ધોરણ-૧૦ કે ધોરણ-૧૨માં ૮૦ કે તેથી વધુ પર્સેન્ટાઈલ મેળવી નિયત અભ્યાસક્રમમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવ્યો હોય અને તેની કૌટુંબિક રૂ. ૬.૦૦ લાખ સુધીની વાર્ષિક આવક ધરાવનાર વાલીઓના સંતાનોને મળશે.
- મેડિકલ અને ડેન્ટલના સ્નાતક કક્ષાના સરકાર માન્ય સંસ્થાના સ્વ-નિર્ભર અભ્યાસક્રમ માટે નિયત થયેલ વાર્ષિક ટ્યુશન ફીની ૫૦ ટકા રકમ મહત્તમ રૂ ૨.૦૦ લાખની મર્યાદામાં મળવાપાત્ર થાય છે.
- ઈજનેરી/ ટેકનોલોજી, ફાર્મસી, આર્કિટેક્ચર, એગ્રીકલ્ચર, આયુર્વેદ, હોમિયોપેથી, નર્સિંગ, ફીઝીયોથેરાપી, પેરા મેડીકલ, વેટરનરી જેવા સ્નાતક કક્ષાના સરકાર માન્ય સંસ્થાના સ્વ-નિર્ભર

અભ્યાસક્રમો માટે નિયત થયેલ વાર્ષિક ટ્યુશન ફીની ૫૦% રકમ મહત્તમ રૂ. ૫૦,૦૦૦ ની મર્યાદામાં મળવાપાત્ર થાય છે.

- બી.એ., બી.કોમ, બી.એસ.સી., બી.બી.એ., બી.સી.એ. જેવા નોન-પ્રોફેશનલ સ્નાતક કક્ષાના સરકાર માન્ય સંસ્થાના સ્વ-નિર્ભર અભ્યાસક્રમો માટે નિયત થયેલ વાર્ષિક ટ્યુશન ફીની ૫૦% રકમ મહત્તમ રૂ. ૧૦,૦૦૦ ની મર્યાદામાં મળવાપાત્ર થાય છે.
- ડીપ્લોમા કક્ષાના સરકાર માન્ય સંસ્થાના સ્વ-નિર્ભર અભ્યાસક્રમો નિયત થયેલ વાર્ષિક ટ્યુશન ફીની ૫૦% ટકા રકમ મહત્તમ રૂ. ૨૫,૦૦૦ ની મર્યાદામાં મળવાપાત્ર થાય છે.
- સરકારી મેડીકલ, ડેન્ટલ, ઈજનેરી કોલેજોમાં જનરલ બેઠકો પર અનામત કક્ષાના ઉમેદવારો જે સંખ્યામાં પ્રવેશ મેળવે તેટલા વિદ્યાર્થીઓ સ્વ-નિર્ભર કોલેજમાં પ્રવેશ લે તો તેઓને સ્વ-નિર્ભર અને સરકારી કોલેજની ફીના તફાવતની રકમ મળવાપાત્ર થાય છે.
- પાત્રતા ધરાવતા અને સ્નાતક અથવા ડિપ્લોમા અભ્યાક્રમોમાં પ્રવેશ મેળવી પોતાના પ્રવર્તમાન રહેઠાણના તાલુકાની બહાર અભ્યાસ કરતાં અને સરકારી/અનુદાનિત છાત્રાલયમાં પ્રવેશ ન મળ્યો હોય તેવા વિદ્યાર્થીઓને વર્ષના ૧૦ મહિના માટે દર મહીને રૂ. ૧,૨૦૦ રહેવા-જમવાની સહાય પેટે મળવાપાત્ર થાય છે.
- ગુજરાત રાજ્યના વતની હોય અને યુધ્ધ, આતંકવાદ, નકસલવાદ જેવા કારણોસર ભારતીય સેનાના, કેન્દ્રીય કે રાજયના અર્ધલશ્કરી દળોના ફરજો દરમ્યાન શહીદ થયેલ જવાનોના સંતાનોને પરસેન્ટાઈલ/પરસન્ટેજ કે આવક મર્યાદાને ધ્યાને લીધા સિવાય આ યોજના અંતર્ગત ડિપ્લોમા/સ્નાતક અભ્યાસક્રમ માટે સહાય મળવાપાત્ર
- વર્ષ ૨૦૧૫-૧૬, ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮માં પ્રવેશ મેળવેલ જો કોઈ વિદ્યાર્થીના પરિવારના મુખ્ય કમાનાર વ્યક્તિનું દુ:ખદ અવસાન થવાથી વિદ્યાર્થી યોજના અન્વયે શૈક્ષણિક અને અન્ય તમામ જોગવાઈઓ ઉપરાંત આર્થિક જોગવાઈ સંતોષતા હોય તેવા વિદ્યાર્થીને તેના અભ્યાસક્રમના બાકીના સમયગાળા માટે ઉચ્ચ શિક્ષણ સહાય.
- મેડીકલ કોલેજોમાં MBBSમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીનીઓને મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અન્વયે મેળવેલ સહાય ઉપરાંત બાકીની ટ્યુશન ફી સહાય, કુલ ટ્યુશન ફી રૂ. ૬.૦૦ લાખની મર્યાદામાં, માન.મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિમાંથી મળવાપાત્ર થાય છે
- આ યોજના હેઠળ ડીસેમ્બર-૨૦૧૭ સુધી મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત કુલ ૭૮,૬૦૩ વિદ્યાર્થીઓને રૂ. ૨૬૯.૬૭ કરોડની અને માન.મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ અંતર્ગત ૧૮૦ વિદ્યાર્થીનીઓને રૂ. ૪.૫૩ કરોડની શિષ્યવૃત્તિ ફાળવણી કરવામાં આવેલ છે.

**એજ્યુકેશન લોન પર વ્યાજ સબસીડી યોજના**

2.46 “મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના” ઉપરાંત તેનાથી વંચિત રહેલ દેશ અને વિદેશમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને **Moratorium period** (અભ્યાસક્રમના સમયગાળા તથા વધુ એક વર્ષ સુધી) માટે એજ્યુકેશન લોન ઉપર ૧૦૦% વ્યાજ સબસીડી

- જે વિદ્યાર્થીની વાલીની આવક રૂ. ૬ લાખથી ઓછી હોય અને ધોરણ- ૧૨માં ૬૦% કરતાં વધુ પર્સેન્ટાઈલ મેળવેલ હોય તેવા, દેશની અને વિદેશની યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓએ અભ્યાસ માટે લીધેલ વધુમાં વધુ રૂ. ૧૦.૦૦ લાખની લોન પર **Moratorium period** (અભ્યાસક્રમના સમયગાળા અને એક વર્ષ વધારે) સમય પર વ્યાજ સહાય મળશે.

**ફિનિશિંગ સ્કુલ્સ પ્રોજેક્ટ**

- ગુજરાત રાજ્યમાં ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મેળવતાં વિદ્યાર્થીઓમાં રોજગારલક્ષી કૌશલ્યક્ષમતા વધે તે માટે વર્ષ ૨૦૧૭-૧૮થી ૨૦ ઉચ્ચ શિક્ષણ અને ૨૦ ટેકનિકલ શિક્ષણની સરકારી કોલજોમાં ફિનીશીંગ સ્કુલની શરૂઆત કરવામાં આવેલ છે.આ માટે ૪૦ કોલેજો દીઠ પ્રતિ કોલેજ દીઠ રૂ. ૫.૦૦ લાખ લેખે કુલ રૂ. ૨ કરોડનું અનુદાન ફાળવવામાં આવેલ છે.
- ૩૪ જેટલા નિષ્ણાત ટ્રેનર્સને એમ્પેનલ કરવામાં આવેલ છે. જેના દ્વારા ૧૦૦ કલાકની સોફ્ટ અને લાઈફ સ્કિલની તાલીમ આપવામાં આવી રહી છે.

**રાષ્ટ્રીય અન્ન સુરક્ષા ધારો**

- ભારત સરકારે, ગરીબોને રાહત દરે અન્ન મળી રહે તે હેતુથી ‘રાષ્ટ્રીય અન્ન સુરક્ષા ધારો- ૨૦૧૩’ અમલમાં મુકેલ છે. જેમાં ગુજરાતના ૩.૮૦ કરોડ લોકોને લાભ મળનાર છે. ગુજરાતમાં રાષ્ટ્રીય અન્નસુરક્ષા ધારો ‘મા અન્નપુર્ણા યોજના’ તરીકે પણ ઓળખાય છે.
- રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો : ‘રાષ્ટ્રીય અન્ન સુરક્ષા ધારા - ૨૦૧૩’ હેઠળ વિતરણ કરવામાં આવતા અનાજના જથ્થાના પ્રતિ ક્વિન્ટલ દીઠ આંતરરાજ્ય હેરફેર અને હેન્ડલીંગ ખર્ચમાં રૂ. ૬૫/ - , વાજબી ભાવની દુકાનના સંચાલકોને ચૂકવવાના કમિશન ખર્ચમાં રૂ.૭૦/ - તથા **PoS** ડિવાઈસથી વિતરણ અંગેના સ્પે. કમિશનના વિતરણ ખર્ચ રૂ.૧૭/ - કુલ રૂ.૧૫૨/ - સુધી ભારત સરકાર અને રાજ્ય સરકાર ૫૦:૫૦ના દરે ભોગવે છે. આ ઉપરાંતનો સબસીડી ખર્ચ રાજ્ય સરકાર ભોગવે છે.

**અન્નપુર્ણા યોજના**

- ભારત સરકારે, ૬૫ વર્ષથી વધુ ઉંમર વાળા વૃધ્ધ તેમજ નિરાધાર વ્યક્તિઓ અને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા અમલમાં મુકેલ રાષ્ટ્રીય વૃદ્ધત્વ પેન્શન યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા ન હોય તેવા વ્યક્તિઓને અન્ન સુરક્ષા પુરી પાડવા માટે ‘અન્નપુર્ણા યોજના’ શરૂ કરેલ છે.

- આ યોજના હેઠળ, આવા વ્યકતિઓને સરકાર માસિક ૧૦ કિગ્રા.અનાજ વિના મુલ્યે આપે છે. આ યોજના હેઠળ ચાલુ વર્ષે તા. ૩૧-૧૨-૨૦૧૭ સુધીમાં ૧૦૯.૫૦ મેટ્રીક ટન ઘઉંનુ વિતરણ કરવામાં આવેલ છે.

**સરદાર પટેલ આવાસ યોજના**

2.47 વર્ષ ૧૯૯૭ થી સરદાર પટેલ આવાસ યોજના શરૂ કરવામાં આવેલ છે.

- ભુકંપ અવરોધક આવાસ પુરુ પાડવા યુનિટ કોસ્ટ પેટે રૂા. ૫૪,૫૦૦/- પૈકી રૂ.૪૭૨૦૦/- ની સહાય + રૂા. ૭,૩૦૦ લાભાર્થી શ્રમફાળો નક્કી કરવામાં આવેલ છે
- રાજય સરકારે તા.૩/૮/૧૨ ના ઠરાવથી ૧૭ થી ૨૦ ગુણાંક ધરાવતા આવાસ વિહોણા બાકી કુટુંબોને તેમજ કાચા આવાસ ધરાવતા બાકી રહેતા તમામ કુટુંબોને આવાસની સુવિધા પુરી પાડવા સારૂ આ યોજનાનું વિસ્તૃતીકરણ કરવાનો નિર્ણય લીધેલ છે.
- અત્યાર ડીસેમ્બર-૨૦૧૭ સુધીમાં કુલ ૮,૯૧,૯૨૧ આવાસો બાંધવામાં આવેલ છે.

**સરદાર આવાસ યોજના-૨**

- કાચા મકાન ધરાવતા બી.પી.એલ સીવાયના કુટુંબોને પાકા મકાનની સુવિધા આપવાની યોજનાના પ્રથમ તબક્કે ૨૧ થી ૨૮ ગુણાંક ધરાવતા એ.પી.એલ કુટુંબોને આવરી લેવાનું નક્કી કરવામાં આવેલ છે.
- જે હેઠળ નવા પાકા આવાસ માટે યુનિટ કોસ્ટ રૂ. ૧.૦૦ લાખ સામે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૪૦,૦૦૦ ની સહાય આપવાનું ઠરાવેલ છે.
- અત્યાર ડીસેમ્બર-૨૦૧૭ સુધીમાં ૨,૫૮,૮૩૧ આવાસો પૂર્ણ કરવામાં આવેલ છે.
- વર્ષ ૨૦૧૭-૧૮માં રૂ. ૨૫૦૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ હતી તે પૈકી ડીસેમ્બર-૨૦૧૭ અંતિત રૂ.૧૧૩૦.૩૫ લાખનો ખર્ચ થયેલ છે અને ૨૭,૮૭૭ આવાસો પૂર્ણ કરવામાં આવેલ છે.
- વર્ષ ૨૦૧૮-૧૯માં રૂ. ૫૦૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.

**રૂર્બન**

- રાજય સરકાર ગ્રામ વિસ્તારોમાં આધુનિક શહેરીકરણ જેવી સગવડો પુરી પાડવા કટીબધ્ધ છે. શરૂઆતના તબકકે ૧૦,૦૦૦ કે તેથી વધુ વસ્તી ધરાવતા અને આદિજાતિ વિસ્તારમાં ૭,૦૦૦ ની વસ્તી ધરાવતા ગામો તેમજ ૮૨ જેટલા તાલુકા મથકને આવરી લઇને ૨૫૫ જેટલા ગામોનો સમાવેશ કરવાનું નકકી કરવામાં આવેલ છે.
- ૨૫૫ ગામો પૈકી પ્રથમ તબક્કમાં ૮૨ તાલુકા મથક અને ૩ પસંદ કરેલ ગામો મળી કુલ ૮૫ ગામોમાં અંડર ગ્રાઉન્ડ ડ્રેનેજની સુવિધા પુરી પાડવાનું આયોજન કરવામાં આવેલ છે.

- ૮૧ ડ્રેનેજ યોજનાના કામોને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે તે પૈકી ૭૯ કામો શરૂ થયેલ છે અને અત્યાર સુધીમાં ૬૬ પ્રોજેક્ટની કામગીરી પૂર્ણ થયેલ છે બાકીના ૧૩ કામો પ્રગતિ હેઠળ છે.
- વર્ષ ૨૦૧૮-૧૯ માં રૂ. ૫૦૦૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. જે અંતર્ગત બાકીના ૧૩ કામો પુર્ણ કરવામાં આવશે.

**ગરીબ કલ્યાણ મેળો**

- રાજય સરકારની વ્યકિતલક્ષી સહાયની વિવિધ વિભાગોની યોજનાઓના લાભાર્થીઓને એક જ દિવસે તેમને મળવાપાત્ર સહાય અને સરકારશ્રીની યોજનાઓની રકમ મળી રહે તે માટે પ્રત્યેક જીલ્લામાં ગરીબ કલ્યાણ મેળાનું વર્ષ ૨૦૦૯-૧૦ થી આયોજન કરેલ છે.
- તાત્કાલિક વચેટીયા માણસોનો નિકાલ અને લાભાર્થીને ૧૦૦ ટકા સીધો લાભ.
- વર્ષ ૨૦૦૯-૧૦ થી અત્યાર સુધી કુલ ૧,૪૯૧ ગરીબ કલ્યાણ મેળા યોજાયા તે અંતર્ગત રાજયની વિવિધ ખાતાઓની વિવિધ યોજનાઓ પૈકી ૧૩૪.૩૬ લાખ લાભાર્થીઓને આવરી લઇ કુલ રૂ. ૨૩,૮૮૯.૬૨ કરોડની નાણાંકીય સહાય કરેલ છે.
- ડીસેમ્બર-૧૭ અંતિત ૩૮ ગરીબ કલ્યાણ મેળામાં ૧૫.૫૭ લાખ લાભાર્થીઓને આવરી લઇ કુલ રૂ. ૩,૬૩૩.૩૯ કરોડની નાણાંકીય સહાય કરેલ છે.
- વર્ષ ૨૦૧૮-૧૯ માં રૂ. ૧,૦૦૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.

**ઇ-ગ્રામ વિશ્વગ્રામ યોજના**

- વર્ષ ૨૦૦૮ થી ઇ-ગ્રામ વિશ્વગ્રામ પ્રોજેક્ટ અંતર્ગત રાજયની વી-સેટ આધારિત કુલ ૧૪,૦૧૭ ગ્રામ પંચાયતોને કોમ્પ્યુટર્સ અને આનુસાંગિક સાધન સામગ્રી પુરી પાડવામાં આવેલ છે. તેમજ ઇ-કનેકટીવીટીથી જોડવામાં આવેલ છે.
- જેમાં મહત્વની સેવાઓ જેવી કે, જન્મ અને મરણનો દાખલો, આકારણી, બી.પી.એલ. યાદી, ૭/૧૨, ૮-અ ના ઉતારા, કરવેરા ભર્યાની પહોંચ, વીજળી બીલ, જી.એસ.પી.સી.ના ગેસ બીલ, સસ્તા અનાજની કુપનો વિવિધ યોજનાઓ માટેના અરજીપત્રો / ફોર્મ્સ તેમજ ધોરણ-૧૦ અને ૧૨ ના રીઝલ્ટ, મોબાઇલ રીચાર્જ વગેરે સેવાઓ પુરી પાડવામાં આવી રહેલ છે. કુલ ૬૧ કરોડ પ્રમાણપત્રો ઇ-ગ્રામ દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ છે.
- સુવિધાની ઝડપ વધારવા ઇન્ટરનેટ બેન્ડવીથ ૩૭ mbps થી વધારી ૯૬ mbps કરવામાં આવી છે.
- ઇ-ગ્રામ વિશ્વ ગ્રામ યોજનાની મદદથી ગ્રામ્ય યુવાધન Ojas એપ્લીકેશન દ્વારા સરકારી નોકરી માટે અરજી કરી શકે છે

- ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓ આ નેટવર્કના ઉપયોગથી તેમના પરીણામ જાણી શકે છે અને વધુ અભ્યાસ માટે અરજી ફોર્મ ડાઉનલોડ કરી શકે છે.
- ડીસેમ્બર-૧૭ અંતિત ૨.૪૩ કરોડ ટ્રાન્જીક્શન ઇ-ગ્રામ સેન્ટર દ્વારા કરવામાં આવેલ છે.
- વર્ષ ૨૦૧૮-૧૯ માં રૂ. ૧૦૦૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે જે અંતર્ગત ૨.૦૦ કરોડ ટ્રાન્જીક્શન ઇ-ગ્રામ સેન્ટર દ્વારા કરવામાં આવશે.

**તીર્થગામ - પાવનગામ**

- વર્ષ ૨૦૦૪-૦૫ થી તીર્થગ્રામ યોજના શરૂ કરવામાં આવેલ છે.
- રાજયના ગ્રામ વિસ્તારમાં રહેતા લોકો વચ્ચે પરસ્પર સદ્દભાવ વધે સામૂહિક એખલાસની ભાવના પ્રબળ બને, એકતા જળવાય તેમજ ભાઇચારાની ભાવના વધે તે હેતુસર તીર્થગામ યોજના અમલમાં મુકવામાં આવેલ છે.
- વર્ષ ૨૦૦૮-૦૯ થી આ યોજનામાં પાવન ગામ યોજનાનો સમાવેશ કરવામાં આવેલ છે.
- વર્ષ ૨૦૧૨-૧૩માં તીર્થગામ/પાવનગામ જાહેર થાય તે ગ્રામ પંચાયતને આપવામાં આવતી અનુદાનની રકમ બમણી કરી તીર્થગામ માટે રૂા. ૨.૦૦ લાખ અને પાવનગામ માટે રૂા. ૧.૦૦ લાખનું અનુદાન આપવામાં આવે છે.
- આ યોજના અંતર્ગત ડીસેમ્બર-૧૭ સુધીમાં કુલ ૧,૨૧૩ તીર્થગામ અને પાવનગામ જાહેર કરી રૂ. ૧૯.૦૦ લાખ ગ્રાંટની વહેંચણી કરવામાં આવેલ છે.
- વર્ષ ૨૦૧૮-૧૯ માં રૂ. ૩૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે જે અંતર્ગત ૧૦ તીર્થગામ – પાવનગામ જાહેર કરવામાં આવશે.

**પંચવટી યોજના**

- વર્ષ ર00૪-0૫ થી પંચવટી યોજના શરૂ કરવામાં આવેલ છે.
- ગામમાં સુવિધાયુકત બાગ-બગીચાઓનો વિકાસ થાય અને ગ્રામ્ય વિસ્તારમાં આનંદ-પ્રમોદના સાધનો સહેલાઇથી ઉપલબ્ધ કરાવવા.
- રૂા.૧.૦૦ લાખ રાજય સરકારની સહાયથી તથા રૂા.૫0,000/- લોકફાળાનો ઉપયોગ કરવામાં આવે છે.
- ડીસેમ્બર-૧૭ સુધીમાં ૫,૭૦૯ ગામોએ પંચવટી યોજના અમલમાં મુકેલ છે.
- વર્ષ ૨૦૧૭-૧૮માં રૂ. ૩૦૦.૦૦ લાખની જોગવાઇ સામે ડીસેમ્બર-૧૭ અંતિત રૂ.૧૨૯.૯૦ લાખની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ છે.
- વર્ષ ૨૦૧૮-૧૯ માં રૂ.૧૧૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે જે અંતર્ગત ૧૧૦ પંચવટી બનાવવામાં આવશે.

**સમરસ ગ્રામ પંચાયત યોજના**

- ગામડામાં વેરઝેર, કાવાદાવા,વૈમનસ્ય ઉભા ન થાય તેવી ભાવના ઉજાગર કરતી આ યોજના વર્ષ ૨૦૦૧ થી અમલમાં છે.
- નવેમ્બર-૧૭ સુધીમાં કુલ ૧૨,૪૩૩ સમરસ ગ્રામ પંચાયત પૈકી ૫૭૬ મહિલા સમરસ ગ્રામ પંચાયત જાહેર થયેલ છે.
- ૫૦૦૦ સુધી વસ્તી ધરાવનાર ગ્રામ પંચાયતને પ્રોત્સાહન રકમ,
    - પ્રથમ, બીજી, ત્રીજી, ચોથી વાર સમરસ જાહેર થતી ગ્રામ પંચાયતને ક્રમશઃ રૂ. ૨.૦૦ લાખ, રૂ. ૨.૫૦ લાખ, રૂ. ૩.૧૨ લાખ, રૂ. ૩.૫૦ લાખ અને જો મહિલા સમરસ ગ્રામ પંચાયત જાહેર થાય તો ક્રમશઃ રૂ. ૩.૦૦ લાખ, રૂ. ૩.૭૫ લાખ, રૂ. ૪.૬૮ લાખ, રૂ. ૫.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે.
- ૫૦૦૦ થી વધુ વસ્તી ધરાવનાર ગ્રામ પંચાયતને પ્રોત્સાહન રકમ,
    - પ્રથમ, બીજી, ત્રીજી, ચોથી વાર સમરસ જાહેર થતી ગ્રામ પંચાયતને ક્રમશઃ રૂ. ૩.૦૦ લાખ, રૂ. ૩.૭૫ લાખ, રૂ. ૪.૬૮ લાખ, રૂ. ૫.૦૦ લાખ અને જો મહિલા સમરસ ગ્રામ પંચાયત જાહેર થાય તો ક્રમશઃ રૂ. ૫.૦૦ લાખ, રૂ. ૬.૨૫ લાખ, રૂ. ૭.૫૬ લાખ, રૂ. ૮.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે.
- સમરસ ગ્રામ પંચાયતમાં પ્રાથમિક શાળામાં ધો. ૮ ની સગવડ ન હોય તો ધો.૮ ની અગ્રીમતાથી મંજુરી આપવાની જોગવાઇ.
- વર્ષ ૨૦૧૭-૧૮ માં રૂ. ૮,૧૫૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. ચાલુ વર્ષમાં ડીસેમ્બર-૧૭ અંતિત રૂ. ૬,૧૧૭.૧૬ લાખનો ખર્ચ થયેલ છે.
- વર્ષ ૨૦૧૮-૧૯ માટે રૂ. ૫૦૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.

**સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ)**

- સ્વચ્છ ભારત મિશન(ગ્રા) કાર્યક્રમ સમગ્ર દેશમાં તા.૦૨/૧૦/૨૦૧૪ થી ગ્રામીણ વિસ્તારોમાં વસતા કુટુંબો માટે વ્યક્તિગત શૌચાલયોનું નિર્માણ તેમજ સમગ્ર ગામની સ્વચ્છતા માટે ગ્રામ પંચાયતોમાં ઘન અને પ્રવાહી કચરાના નિકાલનું યોગ્ય નિયમન થાય તે માટેની કામગીરી કરવામાં આવે છે
- તા.૦૨/૧૦/૨૦૧૭ના રોજ પોરબંદર ખાતે માન.રાષ્ટ્રપતિશ્રીના વિશેષ ઉપસ્થિતમાં ગુજરાતને "ખુલ્લામાં શૌચમુક્ત **ODF**" તરીકે જાહેર
- કુલ ૪,૨૭,૯૮૯ વ્યક્તિગત શૌચાલયનું બાધકામ તથા આ કામગીરી માટે થયેલ ખર્ચ રૂ. ૫૧,૯૦૯.૧૦લાખ (રાજ્ય રૂ. ૨૦૮૫૩.૩૮ + કેન્દ્ર રૂ.૩૧૦૫૫.૭૨)

- કેન્દ્ર સરકાર ધ્વારા આયોજિત સ્વચ્છતા દર્પણની પ્રતિયોગીતામાં રાષ્ટ્રકક્ષાએ પ્રથમ આવેલ ૧૯ જિલ્લાઓને પારિતોષિત એનાયત.

**મહાત્માં ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના**

- મહાત્માં ગાંધી રાષ્ટ્રીય ગ્રામિણ રોજગારી બાંહેધરી યોજના તા.૧/૪/૨૦૦૮ થી પુરા રાજ્યમાં અમલમાં
- રાજ્ય ગ્રામ્ય વિસ્તારમાં રહેતા દરેક કુટુંબની જીવનનિર્વાહની તકો વધારવા માટે કુટુંબ દિઠ નાણાંકીય વર્ષમાં વધુમાં વધુ ૧૦૦ દિવસ ની સવેતન રોજગારી
- પ્રતિ દિન વેતનનો દર રૂ.૧૯૨/-
- પારદર્શકતા જાળવવા માટે Geo-tagging ની કામગીરી
- ગ્રામ્ય વિકાસ વિભાગ દ્વારા આ યોજના હેઠળ અત્યાર સુધીમાં રાજ્યમાં ૩૪.૩૫ લાખ ગ્રામીણ કુટુંબોને જોબકાર્ડ
- DBT દ્વારા ૧૦૦% શ્રમિકોના વેતનની ચુકવણી
- તા.૦૯/૦૧/૨૦૧૮ અંતિત કુલ ૭.૦૬ લાખ કુટુંબોને કુલ ૨૪૯.૬૧ લાખ માનવદિનની રોજગારી
- મહિલાઓને ૧૦૬.૩૯ લાખ, અનુસુચિત જાતિના શ્રમિકોને ૧૫.૮૩ લાખ અને અનુસુચિત જન જાતિના શ્રમિકોને ૧૦૫.૮૭ માનવદિનની રોજગારી
- કુલ ૩.૨૪ લાખ કામો હાથ ધરવામાં આવેલ અને ૭૮,૩૮૨ કામો પુર્ણ
- ૧ જાન્યુઆરી-૨૦૧૮ સુધીમાં કુલ રૂ. ૭૦૪.૪૮ કરોડનો ખર્ચ
- પુર અસરગ્રસ્ત જિલ્લાઓમાં પુર સંરક્ષણના કામો માટે રૂ.૬૮.૮૬ કરોડનો ખર્ચ અને ૨૪.૪૯ લાખ માનવદિનની રોજગારી

**પ્રધાન મંત્રી આવાસ યોજના (ગ્રામિણ)**

- ગ્રામીણ વિસ્તારોમાં ઘરવિહોણા પરિવારો તેમજ કાચા અને જર્જરિત મકાનોમાં રહેતા પરિવારો સને ૨૦૨૨ સુધીમાં પાયાની સગવડો સાથે પાકા મકાનો પુરા પાડવાનું ધ્યેય
- પ્રધાન મંત્રી આવાસ યોજના ૧ એપ્રિલ ૨૦૧૬ થી અમલમાં
- લાભાર્થીના પસંદગી SECC-2011 ના ડેટા પ્રમાણે તેમજ ગ્રામ સભા દ્વારા તપાસેલા અને અન્ય સામાજિક અભાવના ધોરણોને આધારે
- આવાસની સાઇઝ ૨૦ ચો.મી. થી વધારીને ૨૫ ચો.મી.

- PMAY યોજના હેઠળ સહાયની રકમ : રૂ.૧,૨૦,૦૦૦
- મનરેગા યોજના હેઠળ : રૂ.૧૭,૨૮૦
- એસબીએમ હેઠળ શૌચાલયના બાંધકામ માટે : રૂ.૧૨,૦૦૦
- મહત્મ મળવા પાત્ર સહાય : રૂ.૧,૪૯,૨૮૦
- લાભાર્થીને મળવા પાત્ર લોન : રૂ.૭૦,૦૦૦

- લાભાર્થીઓને બેંક /પોસ્ટ ઓફીસ ખાતાઓમાં સહાયની રકમની સીધી જ ઓનલાઇન ચુકવણી.
- પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ વર્ષ ૨૦૧૬-૧૭ અને વર્ષ ૨૦૧૭-૧૮ના સંયુકત લક્ષ્યાંક ૨,૦૪,૭૦૩ ની સામે ૧,૭૩,૪૯૮ આવાસોને વહીવટી મંજુરી
- ૧,૫૩,૨૫૮ લાભાર્થીઓને પ્રથમ હપ્તાની તેમજ ૩૩,૪૦૯ લાભાર્થીઓને દ્વિતીય હપ્તાની ચૂકવણી પૂર્ણ
- ૪,૯૯૯ આવાસો પૂર્ણ

**પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના**

- યોજનાનો મુખ્ય હેતુ ગ્રામ્ય વિસ્તારની જમીન સુધારણા તેમજ પાણીની સંગ્રહ શક્તિમાં વધારો
- વર્ષ ૨૦૧૫-૧૬ થી સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજનામાં સમાવેશ
- ૧,૦૪૫ ચેકડેમ, ૨૪૪ નાલા બંધ, ૨૮૦ નવા તળાવ, અને ખેત તલાવડી ૧,૨૬૬ ના કામો નવેમ્બર – ૨૦૧૭ અંતિત રૂ. ૧૫૭.૬૧ કરોડનો ખર્ચ થયેલ છે.

**ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લી.**

- ડીસેમ્બર– ૨૦૧૭ અંતિત,
  - નવા ૧,૮૧૬ સ્વસહાય જુથોની રચના કરવાના લક્ષ્યાંકની સામે કુલ ૨,૮૪૨ નવા સ્વસહાય જુથોની રચના
  - ૯,૦૦૦ સ્વસહાય જુથોને તાલીમ આપી સશકિતકરણ કરવાનો લક્ષ્યાંકની સામે કુલ ૧૪,૪૭૦ સ્વસહાય જુથોને તાલીમ.
  - ૬૧૨ ગ્રામ સંગઠનની રચના કરવાનો  લક્ષ્યાંકની કુલ ૫૬૮ ગ્રામ સંગઠનની રચના
  - ૯,૪૬૭ સ્વસહાય જુથોને રીવોલ્વીંગ ફંડની ફાળવણી કરવાનો લક્ષ્યાંકની ૭,૫૦૭ સ્વસહાય જુથોને રીવોલ્વીંગ ફંડની ફાળવણી
  - ૩૩,૦૯૯ સ્વસહાય જુથોને બેંકો મારફતે કેશ ક્રેડીટની ફાળવણી કરવાનો લક્ષ્યાંકની સામે કુલ ૧૮,૫૭૩ સ્વસહાય જુથોને બેંકો મારફતે કેશ ક્રેડીટ

- ૭,૦૭૦ સ્વસહાય જુથોને કોમ્યુનીટી ઇન્વેસ્ટમેન્ટ ફંડની ફાળવણી કરવાનો લક્ષ્યાંકની કુલ ૫,૮૪૪ સ્વસહાય જુથોને કોમ્યુનીટી ઇન્વેસ્ટમેન્ટ ફંડની ફાળવણી
- ગ્રામીણ યુવક/ યુવતીઓને ડી.ડી.યુ.–જી.કે.વાય. યોજના અંતર્ગત તાલીમ આપવા માટેનો સંકલિત લક્ષ્યાંક ૩૦,૦૦૦ની સામે કુલ ૧૦,૨૯૦ ગ્રામીણ યુવક/ યુવતીઓને તાલીમ
- સ્વસહાય જુથોનાં સભ્યો અને ગ્રામીણ યુવક/ યુવતીઓને આરસેટી દ્વારા તાલીમ આપવા માટે ૨૧,૦૦૦ના લક્ષ્યાંકની સામે કુલ ૧૧,૭૦૦ સ્વસહાય જુથોનાં સભ્યો/ગ્રામીણ યુવક/ યુવતીઓને તાલીમ
- ખેતી ક્ષેત્ર દ્વારા આજીવિકાનું નિર્માણ કરવા માટે ૫૨,૦૦૦ના લક્ષ્યાંકની સામે કુલ ૬૨,૧૭૯ સ્વસહાય જુથોનાં સભ્યોને સાંકળી લેવામાં આવેલ છે.

**ટ્રાફિક મેનેજમેન્ટ**

**2.48** રાજ્યમાં ટ્રાફિક મેનેજમેન્ટના હેતુ માટે "ગુજરાત માર્ગ સુરક્ષા નિધી"ની રચના કરવામાં આવેલ છે. આ નિધિમાંથી ટ્રાફિક નિયમન અર્થે આધુનિક સાધનો-ઉપકરણો ખરીદવા તેમજ ટ્રાફિક જાગૃતિ માટે ખર્ચ કરવામાં આવે છે.

- નામ. સુપ્રિમ કોર્ટની "Committee on Road Safety" દ્વારા સને-૨૦૨૦ સુધીમાં રોડ અકસ્માતોમાં ૫૦ ટકા ઘટાડવા દિશા-નિર્દેશ કરેલ છે.
- આ આધારે રોડ અકસ્માતમાં ઘટાડો લાવવા નીચે મુજબના પગલાં લેવામાં આવેલ છે:
  - એક્ષપ્રેસ-વે તથા તમામ રાષ્ટ્રીય ધોરીમાર્ગો ઉપરના ટ્રાફિકનું નિયમન તથા નિયંત્રણ.
  - રાજયકક્ષાએ ટ્રાફિક એન્જિનિયરીંગ તથા ટેકનોલોજી દ્વારા અકસ્માતનાં સ્થળો, કારણોનો અભ્યાસ કરી માળખાકીય સુવિધા પુરી પાડતાં તંત્રોને ટ્રાફિક એન્જિનિયરીંગ અંગે સુચનો કરવામાં આવે છે તથા રાજયનાં જુદા-જુદા સ્થળોએ ટ્રાફિક નિયમન માટે જરૂરી ઉપકરણો તથા ટેકનોલોજીનો અભ્યાસ કરી તમામ પોલીસ કમિશ્નરેટ તથા જીલ્લાઓને માર્ગદર્શન આપવામાં આવે છે.
  - ટ્રાફિક નિયમન માટે આયોજનબધ્ધ રીતે પ્રચાર-પ્રસાર કરવા અને સામાન્ય જનમાનસમાં જાગૃતી ઉભી કરવી તથા તેના માટે દર વર્ષે "માર્ગ સલામતી સપ્તાહ"ની ઉજવણી કરવામાં આવે છે.
  - રાજયનાં જુદા-જુદા સ્થળોએ ટ્રાફિક નિયમન માટે જરૂરી ઉપકરણો તથા ટેકનોલોજીનો અભ્યાસ કરી તમામ પોલીસ કમિશ્નરેટ તથા જીલ્લાઓને માર્ગદર્શન આપવું.

**દરિયા સુરક્ષા**

**2.49** રાજ્યનો લાંબો અને સંવેદનશીલ દરિયા કિનારો રાષ્ટ્રીય સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં પાયાની અગત્ય ધરાવે છે. રાજ્યના વિકાસ સાથે રાષ્ટ્રીય સુરક્ષા પરત્વે પ્રતિબધ્ધ રાજ્ય પ્રશાસન દ્વારા રાજ્યના

અતિસંવેદનશીલ દરિયા કિનારાની સુરક્ષા માટે સઘન પગલા લેવામાં આવેલા છે. રાજ્યના દરિયા કિનારાની સલામતિના હેતુસર રાજ્યમાં દરિયા કિનારાના સમગ્ર વિસ્તારને આવરી લેતા ૨૨ મરીન પોલીસ સ્ટેશન, ૪૬ આઉટ પોસ્ટ અને ૨૫ ચેક પોસ્ટ કાર્યરત છે, જેમાં કાર્યરત પોલીસકર્મીઓ દ્વારા રાજ્યના દરિયા કિનારા પર સતત અને અસરકારક નજર રાખવામાં આવે છે.

- આ ઉપરાંત, દરિયાઇ સુરક્ષાને વધુ સઘન અને અસરકારક બનાવવાના દ્રષ્ટીકોણથી ૩૦ અત્યાધુનિક ઇન્ટરસેપ્ટર બોટસ દ્વારા રાજ્યના દરિયાઇ સંવેદનશીલ વિસ્તારોમાં પેટ્રોલિંગ કરવામાં આવે છે. આ ઉપરાંત, ભારતીય કોસ્ટ ગાર્ડ અને નૌકા દળ દ્વારા પર અવાર નવાર દરિયાઇ વિસ્તારોમાં પેટ્રોલિંગ કરવામાં આવે છે.

**ઈગુજકોપ**

**2.50** દેશભરમાં એક માત્ર પ્રોજેક્ટ કે જે ગૃહ વિભાગના તમામ ખાતાઓને આવરી લેતો વેબબેઝ્ડ પ્રોજેક્ટ છે.

- **ડીજીટાઈઝેશન:** છેલ્લા ૧૦ વર્ષનો એટલેકે વર્ષ ૨૦૦૩થી ૨૦૧૩ સુધીનો ક્રાઈમ ડેટા ડીજીટાઈઝ કરવામાં આવેલ છે વર્ષ ૨૦૧૪ થી ઓનલાઈન એન્ટ્રી કરવામાં આવી રહેલ છે.
- **ઈન્ટીગ્રેશન:** ઈગુજકોપ પ્રોજેક્ટનું ઈન્ટીગ્રેશન AFIS (Automatic Fingerprint Identification System) સાથે, PINAC (ક્રીમીનલ અને મોડસ ઓપરન્ડી અંગેનો ડેટા બેઝ) સાથે, ગૃહ વિભાગના CSITMS (City Surveillance and Intelligent Traffic Management System) પ્રોજેક્ટ સાથે કરવામાં આવેલ છે. તેમજ RTOના Sarathi (Driving License) અને Vahan (Vehicle registration number) ડેટા બેઝ સાથે ઈન્ટીગ્રેશન કરવામાં આવેલ છે.

**ઈગુજકોપની સફળતા**

- **FIR** નોંધાયા બાદ ફરિયાદીને **FIR**ની નકલ જે-તે જિલ્લા/શહેરની વેબસાઈટ પર ૨૪ કલાકમાં ઈ-ગુજકોપ આધારે મળી શકે છે.
- અગાઉ પોલીસ વેરીફીકેશન જેવી કામગીરીમાં સંબંધિત પોલીસ સ્ટેશનમાં તે વ્યક્તિ વિરૂધ્ધ કોઈ ગુનો નોંધાયેલ છે કે નોંધાયેલ નથી તેની  મર્યાદીત માહિતી આપી શકતી હતી. ઈગુજકોપ ના અમલ બાદ હવે વ્યક્તિએ રાજ્યના કોઈપણ પોલીસ સ્ટેશનમાં ગુનો કરેલ હોય તો તે પણ ખુબજ ટુંકા સમયમાં જાણી શકાય છે.
- વર્ષ ૨૦૧૭-૧૮માં ૩૫,૦૦૦ લોકરક્ષકો, પી.એસ.આઈ. ની ભરતી પ્રક્રીયામાં તમામ ઉમેદવારો માટે પોલીસ વેરીફીકેશન ઈગુજકોપ મારફતે માત્ર ૧૭ કલાકમાં પુર્ણ કરવામાં આવેલ .
- સમગ્રરાજ્યમાંપાસા જેવી પ્રક્રીયામાં પણ ગુનેગારે રાજ્યના કોઈપણ પોલીસ સ્ટેશનોમાં ગુના કરેલ હોય તો તે તમામ માહિતી સાથે કોર્ટ સમક્ષ મજબુતાઈ થી દરખાસ્ત કરી શકાય છે.
- ટ્રાફીક નો ભંગા કરનારને ઈચલણ ઈસ્યુ કરવા અંગે

### એવોર્ડ

- CSI Nihilent e-Governance Award
- SKOCH:- Gold Award for " Smart Governance"
- SKOCH:- "Order of Merit Award"

### ગ્રામ્ય પાણી પુરવઠો

2.51 સરદાર સરોવર નર્મદા કેનાલ આધારીત પીવાના પાણીની યોજના ૧૯૯૯થી શરૂ કરવામાં આવેલ.

2.52 નર્મદા માસ્ટર પ્લાનમાં સૂચવ્યા ૨૫ જીલ્લાના કુલ ૧૦,૪૭૩ ગામો અને ૧૭૮ શહેરોને નર્મદાનું પાણી પુરૂ પાડવાનું આયોજન છે. જેમાં સરદાર સરોવર કેનાલ આધારીત યોજનામાં ૩,૦૧૭ કી.મી. લાંબી મુખ્ય પાઇપ લાઇન તેમજ પીવાના પાણીના વિતરણમાં ૧૯૪ યોજનાઓનું આયોજન છે.

2.53 જે પૈકી ૨,૮૭૧.૮૧ કિ.મી. બલ્ક પાઇપલાઇન તેમજ ૧૧૦ ડીસ્ટ્રીબ્યુશન ગ્રુપ પૂર્ણ કરવામાં આવેલ છે. જેના દ્વારા કુલ ૭,૭૪૪ ગામો અને ૧૫૭ શહેરો નર્મદા કેનાલ આધારિત પાણી પુરવઠા યોજનાઓનું જોડાણ આપવામાં આવેલ છે. તેમજ ૨,૪૭૦ ગામ અને ૧૯ શહેરોને સમાવિષ્ટ કરતા ૨૮ ડીસ્ટ્રીબ્યુશન ગૃપના કામો પ્રગતિ હેઠળ છે જે પૈકી ૮૩૪ ગામો અને ૮ શહેરો નર્મદા કેનાલ આધારિત પાણી પુરવઠા યોજનાઓનું જોડાણ આપવામાં આવેલ છે. આમ, કુલ ૮,૫૭૮ ગામ અને ૧૬૫ શહેરોને નર્મદા માસ્ટર પ્લાન અંતર્ગત જોડવામા આવેલ છે.

### વાસ્મો દ્વારા લોકભાગીદારી

2.54 ગુજરાત સરકારે વોટર એન્ડ સેનિટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઇઝેશન (વાસ્મો)ની સ્વતંત્ર અને સ્વાયત સંસ્થા તરીકે ૨૦૦૨માં રચના કરી છે. વાસ્મો વિકેન્દ્રિત અને લોકભાગીદારી અભિગમવાળી તેમજ ટકાઉ પેયજળ પુરવઠા અને સ્વચ્છતાની સંપૂર્ણ સંતોષજનક સ્થિતિ ગ્રામ્ય વિસ્તારમાં ઉભી કરવાના અમલીકરણ માટે સંકલન કરે છે તથા વ્યવસ્થાપનમાં ટેકો પુરો પાડે છે. વાસ્મોની ભૂમિકા સહાયક તરીકે કામ કરી સ્થાનિક લોકોની સ્થાનિક સંસ્થાઓ (પાણી સમિતિ) ક્ષમતા વધારવા માટેની છે.

2.55 હાલમાં ૧૮,૨૪૫ જેટલી પાણી સમિતિઓની રચના કરવામાં આવેલ છે. મંજૂર થયેલ ૧૯,૨૮૯ યોજનાઓ પૈકી ૧૬,૪૩૩ યોજનાઓ પુર્ણ કરવામાં આવેલ છે. અને ૧,૪૫૨ ગામોની યોજના પ્રગતિ હેઠળ છે. વર્ષ ૨૦૧,૮-૧૯માં આ કાર્યક્રમ હેઠળ કુલ ૧,૧૦૦ કુલ આંતરિક વિતરણ પાણી પુરવઠા યોજનાઓ, પૈકી ૬૦૦ યોજનાઓ આદિજાતિ વિસ્તારમાં પુર્ણ કરવાનું આયોજન છે.

**ઘાસચારા વિકાસ યોજના**

2.56 ગુજરાત રાજયમાં અછત તેમજ અન્ય કુદરતી હોનારત સમયે રાજયમાં આવેલ પશુધનની ઘાસચારાની જરૂરીયાતને પહોચી વળવા માટે અનામત વીડીઓમાં ઘાસચારા વિકાસ અંતર્ગત ઘાસનું વાવેતર, ઘાસ વિસ્તારની માવજત, દવ અને ચરીયાણથી રક્ષણ ઘાસ વાઢકામ એકત્રીકરણ બેલીંગ તેમજ અન્ય આનુષંગીક કામગીરી માટે વિશેષ જોગવાઇ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૮-૧૯માં રૂ.૬૯.૫૦ કરોડની જોગવાઇ સુચિત કરવામાં આવેલ છે.

**એગ્રો ફોરેસ્ટ્રી (કેન્દ્રીય પુરસ્કૃત યોજના, ૬૦% અને ૪૦%)**

2.57 આ યોજના હેઠળ ખેડુતો ધ્વારા પોતાની માલીકીની જમીનમાં વૃક્ષ વાવેતર કરવા પ્રેરાય તેમજ તેમના વાવેતરની સફળતાને ધ્યાને લઇ સહાય ચુકવવાની જોગવાઇ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૮-૧૯ માટે રૂ.૧૭.૭૨ કરોડની સુચિત જોગવાઇ કરેલ છે.

**વે ફોરવર્ડ**

2.58 રાજય સરકાર દ્વારા વિવિધ ક્ષેત્રોનો વિકાસ થઇ શકે તે માટે વિવિધ નિતિઓ ઘડવામાં આવી છે. જેનાથી રાજયનો વિકાસ ઝડપથી અને સરળતાથી થઇ શકે આ હેતું સર રાજ્ય સરકાર દ્વારા ઔદ્યોગીકી કરણ નિતી/ ખેતી આધારીત ઉદ્યોગોની નિતી, ઉડીયન અને સંરક્ષણ નિતી, વિજાણુ નિતી (આ.ઇ.ટી. પોલીસી) કાપડ અને પ્લાસ્ટીકના ઉદ્યોગ માટેની નિતી સૂર્ય વિજળી અને પવન વિજળી માટેની  નિતીના ઘડતરથી ઉપરોક્ત ક્ષેત્રોનો નોંધપાત્ર વિકાસ સાધિ સકાયેલ છે. આ સાથેજ રાજગારીનો સર્જન, કુંટુંબની આવકમાં વધારો મહત્વના આર્થિક વિકાસના પરીબળો હોવાથી રાજય સરકાર દ્વારા ઉદ્યોગ ક્ષેત્રમાં રોજગારીની તકો વધે તે માટે યુવાન લોકોને તાલીમ કાર્યક્રમ દ્વારા તાલીમ હબ કરવામાં આવી રહેલ છે. કામદારોના કલ્યાણ માટે ઔદ્યોગીક શાંતિ અને સુરક્ષા જળવાઇ રહે અને કામદારોને તેમના કામના સ્થળે મળતા હિત હક્કો મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા નિતી બનાવી અમલ કરાવવામાં આવેલ છે.

2.59 રાજ્ય સરકાર દ્વારા રાજ્યના સંકલિત વિકાસ માટે વિવિધ કાર્યક્રમો ચલાવવામાં આવી રહ્યા છે. વનબંધુ કાર્યક્રમ યોજના, સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના દ્વારા આદિવાસી વિતારના લોકો માટે તેમજ સાગર કાંઠાના લોકોના વિકાસમાં મહત્વનો ભાગ ભજવેલ છે.  રાજ્ય સરકારના સર્વાંગી વિકાસના વલણ ના પરીણામે પર્યાવરણની સુરક્ષા મહત્વના અગ્રતા ક્રમે છે. આ માટે ક્લીન ટેકનોલોજી, ઓર્ગેનીક ખેતી, માઇક્રો ઇરીગેશન, દરીયા કિનારે મેન્ગ્રોવની ખેતી , જૈવિક સંરક્ષણ, પ્રદુષણ નિયંત્રણ અને ઉર્જના વપરાશ માટે રીન્યુએબલ એનર્જીના વપરાશ ના પરીણામે સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ પરીપૂર્ણ થાય તે માટેનો  પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

2.60 રાજ્ય સરકાર દ્વારા  સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ (૨૦૩૦) તમામ બાબતોનો સમાવેશ કરી, સંબંધિત તમામ ક્ષેત્રના લોકોના સહકાર દ્વારા ઉદ્દેશ પરીપુર્ણ થાય તે માટે સંકલિત રોડમેપ તૈયાર કરવામાં આવી રહ્યો છે.

********

# પ્રકરણ - 3

## રોજગાર અને કૌશલ્ય વિકાસ

**3.1** રોજગારી સ્થિતિ સંદર્ભે બે મુખ્ય સૂચકો છે કામની ભાગીદારીનો દર (WPR) અને બેરોજગારી દર (UR). વસ્તી ગણતરી, દાયકાના કામદારો અને WPRની માહિતી પુરી પાડે છે, અને લેબર બ્યુરો, ભારત સરકાર દ્વારા દેશમાં વાર્ષિક રોજગારી - બેરોજગારી સર્વે કરવામાં આવે છે અને દેશ અને રાજ્યો માટે બેરોજગારી દરના અંદાજો તૈયાર કરવામાં આવે છે.

**3.2** ૨૦૧૧ ની વસ્તી ગણતરી પ્રમાણે, રાજ્યની કુલ ૬૦૪.૪૦ લાખની વસ્તી પૈકી ૨૦૩.૬૫ લાખ (૩૩.૭ ટકા) મુખ્ય કામદારો, ૪૪.૦૨(૭.૩ ટકા) લાખ સિમાંત કામદારો હતા અને ૩૫૬.૭૨ લાખ (૫૯.૦ ટકા) કામ નહી કરનાર કામદારો હતા. કામની ભાગીદારીનો દર(WPR) એટલે કુલ વસ્તી સામે કામદારોની ટકાવારી, ૨૦૧૧ ની વસ્તી ગણતરી મુજબ ૪૧.૦ છે, જે ૨૦૦૧માં ૪૧.૯૫ હતી. પુરુષો નો WPR ૨૦૦૧ માં ૫૪.૮૭ હતો. તે વધીને ૨૦૧૧માં ૫૭.૧૬ થયો. ગ્રામ્ય વિસ્તારના પુરુષો નો WPR ૨૦૦૧ માં ૫૫.૪૬ હતો. તે વધીને ૨૦૧૧માં ૫૭.૧૫ થયો. જ્યારે શહેરી વિસ્તારમાં ૨૦૦૧ માં ૫૩.૯૧ હતો. તે વધીને ૨૦૧૧માં ૫૭.૧૮ થયો.

**3.3** **બેરોજગારી દર** (UR): બેરોજગારી દર એટલે લેબર ફોર્સમાં રહેલ દર હજાર વ્યકિતએ, કે જે આપેલ સંદર્ભ સમય દરમિયાન કામ કરવા માટે ઉપલબ્ધ હોય અને કામ ન મળ્યું તેવા વ્યકિતઓની સંખ્યા. **ભારત** સરકાર દ્વારા કરવામાં આવતો વાર્ષિક રોજગારી-બેરોજગારી સર્વે ૨૦૧૫-૧૬ મુજબ ગુજરાતનો બેરોજગારી દર ૯ (નવ) અંદાજવામાં આવ્યો છે. ભારતના મુખ્ય રાજ્યોમાં ગુજરાત સૌથી ઓછા બેરોજગારી દર સાથે પ્રથમ ક્રમે છે.

**3.4** રાજ્યના ગ્રામ્ય વિસ્તારના પુરુષોમાં સ્વરોજગારી દ્વારા રોજગારી મેળવવાનું પ્રમાણ વર્ષ ૨૦૧૩-૧૪માં ૫૬ % હતું, તે ૨૦૧૫ – ૧૬ માં વધીને ૫૯% થયેલ છે, જેની સામે છુટક મજુરી દ્વારા રોજગારી મેળવવાનું પ્રમાણ ૨૯ % માંથી ઘટીને ૨૫ % થયેલ છે. ગ્રામ્ય વિસ્તારની સ્ત્રીઓમાં છુટક મજુરી દ્વારા રોજગારી મેળવવાનું પ્રમાણ વર્ષ ૨૦૧૩-૧૪માં ૩૭% હતું. તે ૨૦૧૫-૧૬ માં ઘટીને ૩૧ % થયેલ છે, જેની સામે સવેતન નોકરી અને સ્વરોજગાર દ્વારા રોજગારી મેળવવાનું પ્રમાણ ૬૩%થી વધીને ૬૯% થયેલ છે.

**3.5** રાજ્યમાં શહેરી વિસ્તારના પુરુષોમાં સવેતન નોકરી દ્વારા રોજગારી મેળવવાનું પ્રમાણ વર્ષ ૨૦૧૩-૧૪માં ૨૨% હતું તે ૨૦૧૫–૧૬માં વધીને ૩૧% થયેલ છે, જેની સામે છુટક મજુરી દ્વારા રોજગારી મેળવવાનું પ્રમાણ ૨૦% માંથી ઘટીને ૧૧% થયેલ છે. શહેરી વિસ્તારની સ્ત્રીઓમાં સવેતન નોકરી દ્વારા રોજગારી મેળવવાનું પ્રમાણ વર્ષ ૨૦૧૩-૧૪માં ૩૧% હતું. તે ૨૦૧૫–૧૬ માં વધીને ૩૯% થયેલ છે, જેની સામે કરાર નોકરી અને છુટક મજુરી દ્વારા રોજગારી ૩૫% માંથી ઘટીને ૨૭ % થયેલ છે.

3.6 રાજ્યની રોજગાર વિનિમય કચેરીની માહિતી મુજબ, વર્ષ ૨૦૧૬ દરમ્યાન રોજગાર વિનિમય કચેરીમાં ૪.૪૪ લાખ નવા ઉમેદવારોની નોંધણી કરવામાં આવેલ છે અને ૩.૪૪ લાખ ઉમેદવારોને રોજગારી પુરી પાડવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૭ (નવેમ્બર-૨૦૧૭ અંતિત) દરમ્યાન ૪.૭૮ લાખ નવા ઉમેદવારોની નોંધણી કરવામાં આવેલ છે અને ૩.૭૫ લાખ ઉમેદવારોને રોજગારી પુરી પાડવામાં આવેલ છે.

**નિયામક, રોજગાર અને તાલીમ**

3.7 રોજગાર અને તાલીમ ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય હેઠળ ચાલે છે. તેનો મુખ્ય હેતુ ગુજરાત રાજયના યુવાનોને ઉચ્ચ પ્રકારનું વ્યવસાય માર્ગદર્શન તથા રોજગાર સેવાઓ પ્રદાન કરવાનો છે. આ હેતુને સિધ્ધ કરવા નોકરી દાતાઓએ નોંધાયેલ ખાલી જગ્યાઓ માટે રોજગાર કચેરીઓ નોંધણી કરાયેલ ઉમેદવારોની ભલામણ કરી રોજગારીની તકો આપે છે તથા આઇ.ટી.આઇ સેન્ટરોમાં ઘણા બધા પ્રકારના ટુંકા ગાળાના તથા લાંબા ગાળાના તાલીમ પ્રોગ્રામ ચલાવે છે. નિયામકશ્રી રોજગાર અને તાલીમ, ગુજરાત સરકાર હસ્તક રાજ્યમા ૪૮ રોજગાર કચેરીઓ નોંધાયેલા યુવાનોને રોજગારી મેળવવામાં મદદ કરી રહી છે.

**નવી રોજગાર નીતિ (૧૯૯૫)**

3.8 નવી રોજગાર નીતિ ૧/૪/૧૯૯૫ થી અમલી બનેલ છે. આ નીતિ અનુસાર રાજયના તમામ ઉત્પાદકીય ઉદ્યોગોમાં લઘુત્તમ ૮૫ ટકા કામદાર કક્ષામાં અને લઘુત્તમ ૬૦ ટકા વ્યવસ્થાપક કક્ષાની જગ્યાઓમાં સ્થાનિક વ્યકિતઓને નિમણૂકો આપવાની/ રોજગારી આપવાની રહેશે. પ્રસ્તુત નીતિ રાજ્યમાં સ્થપાતા જાહેર ક્ષેત્ર તેમજ ખાનગી ક્ષેત્રના ઔદ્યોગિક એકમો માટે અમલી બનાવેલ છે.

3.9 ગુજરાત રાજયમાં ઓછામાં ઓછા ૧૫ વર્ષથી વસવાટ કરતા નિવાસીઓને સ્થાનિક ગણવામાં આવે છે. દર વર્ષ જુન તથા ડિસેમ્બર અંતિત વર્ષમાં બે વખત પ્રસ્તુત બાબતોની માહિતી મેળવી સ્થાનિક રોજગારીની સમીક્ષા કરવામાં આવે છે. કેન્દ્ર/રાજય સરકારના જાહેર સાહસો તથા ખાનગી બિન પ્રોત્સાહિત એકમોમાં પ્રસ્તુત બાબતે અમલીકરણની કામગીરી શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા થાય છે. ખાનગી પ્રોત્સાહિત એકમોના અમલીકરણની કાર્યવાહી ઉદ્યોગ કમિશ્નરશ્રી દ્વારા કરવામાં આવે છે, અને ખાનગી એકમો પૈકી જે એકમો સ્થાનિકોની નિયત રોજગારી માટેની ટકાવારી જાળવતા નથી તેવા તમામ એકમોની યાદી જરૂરી કાર્યવાહી માટે ઉદ્યોગ કમિશ્નરશ્રીને મોકલીને પ્રસ્તુત રોજગાર નીતિનો અમલ થાય તે મુજબની કાર્યવાહી કરવામાં આવે છે.

**રોજગારી પુરી પાડવામાં ગુજરાત પ્રથમ ક્રમાંકે**

3.10 સમગ્ર દેશમાં રોજગાર કચેરી દ્વારા રોજગારી પુરી પાડવામાં ગુજરાત રાજય પ્રથમ ક્રમાંકે રહેલ છે. ૨૦૧૪ના વર્ષ માટે પ્રસિધ્ધ થયેલ આંકડા અનુસાર વર્ષઃ૨૦૧૪ માં સમગ્ર ભારતના રાજ્યો દ્વારા ૩,૩૮,૫૦૦ યુવાનોને રોજગારી સામે ગુજરાતે ૨,૯૦,૮૦૦ યુવાનોને (૮૬%)

રોજગારી પુરી પાડેલ છે. છેલ્લા તેર વર્ષથી રોજગારી પુરી પાડવામાં ગુજરાત સમગ્ર રાષ્ટ્રમાં પ્રથમ ક્રમાંકે છે. ભારત સરકારના લેબર બ્યુરો, ચંદીગઢ દ્વારા પ્રસિધ્ધ થયેલ એમ્પ્લોયમેન્ટ સર્વે રિપોર્ટ મુજબ ગુજરાતનો બેરોજગારીનો દર (દર એક હજાર વ્યક્તિએ) ૯ નો છે. જે અન્ય તમામ રાજ્યો કરતા સૌથી ઓછો છે.

**ઔદ્યોગિક ભરતીમેળા**

3.11 ઉદ્યોગોની જરુરીયાત મુજબ કૌશલ્યલક્ષી માનવબળની ઉપલબ્ધિ માટે ઉદ્યોગોને અનુરૂપ જગ્યાઓએ ઔદ્યોગિક ભરતીમેળાનો નવતર અભિગમ સૌ પ્રથમ ગુજરાત રાજય દ્વારા અમલમાં મુકવામાં આવેલ છે. રોજગાર કચેરીઓ દ્વારા રાજયનાં રોજગાર ઈચ્છુક ઉમેદવારોને રોજગારી મળી રહે તે માટે નોકરી દાતાઓ અને રોજગાર ઈચ્છુક ઉમેદવારોને એક મંચ પર એકત્રિત કરીને નોકરી દાતાઓને માનવબળ તથા રોજગાર ઇચ્છુક ઉમેદવારોને રોજગારી પુરી પાડવામાં આવે છે.

3.12 નવેમ્બર-૨૦૧૭ સુધીમાં કુલ ૫૮૮ ઔદ્યોગિક ભરતીમેળા યોજવામાં આવેલ હતા, જેમાં રોજગાર કચેરીઓ મારફતે ખાનગી ક્ષેત્રમાં ઔદ્યોગિક ભરતીમેળામાં કુલ ૩,૮૨,૨૨૮ ખાલી જગ્યાઓ ધ્યાન પર આવી તથા આ ઔદ્યોગિક ભરતીમેળામાં કુલ ૬,૨૭૫ નોકરીદાતાઓ હાજર રહેલ હતા. જેમાં કુલ ૨,૭૧,૪૬૪ ઉમેદવારો પસંદગી પામેલ છે.

3.13 આ પ્રક્રિયાને ઝુંબેશનુ સ્વરૂપ આપી સમગ્ર રાજયમાં કલસ્ટર અભિગમથી જીલ્લાઓ ખાતે "મેગા જોબફેર" નું આયોજન કરવામાં આવેલ છે. તારીખઃ ૧ થી ૭ ડીસેમ્બર-૨૦૧૬ દરમ્યાન "મેગા જોબફેર વીક" કાર્યક્રમ અંતર્ગત ૩૩ જીલ્લાઓમાં કુલ ૨૭ મેગા જોબફેરનું આયોજન કરવામાં આવેલ. જેમાં ૪૭૮ નોકરીદાતાઓ હાજર રહેલ હતા. કુલ ૩૨,૨૦૫ ખાલી જગ્યા સામે ૪૮,૮૬૬ ઉમેદવારો મેગા જોબફેરમાં હાજર રહેલ હતા. જે પૈકી ૨૬,૬૧૬ ઉમેદવારોની પ્રાથમિક પસંદગી કરવામાં આવેલ છે.

3.14 આ ભરતીમેળાના સફળ આયોજન અને મળેલ પ્રતિભાવથી પ્રોત્સાહિત થઇ વધુ મોટા પાયે તથા અન્ય વિભાગોના સંકલનમાં રહી તા.૧૧ થી ૧૭ ફેબ્રુઆરી-૨૦૧૭ દરમ્યાન રાજ્યના તમામ ૩૩ જીલ્લાને આવરી લેતા ૧૨ કલસ્ટરમાં મેગા જોબફેરનું આયોજન કરવામાં આવેલ છે, જેમાં ૧,૦૯,૫૨૦ જેટલી રોજગારી માત્ર એક અઠવાડિયાના ટૂંકા સમયમાં પુરી પાડવામાં આવી છે.

**સંરક્ષણ ભરતી મેળા તથા સ્વામી વિવેકાનંદ નિવાસી તાલીમ યોજના**

3.15 રાજયના યુવાનોનું દેશની સંરક્ષણ સેવામાં પ્રતિનિધિત્વ વધે તે સારુ વર્ષ- ૨૦૧૨થી વિના મૂલ્યે સંરક્ષણ ભરતીની તાલીમ યોજના શરુ કરેલ છે. આ યોજનાને કારણે હજારો યુવાનોની સંરક્ષણ સેવામાં ભરતી થયેલ છે. વર્ષઃ૨૦૧૭ દરમ્યાન રાજયના યુવાનોની સંરક્ષણ સેવાઓમાં ભરતી થાય તે માટે રાજયમાં ૦૫ સંરક્ષણદળોના ભરતી મેળાઓ યોજવામાં આવ્યા છે. ગુજરાતમાં લશ્કરી ભરતીને અનુલક્ષીને ખાતા દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિને બિરદાવતા આર્મી ઓથોરીટીસ તરફથી પ્રશંસાપત્રો પણ પાઠવવામાં આવેલ છે.

3.16 આર્મી/ એરફોર્સ/ નેવી/ અર્ધ લશ્કરી દળો, પેરા મિલીટ્રી તથા પોલીસદળોમાં ગુજરાત રાજયના યુવાનો વધુ સંખ્યામાં પસંદગી પામે તે માટે રાજય સરકાર દ્વારા વર્ષઃ-૨૦૧૭ દરમ્યાન સ્વામી વિવેકાનંદ પરીક્ષાલક્ષી ૩૦ દિવસની નિવાસી તાલીમ યોજના અન્વયે કુલ ૫૩ તાલીમવર્ગોના આયોજનથી ૧,૫૧૨ ઉમેદવારોને તાલીમ પુરી પાડવામાં આવેલ છે.

**સ્વરોજગાર શિબિરો**

3.17 સ્વરોજગારી દ્વારા કારકિર્દી વિકાસ એ રોજગારીનો આશાસ્પદ વિકલ્પ છે. સ્વરોજગાર શોધનારાઓને પ્રોત્સાહિત કરવા માટે રોજગાર વિનિમય કચેરી દ્વારા જીલ્લા અને તાલુકા સ્તરે રોજગારી માર્ગદર્શન કેમ્પ ગોઠવવામાં આવે છે.

3.18 સ્વરોજગારીને પ્રોત્સાહન આપવા માટે નવેમ્બર-૨૦૧૭ સુધીમાં ૫૮૧ જેટલી સ્વરોજગાર શિબિરો યોજીને ૭૬,૩૪૪ ઉમેદવારોને માર્ગદર્શન આપવામાં આવેલ છે.

**Empax-B**

3.19 રોજગાર સેવાઓના વિસ્તરણના હેતુ માટે વર્ષ ૨૦૧૪-૧૫માં રૂપિયા એક કરોડની જોગવાઇ સાથે સોસાયટી એકટ, ૧૯૬૦ હેઠળ **Empax-B** ની સ્વાયત સંસ્થા તરીકે નોંધણી થયેલ છે વહીવટી સેવાની જગ્યાઓની ભરતી અંગેની સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે સરદાર પટેલ ઇન્સ્ટીટયુટ ઓફ પબ્લીક એડમીનીસ્ટ્રેશન **(SPIPA)** સાથે **MOU** કરવામાં આવેલ છે. ૪૦૦ ઉમેદવારોને સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેની ૧૨૦ દિવસની તાલીમ આપવામાં આવેલ છે. ૨૬ જીલ્લા રોજગાર કચેરીઓ ખાતે કેરિયર કાઉન્સીલરની નિમણુંક કરીને ઉમેદવારોને વ્યવસાય માર્ગદર્શન આપવામાં આવે છે .

**નેશનલ કેરીયર સર્વિસ અંતર્ગત ''મોડેલ કેરીયર સેન્ટર'' ની સ્થાપના**

3.20 ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલયના ડાયરેકટર જનરલ, રોજગાર અને તાલીમ દ્વારા સમગ્ર દેશની વર્તમાન રોજગાર સેવાઓને નેશનલ સર્વિસીસ **Mission Mode Project for Employment Exchange** હેઠળ મોડેલ કેરિયર સેન્ટરમાં પરિવર્તિત કરવામાં આવી રહી છે.

3.21 પ્રથમ તબક્કે ભારત સરકાર દ્વારા દેશમાં ૧૦૦ મોડેલ કેરીયર સેન્ટરો સ્થાપવાના આયોજન સામે ગુજરાત રાજયના વડોદરા અને સુરતની પસંદગી કરવામાં આવેલ છે. ભાવનગર, રાજકોટ, સરદાર પટેલ યુનિવર્સીટી તથા મહેસાણા એમ કુલ ૦૬ મોડેલ કેરીયર સેન્ટર શરૂ કરવામાં આવેલ છે. બાકી રહેતા જીલ્લાઓમાં રાજ્ય સરકાર દ્વારા રૂ. ૩૮૭.૫૦ લાખની નાણાંકીય જોગવાઈથી મોડેલ કેરીયર સેન્ટર કાર્યાન્વિત કરવામાં આવેલ છે. આ સેન્ટરોમાં ઉમેદવારોને વ્યવસાયલક્ષી / કારકિર્દી માર્ગદર્શન પુરુ પાડવામાં આવે છે. ઉપરાંત એપ્ટીટ્યુટ ટેસ્ટ / સાયકોમેટ્રીક ટેસ્ટની પણ વ્યવસ્થા કરવામાં આવે છે. જે માટે ભારત સરકાર તરફથી વડોદરા, સુરત, મહેસાણા, રાજકોટ, ભાવનગર તથા સરદાર પટેલ યુનિવર્સીટી, વલ્લભ વિદ્યાનગર ખાતે એક એક યંગ પ્રોફેશનલ ફાળવવામાં આવેલ છે. જયારે રાજય સરકાર તરફથી દરેક સેન્ટરમાં ૦૨ કેરીયર કાઉન્સેલરની નિમણુંક થયેલ છે.

3.22 આ સેન્ટરો આઇ.ટી. પ્લેટફોર્મ અને નેશનલ કેરીયર સર્વિસ પોર્ટલના ઉપયોગથી કાઉન્સેલીંગ/ કારકિર્દી માર્ગદર્શન/ મેનપાવર સર્વે/ જોબફેરનું આયોજન વગેરે કાર્યક્રમો થકી ઉમેદવારોની રોજગાર ક્ષમતા વધારવાનું કાર્ય કરે છે .

**"ઓવરસીઝ એમ્પ્લોયમેન્ટ એન્ડ કેરીયર ઇન્ફરમેશન સેન્ટર"**

3.23 શિક્ષણ અને વિદેશમાં રોજગારી બાબતે યુવાનોને મહત્વપૂર્ણ માહિતી પૂરી પાડવાના આશયથી રાજયમાં અમદાવાદ, વડોદરા અને રાજકોટ ખાતે "ઓવરસીઝ એમ્પ્લોયમેન્ટ એન્ડ કેરીયર ઇન્ફરમેશન સેન્ટર" કાર્યરત કરવામાં આવેલ છે.

3.24 નવેમ્બર-૨૦૧૭ સુધીમાં ૨૧૯ સેમિનારના આયોજનથી ૨૬,૯૯૦ ઉમેદવારોને માર્ગદર્શન પુરુ પાડવામાં આવેલ છે.

**ગુજરાતમાં સ્કીલ ડેવલપમેન્ટ**

3.25 "સ્કીલ ઇન્ડીયા" મિશન અંતર્ગત સ્કીલ્ડ મેન પાવરની વધતી જતી માંગને પહોંચી વળવા માટે સ્કીલ ડેવલપમેન્ટની વિવિધ યોજનાઓ / કાર્યક્રમો ભારત સરકાર અને રાજય સરકાર દ્વારા હાથ ધરવામાં આવી રહેલ છે. એક અંદાજ મુજબ વર્ષ ૨૦૨૦માં ભારત પાસે ૧૫ થી ૪૫ વર્ષની વયજુથના ૪.૦૭ કરોડ લોકો ઉપલબ્ધ થશે. આ યુવાનોને પ્રવર્તમાન ઉદ્યોગોની માંગ અનુસાર કુશળ માનવબળમાં ફેરવવાનો મોટો પડકાર છે.

3.26 આ પડકારને પહોંચી વળવા ગુજરાત સરકાર દ્વારા "ગુજરાત સ્કીલ ડેવલપમેન્ટ" મિશનની રચના કરવામાં આવેલ છે અને તેના સુદ્રઢીકરણ માટે વિવિધ પગલાં લેવામાં આવે છે. ગુજરાત સરકારની વાર્ષિક તાલીમી સંખ્યા ૧૦ લાખનો આંકડો પાર કરી ગયેલ છે. જેમાં કૌશલ્યલક્ષી તાલીમ કાર્યક્રમો ચલાવતા વિભાગોમાં શ્રમ અને રોજગાર, શિક્ષણ, વિકાસ કમિશ્નર, ઉદ્યોગ, સામાજીક ન્યાય અને અધિકારિતા, આદિજાતિ વિકાસ, શહેરી વિકાસ અને મહિલા અને બાળ કલ્યાણ વિભાગની તાલીમી ક્ષમતાનો સમાવેશ થાય છે.

3.27 ૬૬૮ પૈકી ૨૮૭ આઇ.ટી.આઇ. સરકારશ્રી દ્વારા દરેક તાલુકામાં ૦૧ લેખે આવેલ છે. જે પૈકી ૧૪૧ આઇ.ટી.આઇ. પી.પી.પી. યોજના તળે ઈન્ડસ્ટ્રીઝ પાર્ટનરની આગેવાનીમાં સંચાલિત કરવામાં આવે છે. ૧૧૩ ગ્રાન્ડ ઇન એઇડ આઇ.ટી.આઇ. છે અને ૨૬૮ સેલ્ફ ફાઇનાન્સ આઇ.ટી.આઇ. આવેલી છે.

3.28 આઇ.ટી.આઇ. માં ક્રાફટ ટ્રેનીંગ સ્કીમ (CTS) અંતર્ગત ૧૬૯ ટ્રેડમાં તાલીમ આપવામાં આવે છે. જે પૈકી ૮૭ એન્જીનીયરીંગ, ૮૨ નોન એન્જીનીયરીંગ ટ્રેડ આવેલ છે.

3.29 ગ્રામ્ય કક્ષાએ સ્થાનિક ધોરણે કૌશલ્ય વર્ધનની તાલીમ મળી રહે તે માટે ૫૦૦ જેટલા કૌશલ્ય વર્ધન કેન્દ્ર (KVK)ની સ્થાપના કરવામાં આવેલ છે. જેમાં અત્યાર સુધીમાં ૧૭ લાખ તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવેલી છે. જે પૈકી ૧૦ લાખ મહિલાઓનો સમાવેશ થાય છે. રાજયની પસંદ કરેલી જેલોમાં પણ કેદી ભાઈઓ માટે KVK ચલાવવામાં આવે છે.

3.30 ઉદ્યોગોમાં કામ કરતા સુપરવાઇઝર / કારીગરોને લેટેસ્ટ ટેકનોલોજી મુજબ તાલીમ આપવા માટે ૨૦ જેટલા સુપિરીયર ટેકનોલોજી કેન્દ્રો આઇ.ટી.આઇ. ખાતે સ્થાપવામાં આવેલ છે. જેમાં અત્યાર સુધી ૧૮ હજારથી વધારે તાલીમાર્થીઓએ તાલીમ લીધેલ છે.

3.31 ઉદ્યોગોને પોતાની જરૂરિયાત અનુસાર તાલીમબધ્ધ મેનપાવર મળે અને આ તાલીમ ઉદ્યોગના સ્થળે ઉદ્યોગકાર ધ્વારા જ આપવામાં આવે તે માટે એક નવતર પ્રયોગ ઇન્ડસ્ટ્રીયલ કે.વી.કે. **(iKVK)** અમલમાં મૂકવામાં આવેલ છે. ૧૦૯ **iKVK**ની વાર્ષિક તાલીમ ક્ષમતા ૮ હજારની છે.

3.32 **CED** દ્વારા જી.આઇ.ડી.સી. વિસ્તારમાં ૫૨ જેટલા સ્કીલ અપગ્રેડેશન સેન્ટર **SUC** ની સ્થાપના કરવામાં આવેલ છે.

**સ્કીલ સર્ટીફીકેશન**

3.33 પરંપરાગત કારીગરીમાં વારસાગત કૌશલ્ય ધરાવતા કારીગરો / કસબીઓની કારીગીરીને સ્કીલ સર્ટીફીકેશન યોજના અંતર્ગત પ્રમાણિત કરવામાં આવે છે. અત્યાર સુધી ૬૦ હજારથી વધારે સ્કીલ સર્ટીફીકેશન આપવામાં આવેલ છે.

**ઈ – લર્નીંગ**

3.34 આઇ.ટી.આઇ. તેમજ કે.વી.કે. માં ઇ- **લર્નીંગ** માટે વર્ચ્યુઅલ કલાસ રૂમની રચના કરવામાં આવેલ છે અને **BISAG** ના ટેકનીકલ સપોર્ટમાં "વંદે ગુજરાત" ચેનલ મારફત વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવે છે.

**દિવ્યાંગ માટે તાલીમ સુવિધા**

3.35 ૧૯ જેટલા આઇ.ટી.આઇ. / કે.વી.કે. માં દિવ્યાંગ માટે વિશિષ્ટ તાલીમ સુવિધા ઊભી કરવામાં આવેલ છે.

3.36 નવયુવાનો પોતાનો ઉદ્યોગ સ્થાપવા પ્રેરાય તે માટે સરકારશ્રી દ્વારા સેન્ટર ફોર એન્ટરપ્રિન્યોરશીપ ( **CED** ) ની સ્થાપના કરેલ છે. ગુજરાત સરકાર દ્વારા જાન્યુઆરી – ૨૦૧૫ માં "સ્ટાર્ટ-અપ" પોલીસીની જાહેરાત કરવામાં આવેલ છે. ૨૦ જેટલા નોડલ ઈન્સ્ટીટ્યુશન ઇનકયુબેશન ફેસેલીટી માટે નકકી કરવામાં આવેલ છે.

3.37 સ્કીલ ડેવલપમેન્ટને પ્રોત્સાહન મળી રહે તે માટે ગુજરાત સરકાર દ્વારા તેની ઇન્ડસ્ટ્રીયલ પોલીસી, ટુરીઝમ પોલીસી, ઈલેકટ્રોનીક પોલીસી, આઇ.ટી. પોલીસી વિગેરેમાં વિશિષ્ટ પ્રોત્સાહનોની જાહેરાત કરવામાં આવેલ છે.

**એપ્રેન્ટીસશીપ તાલીમ યોજના**

3.38 ઔદ્યોગિક એકમોને તેમની કુશળ કારીગરોની માંગને પહોંચી વળવા તેમજ રાજયના યુવાનોને ઔદ્યોગિક વાતાવરણમાં તાલીમ આપી રોજગારક્ષમ બનાવતી એપ્રેન્ટીસશીપ તાલીમ યોજના છે.

3.39 વર્ષ ૨૦૧૪થી એપ્રેન્ટીસ અધિનિયમ-૧૯૬૧માં ભારત સરકાર દ્વારા સુધારા કરી “ઈન્ડસ્ટ્રી ફ્રેન્ડલી” બનાવવામાં આવેલ છે. તેમજ પારદર્શીય વહીવટ અને યોજનાના લાભાર્થીઓના સરળ ઉપયોગ માટે રાષ્ટ્રીય કક્ષાનુ “એપ્રેન્ટીસશીપ પોર્ટલ” કાર્યરત કરવામાં આવેલ છે.

3.40 રાજય ૭,૯૨૫ એકમોની પોર્ટલ પર નોંધણી સાથે સમગ્ર દેશમાં સૌ પ્રથમ છે. આ નોંધણી થયેલ  એકમો માં હાલમાં ૨૫,૦૦૦ થી વધુ એપ્રેન્ટીસો તાલીમ મેળવી રહેલ છે.

*******

## પ્રકરણ : ૪

## આદિજાતિ વિકાસ કાર્યક્રમ

**વનબંધુ કલ્યાણ યોજના ( મુખ્ય મંત્રીના ૧૦ મુદ્દા કાર્યક્રમ )**

**અ.. ઐતિહાસિક પૂર્વભુમિકા**

4.1 ગુજરાતમાં આદિજાતિ કુટુંબોની ભારતના અન્ય વિસ્તારોની માફક હાંસિયામાં મુકાયેલી હોય તેવી સ્થિતિ છે. જેના કારણોમાં શિક્ષણનું નીચું સ્તર, અપૂરતું પોષણ અને પાયાની સુવિધાઓનો અભાવનો સમાવેશ થાય છે. અદિજાતિ લોકો ગુજરાતના ૧૮% ભૌગોલિક વિસ્તાર આવરી લે છે. તેઓ છૂટાછવાયા વિસ્તારોમાં, ટેકરાળ અને વન્ય વિસ્તારોમાં રહે છે.

**વિકાસનું માળખુ**

4.2 ભારતના બંધારણે હકારાત્મક તફાવત અને સુધારાત્મક પગલા દ્વારા આદિવાસી લોકોની જીવન ગુણવત્તા સુધારવા માટે યોગ્ય ખાતરી આપેલ છે જેમ કે, ધારાસભા, સરકારી નોકરીઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં એક ચોક્કસ ભાગની બંધારણમાં અનામતની જોગવાઇ કરેલ છે. મુખ્યત્વે આદિજાતિ વિસ્તારોમાં વિશેષ સુરક્ષા પુરી પડવામાં આવે છે.

4.3 બંધારણીય જોગવાઇઓ અનુસાર આદિવાસી લોકોનું જીવન ધોરણ સુધારવા આદિજાતિ પેટા યોજના વર્ષ ૧૯૭૪ થી દાખલ કરીને ખાસ નાણાંકિય જોગવાઇ દેશના તથા રાજયના અંદાજ પત્રમાં આદિજાતિ વસ્તીના પ્રમાણસર જોગવાઇ કરવામાં આવે છે. દરેક રાજયના આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા અંદાજપત્રમાં આદિજાતિ વિસ્તાર પેટા યોજનામાં વિશેષ ફાળવણી કરે છે. સંકલિત આદિજાતિ વિકાસ વિભાગ કાર્યક્રમોની શરુઆત ૧૯૭૦ના દશકથી ખાસ યોજનાના અમલ દ્વારા શરૂ કરવામાં આવેલ છે.

4.4 સને ૧૯૯૮માં ગુજરાતમાં સહભાગીદારી સુનિશ્ચિત કરવા અને વિકેન્દ્રિત આયોજન માટે “ગુજરાત પેટર્ન ઓફ ફાઇનાન્સીયલ” નામોનો વિશેષ કાર્યક્રમ શરૂ કરવામાં આવેલ છે. ગુજરાત પેટર્ન ભંડોળનો ઉપયોગ સરકારની કામગીરીમાં ખુટતી કડીઓને જોડવા માટે તથા આર્થિક વિકાસ અને સ્થાનિક માળખાગત સગવડો પુરી પાડવા માટે કરવામાં આવે છે. આ ઇનીશ્યેટીવ રાજયના મોટા આંતર જિલ્લાકિય પ્રોજેક્ટો માટે જરૂરી ખાસ ભંડોળ પુરુ પાડે છે.

4.5 આદિજાતિ વિસ્તારોમાં ગુજરાત રાજયની નાણાકિય ફાળવણી છેલ્લા પાંચ વર્ષમાં બે ગણી જેટલી વધી છે. જેનાથી કૃષિ અને બાગાયત કાર્યક્રમો, ડેરી, જળ સંચય, કૌશલ્યવર્ધન, રસ્તા અને વીજ પુરવઠો જેવી મુળભૂત જરૂરીયાતો વધારવામાં ઉત્સાહપ્રેરક પ્રગતિ હાંસલ થયેલ છે. ગુજરાતમાં છેલ્લા બે દાયકા દરમ્યાન આદિજાતિ વિસ્તારના વિકાસમાં નોંધપાત્ર કામગીરી થઇ છે તથા નિર્ધારત જન સમુહોને આવશ્યકતાઓ વ્યવસ્થિત રીતે પુરી પાડવામાં આવી છે. આ પ્રયાસોને પરિણામે ગરીબીની માત્રા ઘટાડી શકાય. શૈક્ષણિક સ્તરમાં સુધારા અને સામાજિક અને

બાંધકામ ક્ષેત્રે યોગ્ય માળખાકિય વિકાસ થઇ શકેલ છે. આ પરિણામોથી ભૌતિક જીવન ધોરણમાં સુધારો થયેલ છે. જો કે કેટલાંક સર્વેક્ષણો મુજબ રાજયની ગરીબી આ વિસ્તારોમાં કેન્દ્રિત થયેલી છે. બિન આદિજાતિ અને આદિજાતિ વિસ્તારોના સામાજીક સુચકાંકોમાં અને તેમની વચ્ચે ગુણવત્તાના પરીણામોમાં તફાવતો જણાય છે. આ અસમાનતાઓ જોતા વ્યુહરચના અને અભિગમનું પુનઃમુલ્યાંકન કરવામાં આવેલ અને પરિણામ આધારિત ઉચ્ચ ગુણવત્તાવાળા કાર્યક્રમો માટે કુશળ ભાગીદારોની મદદથી ઉપરોક્ત બન્ને બાબતો વચ્ચેની ખાઇ ઝડપથી પુરવાની ક્ષમતા પ્રાપ્ત થયેલ છે.

**મુખ્યમંત્રીના ૧૦ મુદ્દા કાર્યક્રમની શરૂઆત**

4.6 ગુજરાત સરકારે એક હિંમતભર્યુ અને અભૂતપૂર્વ પગલું - આદિજાતિ વિસ્તારોના વિકાસ માટે મુખ્યમંત્રીના ૧૦ મુદ્દા કાર્યક્રમની શરૂઆત કરી છે. આ કાર્યક્રમની જાહેરાત મુખ્યમંત્રીશ્રી દ્વારા ફેબ્રુઆરી ૨૭, ૨૦૦૭ ના રોજ વિધાનસભા ગૃહમાં કરવામાં આવેલ. સંકલિત આદિજાતિ તાલુકાઓ રાજ્યના અન્ય વિસ્તારોને સમકક્ષ આવે અને આદિજાતિ તાલુકાઓ મુખ્ય પ્રવાહમાં આવવા હરણફાળ ભરે તે માટે આ જાહેરાત કરેલ છે. રાજ્યના આદિજાતિ વિકાસ માટે ૨૦૧૨-૧૭ ના પાંચ વર્ષ માટે રૂ ૪૦,૦૦૦/- કરોડના પેકેજની ફાળવણી કરેલ છે. જેથી આદિજાતિ વિસ્તારોમાં કાયમી ધોરણે ગરીબીનું નિવારણ થાય તેમજ સામાજિક અને મુલ્કી આંતરમાળખાકિય સવલતો ઉભી થાય.

4.7 મુખ્યમંત્રીનો ૧૦ મુદ્દા કાર્યક્રમ ગુણવત્તાલક્ષી કાર્યક્રમ છે. જેથી પ્રાયોજના વિસ્તારોમાં સામાજિક સવલતો અને મુલ્કી આંતરમાળખાકિય સવલતોની ગુણવત્તામાં સુધારો થાય. આમ, પાંચ લાખ આદિજાતિ કુટુંબોને ગુણવત્તાયુક્ત રોજગારી મેળવવા અને તેમની આવક બમણી કરવા હકારાત્મક વાતાવરણ ઉભું થાય.

4.8 આ કાર્યક્રમની વ્યૂહરચનામાં ખાનગી ભાગીદારી પ્રૌદ્યોગિક, આંતરમાળખાકિય સવલતો, તાલીમ અને આધુનિક સવલતોનો સમાવેશ થાય છે. જેથી આદિજાતિ લોકોનો નવા યુગમાં આવિષ્કાર થાય, માહિતી અને પ્રૌદ્યોગિક, વૈશ્વિક કડીરૂપ પરિયોજનાઓ અને મૂલ્યવર્ધકતાનો લાભ મળે આ કાર્યક્રમમાં નીચેના ૧૦ મુદ્દાઓનો સમાવેશ થાય છે.

**વન બંધુ કલ્યાણ યોજનામાં નીચેના ૧૦ મુદ્દાઓનો સમાવેશ થાય છે.**

- પાંચ લાખ કુટુંબ માટે ગુણવત્તાયુક્ત રોજગારી.
- ગુણવત્તાયુક્ત શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ પર ભાર.
- આદિજાતિ વિસ્તારોનો વેગવંતો આર્થિક વિકાસ.
- સૌને માટે આરોગ્ય.
- સૌને માટે ઘર.

- સૌને માટે પીવાનું પાણી.
- સિંચાઇ.
- બારમાસી રસ્તાઓ.
- સાર્વત્રિક વિજળીકરણ.
- શહેરી વિસ્તાર.

**૧૦ મુદ્દા કાર્યક્રમની મુખ્ય લાક્ષણિકતાઓ**

**(અ) વ્યક્તિગત કુટુંબ પર તેમજ પ્રાયોજના વિસ્તારોમાં ધ્યાન કેન્દ્રિત**

- આ કાર્યક્રમમાં જે કુટુંબોને આવરી લેનાર છે તેમને રૂ. ૩૦,૦૦૦/- (ગ્રામ્ય વિસ્તારો) અને રૂ. ૪૦,૦૦૦ (શહેરી વિસ્તારો ) વાર્ષિક આવક મળે પૂર્ણ સમય કામ મળે અને કૌશલ્ય નિર્માણનો એક આખી પેઢીને લાભ મળે જેથી તે ફરીથી ગરીબીની જાળમાં આવી ન જાય.
- બી.પી.એલ .બેઝનો ઉપયોગ કરી દરેક કુટુંબને સહાય આપવામાં આવે અને તૈયાર પછી તેનું મોનીટરીંગ કરવામાં આવે ડેરી પ્રોજેકટ અને ગુજરાત પેટર્નનું સોફટવેર તૈયાર કરેલ છે અન્ય યોજનાઓ અંગે વિચારણા ચાલુ છે.
- વ્યકિતગત તાલુકા માટે ૧,૦૦૦ થી ૫,૦૦૦ કુટુંબોને આવરી લેવાય તેવી પરિયોજનાઓનું નિર્માણ અનુભવી સંસ્થાઓના સહયોગમાં થઇ રહયું છે.
- જરુરી માનવબળનું નિર્માણ માટે લક્ષિત ક્ષેત્રમાં તાંત્રિક સંસ્થાઓ ઉભી થઇ રહી છે જેથી ડેરી, વાડી અને કૌશલ્ય નિર્માણ હસ્તક્ષેપમાં સહયોગ મળી રહે.
- મુલ્કી કામોના ધોરણોની પુનઃસમીક્ષા કરવામાં આવી રહી છે જેવા કે,
    - પાણી પુરવઠો ,પાણી મેળવવાં હેન્ડ પંપ
    - રસ્તાઓ તથા તેની પાંચ વર્ષની નિભાવણી
    - વીજળીકરણ,, રહેણાંકના એકમોનો સમાવેશ.
    - સિંચાઇ, વધુ વરસાદવાળા તાલુકાઓ આવરી લઇ નાની સિંચાઇ યોજના મારફતે સિંચાઇ વૃધ્ધિ કરવી .

**(બ) પરિણામલક્ષી હસ્તક્ષેપો**

- અમલીકરણ સંસ્થાઓએ અપેક્ષિત આવક માટે ખાત્રી આપવી પડશે અને નિષ્ફળતા માટે નાણાંકીય દંડ કરવામાં આવશે.
- કૌશલ્ય નિર્માણમાં સબંધિત તાલીમ આપનાર સંસ્થાએ ખાત્રી આપવી પડશે કે તાલીમાર્થી પાછળ જે ખર્ચ કરવામાં આવશે તે તાલીમાર્થીની તાલીમ પૂર્ણ થયા બાદ ૬ થી ૯ માસમાં

પરત મેળવી શકાશે અને તાલીમ આપનાર સંસ્થાએ ત્યાં સુધી વ્યક્તિગત તાલીમાર્થી પાછળ અનુવર્તી કાર્યવાહી કરવાની રહેશે.

- દરેક હસ્તક્ષેપ માટે કોમ્પ્યુટર વિનિમયન પધ્ધતિ તૈયાર થઇ રહેલ છે.

**(ક) આયોજન અને વિનિયમનમાં સ્થાનિક લોકોની ભાગીદારી**

- જો સહભાગીઓમાં સમાનતા ન હોય તો આવા અગત્યના બદલાવમાં સફળતા પ્રાપ્ત થઇ શકતી નથી.
- પંચાયતી રાજ સંસ્થાઓના પ્રતિનિધિઓ અને સહભાગી પરિવારોની જાગૃતિ વધારવા માટે વિવિધ પહેલ/હસ્તક્ષેપ ની વિચારણા હાથ ધરવામાં આવેલ છે. ટૂંકા સમયગાળામાં વધુમાં વધુ વ્યાપ આવરી લેવા માટે સેટકોમ સુવિધાનો પણ ઉપયોગ કરવામાં આવશે.
- ગુજરાત પેટર્નમાં ચાલુ વર્ષે મહત્તમ ભંડોળની ફાળવણી થઇ હતી, જેથી સ્થાનિક સ્તરની જરૂરીયાતો સંતોષી શકાય.

**(ડ) કાર્યક્રમમાં દરેક વિભાગની ભાગીદારી**

- સરકારનો દરેક વિભાગ પેકેજની માલિકી લે જેથી કાર્યક્રમની બજેટમાં અલગથી જોગવાઇ રાખેલ નથી.
- દરેક વિભાગો પોતાની વાર્ષિક કાર્યયોજના બનાવેલ છે .તેનુ માસિક નિયમન કરવામાં આવે છે.
- લક્ષ્યાંક સિધ્ધ કરવા દરેક વિભાગે પોતાની ચાલુ યોજનામાં સુધારો કરેલ છે.
- મુખ્યમંત્રીના ૧૦ મુદ્દા કાર્યક્રમનું ભંડોળ આદિજાતિ પેટા યોજનામાંથી મેળવેલ છે.

**વ્યુહરચના**

**4.9** ૧૦ મુદ્દા કાર્યક્રમની વ્યુહરચના પરિણામલક્ષી, સમયબધ્ધ હસ્તક્ષેપો તેમજ લોકભાગીદારીલક્ષી છે. કાર્યક્રમોની અમલવારી મિશન મોડમાં, સંગીન વહીવટી તંત્રને સથવારે થશે જેની મુખ્યમંત્રી દ્વારા ત્રિમાસિક સમીક્ષા થશે. તજજ્ઞો, વ્યવસાયિકો (ખાનગી ક્ષેત્રના વ્યાવસાયિકો સહિત)નો કાર્યદક્ષતા નિર્માણપ્રકલ્પ વિકાસ અને અમલમાં સેવા વહેંચણી અને અન્ય બાબતોમાં સહકાર લેવામાં આવશે. વનબંધુ કલ્યાણ યોજનાનું સરળ સંચાલન અને અસરકારક અમલીકરણ માટે ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડી-સેગ) નામની સશક્ત સંસ્થાનું નિર્માણ કરેલ છે.

**4.10** આદિજાતિ વિસ્તાર પેટા યોજના માટે વર્ષ ૨૦૧૭-૧૮ માટે રૂ.૧૨,૫૫૯.૩૪ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

**વનબંધુ કલ્યાણ યોજના હેઠળ નોંધપાત્ર સિદ્ધિઓ :**

**રોજગારલક્ષી કાર્યક્રમ**

- આ યોજનાના વિઝનમાં ગરીબી નિવારણ માટે પાંચ લાખ પરિવારોની આવક ડબલ કરવા કૃષિ વૈવિધ્યકરણ પ્રોજેક્ટ, સંકલિત ડેરી વિકાસ પ્રોજેક્ટ, કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમ જેવા કાર્યક્રમો હાથ ધરાયેલ છે. આ યોજનાથી તેઓની વાર્ષિક આવકમાં નોંધપાત્ર વધારો થયો છે.
- ૨૪ હાટ બજારની સ્થાપના કરવામાં આવી છે જ્યાં તમામ દુકાનોમાં આંતરમાળખાકિય સુવિધાઓ જેવી કે, રસ્તાઓ, વીજળી, કમ્પાઉન્ડ દિવાલ અને પીવાનું સ્વચ્છ પાણી પુરૂ પાડવામાં આવશે.
- અમદાવાદ અને ગાંધીનગર ખાતે તેમના વારસાગત ઉત્પાદન વેચાણ માટે આદિવાસી હસ્તકલા વેપાર મેળાનું આયોજન કરવામાં આવેલ હતું.

**ગુણવત્તાયુક્ત શિક્ષણ**

- ગુજરાત રાજ્ય આદિજાતિ વિકાસ નિવાસી શૈક્ષણિક સંસ્થાકિય સોસાયટી દ્વારા ૨૭ એકલવ્ય મોડેલ રેસિડેન્સીયલ શાળાઓ અને ૫ આશ્રમ શાળાઓ ડાંગ જિલ્લામાં, ૪૩ કન્યા નિવાસી શાળાઓ, ૧૨ મોડેલ શાળા, ૧ સૈનિક શાળા ચલવવામાં આવે છે જેમાં ૨૯,૯૭૨ વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવેલ છે.
- ૩૪ ખાનગી શાળામાં અભ્યાસ કરતાં ૧૫૮૬ મેરિટોરીયસ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન
- વર્ષ ૨૦૧૭-૧૮માં રૂ ,૧૧૮૩.૩૩ લાખની જોગવાઇ એકલવ્ય મોડેલ નિવાશી શાળાઓ માટે કરવામાં આવી છે.

**ટેલેન્ટપુલ વાઉચર યોજના**

- ટેલેન્ટપુલ વાઉચર યોજના હેઠળ વર્ષ ૨૦૧૭-૧૮માં કુલ ૪,૦૯૫ વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવેલ છે.
- વર્ષ ૨૦૧૭-૧૮ થી આદિવાસી જિલ્લાઓમાં ગુજકેટના તથા જેઇઇ તાલીમ વર્ગોમાં ૯,૧૦૩ વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવેલ છે.
- દૂધ સંજીવની યોજના હેઠળ ૫૧ આદિવાસી તાલુકાઓમાં પ્રાથમિક શાળાના ૧૨.૦૮ લાખ વિદ્યાર્થીઓને લાભ આપવામાં અપાયો છે.
- વર્ષ ૨૦૧૭-૧૮ માં માધ્યમિક શાળામાં ધોરણમાં ૯માં અભ્યાસ કરતી કન્યાઓને "વિદ્યા સાધના યોજના" ૪૪,૭૯૦ સાયકલ ભેટ આપી.
- પંચમહાલ જિલ્લા અને નર્મદા જિલ્લામાં આદિવાસી યુનિવર્સિટી "ગુરૂ ગોવિંદ યુનિવર્સિટી"ની સ્થાપના કરવામાં આવી છે.

- આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની કુલ ૭૭ સરકારી છાત્રાલયો અને ૪૪ આદર્શ નિવાસી શાળાઓમાં પુસ્તકાલયની સ્થાપના કરી હતી.

**આવાસ**

- આવાસની વિવિધ યોજનાઓ હેઠળ વર્ષ-૨૦૧૮-૧૯ માટે રૂ. ૩૬૩૯.૮૨ લાખ ની જોગવાઇ મંજુર કરવામાં આવેલ છે.

**આરોગ્ય**

- ચિરંજીવી યોજના હેઠળ ૬.૩૪ લાખ જેટલી મહિલાઓને ૧૨૦ ખાનગી સ્ત્રી તબીબોની મદદથી લાભ આપવામાં આવ્યો..
- ૧૩.૭૭ લાખ કુટુંબોને આરોગ્ય વિમા કવચ ૨૧,૩૧૯ દાવાઓની સામે ૧,૨૯૫.૧૨ કરોડની ચૂકવણી
- ૬૮.૪૧ લાખ વ્યક્તિઓની આરોગ્ય ચકાસણી
- ૯૯.૮૩ લાખ લોકોનું સીકલ સેલ એનીમીયા રોગના નિદાન માટે સ્ક્રીનીંગ, ૩૦.૧૧૪ દર્દીઓ સારવાર હેઠળ છે.
- કાર્ડિયાક, કિડની અને કેન્સર તથા અન્ય હોસ્પિટલના મળી કુલ ૧.૪૭ લાખ જેટલા દર્દીઓને સારવાર આપવામાં આવી.
- ૫૫.૦૬ % જેટલી સગર્ભા માતાઓને લોહતત્વની ગોળી આપી.
- ૭૭.૬૫ % જેટલી ધાત્રી માતાઓને લોહતત્વની ગોળી આપી
- ૬૪.૨૧ % જેટલી ધાત્રી અને સગર્ભામાતાઓને આયોડિન મીઠુ આપ્યું.

**પીવાનું પાણી:**

**(૧) ઘરગથ્થુ જોડાણ**

**4.11** વર્ષ ૨૦૧૭ -૧૮ દરમિયાન આદિવાસી વિસ્તારોમાં ૪,૪૧૧ ઘરોમાં વાસ્મો દ્વારા નળ જોડાણ કરવામાં આવ્યા તેમજ માર્ચ ૨૦૧૭ સુધીમાં ૧૦,૨૨,૫૦૨ ઘરોમાં ૫૯ % નળ જોડાણ પૂરા પાડવામાં આવ્યા છે.

**(૨) સોલાર પંપ**

**4.12** સૌર ઉર્જા વિશ્વાસપાત્ર વીજળીનો સ્ત્રોત છે. ગ્રામ્ય રહેણાકોમાં વીજ પુરવઠો નજીકમાં ઉપલબ્ધ નથી અથવા વિજ કનેકશન ખુબજ ખર્ચાળ છે. રહેઠાણમાં પાણી પુરવઠો યોજનાઓ ચલાવવા સોલર પંપનો ઉપયોગ કરવામાં આવે છે.

**સિંચાઇ:**

- ૨૫૦ નાના ચેકડેમ સિંચાઇ યોજનાઓ રૂ.૧૩.૫૬ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે.
- ૩૪ મોટા ચેકડેમ તેમાં રૂ.૨૬.૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે.
- રૂ.૮૨.૧૫ કરોડનો ખર્ચ કરી કુલ ૨૩,૬૯૧ હેકટર જમીનમાં કેનાલ સુધારો કરવામાં આવેલ છે.
- બારમાસી રસ્તાઓનુ નિર્માણ

4.13 આદિજાતિ વિસ્તારના રસ્તાઓ માટે વર્ષ ૨૦૧૭-૧૮ માટે કુલ રૂ. ૧,૯૫૫ કરોડની જોગવાઇ કરેલ છે. તથા ૫,૯૭૦ કિ.મી રસ્તાઓ નું બંધકામ નું આયોજન છે.

**વીજળીકરણ:**

| **વિગત** | **સિધ્ધિઓ** | | |
|---|---|---|---|
| | **2012-13 to 2015-16** | **2016-17** | **Total** |
| પેટા પરાનુ વીજળીકરણ | ૧૦૮૫ | ૧ | ૧૦૮૬ |
| પેટા મથક | ૧૦૦ | ૦ | ૧૦૦ |
| કુટિર જ્યોતિ | ૨૧૮૫૯ | ૧૦૩૧૬ | ૩૨૧૭૫ |
| પંપ સેટનું વીજળીકરણ | ૧૧૯૫૮૨ | ૧૩૦૫૨ | ૧૩૨૬૩૪ |

- ૧ પેટા પરાઓનું વીજળીકરણ
- ૧૩,૦૫૨ કુવાનું વીજળીકરણ
- ૮,૫૦૦ લાભાર્થીઓને કુટિર જ્યોતિ યોજના હેઠળ વીજળીકરણનો લાભ અપાશે.

**શહેરી વિકાસ**

- દરેક નગર માટે વિકાસ કાર્યક્રમ તૈયાર કરવામાં આવેલ છે. જેમાં પાણી પુરવઠા યોજનાઓ, ગટર, રસ્તા, સ્ટોર્મ, પાણી ડ્રેઇન, આર્થિક અને સામાજિક વિકાસનો સમાવેશ થાય છે.
- ૧૪ શહેરોમાં પાણી પુરવઠા યોજનાઓ પૂર્ણ થયેલ છે. તથા ૩ શહેરોમાં કામ ચાલુ છે.
- ૩ શહેરોમાં ભૂગર્ભ ગટરનું કામ ચાલુ છે. તથા ૧૫ શહેરોમાં ટેન્ડર પ્રક્રિયા વિવિધ તબક્કામાં અથવા ડી.પી.આર. મંજૂરી હેઠળ છે.

**વન અધિકાર અધિનિયમ**

4.14 વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ ના સફળતાપુર્વક પાલનમાં ગુજરાત અગ્રેસર રહેલ છે. તા: ૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ રહેણાંક તથા ખેતીની જમીન માટેના કુલ ૮૪,૧૨૨ વ્યક્તિગત દાવાઓ મંજુર કરીને ૧,૨૮,૧૨૬ વન વિસ્તાર (એકરમાં) આવરી લેવાયેલ છે. રાજય સરકારે આદિજાતિઓના ગૌણ અને વન્ય પેદાશો એકત્ર કરવાના, માછીમારી, ગૌચર અને જળસ્ત્રોત્રોના

ઉપયોગ વગેરેના સામુદાયિક અધિકાર આપેલ છે, જે હેઠળ કુલ ૪,૬૫૯ અરજીઓ મંજુર કરીને ૧૧,૬૦,૮૫૭ એકર વન જમીનના અધિકાર માન્ય કરેલ છે.

**બોર્ડર વિલેજીસ**

**4.15** બોર્ડર વિલેજીસના ૪૩૫ ગામોના લોકોને પાયાની સુવિધા પુરી પાડવા માટે વર્ષ ૨૦૧૭-૧૮ માટે રૂ. ૫,૦૬૮.૦૬ લાખ રાજયકક્ષાની સમિતિએ મંજૂર કર્યા હતા. અને વર્ષ ૨૦૧૮-૧૯ માટે રૂ. ૫,૫૭૪.૮૬ લાખ ની જોગવાઇ મંજુર કરવામાં આવેલ છે.

**4.16** આદિમજુથ જાતિના લોકોને પાયાની સુવિધા પુરી પાડવા માટે વર્ષ ૨૦૧૮-૧૯માં રૂ. ૧,૩૨૦.૦૦ લાખની જોગવાઇ સુચવેલ છે.

**ગુજરાત પેટર્ન**

**4.17** રાજય સરકાર ભારતના સંવિધાનમાં દર્શાવેલ રાજય નીતિના માર્ગદર્શક સિધ્ધાંતોને અમલમાં મૂકવા માટે આદિજાતિ વિસ્તાર પેટા યોજનાનો અમલ કરી રહેલ છે. આદિજાતિ વિસ્તારના વિકાસ માટેના હાલના વ્યૂહનો પાંચમી પંચવર્ષીય યોજના શરૂ થવાની સાથે છેક ૧૯૭૫-૭૬ ના વર્ષમાં પ્રારંભ કરાયો હતો.

**4.18** આદિજાતિ પેટા યોજના એ એક વિસ્તાર વિકાસ યોજના છે. આદિજાતિઓનું વ્યાપક પ્રમાણમાં કેન્દ્રીકરણ હોય તેવા અનુસૂચિત વિસ્તાર માટે સમન્વિત આદિજાતિ વિકાસ પરિયોજના જેવી ખાસ વિકાસ યોજનાઓ હતી. આ દરેક પરિયોજના વિસ્તાર માટે દર વર્ષે આદિજાતિ પેટા યોજના ઘડવામાં આવતી. ૧૯૮૬ ના વર્ષથી પરિવારલક્ષી કાર્યક્રમો તેમજ હિતાધિકારીલક્ષી કાર્યક્રમોને આવરી લેવા યોજનાના ઉદ્દેશો બદલવામાં આવ્યા. આ કાર્યક્રમો, અનુસૂચિત આદિજાતિ વિસ્તારની બહાર રહેતા આદિવાસીઓ માટે પણ અમલમાં મૂકવામાં આવ્યાં હતા અને તેનો આદિજાતિ પેટા યોજનામાં સમાવેશ કરાયો હતો. આમ, વિકાસ યોજનાઓ અંગે કરેલી જોગવાઇમાં, અનુસૂચિત વિસ્તારનાં આદિવાસીઓ તેમજ અનુસૂચિત વિસ્તારો બહારના આદિવાસીઓનો સમાવેશ થતો હતો.

**4.19** સરકારે, સપ્ટેમ્બર, ૧૯૯૭માં આદિજાતિ વિસ્તાર પેટા યોજના માટે દર વર્ષે રાજયની વાર્ષિક વિકાસ યોજનાની જોગવાઇના ૧૭.૫૭ ટકા અંકિત કરવા અને આદિજાતિ પેટા યોજના માટે, ગુજરાતે પેટર્ન અપનાવવાનું નકકી કર્યુ હતું.

**4.20** સંબંધિત વહીવટી વિભાગો, તેમના સેકટરો પેટા સેક્ટરો માટે આદિજાતિ પેટા યોજના હેઠળની યોજના તૈયાર કરે છે. આદિવાસીઓની મૂળભૂત ભાગની જરૂરિયાતો ને યોગ્ય મહત્વ આપવામાં આવે છે.

**આયોજન માટેનો નવો અભિગમ**

**જીલ્લા આદિવાસી વિકાસ મંડળ**

**4.21** આદિજાતિ લોકોના સર્વાંગી વિકાસ માટે વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવા વહીવટી તંત્ર ગતિશીલ બન્યું છે. આદિજાતિ વિસ્તારની તાતી જરૂરિયાતો સંતોષવા, તેના આયોજન અને પ્રવૃત્તિઓના નિયમન માટે રાજયના વહીવટી તંત્રમાં માળખાકીય ફેરફાર કરવામાં આવેલ છે. મહારાષ્ટ્ર રાજયના ઢાંચા મુજબ ગુજરાત રાજયમાં નવો ઢાંચો વિકસાવવામાં આવ્યો છે.

**4.22** જીલ્લા કક્ષાએ જીલ્લાના હવાલો સંભાળતા પ્રભારી મંત્રીના અધ્યક્ષપણા હેઠળના જીલ્લા આદિવાસી વિકાસ મંડળની રચના કરવામાં આવેલ છે. આદિજાતિ વિસ્તારમાંથી આદિજાતિ જીલ્લા સાંસદો/ ધારાસભ્યો અને તાલુકા પંચાયતના પ્રમુખો તેના સભ્યો છે. જીલ્લા કક્ષાએ આદિજાતિ કલ્યાણના ક્ષેત્રે કામ કરતા બે પ્રતિનિધિઓ અને શિક્ષણના ક્ષેત્રમાં કામ કરતા બે નિષ્ણાત અને જીલ્લાના બે મહિલા આદિવાસી નેતાઓને પણ જીલ્લા આદિવાસી મંડળોના સભ્યો બનાવવામાં આવ્યાં છે. જીલ્લા આદિવાસી વિકાસ મંડળે આદિજાતિ પેટા યોજનાની તમામ યોજનાઓની સમીક્ષા, દેખરેખ, નિયંત્રણ અને મૂલ્યાંકન કરશે.

**તાલુકા આદિજાતિ વિકાસ સમિતિઓ**

**4.23** પ્રાંત ઓફિસર(એ.ટી.વી.ટી)ના વડપણ હેઠળ તાલુકા આદિજાતિ વિકાસ સમિતિઓની રચના કરવામાં આવી છે. આ સમિતિમાં સ્વૈચ્છિક સંસ્થાઓને, મહિલાઓને, તજજ્ઞોને અને નિષ્ણાતોને જીલ્લા અને તાલુકા કક્ષાના હોદ્દાની રુએ થતા સભ્યો અને સરકારી સભ્યોને પ્રતિનિધિત્વ આપવામાં આવેલ છે. તાલુકા સમિતિ રચના થતા પ્રવર્તમાન વ્યવસ્થામાં માળખાકીય ફેરફારો કરવામાં આવેલ છે. જેથી કરીને વિસ્તારની તાતી જરૂરિયાતોના નીચેના સ્તરની આયોજનની કામગીરી તાલુકા સમિતિને સોંપવામાં આવેલ છે. તાલુકા સમિતિ ધ્વારા તૈયાર કરેલ આયોજન પર જીલ્લા આદિજાતિ મંડળમાં ચર્ચા થતી હોવાથી જીલ્લાની જરૂરિયાતો સંતોષવા સંકલિત પ્રયાસ થશે. અનુસૂચિત વિસ્તારોમાં તાલુકા સમિતિઓ દ્વારા નકકી કરાયેલ તાતી જરુરીયાતોને સબંધિત જીલ્લા આદિજાતિ મંડળની સંમતિ મળતા જ સમગ્ર વિસ્તારની તાતી જરૂરિયાતો બહાર આવશે. રાજયના અધિકારીઓને પ્રવર્તમાન યોજનાઓને સમયની સાપેક્ષમાં અસરકારકતા જોવા તેમજ નવી યોજનાઓ અને કાર્યક્રમોનું તાતી જરૂરિયાતો અનુસાર ઘડતર કરવા મદદરૂપ રહેશે.

**4.24** ગુજરાત પેટર્નના ૧૦ ટકા જોગવાઇના આયોજન માટે માન.મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અધ્યક્ષપણા હેઠળ રાજય કક્ષાની સમિતિ રચવામાં આવી છે. આ સમિતિમાં સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, કમિશ્નર, આદિજાતિ વિકાસ, અગ્ર સચિવશ્રી, બજેટ (નાણાં વિભાગ) સભ્યો છે. તેમજ નાયબ સચિવશ્રી, બજેટ (આદિજાતિ વિકાસ) સભ્ય સચિવ છે. જુદા જુદા વિભાગો/ પ્રાયોજનાઓ/ સંસ્થાઓ પાસેથી આવેલી દરખાસ્તો પર ચર્ચા થાય છે. અને ત્યારબાદ અંતિમ નિર્ણય લેવાય છે. આદિવાસી વિસ્તારોમાં ગુજરાત પેટર્ન હેઠળ છેલ્લા પાંચ

વર્ષના મહત્વના કામો જેવા કે, સિંચાઇની સવલતો, હેન્ડપંપ, સામુહિક કૂવા યોજના, ઉદવહન સિંચાઇ, ચેકડેમ, ગ્રામ્ય રસ્તાઓનું બાંધકામ, શાળાના ઓરડા, ખેતી વિષયક સવલતો, જમીન સમતળ કરવાની કામગીરી, દૂધાળા પશુ સહાય, બિયારણ કિટસ આપવા, ઓઇલ એન્જીન, જુદા જુદા પ્રકારની તાલીમો, હોસ્પિટલ માટે સાધનો આપવા, હોસ્પિટલના રુમો બનાવવા, એમ્બ્યુલન્સ આપવાની, બાગાયત ક્ષેત્રે વિવિધ યોજનાઓનો અમલ કરેલ છે.

**છેલ્લા ૫ વર્ષમાં ગુજરાત પેટર્ન હેઠળ નીચે મુજબ નાણાંકીય જોગવાઇ અને ખર્ચ કરવામાં આવેલ છે.**

**(રૂ. કરોડમાં)**

| વર્ષ | જોગવાઇ | ગ્રાન્ટ | ખર્ચ | ગ્રાન્ટ સામે ટકાવારી | પૂર્ણ કામોની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૨૦૧૩-૧૪ | ૩૭૦.૦૫ | ૩૭૦.૦૦ | ૩૪૦.૭૮ | ૯૨.૧૦ | ૨૦૦૯ |
| ૨૦૧૪-૧૫ | ૩૮૨.૩૬ | ૩૮૪.૫૮ | ૩૮૨.૦૯ | ૯૯.૩૫ | ૩૫૨૦ |
| ૨૦૧૫-૧૬ | ૩૯૮.૯૯ | ૩૯૮.૯૯ | ૩૯૫.૯૭ | ૯૯.૨૪ | ૪૩૩૩ |
| ૨૦૧૬-૧૭ | ૪૧૮.૬૩ | ૪૧૮.૬૩ | ૪૧૪.૯૩ | ૯૯.૯૨ | ૩૬૮૧ |
| ૨૦૧૭-૧૮ ડીસે-૧૭ અંતિત | ૪૨૯.૨૯ | ૨૫૪.૩૯ | ૧૫૧.૦૦ | ૫૯.૩૫ | ૪૩૭ |

4.25 વર્ષ ૨૦૧૮-૧૯ માટે આદિજાતિ કલ્યાણની યોજનાઓ માટે રૂ. ૨,૨૦૦/- કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

******

# પ્રકરણ-૫
# સામાજીક વિકાસ

## પુર્વ ભૂમિકા

5.1 સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગથી રાજ્યમાંના અનુસૂચિત જાતિ, સામાજીક અને આર્થિક રીતે પછાત વર્ગો તથા લઘુમતિઓના કલ્યાણ અને આર્થિક પછાત જાતિઓ, દિવ્યાંગો, તેમજ બાળ સુરક્ષા વિગેરે ક્ષેત્રે સઘન કામગીરી કરી સમાજના છેવાડાના માનવી સુધી સરકારશ્રીની તમામ સહાય પહોંચે અને તેઓમાં સમાજના ઉન્નત વર્ગો સાથે સમકક્ષ બની સામાજીક સમરસતાનું વાતાવરણ સર્જાય તે માટે કામગીરી કરે છે. રાજ્યમાં અનુસૂચિત જાતિની વસ્તી વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ ૬.૭૪ ટકા છે. અનુસૂચિત જાતિની વસ્તીમાં સાક્ષરતાનું પ્રમાણ ૭૯.૧૮ ટકા છે જે સામાન્ય વર્ગના કરતાં થોડુક વધારે છે. રાજ્યની કુલ વસ્તીના ૫૨.૦૦ ટકા સામાજીક અને શૈક્ષણિક પછાત જાતિઓ, વિચરતી વિમુક્ત જાતિઓ ૧૧.૦૦ ટકા, લઘુમતિ જાતિઓ ૧૧.૩૩ ટકા છે. આમ રાજ્યનો ખુબ મોટા જન સમુદાયની કલ્યાણ કારી યોજનાઓ આ વિભાગ હસ્તક હાથ ધરવામાં આવે છે.

## શૈક્ષણિક યોજનાઓ

5.2 અનુસૂચિત જાતિના ઉમેદવારો તેમજ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત જાતિઓ તેમજ આર્થિક પછાત જાતિઓ વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કરવા માટે રૂ. ૧૫.૦૦ લાખની લોન ૪ ટકાના ખુબ ઓછા વ્યાજના દરે આપવામાં આવે છે. અનુસૂચિત જાતિના ૯૦૯ વિદ્યાર્થીઓને છેલ્લા ૧૦ વર્ષમાં રૂ. ૧૦૭.૦૬ કરોડ લોન ચુકવવામાં આવેલ છે અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ૬૯૧ વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ આપેલ છે અને જેનો ખર્ચ રૂ. ૫૮.૨ કરોડ થયેલ છે.

5.3 રાજ્ય સરકાર તેમજ ભારત સરકાર તરફથી પ્રિ-મેટ્રીક શિષ્યવૃતિ તેમજ પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ યોજના હેઠળ અનુસૂચિત જાતિના ઉમેદવારો તેમજ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત જાતિઓને રૂ. ૨૫૦ થી રૂ. ૧,૨૦૦ સુધીની રકમ ચુકવવામાં આવે છે.

5.4 મેડીકલ અને એન્જીનીયરીંગમાં અભ્યાસ કરતા આ વર્ગોના વિદ્યાર્થીઓને રૂ. ૩,૦૦૦ થી રૂ. ૧૦,૦૦૦ સાધન સહાય આપવામાં આવે છે.

5.5 ધોરણ – ૧૨ ના અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને તેમજ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત જાતિઓના વિદ્યાર્થીઓને શિક્ષણ વિભાગના સહયોગથી વિના મુલ્યે ટેબલેટ આપવામાં આવે છે.

5.6 રાજ્યમાં અનુસૂચિત જાતિના ઉમેદવારો તેમજ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત જાતિઓના વિદ્યાર્થીઓને રહેવા, જમવા અને ભણવાની વિના મુલ્યે સગવડ મળે તે માટે રાજ્યમાં કુલ ૨૭૬ આશ્રમશાળાઓ, ૧,૩૭૨ ગ્રાંટ-ઇન-એઈડ છાત્રાલયો તથા ૫૭ આદર્શ નિવાસી શાળાઓ તેમજ

૧૪૯ સરકારી છાત્રાલયો ચલાવવામાં આવે છે જેમાં ૧,૨૬,000 વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવે છે.

5.7 **સમરસ છાત્રાલયો**: રાજ્યમાં અમદાવાદ, વડોદરા, સુરત, ભાવનગર, રાજકોટ અને આણંદ ખાતે અનુસૂચિત જાતિના ઉમેદવારો તેમજ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત જાતિઓ તેમજ આર્થિક પછાત જાતિના તેમજ અનુસૂચિત જનજાતિના કુલ ૧૦,૫૦૦ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને ઉચ્ચ કક્ષાની રહેવા, જમવા તેમજ ભણવાની સગવડ મળે તે માટે રાજ્ય સરકારે ૧૨ સમરસ છાત્રાલયો કાર્યરત કરેલ છે. જેમાં હાલ ૪,૯૧૪ કુમાર અને ૪,૯૮૬ કન્યાઓ લાભ લઇ રહ્યા છે.

**આર્થિક ઉત્કર્ષની યોજનાઓ**

5.8 અનુસૂચિત જાતિના ઉમેદવારો તેમજ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત જાતિઓ તેમજ આર્થિક પછાત જાતિઓના લોકોને નાના ધંધા/રોજગાર માટે ધંધાને અનુરૂપ કિટ્સ આપવામાં આવે છે. છેલ્લા દસ વર્ષમાં અનુસૂચિત જાતિના ૨,0૨,૫૬૧ લાભાર્થીઓને કિટ્સ આપેલ છે તેમજ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત જાતિઓના લોકોને છેલ્લા દસ વર્ષમાં ૧,0૭,000 કિટ્સ આપવામાં આવેલ છે.

5.9 કૌશલ્ય વર્ધક ઉચ્ચ તાલીમ આપી અનુસૂચિત જાતિના ઉમેદવારોને નોકરી મળે તે માટે ૨૪,૫૩૪ ઉમેદવારોને રૂ. ૯૭.૧૪ કરોડના ખર્ચે તાલીમ આપવામાં આવેલ છે.

5.10 અનુસૂચિત જાતિના ઉમેદવારો તેમજ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત જાતિઓ તેમજ આર્થિક પછાત જાતિઓના લોકોને વકીલાત માટે લોન સહાય આપવામાં આવે છે.

5.11 વિભાગ હસ્તક કુલ આઠ નિગમો કાર્યરત છે. જે અનુસૂચિત જાતિના ઉમેદવારો તેમજ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત જાતિઓ તેમજ આર્થિક પછાત જાતિઓના, લઘુમતિ જાતિઓ, વિચરતી અને વિમુક્ત જાતિઓના લોકોના આર્થિક ઉત્થાનની પ્રવૃતિઓ તેમજ પુન:સ્થાપનની પ્રવૃતિઓ માટે ધિરાણ તેમજ સહાય આપે છે.

**ગૃહ નિર્માણ યોજના**

5.12 **ડૉ.આંબેડકર આવાસ યોજના** હેઠળ અનુસૂચિત જાતિઓના છેલ્લા દસ વર્ષમાં ઘર બાંધવા માટે ૭૩,0૧૯ લાભાર્થીઓને રૂ.૨૨૩.૯૧ કરોડની સહાય આપવામાં આવેલ છે.

5.13 **પંડીત દિન દયાળ ઉપાધ્યાય આવાસ યોજના** હેઠળ છેલ્લા દસ વર્ષમાં સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત તથા લઘુમતિઓના ૧.૮૩ લાખ લાભાર્થીઓને રૂ.૪૩૨.૫૩ કરોડની સહાય આપવામાં આવેલ છે.

**તબીબ સહાય યોજના**

5.14 આ યોજના હેઠળ અનુસૂચિત જાતિઓના ૫૦,૨૬૪ દર્દીઓને છેલ્લા દસ વર્ષમાં રૂ.૧૪.૧૨ કરોડની સહાય આપવામાં આવેલ છે.

5.15 સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત જાતિના ૧,૩૨,૨૮૩ દર્દીઓને છેલ્લા દસ વર્ષમાં રૂ. ૩૫.૬ કરોડની સહાય આપવામાં આવેલ છે.

**કુંવરબાઇ મામેરા યોજના**

5.16 આ યોજના હેઠળ અનુસૂચિત જાતિઓની ૪૨,૫૪૩ કન્યાઓને છેલ્લા દસ વર્ષમાં રૂ. ૩૩.૭૬ કરોડની સહાય આપવામાં આવેલ છે.

5.17 સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત જાતિની ૫૯,૬૨૧ કન્યાઓને છેલ્લા દસ વર્ષમાં રૂ. ૪૧.૯૬ કરોડની સહાય આપવામાં આવેલ છે.

**ડૉ સવિતા આંબેડકર આંતર જ્ઞાતિય યોજના**

5.18 અનુસૂચિત જાતિઓની ૪,૬૪૨ લાભાર્થીઓને છેલ્લા દસ વર્ષમાં રૂ. ૨૩.૩૦ કરોડ કરોડની સહાય આપવામાં આવેલ છે.

**ડૉ.આંબેડકર ભવન**

5.19 સામાજીક અને શાંસ્કૃતિક પ્રવૃતિઓ માટે જીલ્લા મથકોએ હાલ ૨૨ ડો. આંબેડકર ભવનનો બાંધવામાં આવેલ છે તથા અનુસૂચિત જાતિના તેમજ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વિદ્યાર્થીઓ માટે કુલ ૬૮ સરકારી છાત્રાલયોનું બાંધકામ થયેલ છે અને કુલ ૩૬ નિવાસી શાળાઓના મકાનોનું બાંધકામ પૂર્ણ થયેલ છે.

**એવોર્ડ**

5.20 અનુસૂચિત જાતિના વ્યક્તિઓ માટે સામાજીક સેવા, પત્રકારીત્વ અને સાહિત્ય કલા ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનાર વ્યક્તિઓને / સંસ્થાઓને જુદા જુદા ક્ષેત્રે રૂ. ૫૦,૦૦૦ થી રૂ.૨,૦૦,૦૦૦ સુધીના એવોર્ડ આપવામાં આવે છે.

5.21 સામાજીક અંને શૈક્ષણિક રીતે પછાત વ્યકિતઓ/સંસ્થાઓને સામાજીક સેવા ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનાર વ્યક્તિઓને/સંસ્થાઓને જુદા જુદા ક્ષેત્રે રૂ. ૧,૦૦,૦૦૦/- સુધીના એવોર્ડ આપવામાં આવે છે.

**અત્યાચર નિવારણ ક્ષેત્રે**

5.22 અનુસૂચિત જાતિના વ્યક્તિઓ પર થતા અત્યાચારના બનાવો સંદર્ભે અનુસૂચિત જાતિ અત્યાચાર નિવારણ અધિનિયમ-૧૯૮૯ અંતર્ગત જાહેર થયેલ નિયમો અન્વયે સહાયની રકમમાં વધારો કરવામાં આવેલ છે. તથા આ બાબતે નિયમિત પણે રાજ્ય કક્ષા, જીલ્લા કક્ષાએ તેમજ તાલુકા કક્ષાએ જરૂરી બેઠકો મળે છે.

**સમાજ સુરક્ષા ક્ષેત્રે**

5.23 સમાજ સુરક્ષા ક્ષેત્રે ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજનાના ૫.૧૫ લાખ લાભાર્થીઓને રૂ. ૨૬,૯૦૩.૨૩ લાખની સહાય ડી.બી.ટી મારફત ચુકવવામાં આવેલ છે.

5.24 **ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વિકલાંગ પેન્શન યોજના** હેઠળ ૮,૯૦૦ દિવ્યાંગોને રૂ. ૪૨૭.૨૦ લાખની સહાય ચુકવેલ છે.

5.25 રાજ્ય સરકારની નિરાધાર વૃધ્ધ પેન્શન યોજનાના ૭૮,૦૦૦ લાભાર્થીઓને રૂ. ૨,૯૭૮.૩૦ લાખની સહાય અને **સંત સુરદાસ વિકલાંગ પેનશન** યોજનાના ૩૪,૦૦૦ લાભાર્થીઓને રૂ. ૧,૬૮૦.૩૦ લાખની સહાય ડી.બી.ટી. મારફત ચુકવવામાં આવેલ છે.

5.26 રાજ્યના ૨૮ જેટલા વૃધ્ધાશ્રમોમાં ૧,૩૫૦ જેટલા અંતેવાસીઓને નિભાવ માટે રૂ. ૯૨.૦૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

5.27 રાજ્યના દિવ્યાંગ વિદ્યાર્થીઓને ડીજીટલ ગુજરાત પોર્ટલ મારફત શિષ્યવૃતિમાં ૫,૦૨૧ વિદ્યાર્થીઓને રૂ. ૮૩.૦૦ લાખની શિષ્યવૃત્તિની સહાય ચુકવવામાં આવેલ છે.

5.28 રાજ્યના ૯૯,૨૩૭ દિવ્યાંગજનોને રાજ્ય માર્ગ પરિવહન નિગમની તમામ બસોમાં વિના મુલ્યે આજીવન મુસાફરી પાસ ઈસ્યુ કરેલ છે.

5.29 રાજ્યના ૫૫૧ દિવ્યાંગજનોને લગ્ન સહાય સ્વરૂપે રૂ. ૨૩૧.૦૦ લાખની સહાય ચુકવેલ છે.

5.30 રાજ્યના સંભાળ અને જરૂરિયાતવાળા નિવાસી બાળકોને સંકલિત બાળ સુરક્ષા યોજના અંતગર્ત ૧૨૫ બાળગૃહોમાં સંસ્થામાં ૪,૪૮૮ જેટલા બાળકોને આશ્રય આપી તેમના પુનઃસ્થાપન, તબીબી સહાયની વ્યવસ્થા કરવામાં આવેલ છે. તેમના માટે રૂ. ૨,૫૦૦.૦૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

5.31 રાજ્યના અનાથ બાળકોને પાલક-માતા પિતા યોજના અંતગર્ત ૬,૦૦૦ જેટલા બાળકોને સંસ્થાને બદલે તેમના કુટુંબમાં જ પુનઃસ્થાપન અર્થે રૂ. ૧,૪૦૦.૦૦ લાખની માસિક સહાય ચુકવવામા આવેલ છે.

********

# પ્રકરણ-૬

# જેન્ડર ફોકસ

## મહિલા અને બાળ વિકાસ

### પુર્વ ભૂમિકા

6.1 જેન્ડર ફોકસ એટલે માત્ર મહિલાઓ કે પુરૂષો પર ધ્યાન કેન્દ્રિત કરવું એમ નહિ પરંતુ એક એવી પધ્ધતિ છે કે જે દ્વારા મહિલાઓ તેમના જીવન પર સંપૂર્ણ પ્રભુત્વ પ્રાપ્ત કરી શકે. તેમાં જાગૃતિ વધારવી, આત્મવિશ્વાસ વધારવો, પસંદગીઓનું વિસ્તૃતિકરણ જરૂરીયાતના સ્ત્રોતો ઉપર નિયંત્રણ અને પ્રભુત્વ તેમજ સમગ્ર સમાજને પરિવર્તિત કરવાના પગલાંનો સમાવેશ થાય છે. રાજ્ય સરકાર મહિલાઓ અને બાળકોના અધિકારો બાબતે અને જેન્ડર સમાનતા, વિકાસ નીતિઓને પીઠબળ આપીને કાયદાકીય માળખા અને સંસ્થાકીય એકમો દ્વારા મહત્વનો ભાગ ભજવી શકે છે.

6.2 શિક્ષણ, તાલીમ, આત્મવિશ્વાસ વધારવા અને સશક્તિકરણ બાબતે મહિલાઓ અને બાળકો પર વિષેશ મહત્વ આપવું એ સમગ્ર સમાજના વિકાસ માટે આવશ્યક છે. મહિલા સશક્તિકરણ લાવે તેવા વિશેષ પ્રકારના કાર્યક્રમો સીવાય માત્ર નીતિ દ્વારા નિર્ધારીત ફળો પ્રાપ્ત કરી શકાતા નથી.

### પોષણ

6.3 મિશન બલમ સુખમ – આઇ.સી.ડી.એસ. મિશનએ લાભાર્થીલક્ષી પોષણ કાર્યક્રમ છે. આ યોજનામાં નીચે પ્રમાણે વધાર્યા છે.

- પૂરક પોષણ
- રસીકરણ
- આરોગ્ય તપાસ
- સંદર્ભ સેવાઓ
- પૂર્વ પ્રાથમિક શિક્ષણ
- આરોગ્ય અને પોષણ વિષયક શિક્ષણ

6.4 સરકારે પૂરક પોષણ માટેની દૈનિક ખર્ચ મર્યાદા અને કેલરી-પ્રોટીનની માત્રાનાં ધોરણો નીચે મુજબ છે.

- ૬ માસથી ૬ વર્ષના સામાન્ય વજનવાળા બાળકોને પ્રતિ લાભાર્થી પ્રતિ દિવસ રૂ.૬.૦૦ ના ખર્ચની મર્યાદામાં ૫૦૦ કેલરી અને ૧૦-૧૨ ગ્રામ પ્રોટીન મળી રહે તે મૂજબ પૂરક પોષણ આપવામાં આવે છે. જેમાં ૫૦% કેન્દ્ર સરકારના અને ૫૦% રાજ્ય સરકારના હિસ્સા મૂજબ રૂ.૩.૦૦ રાજ્ય સરકાર અને રૂ.૩.૦૦ કેન્દ્ર સરકાર ખર્ચ કરવાનો થાય છે. જે તા. ૬/૧૦/૨૦૧૭ ના ઠરાવથી કેન્દ્ર સરકાર દ્વારા પ્રતિ દિન પ્રતિ લાભાર્થી રૂ. ૮.૦૦ મંજૂર કરેલ છે.

- ૬ માસથી ૬ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકો ને પ્રતિ દિન પ્રતિ લાભાર્થી રૂ. ૯/- ની મર્યાદામાં ૮૦૦ કેલરી અને ૨૦-૨૫ ગ્રામ પ્રોટીન આપવામાં આવે છે. હાલમાં તા. ૬/૧૦/૨૦૧૭ થી ભારત સરકાર દ્વારા રૂ. ૧૨/- ની મર્યાદામાં ખર્ચ મંજૂર કરવામાં આવેલ છે. પુરક પોષણ યોજના માટે ૫૦% -૫૦% સેરીંગ પેટર્ન પ્રમાણે રૂ. ૬/- રાજ્ય સરકાર દ્વારા અને રૂ. ૬/- કેન્દ્ર સરકાર દ્વારા ખર્ચ કરવાનો રહેશે.
- સગર્ભા અને ધાત્રી માતા માટે પ્રતિ-દિન પ્રતિ લાભાર્થી રૂ. ૭/- ની મર્યાદા ૧૮-૨૦ ગ્રામ પ્રોટીન અને ૬૦૦ કેલરી મળી રહે તે મુજબ પૂરક- પોષણ આપવાનું થાય છે. હાલમાં તા.૬/૧૦/૨૦૧૭ થી ભારત સરકાર દ્વારા નાણાકિય ધોરણો સુધારી રૂ. ૯.૫૦ /- કરેલ છે. પૂરક પોષણ યોજના માટે ૫૦% -૫૦% સેરીંગ પેટર્ન પ્રમાણે રૂ.૪.૭૫ રાજ્ય સરકાર દ્વારા અને રૂ.૪.૭૫/- કેન્દ્ર સરકાર દ્વારા ખર્ચ કરવાનો રહેશે.

**રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવેલ નવતર પગલાં**

**પૂરક પોષણ માટે**

- સુક્ષ્મપોષણ તત્વોયુકત ટેક હોમ રેશન
- ત્રીજું ભોજન
- અન્નપ્રાશન દિવસ
- પૂરક પોષણમાં વિકેન્દ્રીકરણના ભાગ રૂપે માતૃમંડળ દ્વારા ફળ, ગરમ નાસ્તો તથા સુખડી ઉપલબ્ધ કરાવવા.
- ૫ જિલ્લા ના ૧૦ ઘટકમાં સ્પોટ ફિડીંગ યોજના અંતર્ગત એક સમય પુરુ ભોજન આંગણવાડી ઉપર સગર્ભા ધાત્રી માતા ને આપવા માં આવે છે.

**પૂર્વ પ્રાથમિક શિક્ષણ માટે**

- “પૂર્વ પ્રાથમિક શિક્ષણ કીટ” આંગણવાડી કેન્દ્રોમાં પૂરી પાડવી.
- નેશનલ ઈ.સી.સી.ઈ કરિક્યુલમ પ્રમાણે– ગુજરાતની આંગણવાડી માટે ઈ.સી.સી.ઈ અભ્યાસક્રમ તૈયાર કરી અમલ કરવામાં આવેલ છે.
- આંગણવાડી વર્કર માટેની એક્ટિવિટી બેન્ક, અને બાળકો માટેની એક્ટિવિટી બુક તૈયાર કરવામાં આવેલ છે.
- બાળકના સર્વાંગી વિકાસની દેખરેખ માટે ડેવલપમેન્ટલ અસેસમેંટ ટૂલ બનાવવામાં આવેલ છે.

**આંગણવાડી કાર્યકર અને તેડાગર કાર્યકરને પ્રોત્સાહન**

- આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનો માટે સાડી
- આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનો માટે મહેનતાણામાં વર્ષ:૨૦૧૭-૧૮ માં બે વખત વધારો કરવામાં આવેલ છે. એટલે હવે આંગણવાડી કાર્યકર ને રૂ. ૬,૩૦૦/-, તેડાગર ને રૂ.૩,૨૦૦/- અને મીની આંગણવાડી કાર્યકર ને રૂ. ૩,૬૦૦/- નુ માનદવેતન કરવામાં આવેલ છે.
- આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને જોબ તથા રિફ્રેશર તાલીમ આપવા માટે મોડ્યુલ્સ તૈયાર કરવામાં આવેલ છે.
- માતા યશોદા પુરસ્કાર.
- માતા યશોદા ગૌરવ નિધિ વીમા યોજના.

**આંગણવાડી કેન્દ્રની માળખાકીય સુવિધા**

- મોબાઇલ આંગણવાડી વાન
- આંગણવાડી કેન્દ્રોનાં મકાનોનું બાધકામ
- આંગણવાડી કેન્દ્રોનાં મકાનોની મરામત
- આંગણવાડી કેન્દ્રોનાં મકાનોનું વિજળીકરણ,પાણી,સેનીટેશન
- આંગણવાડી કેન્દ્રોમાં ગેસ જોડાણ, સગડી અને ઇડલી કુકર

**સબલા અને કિશોરી શક્તિ યોજના**

- કિશોરીઓ માટે કિશોરી જાગૃતતા અભિયાનની શરૂઆત ઓગસ્ટ-૧૭ થી ૫ તબક્કામાં કરવામાં આવેલ છે. "કિશોરી દિવસ, પોષણ શિક્ષણ, આરોગ્ય શિક્ષણ, જીવન કૌશલ્ય શિક્ષણ, કિશોરી દિવસ". જેના અત્યાર સુધીમાં ત્રણ તબક્કા પૂર્ણ થયેલ છે.
- જેમાં ૧૨,૭૩,૬૭૩ નોંધાયેલ કિશોરીઓમાંથી ૮,૬૦,૫૯૩ કિશોરીઓનું **BMI** અને ૭,૩૮,૮૪૫ કિશોરીઓનું **HB** (હિમોગ્લોબીન)તપાસ કરવામાં આવેલ છે.
- આરોગ્ય શિક્ષણ હેઠળ ૩૬,૬૧૩ આંગણવાડી કેન્દ્રો ખાતે ૮,૭૨,૮૪૧ કિશોરીઓને આરોગ્ય શિક્ષણ આપવામાં આવેલ છે.
- પોષણ શિક્ષણ હેઠળ ૩૫,૨૭૧ આંગણવાડી ખાતે ૮,૬૦,૪૯૭ કિશોરીઓને પોષણ શિક્ષણ આપવામાં આવેલ છે.
- જીવન કૌશલ્ય શિક્ષણ જાન્યુઆરી-૨૦૧૮માં એક દિવસ યોજવામાં આવેલ.

**0 થી ૫ વર્ષના બાળકોની આધાર નોંધણી**

- ૧૯/૧૨/૨૦૧૬ નાં રોજ મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષ સ્થાને મહિલા અને બાળ વિકાસને Unique Identification Authority Of India દ્વારા રજિસ્ટ્રાર તરીકે નિમણુંક કરવામાં આવેલ છે.
- ૦ થી ૫ વર્ષના બાળકોની આધાર નોંધણી માટે મુખ્ય સેવિકાને એક ટેબ્લેટ, ફિંગર પ્રિંટ મશિન સાથે વોડાફોનના સિમ ઇન્ટરનેટ કનેક્ટીવીટી સાથે આપવામાં આવેલ છે.
- મુખ્ય સેવિકા દ્વારા તેમનાં સેજા અથવા બ્લોકમાં આંગણવાડી કક્ષાએ ૦ થી ૫ વર્ષના બાળકોની આધાર નોંધણી કરવામાં આવે છે. તે બદલ તેમને પ્રોત્સાહન પેટે મુખ્ય સેવિકાને રૂ. ૧૫, આંગણવાડી વર્કરને રૂ. ૫.૦૦ અને આંગણવાડી હેલ્પરને પણ રૂ. ૫.૦૦ આપવામાં આવે છે.
- મહિલા અને બાળ વિકાસ દ્વારા કુલ ૯.૩૦ લાખ બાળકોની આધાર નોંધણી કરવામાં આવેલ છે. તેમાંથી ૭.૦૫ લાખ બાળકોના આધાર જનરેટ થઇ ચુકેલ છે. Unique Identification Authority of India ના આધાર કવરેજ રીપોર્ટ પ્રમાણે તા: ૨૬/૧૨/૨૦૧૭ સુધીમાં ૫૨.૩૩% બાળકો સંપૂર્ણ ગુજરાતમાં આધાર કાર્ડ ધરાવે છે.

6.5 સંકલિત બાળ વિકાસ સેવા યોજના હેઠળ વર્ષ ૨૦૧૭-૧૮માં કુલ ૩૩૬ ઘટકો અને ૫૩,૦૨૯ આંગણવાડી કેન્દ્રો મંજુર કરવામાં આવ્યા છે. કુલ ૩૩૬ ઘટક પૈકી ૮૩ ઘટકો આદિજાતિ વિસ્તારોમાં, ૨૩ ઘટકો શહેરી અને ૨૩૦ ઘટકો ગ્રામ્ય વિસ્તારોમાં મંજુર કરવામાં આવેલ છે. નવેમ્બેર-૨૦૧૭ના અંત સુધીમાં ૩૩૬ ઘટકો અને ૫૩,૦૨૯ આંગણવાડી કેન્દ્રો કાર્યાન્વિત થયેલ છે. જેમાં ૪૪.૫૦ લાખ લાભાર્થીઓને આવરી લેવામાં આવ્યા છે.

6.6 મિશન બલમ સુખમ – આઇ.સી.ડી.એસ. મિશન માટે વર્ષ ૨૦૧૮-૧૯ માં રૂ.૨,૬૨,૭૩૪.૬૩ લાખની જોગવાઇ પોષાણ માટે કરવામાં આવી છે.

**મહિલા વીંગ**

6.7 કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીની સ્થાપના ઓકટોબર-૧૯૮૮થી કરવામાં આવેલ છે. અને તે મહિલા અને બાળ વિકાસ વિભાગના નિયંત્રણ નીચે મહિલા વિકાસની પ્રવૃતિઓ માટે કાર્યરત છે.

**યોજનાઓના મુખ્ય ધ્યેયો**

- મહિલાઓમાં સામાજિક, આર્થિક, કૌટુંબિક અને કાયદાકિય પ્રશ્નોમાં માર્ગદર્શન પુરૂ પાડવું.
- સરકારી, બિન સરકારી, ઔદ્યોગિક ગૃહોમાં ઉપલબ્ધ રોજગારીની જાણકારી આપવી તેમજ વધુમાં વધુ રોજગારીની તકો ઉપલબ્ધ થાય તેવા પ્રયત્નો કરવા.
- દહેજ, મહિલા અત્યાચાર, ભરણ પોષણ, કુટુંબ કલેશ, પતિ-પત્નિના કૌટુંબિક વિખવાદો તથા અન્ય સામાજિક પ્રશ્નોમાં અટવાઈ ગયેલ, મુંઝવાયેલ મહિલાઓને માર્ગદર્શન અને કાનુની સહાય દ્વારા પ્રશ્નોમાં ઉકેલ માટે પ્રયત્નો કરવા, કેન્દ્રએ કાનુની સત્તા મંડળના સહયોગમાં કાનુની સહાય કરવી.

**મલ્ટી પર્પઝ વિમેન વેલ્ફેર સેન્ટર ( વિવિધલક્ષી મહિલા માર્ગદર્શન કેન્દ્ર)**

6.8 મહિલા અને બાળ વિકાસ કમિશ્નર કચેરી હેઠળ મહિલા માર્ગદર્શન કેન્દ્ર, કાનુની સલાહ કેન્દ્ર અને યુવતિ વિકાસ કેન્દ્ર નામની ત્રણ યોજનાઓ મહિલા કલ્યાણ ક્ષેત્રે સ્વૈચ્છિક સંસ્થાઓ મારફત સંચાલનો કરતી હતી.

6.9 ઉપરોકત ત્રણેય યોજનાઓનો હેતુ સુમેળે બર આવે તે આશયથી ત્રણેય યોજનાઓ હેઠળ ચાલતા કેન્દ્રોનું એકત્રીકરણ કરીને તમામ કેન્દ્રો એક બીજાના સંકલનમાં રહી મહિલા કલ્યાણમાં વિવિધ વૃતિઓ હાથ ધરે અને માર્ગદર્શન પુરુ પાડે તે માટે જિલ્લા કક્ષાએ નોડલ સેન્ટર જિલ્લા વિવિધલક્ષી અને તાલુકા સ્થળે તાલુકા વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રો સ્થાપવાની યોજના હાથ ધરાયેલ છે. જિલ્લા કક્ષાએ કેન્દ્રોને રૂ. ૨.૫૧ લાખ અને તાલુકા કક્ષાએ રૂ. ૧.૮૨ લાખનું અનુદાન આ યોજના હેઠળ આપવામાં આવશે. સ્વૈચ્છિક સંસ્થાઓએ દરેક પ્રવૃતિઓ માટે ૨૫ ટકા ખર્ચ લોક ભાગીદારીથી ભોગવવાનો રહેશે.

6.10 આ યોજનાનો અમલ ઓગસ્ટ ૨૦૦૬થી થતાં હાલમાં ૨૬૫ તાલુકા વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર તથા ૩૪ જિલ્લા વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રો મળી કુલ ૨૯૯ કેન્દ્રો કાર્યરત છે સને ૨૦૧૮-૧૯માં કુલ ૩૧૯ કેન્દ્રો કાર્યરત થશે.

6.11 આ યોજનાઓનું અમલીકરણ રાજ્યમાં તમામ તાલુકા તથા જિલ્લા મથકે કરવાનું થતું હોઈ, સને વર્ષ ૨૦૧૮-૧૯માં બાકી રહેતાં તાલુકા મથકોએ વિવિધલક્ષી મહિલા કેન્દ્રો તથા જિલ્લા મથકો શરૂ કરવામાં આવશે.

6.12 આમ વિવિધલક્ષી મહિલા કલ્યાણ યોજના માટે રૂ. ૬૦૬.૧૮ લાખ તેમજ જેન્ડર રીસોર્સ સેન્ટર માટે રૂ. ૫૦૨.૩૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. આમ, વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રો અને જેન્ડર રીસોર્સ સેન્ટર સાથે મળી કુલ રૂ. ૧૧૦૮. ૪૮ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

**નિરાધાર વિધવાઓને પુન:સ્થાપન માટે નાણાંકીય સહાય**

6.13 ૧૮ વર્ષથી ઉપરની વિધવાને જેના કુટુંબની શહેરી વિસ્તારમાં વાર્ષિક આવક રૂ. ૬૮,૦૦૦ અને વ્યક્તિગત ગ્રામ્ય વિસ્તારમાં વાર્ષિક આવક રૂ. ૪૭,૦૦૦ થી ઓછી છે અને જેને ૨૧ વર્ષ કે તેથી વધુ વયનો દિકરો ધરાવતા ન હોય તેમને નાણાંકીય સહાય તરીકે માસિક રૂ. ૧,૦૦૦ સહાય પોસ્ટ ઓફિસ બચત ખાતા મારફતે લાભાર્થીના ખાતામાં જમા કરવામાં આવે છે.

6.14 સને ૨૦૧૭-૧૮ના વર્ષમાં ૧,૫૩,૫૭૫ વિધવાઓને આ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૮-૧૯ માટે રૂ. ૨૪,૧૪૦.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

6.15 ૧૮ થી ૪૦ વર્ષની વય ધરાવતી નિરાધાર વિધવાઓના પુન:સ્થાપન માટે ૪ વર્ષના સમય ગાળામાં આત્મનિર્ભરતા માટે વ્યવસાયલક્ષી તાલીમ આપી રૂ. ૫૦૦૦ના માર્જિન મની કે સાધન

રૂપે આપવાની યોજના અમલમાં છે. વર્ષ ૨૦૧૮-૧૯ માટે રૂ.૧,૨૬૦.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

**ગુજરાત રાજય મહિલા આયોગ**

6.16 ગુજરાત રાજય મહિલા આયોગ સને ૨૦૦૨ નાં અધિનિયમ અંતર્ગત ૨૦૦૫થી કાર્યરત છે. આયોગનું મુખ્ય કામ મહિલાઓના બંધારણીય હકકોની સુરક્ષાનું છે અને તે મહિલાઓની આર્થિક, સામાજીક અને શૈક્ષણિક દરજજામાં સુધારો આવે તે માટે પ્રયત્નશીલ રહે છે.

6.17 મહિલા આયોગ વૈધાનિક સંસ્થા છે તેનું કામ કરવા માટે સીવીલ કોર્ટની સત્તાઓ એનાયત થયેલ છે. જે અન્વયે મહિલાઓના પ્રશ્નો અને મુશ્કેલીના નિવારણનું કામ કરે છે અને સરકારને મહિલાઓના પ્રશ્નો અંગે નિતિ વિષયક ભલામણો કરે છે.

6.18 બધા જ ક્ષેત્રમાં મહિલા સશક્તિકરણ માટે આયોગ કટિબધ્ધ છે. આથી મહિલાઓના રાજકીય સશક્તિકરણના ભાગરૂપે આયોગ તરફથી પંચાયતોમાં અને મહાનગર પાલિકાઓ અને નગરપાલિકાઓમાં ચુંટાયેલા મહિલા પ્રતિનિધિઓ માટે મહિલા વિષયક કાયદાકીય જાગૃતિ શિબિરનું આયોજન કરે છે. આ કાર્યક્રમ હેઠળ અત્યાર સુધી ૭૦ શિબિરો યોજવામાં આવી છે તેમજ ૩૫,૦૦૦ પ્રતિનિધિઓને આવરી લેવામાં આવેલ છે.

6.19 નારી અદાલત એ બહેનોનું, બહેનો માટે અને બહેનો દ્વારા ચલાવાતું એક બિનઔપચારિક માળખું છે. જે બહેનો માટે એક વૈકલ્પિક ન્યાય પ્રણાલી પુરી પાડે છે. મહિલાઓમાં આ અંગેની જાગૃતિ વધે તે માટે તાલુકા કક્ષાના સેમિનારોનું આયોજન કરવામાં આવે છે. નવેમ્બર-૨૦૧૭ સુધીમાં ૧૭૦ નારી સંમેલન કરવામાં આવેલ છે. જેમાં ૭૦,૦૦૦ થી વધુ બહેનોને જ્ઞાનાન્વિત કરવામાં આવેલ છે.

6.20 યુનિર્વસીટીના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને મહિલાઓને લગતા કાયદાઓ અને મહિલાઓને સંબધિત અધિનિયમ અને હક્કોની જાણકારી ખૂબ મહત્વની બાબત છે. જેથી રાજય સરકારે વિવિધ યુનિર્વસીટીઓમાં કાયદા શિબિરનું આયોજન કરવાનું નકકી કરેલ છે. આયોગ દ્વારા ૧૧ કાયદા શિબિરનું આયોજન કરી ૧૧,૦૦૦ વિદ્યાર્થીઓને પ્રોગ્રામમાં સામેલ કરવામાં આવ્યા છે.

6.21 રાજયમાં બિનનિવાસી ભારતીય સાથે લગ્ન કરતી બહેનોની સમસ્યાના નિવારણ માટે એક ખાસ એન.આર.આઇ. સેલની સ્થાપના કરવામાં આવી છે. નવેમ્બર-૧૭ સુધીમાં ૧૨૫ અરજીઓ મળેલ છે. જેની ચકાસણી કરીને જરુરી ભલામણ સાથે રાષ્ટ્રીય મહિલાને મોકલવામાં આવે છે.

6.22 મહિલાઓને આર્થિક, સામાજીક અને શૈક્ષણિક ન્યાય મળે તથા તેમના બંધારણીય હક્કોની સુરક્ષા થાય તે દિશામાં કાર્ય કરવા માટે વર્ષ ૨૦૧૮-૧૯ના વર્ષ માટે રૂ. ૮૧૪.૨૩ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.

**નારી અદાલત**

**6.23** નારી અદાલત બહેનો માટે બહેનોની બનેલી, બહેનો દ્વારા ચાલતી નારી અદાલતોનુ માળખું છે. ગ્રામ્ય કક્ષાએ સરળ અને પારદર્શક અને બિન ખર્ચાળ રીતે બહેનો પોતાના પ્રયત્નો મેળે હલ કરી શકે તે માટેની વૈકલ્પિક પ્રણાલિકા પુરી પાડે છે.

**6.24** આ કાર્યક્રમનાં સિમાચિન્હ રૂપે વિકાસ કાર્યક્રમ અન્વયે સમગ્ર રાજયમાં નારી અદાલતો શરૂ કરવાનું નક્કી કરેલ છે. જે અન્વયે સને ૨૦૧૨-૧૩નાં નાણાંકીય વર્ષમાં ૪૨ સને ૨૦૧૩-૧૪ના વર્ષમાં ૫૦, ૨૦૧૪-૧૫નાં નાણાંકીય વર્ષમાં ૫૦ નારી અદાલતો, સને-૨૦૧૫-૧૬નાં વર્ષમાં ૨૦ નારી અદાલતો, તથા સને-૨૦૧૬-૧૭માં ૭૫ નારી અદાલતો અને મહિલા સામખ્ય સંચાલિત ૩૩ નારી અદાલતો શરૂ કરવા જોગવાઇ કરેલ છે. રાજયમાં હાલ ૨૫૭ નારી અદાલત કાર્યરત છે.

**6.25** આ અંગે વર્ષ-૨૦૧૮-૧૯ના વર્ષમાં ચાલુ બાબત તરીકે રૂ. ૬૦૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.

********

# પ્રકરણ – ૭

# વિકેન્દ્રિત વિકાસમાં માનવ વિકાસ અભિગમ

7.1 માનવ વિકાસની સંકલ્પના ૧૯૮૦ ના દાયકામાં, આર્થિક વૃદ્ધિને વિકાસનો માપદંડ માપવા પર મૂકવામાં આવેલા ભારના પ્રતિભાવ રૂપે નીપજી છે. જે માનવને વિકાસના કેન્દ્ર સ્થાને મૂકે છે. તેમાં ખાસ કરીને પરિવર્તનની પ્રક્રિયામાં નબળા વર્ગોની સહભાગિતા અને વિકાસના લાભો સરખે ભાગે વહેંચવાનો વિચાર માનવ વિકાસના કેન્દ્ર સ્થાને છે.

7.2 માનવ વિકાસ લોકો માટે, તેઓની પસંદગીની તકો વિસ્તારીને જીવનને સંપૂર્ણ રીતે સ્વતંત્રતા અને ગરિમા સાથે જીવવાની, તેમજ સર્જનાત્મક જીવન જીવવા વિષે છે. આર્થિક વિકાસ મહત્વનો છે, પરંતુ એ સાધન છે, સાધ્ય નહીં. મૂળભૂત રીતે માનવ ક્ષમતા વિસ્તારવા લોકો જો ધારે તો તેમની ક્ષમતાનો વ્યાપ વિસ્તારી શકે છે, માનવ વિકાસ માટેની સૌથી પાયાની ક્ષમતાઓમાં દિર્ઘ અને સ્વસ્થ જીવન, શિક્ષિત થવું, પોતાના સમુદાયના જીવનમાં સહભાગી બનવા માટેની નાગરિક સ્વતંત્રતાઓનો સમાવેશ થાય છે.

7.3 સામાન્ય રીતે વિકાસના માપદંડ માટે સકલ ઘરગથ્થુ ઉત્પાદન અને માથાદીઠ આવકને ગણતરીમાં લેવામાં આવે છે. આર્થિક વૃદ્ધિ થવાથી વિકાસના લાભો સમાજના તમામ વર્ગો સુધી સપ્રમાણમાં આપમેળે પહોંચશે તેવો ગર્ભિત ખ્યાલ સેવવામાં આવે છે, પરંતુ રાષ્ટ્ર / રાજયનું ઘરગથ્થુ ઉત્પાદન એ રાષ્ટ્ર / રાજયની સમૃદ્ધિ વિશેનો માત્ર બહોળો ખ્યાલ આપે છે, પરંતુ તેનાથી રાજયના અલગ અલગ વિસ્તારની વિષમતાઓનો સચોટ ખ્યાલ મળતો નથી. આમ, આર્થિક વૃદ્ધિ દર અને સમાજના સર્વાંગી વિકાસની વચ્ચે સીધો સહસબંધ નથી અને માથાદીઠ આવકની વહેંચણી ગરીબ અને શ્રીમંત વચ્ચેના ભેદનો સચોટ ખ્યાલ આપી શકતી નથી.

7.4 આ સંદર્ભમાં, રાજયના લોકોની સુખાકારી સાથે સંકળાયેલ સામાજિક ક્ષેત્રોનો વિકાસ રાજ્યના માનવ વિકાસ માટે ચાવીરૂપ બની જાય છે. માનવ વિકાસ સૂચકાંક એ ત્રણ નિદર્શકોનો એકત્રિત સ્વરૂપે બનેલો સૂચકાંક છે. જેમાં

- તંદુરસ્ત દિર્ઘ આયુષ્ય (જન્મ સમયે અપેક્ષિત આયુષ્ય)
- શિક્ષણ (પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ માટેના સંયુક્ત એકંદર નામ નોંધણી દર અને પ્રૌઢ સાક્ષરતા દર) અને
- માથાદીઠ આવક અને વાસ્તવિક વપરાશ ખર્ચ
- આ ત્રણેય નિદર્શકોને સમાન મૂલ્યભાર આપવામાં આવેલ છે.

7.5 સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ (**UNDP**) - વર્ષ ૨૦૧૬ના પ્રસિદ્ધ થયેલ અહેવાલ મુજબ વર્ષ - ૨૦૧૫ માં કુલ ૧૮૮ દેશો પૈકી માનવ વિકાસ સૂચકાંકમાં ભારતનો ક્રમ ૧૩૧મો છે. માનવ વિકાસ સૂચકાંક વર્ષ ૨૦૧૪માં જે ૦.૬૧૫ હતો, તે વધીને વર્ષ ૨૦૧૫ માં ૦.૬૨૪ થયેલ છે, જે સદર સમયગાળા દરમિયાન ૧.૪૬ ટકાનો વધારો દર્શાવે છે.

7.6 ભારત સરકારના આયોજન પંચ (હાલમાં નીતિ આયોગ) દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ "ભારત માનવ વિકાસ અહેવાલ - ૨૦૧૧" મુજબ, ગુજરાત માનવ વિકાસ સુચકાંકનું મૂલ્ય વર્ષ : ૧૯૯૯-૨000 માં ૦.૪૬૬ હતો, જે વધીને વર્ષ ૨૦૦૭-૦૮ માં ૦.૫૨૭ થયેલ છે, જે આ સમયગાળા દરમિયાન ૧૩ ટકાની વૃદ્ધિ દર્શાવે છે. વર્ષ ૧૯૯૯ - ૨000 ના માનવ વિકાસ સૂચકાંકના આવક, આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્ર સામે વર્ષ ૨૦૦૭ - ૦૮ માં અનુક્રમે ૧૫ ટકા, ૧૩ ટકા અને ૧૩ ટકાની વૃદ્ધિ થયેલ છે.

**ગુજરાત – માનવ વિકાસ અભિગમ**

7.7 ગુજરાત માનવ વિકાસના બધાં ક્ષેત્રોમાં એક આદર્શ રાજ્ય બનવાનું ધ્યેય રાખે છે. કોઇ પણ નાત-જાત કે ધર્મના ભેદભાવ વગર ગુજરાત રાજ્યનો દરેક વ્યક્તિ:

- શિક્ષિત અને તંદુરસ્ત હોય
- તેના માથે છત હોય અને શુદ્ધ પર્યાવરણ મળે
- પીવાનું પાણી અને સ્વચ્છતાની સગવડો સુલભ હોય
- રોજગારીનું અસરકારક માધ્યમ હોય
- નિર્ભય રીતે જીવી શકે
- દરેકને સમાન તક પ્રાપ્ત થાય

7.8 રાજ્યના ચોક્કસ ભૌગોલિક વિસ્તારમાં રહેતા વિકાસથી વંચિત લોકોના માનવ વિકાસ સંદર્ભના પ્રશ્નોને લક્ષમાં રાખી સર્વાંગી વિકાસ સાધવા રાજ્ય સરકારે સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના, વનબંધુ કલ્યાણ યોજના, ગરીબ સમૃદ્ધિ યોજના અને ૪૮ વિકાસશીલ તાલુકા જેવી "ફ્લેગશીપ યોજના" અમલમાં મુકેલ છે. વધુમાં, કેટલાક "મીશન મોડ પ્રોગ્રામ" જેવા કે કન્યા કેળવણી, ગુણોત્સવ, કૃષિ મહોત્સવ, નિર્મળ ગુજરાત, કૌશલ્ય વિકાસ, નિરોગી બાળ, બાલસખા યોજના, બાલભોગ યોજના, મમતા અભિયાન, ઇ - મમતા, મા, મુખ્યમંત્રી અમૃતમ વાત્સલ્ય યોજના, ઇ–એમ્પાવર, ચિરંજીવી યોજના, કૌશલ્ય વર્ધન કેન્દ્ર, મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના વગેરે કાર્યક્રમો રાજ્યનો માનવ વિકાસ સૂચકાંક ઉંચો લઇ જવા માટે અમલમાં મુકવામાં આવેલ છે.

7.9 શિક્ષણ ક્ષેત્રે સંપૂર્ણ સાક્ષરતા દર હાંસલ કરવાના આશયથી, રાજ્ય સરકાર જુદા જુદા કાર્યક્રમ / યોજના જેવી કે પ્રાથમિક શિક્ષણ, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક, માધ્યમિક અને તકનીકી શિક્ષણને સુદૃઢ કરી રહી છે. આ માટે શિક્ષણની ગુણવત્તામાં સુધારો કરવા રાજ્ય સરકાર દ્વારા "વિદ્યાદીપ વીમો", "વિદ્યાલક્ષ્મી બોન્ડ", "વિના મૂલ્યે પુસ્તક વિતરણ", "કન્યા કેળવણી મહોત્સવ", "ગુણોત્સવ", "વિના મૂલ્યે છોકરીઓને સાઇકલ વિતરણ", "મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજના" વગેરે જેવા કાર્યક્રમો શરૂ કરેલ છે.

7.10 રાજ્ય સરકારે લોકોના જીવનધોરણમાં સુધારા કરવાના ઉદ્દેશથી "ગુજરાત સામાજિક આંતરમાળખાકીય વિકાસ સોસાયટી" (GSIDS) નામની સ્વાયત્ત સંસ્થાની રચના કરેલ છે. આ

સોસાયટી હેઠળ ૧૦ સભ્યોની ગવર્નીંગ બોડીની રચના કરવામાં આવેલ છે. જેના અધ્યક્ષ સ્થાને સચિવશ્રી (આયોજન), સામાન્ય વહીવટ વિભાગ છે.

**જિલ્લા માનવ વિકાસ અહેવાલો (DHDR)**

7.11 **GSIDS** દ્વારા રાજ્યના તમામ ૩૩ જિલ્લાના જિલ્લા માનવ વિકાસ અહેવાલ **(DHDR)** તૈયાર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૬-૧૭ માં ૧૮ જિલ્લાના જિલ્લા માનવ વિકાસ અહેવાલ **(DHDR)** પ્રસિદ્ધ કરેલ છે. વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન વધુ ૮ જિલ્લાના જિલ્લા માનવ વિકાસ અહેવાલ **(DHDR)** તૈયાર કરવામાં આવેલ છે., જે માર્ચ -૨૦૧૮ સુધીમાં આખરી કરીને પ્રસિદ્ધ કરવામાં આવશે.

7.12 વધુમાં, વર્ષ ૨૦૧૭ – ૧૮માં નવરચિત ૭ જિલ્લાના **DHDR**ને આખરી કરવાનું આયોજન કરેલ છે. આ સાત જિલ્લા પૈકી ૬ જિલ્લાના જિલ્લા માનવ વિકાસ અહેવાલના ડ્રાફ્ટ જિલ્લા કક્ષાએ કોર કમિટીની બેઠકમાં રજૂ થયેલ છે, જે હવે રાજ્ય કક્ષાની સમિતીમાં મંજુરી અર્થે રજૂ કરવામાં આવશે. તમામ સાત જિલ્લાના માર્ચ- ૨૦૧૮ સુધીમાં આખરી કરવામાં આવશે.

**જિલ્લા માનવ વિકાસ અહેવાલ (District Human Development Reports) થી જિલ્લા માનવ વિકાસ પ્લાન (District Human Development Plans) તરફ પ્રયાણ**

7.13 જિલ્લા માનવ વિકાસ અહેવાલ પરથી ગેપ એનાલિસીસના આધારે ખાસ વિસ્તાર પર ધ્યાન કેન્દ્રિત કરવાના ઉદ્દેશને હાંસલ કરવા જિલ્લા માનવ વિકાસ પ્લાન **(DHDP)** તૈયાર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. કુલ ૩૨ જિલ્લાના જિલ્લાના જિલ્લા માનવ વિકાસ પ્લાન આખરી કરેલ છે અને બાકી રહેતો ૧ જિલ્લો (દેવભૂમિ દ્વારકા ) નો **DHDP** ફેબ્રુઆરી, ૨૦૧૮ સુધીમાં આખરી કરવામાં આવશે.

**નિરંતર વિકાસના ધ્યેય (Sustainable Development Goals)**

7.14 તા.૨૫ સપ્ટેમ્બર, ૨૦૧૫ ના રોજ સંયુક્ત રાષ્ટ્રના સભ્ય દેશો દ્વારા મળેલ સમિટ “નિરંતર વિકાસ લક્ષ્યાંક – ૨૦૩૦” **(SDGs)** એજન્ડામાં ૧૭ ધ્યેય અને ૧૬૯ લક્ષ્યાંક નકકી કરેલ. રાષ્ટ્રીય સ્તરે **SDGs** - 2030 ના અમલીકરણ માટે નીતિ આયોગ એક નોડલ એજન્સી તરીકે કામ કરે છે. જે અંતગર્ત ૭ થીમેટીક વર્કીંગ ગ્રુપ દ્વારા ૧૭ ગોલ માટેનો તૈયાર કરેલ રોડમેપના રીપોર્ટને ૩ હાઇપાવર કમિટી ની બેઠકમાં આખરી કરવામાં આવેલ છે.

7.15 **GIDB** દ્વારા તૈયાર કરેલ **Vision-2030** અહેવાલ તથા આયોજન વિભાગ દ્વારા તૈયાર કરેલ **SDGs -2030** અહેવાલ એમ બંને અહેવાલ સંકલિત કરવા માટે જૂલાઇ -૨૦૧૭ માં બેઠકનું આયોજન કરેલ. તે અનુસાર, **GIDB** ની મદદથી **“Gujarat Sustainable Vision - 2030”** તૈયાર કરેલ છે. આખરી રીપોર્ટ **“Gujarat Sustainable Vision - 2030”** ના ૪ ભાગ ; **(1) Gujarat Vision 2030, (2) Achieving SDGs by 2030, (3) Targets & Strategies and (4) Action plan and Monitoring & Evaluation Framework,** જે મંજુરી હેઠળ છે અને ફેબ્રુઆરી, ૨૦૧૮ સુધીમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.

7.16 **GSIDS** દ્વારા **SDGs** ના રોડમેપના અમલીકરણ માટે **"Setting up & Operating a SDG Cell & integration with outcome Budget"** ની **professional agency** નિમણૂંક કરી **SDG Cell** ઉભુ કરવા **RFP-RFQ** પ્રસિદ્ધ કરેલ છે. જેની કામગીરી પ્રગતિ હેઠળ છે, જે ફેબ્રુઆરી, ૨૦૧૮ સુધીમાં કાર્યરત થઇ જશે.

**જિલ્લા માનવ વિકાસ પ્રોફાઇલ**

7.17 જિલ્લા માનવ વિકાસ પ્રોફાઇલમાં તાલુકા પ્રમાણે વસતિ વિષયક, આરોગ્યલક્ષી, શૈક્ષણિક, જીવનનિર્વાહ વગેરે જેવા સામાજિક ક્ષેત્રના ૧૦૦ જેટલા નિર્દેશકોની માહિતી આવરી લઇને રાજ્યના તમામ ૩૩ જિલ્લાની વર્ષ ૨૦૧૬-૧૭ ની જિલ્લા પ્રોફાઇલ તૈયાર કરી પ્રકાશિત કરવામાં આવેલ છે. આ જિલ્લા પ્રોફાઇલને વર્ષ ૨૦૧૭-૧૮ ના ડેટા સાથે અદ્યતન કરવામાં આવી રહેલ છે. અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર કચેરીના ઓનલાઇન પોર્ટલ **Gujarat Integrated Statistical System (GISS)** માં જિલ્લાની પ્રોફાઇલનું મોડ્યુલ તૈયાર કરવામાં આવેલ છે.

**તાલુકા વિકાસ પ્લાન (TDP)**

7.18 તાલુકા કેન્દ્રિત અભિગમને પ્રોત્સાહિત કરવા તેમજ પાયાના સ્તરે વિકેન્દ્રિત જીલ્લાના આયોજન માટે ગુજરાત સરકારે વર્ષ ૨૦૧૬-૧૭માં દરેક જિલ્લા દીઠ એક તાલુકા (કુલ ૩૩ તાલુકા) ના તાલુકા વિકાસ પ્લાન **(TDP)** ના તૈયાર કરવાની કામગીરી હાથ ધરેલ હતી. જાન્યુઆરી, ૨૦૧૮ અંતિત ૮૦ **TDP** તૈયાર કરવામાં આવેલ છે. જ્યારે બાકીના ૧૭ **TDP** અહેવાલ ફેબ્રુઆરી, ૨૦૧૮ સુધીમાં કરવામાં આવશે.

**માનવ વિકાસનું તાલુકા કક્ષાનું મેપીંગ (Block level Mapping of Human Development)**

7.19 **GSIDS** દ્વારા તાલુકાવાર સામાજિક ક્ષેત્રો જેવાકે, (૧) શિક્ષણ (૨) આરોગ્ય અને પોષણ અને (૩) આજીવિકાના નિર્દેશકો સામેલ કરી **"Block level mapping of Human Development"** તૈયાર કરવાની શરૂઆત કરેલ છે. તમામ ૩૩ જિલ્લાના શિક્ષણ ક્ષેત્રની માહિતી સંકલિત કરી **BISAG** ના સહયોગથી **offline Software** થી **MAPs** તૈયાર કરવામાં આવેલ છે. અને તમામ ૩૩ જિલ્લાનું **"Block level mapping of Human Development: Education"** પ્રકાશન તૈયાર કરેલ છે. જયારે તમામ ૩૩ જિલ્લાના આરોગ્ય અને પોષણ ક્ષેત્રના ડ્રાફટ અહેવાલ ફેબ્રુઆરી, ૨૦૧૮ સુધીમાં પ્રસિદ્ધ કરવામાં આવશે. આ સાથે માર્ચ-૨૦૧૮ સુધીમાં તમામ ૩૩ જિલ્લાનું આજીવિકા ક્ષેત્રનું **mapping Document** તૈયાર કરી પ્રસિદ્ધ કરવામાં આવશે.

**જાતીય સમાવર્તિત આયોજન માટેની તાલીમ(Training for Gender Inclusive Planning)**

7.20 નિતી આયોગ અને **UNDP**ના સહયોગથી સામાજિક ક્ષેત્ર સબંધી વિભાગો તેમજ જિલ્લા અને રાજ્ય કક્ષાના (આયોજન/બજેટ સાથે સંકળાયેલ) કુલ ૪૦ અધિકારીશ્રી/ કર્મચારીઓને ઓક્ટોબર, ૨૦૧૭ **"Gender Inclusive Planning"** સબંધી ત્રિદિવસીય તાલીમ આપવામાં આવેલ છે.

**ફ્લેગશીપ યોજના અંતર્ગત વિકાસશીલ તાલુકાનું અસરકારક મૂલ્યાંકન**

7.21 ફ્લેગશીપ યોજના અંતર્ગત વિકાસશીલ તાલુકાની અસર ચકાસવા માટે મૂલ્યાંકન અભ્યાસની કામગીરી હાથ ધરેલ છે, જેમાં સંબંધિત તાલુકાઓના નક્કી કરેલ નિર્દેશકોમાં હાંસલ કરેલ સિદ્ધિ અને ફાળવેલ ફંડનો ઉપયોગ બાબતનું મૂલ્યાંકન હાથ ધરવામાં આવેલ છે.

**વિષય નિષ્ણાત/તજજ્ઞોની પેનલ**

7.22 સરકારની જુદી જુદી યોજનાઓ અને પ્રોગ્રામની અસરકારકતા અને ઉપયોગિતાના મૂલ્યાંકન અભ્યાસ માટે ૨૨ વિષય નિષ્ણાંતો/તજજ્ઞોને એમપેનલ્ડ **(Empanelled)** કરવામાં આવેલ છે.

*****

# પ્રકરણ – ૮

# ઇ-ગવર્નન્સ

**8.1** રાજ્ય સરકાર સુશાસન માટે માહિતી અને પ્રૌદ્યોગિકીનો ઉપયોગ એક અસરકારક સાધન તરીકે કરે છે તેમજ સમગ્ર દેશમાં ઇ-ગવર્નન્સ પ્રોજેક્ટના અમલીકરણમાં ગુજરાત રાજ્ય હંમેશા અગ્રેસર રહેલ છે. ગુજરાત રાજ્ય મહત્વના માહિતી અને પ્રૌદ્યોગિકી સંબંધી આંતરમાળખાકિય પ્રોજેક્ટ જેવા કે, સ્ટેટ વાઇડ એરીયા નેટવર્ક **(SWAN)**, સ્ટેટ ડેટા સેન્ટર**(SDT)**, અને ઇ-ગ્રામ કોમન સર્વિસ સેન્ટર **(CSC)** સ્થાપવામાં અગ્રેસર રહે છે. તેમજ, નાગરિકો અને ઉદ્યોગોને સેવા આપવા માટે **GIS** અને મોબીલીટી સોલ્યુશન જેવા આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરે છે. વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, ઇન્ફર્મેશન ટેકનોલોજી, જીઓ-સ્પાસીયલ ટેકનોલોજી જેવી વિવિધ અદ્યતન ટેકનોલોજીના ઉપયોગ અને અમલીકરણની જવાબદારી વહન કરે છે. ઇનોવેટીવ, સર્જનાત્મક અને પરિણામદાયી નીતિઓનો અપનાવવા અને વહીવટમાં માહિતી પ્રૌદ્યોગિકીના સતત વધતા ઉપયોગથી રાજ્ય સરકારે લોકોને ખૂબ જ ફાયદો પહોંચાડેલ છે જે નેશનલ **e-Taal** પોર્ટલ પર નોંધાયેલ પુષ્કળ ઇ-ટ્રાન્ઝેક્શન પરથી જોઇ શકાય છે.

**8.2** આ યોજના હેઠળ જુદી જુદી યોજનાઓ અમલમાં છે જેવી કે,રાજ્ય સરકારના કર્મચારીઓને તાલીમ, કન્સલ્ટન્સી અને એક્સપર્ટ સર્વિસીઝ, પ્રમોશન ઓફ આઇ.ટી,સેટીંગ અપ ઓફ વિડીઓ કોન્ફરન્સીંગ/વેબસેન્ટર/પોર્ટલ વેબસાઇટ, ગુજરાત પોર્ટલ, હાર્ડવેર સોફ્ટવેર એન્ડ અધર ઇક્વિપમેન્ટસ ફોર આઈ.ટી.ડિવિઝન, ગુજરાત સ્ટેટ વાઇડ એરીયા નેટવર્ક (જીસ્વાન), લેન/વેન કનેક્ટીવિટી ઓફ **GSWAN** ઇન્ક્લુડિન્ગ અધર ડિપાર્ટમેન્ટ, ઇન્ટીગ્રેટેડ વર્ક ફ્લો એન્ડ ડેટા મેનેજમેન્ટ સિસ્ટમ **(IWDMS)** ઇન્ટિગ્રેટેડ એકસેસ કંટ્રોલ એન્ડ મેન મેનેજમેન્ટ સિસ્ટમ **(IACMMS)**, ડિઝાસ્ટર રીકવરી સાઇટ, સીટીઝન સેન્ટ્રીક કોલ સેન્ટર, મીની ડેટા સેન્ટર, મોબાઇલ વી-સેટ વાન વગેરે માટે વર્ષ ૨૦૧૮-૧૯માં રૂ. ૧૧,૪૦૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.

### ગુજરાત પોર્ટલ/ ડિજિટલ ગુજરાત – કોમન સર્વિસ પોર્ટલ

**8.3** કેન્દ્ર સરકાર દ્વારા તા: ૧૮/૦૫/૨૦૦૬ ના રોજ નેશનલ ઈ-ગવર્નન્સ પ્લાન હેઠળ ૨૭ મિશન મોડ પ્રોજેક્ટ અને ૮ કોમ્પોનેન્ટ સૂચવવામાં આવેલ છે. આ પૈકી કેન્દ્ર સરકારે આ પ્લાન હેઠળ રાજય કક્ષાએ **૧૩** મિશન મોડ પ્રોજેકટસ સૂચવવામાં આવેલ છે. તેમજ અન્ય ૭ મિશન મોડ પ્રોજેકટસ કેન્દ્ર સરકાર સાથે સંયુક્ત રીતે કાર્યરત કરવાના થાય છે.

**8.4** ડિજિટલ ગુજરાત કાર્યક્રમ અંતર્ગત વિવિધ વિભગોની નાગરિકલક્ષી સેવાઓ ઈન્ટરનેટના માધ્યમથી નાગરિકોને ઓનલાઇન ઉપલબ્ધ કરાવવા માટે એક કોમન સર્વિસ પોર્ટલ બનાવવાનો નિર્ણય રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલ છે. આ ઉદ્દેશના અમલીકરણ માટે

સાયન્સ અને ટેકનોલોજી વિભાગ દ્વારા કોમન સર્વિસ પોર્ટલ (www.digitalgujarat.gov.in) વિકસાવવામાં આવેલ છે. આ પોર્ટલ પ્રથમ તબક્કામાં ૩૦+ ઓનલાઇન સેવાઓ સાથે ૧ લી એપ્રિલ, ૨૦૧૬ ના રોજ કાર્યાન્વિત કરવામાં આવેલ છે. હાલમાં ૮૩+ જેટલી નાગરિકલક્ષી સેવાઓ આ કોમન સર્વિસ પોર્ટલ મારફતે નાગરિકોને પહોંચાડવામાં આવી રહેલ છે.

**એલોકેશન ઓફ ફંડ ફોર આઇ.ટી**

**8.5** વિભાગો અને સરકારી કચેરીઓના કોમ્પ્યુટરાઇઝેશનને રાજ્ય સરકાર અગ્રિમ પ્રાથમિકતા આપે છે. આ હેતુ માટે અન્ય વિભાગો, પોતપોતાના વિભાગમાં IT ના અમલ માટે પોતાની આયોજન જોગવાઇના આશરે ૨ થી ૩% ફાળવે છે. તેમ છતાં, સચિવાલયના વિવિધ વિભાગો કે જેમણે આઈ.ટી.ના વિકાસની જરૂરીયાતો પૂર્ણ કરવા માટે જોગવાઈ કરી ન હોય તેમજ તાકીદની કોઇ જરૂરિયાત ઊભી થઇ હોય ત્યારે તેમની આવી જરૂરિયાતો પૂરી પાડવા માટે આ વિભાગ જરુરી ભંડોળ પૂરૂં પાડે છે. આ માટે નાણાકિય વર્ષ ૨૦૧૮-૧૯ માં રૂ.૧,૦૦૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.

**સેન્ટર ફોર એક્સલન્સ**

**8.6** સેન્ટર ફોર એક્સલન્સ એ વિશિષ્ટ ઇ-ગવર્નન્સ પ્રવૃત્તિઓનું મધ્યસ્થ સંકલન તંત્ર છે. જે અંતર્ગત ઓફિસ એપ્લીકેશન, સોફટવેર ટૂલ્સ, આઈ. ટી. સંબંધિત વિવિધ ઉત્પાદનોની તાલીમ પૂરી પાડવી, સિસ્ટમ એડમિનીસ્ટ્રેશન, નેટવર્ક ડેટાબેઝ, એપ્લેકેશન સર્વિસીઝ, મોનીટરીંગ વગેરે માટેની સ્પેશીયલ ટેકનોલોજીની તાલીમ આપવામાં આવે છે. તેમજ નવી ટેકનોલોજી સોલ્યુશનને આગળ ધપાવવામાં આવે છે.

SAATHI

**8.7** રાજ્ય સરકારે સામાન્ય વહીવટ વિભાગ દ્વારા પહેલ કરીને "સાથી" એપ્લીકેશન શરૂ કરેલ છે. આ એપ્લીકેશન કર્મચારી વહીવટ, રજા સંચાલન, પગાર સંબંધી કામગીરી, બદલી અને નિમણૂકો, ભરતી અને તાલીમ, નિવૃત્તિ પ્રક્રિયા વગેરે જેવા કર્મચારીઓના માનવ સંશાધન સંબંધી રાજ્યવ્યાપી સંકલિત ડેટાબેઝ સિસ્ટમ મોડ્યુલો બનાવવા માટે સુવિધા પૂરી પાડે છે.

SWAGAT

**8.8** ૨૦૦૩થી રાજ્યમાં નાગરિકો અને ઉચ્ચ સત્તાધિકારી વચ્ચે સીધી વાતચીત શક્ય બનાવવા માટેનો આ એક નવીન વિચાર છે. આ કાર્યક્રમ ગ્રામ્ય વિસ્તાર સુધી વિસ્તારવાથી રાજ્યના ગ્રામીણ વિસ્તારના લોકોને તેમની સમસ્યાઓના ઝડપી નિરાકરણ મેળવવા માટે ઉપયોગી થયેલ છે. આ પહેલ આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી વધુ મજબૂત કરવામાં આવશે.

**ભાસ્કરાચાર્ય ઇન્સ્ટિટયૂટ ફોર સ્પેસ એપ્લીકેશન્સ એન્ડ જીઓ-ઈન્ફોર્મેટીકસ (બાયસેગ)**

**8.9** પહેલેથી જ સંસ્થાગત થયેલ ભાસ્કરાચાર્ય ઇન્સ્ટિટયૂટ ફોર સ્પેસ એપ્લીકેશન્સ એન્ડ જીઓ-ઈન્ફોર્મેટીકસ (બાયસેગ)ને વધુ મજબૂત કરવાનો ધ્યેય રાખેલ છે કે જેથી અવકાશી અને બિન-

અવકાશી માહિતી જીઆઇએસ આધારિત એકીકૃત કરી સંકલિત જરૂરિયાતો, વિશ્લેષણ અને નિર્ણય લેવા માટે ઉપયોગી થાય.

**8.10** ગુજરાત સેટકોમ નેટવર્ક (ગુજસેટ)નો દૂરવર્તી, તાલીમ, શિક્ષણ વિસ્તરણ વિગેરેના પ્રસારણ કાર્યક્રમો માટે જુદા જુદા વપરાશકારો દ્વારા બહોળા પ્રમાણમાં ઉપયોગ થઈ રહ્યો છે. આ સુવિધાનો વધુ ઉપયોગ થાય તે હેતુસર આ નેટવર્કને પંચાયત અને શૈક્ષણિક સંસ્થાઓ સુધી વિસ્તારવામાં આવેલ છે. "વંદે ગુજરાત" કાર્યક્રમ હેઠળ ૧૬ ચેનલો કાર્યરત કરવામાં આવેલ છે.

**8.11** જીઓ-ઇન્ફર્મેટિક્સ કેન્દ્ર તેની સેવાઓ હિસ્સાધારકોને વૈજ્ઞાનિક રીતે ગોઠવીને, વ્યાપક, વિવિધલક્ષી, સુસંગત, પ્રમાણિત મોટા પાયે (ગ્રામ્ય કક્ષાના) જીઓ-અવકાશી ડેટાબેઝ અને સહાયક વિશ્લેષણાત્મક સાધનો પૂરા પાડે છે. આ મહિતી પરંપરાગત નકશા, હાઇરીઝોલ્યુશન ઉપગ્રહ ચિત્રો (2D અને 3D) અને સત્તાવાર માહિતીનો ઉપયોગ કરીને બનાવવામાં આવે છે. વધુમાં, વસતિ ગણતરી અને સામાજિક-આર્થિક વિગતોનો પણ તેમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

**8.12** વિવિધ સરકારી વિભાગો રાષ્ટ્રીય / આંતરરાષ્ટ્રીય સ્તર પરિસંવાદો, કાર્યશાળાઓના આયોજન માટે બાયસેગનો સંપર્ક કરે છે, જેના માટે જરૂરી સગવડો ઉપલબ્ધ કરાવવામાં આવે છે. **SATCOM** નેટવર્ક દ્વારા દૂરવર્તી શિક્ષણનું જીવંત પ્રસારણ, કુશળતા વિકાસ કાર્યક્રમો વગેરે કોઈપણ નાણાકીય ખર્ચ વગર તમામ ઘરો સુધી પહોંચાડી શકાશે.

**સાયન્સ સીટી**

**8.13** ગુજરાત કાઉન્સીલ ઓફ સાયન્સ સીટીનું નિર્માણ તબક્કાવાર રીતે અને વિવિધ વિષય પર આધારિત પેવેલીયન્સ ધરાવતાં ષટકોણીય રચના પર વિકાસાવવામાં આવેલ છે. સાયન્સ સીટીના પ્રથમ તબક્કામાં ભારતનું પ્રથમ આઇમેકસ થ્રીડી થીયેટર, હોલ ઓફ સ્પેસ, હોલ ઓફ સાયન્સ, એનર્જી પાર્ક, ચિલ્ડ્રન એકટીવીટી સેન્ટર, મ્યુઝીકલ ફાઉન્ટેઇન, એમ્ફીથીયેટર, એલ.ઇ.ડી. સ્ક્રીન, લાઇફ સાયન્સ પાર્ક, પ્લાનેટ અર્થ, સીમ્યુલેટર રાઇડ, ઓડીટોરીયમ અને કેમ્પસમાં આવેલ ગાર્ડન વચ્ચે મૂળભૂત સુવિધાઓ જેવી કે પાર્કિંગ, અલ્પાહાર ગૃહ બનાવવામાં આવેલ છે. તેથી સાયન્સ સીટી દરેક માટે લોકપ્રિય તથા રસપ્રદ સ્થળ છે.

**8.14** ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ સીટી સમગ્ર વર્ષ દરમિયાન વિજ્ઞાનના લોકભોગ્ય/પ્રચાર માટે વિવિધ પ્રકારની સાયન્સ પોપ્યુલરાઇઝેશનના નેજા હેઠળ પ્રવૃત્તિઓ કરે છે. આ પ્રવૃત્તિઓ દ્વારા સાયન્સ સીટી વિજ્ઞાનના વિવિધ પાસાઓને જાણકારી સામાન્ય માનવ, વિદ્યાર્થીઓ, શિક્ષકો સુધી પહોંચાડે છે. સાયન્સ સીટી આ તમામ પ્રવૃત્તિઓ કે જે વિગતવાર દરખાસ્તમાં જણાવેલ છે, માટે રાજ્ય સરકાર તરફથી નાણાકિય સહાય આવશ્યક છે.

**ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (GUJCOST)**

**8.15** રાજયમાં સંશોધન અને વિકાસ (R & D)ના વાતાવરણ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ટકાઉ બનાવવા માટે Science, Technology and Innovation Policy (STI Policy) ની જાહેરાત કરવામાં આવશે.

**8.16** સર્જનાત્મક અને નવીનતમ વિચારોથી સભર વિદ્યાર્થીઓ તથા પ્રાધ્યાપકોને યોગ્ય સુવિધા પૂરી પાડવા માટે "ડીઝાઇન લેબ" ની સ્થાપના ૧૦ જુદી જુદી કોલેજો / યુનિવર્સિટી ખાતે કરવામાં આવશે.

**8.17** ગુજકોસ્ટના લોક વિજ્ઞાન કેન્દ્રો અને 3000 ગુજકોસ્ટ સાયન્સ કલબના માધ્યમથી વિદ્યાર્થીઓ માટે સેમિનાર, રૂરલ આઇટી કવીઝ, બાળ વિજ્ઞાન કોંગ્રેસ, ડ્રામા, અને શિક્ષકો માટે તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે.

**ભૂકંપ સંશોધન સંસ્થાન(ISR)**

**8.18** ઇન્સ્ટીટ્યુટ ઑફ સિસ્મોલોજીકલ રિસર્ચ પુરા ભારતમાં એકમાત્ર એવી સંસ્થા છે ફક્ત ભૂકંપીય સંશોધનને સમર્પિત છે.

**8.19** ઇન્સ્ટીટ્યુટ ઑફ સિસ્મોલોજીકલ રિસર્ચ કચેરી દ્વારા ૬૦ બ્રોડબેન્ડ સ્ટેશનો અને ૬૦ સ્ટ્રોન્ગ મોશન સ્ટેશનો વડે ગુજરાત અને આજુબાજુના રાજ્યો જેવા કે, મધ્ય પ્રદેશ અને મહારાષ્ટ્રમાં ૨૪ કલાક અને ૭ દિવસ લેખે સતત ભૂકંપીય ખતરાનું નિરીક્ષણ કરવામાં આવે છે. સિસ્મીક સ્ટેશનોથી પ્રાપ્ત થતી માહિતી દ્વારા ભૂકંપના કેન્દ્રબિંદુ અને તીવ્રતાની માહિતી એસ.એમ.એસ., ટેલીફોન, ઇ-મેલ, ફેક્ષ દ્વારા સંબંધિત અધિકારીઓને મિનિટોમાં મોકલી આપવામાં આવે છે.

**8.20** ગુજરાતમાં આવેલા ફોલ્ટની માહિતી પ્રાપ્ત કરવામાં આવેલ છે અને તેઓની લાંબા સમયના ભૂકંપોની આફતોનો અભ્યાસ કરવામાં આવેલ છે. ૨૫ જેટલા જીપીએસ સ્ટેશનો દ્વારા નાનામાં નાની જમીનની સમક્ષિતિજ હલન ચલન નોંધવામાં આવે છે. આ ઈએસ આર દ્વારા લોકોમાં ભૂકંપ પરત્વે ભય અને બિનજરૂરી ચિંતા દુર કરવા અંગે પણ જગૃતિ કાર્યક્રમો ચલાવવામાં આવે છે.

**ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશન**

**8.21** બાયોટેકનોલોજી ક્ષેત્રે પ્રોત્સાહન આપવાના હેતુથી રાજય સરકારે ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશન (જીએસબીટીએમ)ની રચના કરી છે. જે રાજયની નોડલ એજન્સી તરીકે કાર્યરત છે.

**8.22** જીએસબીટીએમ દ્વારા રિસર્ચ સપોર્ટ સ્કીમ શરૂ કરવામાં આવી છે, જેમાં રિસર્ચ પ્રોજેક્ટ્સ માટે યુનિવર્સિટીઓ / કોલેજો / રિસર્ચ ઇન્સ્ટિટ્યુશન્સને નાણાંકીય સહાય આપવામાં આવે છે. રિસર્ચ પ્રપોઝલ માટે ઓનલાઈન દરખાસ્તો માંગવામાં આવે છે અને સુસંગત પ્રસ્તાવો ભલામણ માટે ટેકનિકલ એડવાઇઝરી કમિટી સમક્ષ અને મંજૂરી માટે એક્ઝિક્યુટિવ કમિટી સમક્ષ રજૂ કરવામાં આવે છે.

**8.23** જીએસબીટીએમ દ્વારા વિવિધ ક્ષેત્રોમાં રાજય સ્તરે, રાષ્ટ્રીય સ્તરે તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે સેમિનાર/પરિસંવાદ/વર્કશૉપ/કોન્ફરન્સ/તાલીમ કાર્યક્રમો વગેરેના આયોજન માટે યુનિવર્સિટી/ કોલેજો/ રિસર્ચ સંસ્થાન/ બિન-સરકારી સંસ્થાઓને નાણાકીય સહાય આપવામાં આવે છે.

**8.24** જીએસબીટીએમ દ્વારા બાયોસેફ્ટી ક્ષેત્રમાં જાગૃતિ લાવવા 'બાયોસેફ્ટી ઓનલાઈન ટ્રેનિંગ પ્રોગ્રામ **(BOTP)**' નો ઓનલાઈન તાલીમ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે, આ તાલીમ કાર્યક્રમ સમગ્ર વર્ષ દરમિયાન ચાલે છે. જેમાં ઉમેદવારો ઑનલાઇન એપ્લિકેશન દ્વારા કોર્સમાં પ્રવેશ મેળવી શકે છે.

**ઇ-ધરા**

**8.25** વિકાસના આધુનિક યુગમાં જમીન દસ્તાવેજોની ઉપલબ્ધિ અગત્યની બની રહેલ છે. વિવિધ હેતુઓ જેવા કે, પાક ધીરાણ મેળવવું, જમીન ગીરવે મૂકવી, વીજ કનેક્શન મેળવવું, સબસીડી વગેરે માટે અદ્યતન દસ્તાવેજોનો અધિકાર **(RoR)** ની જાળવણી અગત્યની બનેલ છે. ટાઇટલની માલિકીમાં વારસાને લીધે કરવા પડતા ફેરફાર, વેચાણ, સંપાદન, વારસાઇ વગેરે ફેરફારો નોંધવા માટે જમીન દસ્તાવેજ નોંધ અગત્યની છે.

**8.26** જો કે જમીન રેકોર્ડ રાખવાની હાલની પધ્ધતિ બોજારૂપ, અપારદર્શક, સાચવણી માટે સંવેદનશીલ અને સંચાલિત કરવી મુશ્કેલ બની ગયેલ છે. મહેસૂલ વિભાગે જમીન દફતર કોમ્પ્યુટરાઇઝેશન પ્રોજેક્ટ દ્વારા ૭/૧૨ અને ૮-અ ને ડિજીટલાઇઝ કરવાની પહેલ હાથ ધરેલ. રાજ્ય સરકારે વર્ષ ૧૯૯૭-૨૦૦૨ ની પંચવર્ષીય યોજનામાં જમીન દફતર કોમ્પ્યુટરાઇઝેશનનો અમલ કરવા માટે પહેલ કરેલ છે. જેના પરિણામે ૨૬ જાન્યુઆરી ૨૦૦૪ સુધીના માત્ર ૬ મહિનામાં ૧.૫ કરોડ જેટલા જમીન રેકોર્ડને ડિજિટાઇઝ કરવામાં આવેલ હતા, મહેસૂલી અધિકારીઓની મદદથી તમામ ૨૨૫ તાલુકાઓની વિગતો ઓનલાઇન થઇ શકેલ હતી.

**8.27** જમીન દફ્તર અધિકાર આપવા માટે પહેલાં ગ્રામ્ય કક્ષાએ જાતે જાળવવામાં જમીન રેકોર્ડ પધ્ધતિ બંધ કરતા પહેલા જાહેર ચકાસણી માટે મફત નકલ વિતરણ કરવાની બાબત ખૂબ જ મહત્વની બાબત હતી. ૯૭% જમીનધારકોને કોમ્પ્યુટરાઈઝડ **RoRs** ની નકલ મફત આપવામાં આવી હતી.

**8.28** રાજ્ય સરકારે જમીન દસ્તાવેજોનું ઓનલાઇન નામબદલ કરવાના રોલ આઉટ પ્લાનનું રાજ્ય વ્યાપી અમલીકરણ શરૂ કરેલ છે. રાજ્યના તમામ ૨૨૫ તાલુકાઓમાં ઓનલાઇન નામબદલાની કામગીરી તા: ૦૧/૦૪/૨૦૦૫ થી અમલમાં છે. ઇ-ધરા કેન્દ્રોને આર્થિક મદદ કરવા માટે, ઈ-સેવા સોસાયટીની રચના તા: ૨૧/૦૪/૨૦૧૦ના ઠરાવથી રચના કરવામાં આવી છે. **ANYRoR** વેબસાઇટ પર લાખો લોકો તેમના ડ્રોઇંગ રૂમમાં બેઠા-બેઠા રીયલ ટાઇમ રેકોર્ડ જોઇ શકે છે. હાલના સમયમાં બધા જ મહત્વપૂર્ણ દસ્તાવેજો સ્કેન અને ઓનલાઇન અપલોડ કરવામાં આવ્યા છે અને રેકોર્ડ સંગ્રહનો શ્રેષ્ઠ માર્ગ હાંસલ કર્યો છે. સંબંધિત અધિકારી દ્વારા ઓર્ડરની બધી નોંધો દાખલ કરવામાં આવેલ છે જેથી રીયલ ટાઇમ માહિતી અપડેટ થયેલ છે.

**માહિતી પ્રૌદ્યોગિકી પ્રોત્સાહન યોજના**

**8.29** રાજ્ય સરકાર દ્વારા આઇટી/ આઇટીઇએસ પોલીસી-૨૦૧૬-૨૧, ઇલેક્ટ્રોનીક્સ પોલીસી, ઇ-ગવર્નન્સ પોલિસી, સ્ટાર્ટઅપ પોલીસીની જાહેરાત કરવામાં આવેલ છે. આ પોલીસીમાં ડોલર આઇટી / આઇટીઈએસ સંબંધિત ઉદ્યોગની આવક વર્ષ ૨૦૧૨ સુધીમાં $૧૦૦ બીલીયન થી વર્ષ ૨૦૧૦ સુધીમાં $૩૦૦ બીલીયન જેટલી વધારવાનો તેમજ **ICT** ક્ષેત્રે વધારાનો ૧૦૦ લાખ કુશળ માનવબળ ઉભુ કરી ઊભરતા ટેકનોલોજી અને સેવા ક્ષેત્રના વિશ્વ બજારમાં હિસ્સો પ્રાપ્ત કરવાનો લક્ષ્યાંક રાખેલ છે. નવા વિકસતા આઇટી યુનિટોને કેપીટલ સબસીડી, વ્યાજ રાહત, ઓછા વીજ દર, સ્ટેમ્પ ડ્યુટીમાં રાહત, ભાડાદરમાં સહાય વગેરે જેવી મદદ મેળવવા પાત્ર ગણવામાં આવેલ છે. આ માટે નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટે રૂ. ૪,૫૦૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.

**ઈઝ ઓફ ડુઈંગ બીઝનેસ**

**8.30** નિયંત્રક, કાનુની માપ વિજ્ઞાન તંત્ર દ્વારા ધી લીગલ મેટ્રોલોજી એક્ટ ૨૦૦૯ તથા ધી કાનુની માપ વિજ્ઞાન (અમલીકરણ) નિયમો હેઠળ આપવામાં આવતા નવા ઉત્પાદક/ વિક્રેતા/ દુરસ્તીકાર પરવાનાઓ, આ પરવાનાઓ તાજા કરવા અને તેમાં સુધારા વધારાઓ, વેપારી ઔદ્યોગિક એકમોમાં વપરાતા વજન માપના સાધનો ચોક્કસ સમયાંતરે ચકાસણી/મુદ્રાંકન અને ફેરચકાસણી મુદ્રાંકન કરી તેના પ્રમાણપત્રો આપવા તથા ધી લીગલ મેટ્રોલોજી (પેકેજ્ડ કોમોડીટીઝ) નિયમો ૨૦૧૧ હેઠળ રજીસ્ટ્રેશન અને સોર્ટર એડ્રેસ વગેરે પ્રજાકીય કામગીરી **EODB** હેઠળ ઓન લાઇન કરવામા આવે છે.

**8.31** જેને કારણે સામાન્ય નાગરિકો તેઓની ઉપરોક્ત કામગીરી માટે કચેરી સુધી ન આવતાં ઓનલાઇન મેળવી શકશે અને આ માટે ભરવાની થતી સરકારી ફી પણ ડીઝીટલ પોર્ટલ હેઠળ ભરી શકાશે.

**e-FPS**

**8.32** રાજ્યમાં પંડિત દીનદયાલ ગ્રાહક ભંડાર, સરકાર માન્ય વાજબી ભાવની દુકાનો ડિસેમ્બર-૨૦૧૭ની સ્થિતિએ કુલ ૧૭,૨૦૯ છે. **e-FPS** વાજબી ભાવની દુકાન સંચાલકોએ કોમ્પ્યુટર, પ્રિન્ટર અને ફિંગર પ્રિન્ટર ડિવાઈસ વસાવેલ છે. વાજબી ભાવની દુકાનના સંચાલકો રેશનકાર્ડ ધારકોના બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન આધારે અનાજના જથ્થાનું વિતરણ કરે છે.

**Aeps (આધાર એનેબલ પેમેન્ટ સીસ્ટમ)**

**8.33** ડિજીટલ ભારતની પહેલના ભાગરૂપે રાજયની તમામ ૧૭૨૦૯ વાજબી ભાવની દુકાનોને આધારબેઝડ પેમેન્ટ સિસ્ટમથી સમર્થ કરવામાં આવેલ છે. આ થકી જાહેર વિતરણ વ્યવસ્થામાં ડિજીટલ પેમેન્ટની સગવડો ઉપલબ્ધ કરાવવાના વ્યાપક કાર્યક્રમમાં ગુજરાત પ્રથમ રાજ્ય બન્યું છે. **Aeps** (આધાર એનેબલ પેમેન્ટ સીસ્ટમ) દ્વારા કાર્ડધારકોએ તેમને મળતા માસિક જથ્થામાં

રોકડની ચૂકવણી કરવાની જરૂર રહેતી નથી. કાર્ડધારકોના અંગૂઠાના નિશાનથી આધાર સાથે લીંક કરેલ તેના બેન્ક ખાતામાંથી બારોબાર દુકાનદારના ખાતામાં જમા થાય છે. **Aeps** દ્વારા વાજબી ભાવની દુકાનોમાં ૪૦થી વધુ ઈ-સેવાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. જેવી કે મોબાઈલ રીચાર્જ, ટીકીટ વિગેરે.

*****

## પ્રકરણ-૯

# ૨૦ મુદ્દા કાર્યક્રમ

**પ્રસ્તાવના**

9.1 ભારત સરકાર દ્વારા સને ૧૯૭૫માં ૨૦ મુદ્દા કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો. આ કાર્યક્રમમાં ૧૯૮૨, ૧૯૮૬ અને ૨૦૦૬માં સુધારા કરવામાં આવ્યા. વીસ મુદ્દા કાર્યક્રમ-૧૯૮૬ના અમલીકરણની બાબતમાં ગુજરાત દેશનું પ્રથમ હરોળનું રાજય છે. ભારત સરકાર દ્વારા પુનઃગઠિત ૨૦ મુદ્દા કાર્યક્રમ-૨૦૦૬, ૧લી એપ્રિલ-૨૦૦૭થી અમલમાં મૂકેલ છે. આ કાર્યક્રમના અમલીકરણમાં ગુજરાતે વર્ષ ૨૦૦૮-૦૯માં ૯૬% સિદ્ધિ સાથે સમગ્ર રાષ્ટ્રમાં પ્રથમ ક્રમ હાંસલ કરેલ. વર્ષ ૨૦૧૦-૧૧ના જુલાઇ-૧૦ અંતિત માસિક પ્રગતિ અહેવાલ મુજબ ૨૦ મુદ્દા કાર્યક્રમના અમલીકરણમાં ગુજરાતનો સમગ્ર દેશમાં પ્રથમ ક્રમ આવેલો. જુલાઇ-૨૦૧૦ બાદ ભારત સરકાર દ્વારા કોઇ રાજ્યને અગ્રતાક્રમ આપવામાં આવતો નથી. રાજયે વર્ષ ૨૦૧૩-૧૪માં ૯૬.૪૯% સિદ્ધિ હાંસલ કરેલ છે. રાજ્ય સરકાર ૨૦ મુદ્દા કાર્યક્રમ-૨૦૦૬ની પ્રગતિ બાબતે ખૂબજ સજાગ છે. ઉચ્ચકક્ષાએથી થતી સતત સમીક્ષાના કારણે વર્ષ ૨૦૧૪-૧૫ અને વર્ષ ૨૦૧૫-૧૬માં ૧૦૦% સિધ્ધી હાંસલ કરેલ છે. વર્ષ ૨૦૧૬-૧૭નો પ્રગતિ અહેવાલ ભારત સરકારને મોકલી આપવામાં આવેલ છે.

9.2 સમગ્ર દેશના ગરીબો અને કચડાયેલા લોકોના જીવન ધોરણની ગુણવત્તા સુધારણા તેમજ ગરીબી નિવારણ પર ૨૦ મુદ્દા કાર્યક્રમમાં ભાર મુકવામાં આવેલ છે. આ કાર્યક્રમ વિવિધ સામાજીક આર્થિક પાસાઓ જેવા કે, નિવારણ ઉપર ૨૦ મુદ્દા કાર્યક્રમમાં ભાર મુકવામાં આવેલ છે. આ કાર્યક્રમ વિવિધ સામાજીક આર્થિક પાસાઓ જેવા કે, ગરીબી, રોજગાર, શિક્ષણ, ગૃહનિર્માણ, આરોગ્ય, ખેતી, જમીન સુધારણા, સિંચાઇ, પીવાનું પાણી, નબળા વર્ગોનું રક્ષણ અને અધિકારીતા, ગ્રાહક સુરક્ષા, પર્યાવરણ, ઇ-ગવર્નન્સ, વિગેરેને આવરી લે છે.

9.3 પુર્નગઠિત ૨૦ મુદ્દા કાર્યક્રમ-૨૦૦૬માં ૨૦ મુદ્દા અને ૬૫ વિનિયમનની બાબતોનો સમાવેશ કરવામાં આવેલ છે. ૨૦ મુદ્દા કાર્યક્રમ-૨૦૦૬માં આવરી લીધેલ બાબતોનો જે તે મંત્રાલયોના વહીવટી કાર્યક્રમ હેઠળ રાજય સરકારો અને કેન્દ્ર શાસિત પ્રદેશો દ્વારા અમલીકરણ કરવમાં આવે છે. ૬૫ બાબતોમાંથી ૨૫ બાબતોનું વિનિયમન ત્રિમાસિક ધોરણે કરાય છે.

**૨૦ મુદ્દા કાર્યક્રમ-૨૦૦૬ની ત્રિમાસિક વિનિયમનની બાબતોની મુદ્દાવાર માહિતી નીચે મુજબ છે.**

**૧અ મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના(મનરેગા) હેઠળ રોજગારી ઉભી કરવી:-**

**પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**

9.4 વાર્ષિક યોજનામાં, ગ્રામ્ય સ્તરે વેતન નિર્માણ તકો પૂરી પાડીને અને ઉપયોગી તથા આર્થિક ઉત્પાદક અસ્કયામતો ઊભી કરીને ગ્રામીણ લોકોની નબળી આર્થિક પરીસ્થિતિને લીધે તથા સ્થળાંતરને ઘટાડવાનો ઉદ્દેશ રાખવામા આવ્યો છે. જળ સંરક્ષણ અને વિકાસ, પરંપરાગત પાણી

મેળવવાના સ્ત્રોતોની વૃદ્ધિ કરવી, જંગલ વૃદ્ધિ, ગામડાઓમાં માળખાગત બાંધકામો કરવા તેમજ મુખ્ય માર્ગ સાથે જોડવા જેવા કર્યો દ્વારા વેતન રોજગારી પૂરી પાડવી. ગુજરાતમાં ખાસ કરીને જમીન, ભેજ સંરક્ષણ અને વનીકરણના કામો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવેલ છે. વધુમાં, વ્યક્તિગત લાભાર્થી તરીકે બીપીએલ, એસસી, એસટી, નાના સીમાંત ખેડૂતોના જમીન સંરક્ષણ, સિંચાઇ તથા જલસંચયના કામો આવરી લેવાયેલ છે.

**9.5** આ યોજના હેઠળ વર્ષ ૨૦૧૬-૧૭માં રૂ ૮૯,૭૨૩.૪૬ લાખની જોગવાઈ સામે રૂ ૫૬,૦૬૯.૦૦ લાખ ખર્ચ કરવામાં આવેલ અને ૨૭૧.૦૬ લાખ માનવદિન રોજગારીનું નિર્માણ કરવામાં આવેલ છે.વર્ષ ૨૦૧૭-૧૮માં રૂ ૮૫,૭૫૯.૧૧ લાખની જોગવાઈ સામે ડિસેમ્બર અંતિત રૂ ૬૯,૦૨૨.૫૨ લાખ ખર્ચ કરવામાં આવેલ અને ડિસેમ્બર અંતિત ૨૪૩.૬૧ લાખ માનવદિન રોજગારીનું નિર્માણ કરવામાં આવેલ છે.

**9.6** વર્ષ ૨૦૧૮-૧૯ માટે કુલ રૂ. ૪૦,૦૦૦.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. જેમાં કેન્દ્રના રૂ. ૨૯,૨૫૦.૦૦ લાખ અને રાજ્યના રૂ ૧૦,૭૫૦.૦૦ લાખ હિસ્સાની અપેક્ષા છે. જેની સામે ૫૨૫.૦૦ લાખ માનવદિન રોજગારી ઉત્પન્ન થવાની સંભાવના છે. વધુમાં મહાત્મા ગાંધી નરેગા હેઠળ વહીવટી ખર્ચ માટે રૂ ૧,૦૦૦.૦૦ લાખની જોગવાઇ કરવામા આવેલ છે.

**૧બ ૦૧ સ્વર્ણજયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના (એસ.જી.એસ.વાય. / નેશનલ રૂરલ લાઇવલીહુડ મીશન (એન.આર.એલ.એમ - આજીવિકા):- પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**

**9.7** "આજીવિકા" યોજના એ સ્વરોજગારના તમામ પાસાઓ જેવા કે, ગરીબોનું સ્વસહાય જુથોમાં સંગઠન કરવું, તાલીમ, ધિરાણ, વિજ્ઞાન પ્રૌદ્યોગિકીની માળખાગત સવલતો અને બજાર વ્યવસ્થાને આવરી લેતો સર્વગ્રાહી કાર્યક્રમ છે. જેમાં કેન્દ્ર અને રાજ્યના હિસ્સાનું પ્રમાણ ૬૦:૪૦ હોય છે. ભારત સરકારે ગ્રામીણ વિકાસ અને ગરીબી નિવારણના હેતુ માટે સન ૨૦૦૯-૧૦ થી નેશનલ રૂરલ લાઇવલીહુડ મીશન કાર્યક્રમ અમલમાં મુકેલ છે.

**9.8** આ યોજના હેઠળ વર્ષ ૨૦૧૬-૧૭માં રૂ ૪,૬૪૧.૦૦ લાખની જોગવાઈ સામે રૂ ૪,૧૭૪.૦૦ લાખ ખર્ચ કરવામાં આવેલ અને ૩૫,૧૬૧ સ્વસહાય જુથનું નિર્માણ કરવામાં આવેલ છે. એન.આર.એલ.એમ યોજના હેઠળ વર્ષ ૨૦૧૭-૧૮માં રૂ ૬,૪૯૦.૦૦ લાખની જોગવાઈ સામે નવેમ્બર-૧૭ અંતિત રૂ ૪,૭૦૧.૭૪ લાખ ખર્ચ કરવામાં આવેલ અને નવેમ્બર-૧૭ અંતિત ૨,૮૭૦ સ્વરોજગારીનું નિર્માણ કરવામાં આવેલ છે.

**9.9** વર્ષ ૨૦૧૮-૧૯ માટે કુલ રૂ ૧૩,૦૬૩.૫૧ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. જેમાં કેન્દ્રના રૂ ૭,૮૩૮.૧૧ લાખ અને રાજ્યના રૂ ૫,૨૨૫.૪૦ લાખ હિસ્સાની અપેક્ષા છે. જેની સામે ૧,૮૦૦ સ્વસહાય જૂથોનું નિર્માણ થવાની સંભાવના છે.

**૩ઇ જમીન વિહોણાઓને પડતર જમીનની વહેંચણી - મહેસુલ વિભાગ**

**9.10** સને ૧૯૬૦ થી અસ્તિત્વમાં આવેલ નીતિ મુજબ પ્રાંત અધિકારીશ્રી દ્વારા દરેક ગામની ઉપલબ્ધ સરકારી પડતર જમીનમાંથી સરકારશ્રીને ઉપયોગી તેમજ લેન્ડ બેન્ક માટે અનામત જમીન

તેમજ જાહેર હેતુ માટે જરૂરી હોય તેવી જમીન બાદ કરી સાંથણી લાયક જમીન ભૂમિહીન ખેતમજૂરો, નાના ખેડૂતો, માજી સૈનિકો અને પછાતવર્ગની મંડળીઓના SC, ST અને અન્યને ફાળવણી કરવા માટે આઈડેન્ટીફાય કરીને તેની આખરી યાદી તૈયાર કરવામાં આવે છે. આ પ્રક્રિયાને "સાંથણી" કહેવામાં આવે છે. જે પ્રસિધ્ધ કરી તેના માટેની અરજીઓ મંગાવીને. અરજીઓની ચકાસણી કર્યા બાદ પાત્રતા ધરાવતા લોકોને અગ્રતાક્રમ અનુસાર પડતર જમીન ફાળવવામાં આવે છે.

**૪બ લઘુતમ વેતનધારો (ખેતમજુર સહિત) – શ્રમ અને રોજગાર વિભાગ**

9.11 લઘુત્તમ વેતન અધિનિયમ-૧૯૪૮ અને ગુજરાત નિયમોનો હેતુ પરિશિષ્ટમાં સમાવિષ્ટ કેટલાંક રોજગારોના લઘુત્તમ વેતન દર નકકી કરવાનો છે. તે સમગ્ર ભારત દેશને લાગુ પડે છે. આ કાયદામાં પરિશિષ્ટમાં સમાવેશ થયેલ રોજગારોના લઘુત્તમ વેતન દર નકકી કરવા/સુધારવા અને ગ્રાહક ભાવાંકના આધારે મોંઘવારી ભથ્થું નકકી કરવાની જોગવાઇ છે. રાજયકક્ષાનું લઘુત્તમ વેતન સલાહકાર બોર્ડની સલાહ મુજબ લઘુત્તમ વેતન નકકી કરવામાં આવે છે. અથવા રાજય સરકાર જાહેરનામાથી નકકી કરે છે.

9.12 લઘુત્તમ વેતન અધિનિયમ-૧૯૪૮ અને લઘુત્તમ વેતન (ગુજરાત) નિયમો ૧૯૬૧ના અમલીકરણની કામગીરી ગુજરાત રાજયમાં શ્રમ આયુકતશ્રીની કચેરી દ્વારા થાય છે. શ્રમ આયુકતશ્રીની કચેરીના તમામ અધિકારીશ્રીઓને આ કાયદા હેઠળ ઇન્સ્પેકટર જાહેર કરેલ છે. આ કાયદા અને નિયમોના અમલીકરણની મુખ્યત્વે કામગીરી સરકારી શ્રમ અધિકારીઓ દ્વારા કરવામાં આવે છે. લઘુતમ વેતન અધિનિયમ-૧૯૪૮નાં અમલીકરણની કામગીરી શ્રમ આયુકતશ્રીની કચેરીના અધિકારીઓ દ્વારા કરવામાં આવતી હોઇ સદર બાબતે સનેઃ- ૨૦૧૮-૧૯ની વાર્ષિક વિકાસ યોજનામાં અલગથી કોઇ જોગવાઇ કરવામાં આવેલ નથી.

**૫-અ અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ લક્ષીત જાહેર વિતરણ વ્યવસ્થા – અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ**

9.13 રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ની રાજ્યમાં તા.૧-૪-૨૦૧૬ થી અમલમાં મૂકાયેલ લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ રાજ્ય સરકાર અંત્યોદય અને અગ્રતા ધરાવતા કુટુંબો એમ બે પ્રકારના લાભાર્થીઓને ઘઉં રૂ. ૨/- અને ચોખા રૂ. ૩/- પ્રતિ કિ.ગ્રા.ના દરે વિતરણ કરે છે. તદઉપરાંત BPL & AAY કાર્ડધારકોને રાહત દરે ખાંડ, તેલ, મીઠું અને નોન ગેસ કાર્ડધારકોને કેરોસીનનું વિતરણ કરવામાં આવે છે.

**૫-બ અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ લક્ષીત જાહેર વિતરણ વ્યવસ્થા– (અંત્યોદય કુટુંબો) અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ**

9.14 અતિ ગરીબ તેમજ ભારત સરકારે નક્કી કરેલ ધોરણો પરિપૂર્ણ કરતા આ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ અંત્યોદય કુટુંબોને કાર્ડ દીઠ ૨૩ કિ.ગ્રા. ઘઉં અને ૧૨ કિ.ગ્રા. ચોખા મળી કુલ

માસિક ૩૫ કિ.ગ્રા. અનાજ (ઘઉં પ્રતિ કિલો રૂ.૨/- અને ચોખા પ્રતિ કિલો રૂ. ૩/-) વિતરણ કરવામાં આવે છે.

**૫-ડ અન્ન સલમતિ કાયદો-૨૦૧૩ હેઠળ લક્ષીત જાહેર વિતરણ વ્યવસ્થા – (અગ્રતા ધરાવતા કુટુંબો) અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ**

**9.15** નક્કી કરેલ ધોરણો પરિપૂર્ણ કરતા યોજનામાં સમાવાયેલ લાભાર્થીને કુટુંબ/વ્યક્તિને વ્યક્તિદીઠ ૩ કિ.ગ્રા. ઘઉં અને ૨ કિ.ગ્રા. ચોખા મળી કુલ ૫ કિ.ગ્રા. અનાજ (ઘઉં પ્રતિ કિલો રૂ.૨/- અને ચોખા પ્રતિ કિલો રૂ. ૩/-) વિતરણ કરવામાં આવે છે.

**૬અ ગ્રામ્ય ગૃહનિમાર્ણ - પ્રધાનમંત્રી આવાસ યોજનાઃ- પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**

**9.16** ઘરવિહોણા અને કાચા આવાસ ધરાવતા ગરીબ કુટુંબોને આવાસની સુવિધા પૂરી પાડવા માટે ઇન્દિરા આવાસ યોજના અમલમાં હતી. ચાલુ વર્ષ ૨૦૧૬-૧૭થી પ્રધાનમંત્રી આવાસ યોજનાનો અમલ રાજયમાં કરવામાં આવેલ છે. પ્રધાનમંત્રી આવાસ યોજના એ કેન્દ્ર પુરસ્કૃત યોજના છે. યોજનાનો મુખ્ય હેતુ આવાસ વિહોણા અથવા કાચું આવાસ ધરાવતાં વંચિત કુટુંબોને આવાસ બાંધવા આર્થિક આપવાનો છે. પ્રત્યેક આવાસનો એકમ ખર્ચ રૂ. ૧,૨૦,૦૦૦/- ( રૂ.૭૨,૦૦૦/- કેન્દ્રનો હિસ્સો, રૂ.૪૮,૦૦૦/- રાજ્યનો હિસ્સો).

**9.17** આ યોજના હેઠળ વર્ષ ૨૦૧૬-૧૭માં રૂ. ૨૫,૪૮૦.૦૦ લાખ જોગવાઇ સામે ૬૦,૧૬૬.૦૦ ખર્ચ કરવામાં આવેલ અને ૪૦,૦૦૦ આવાસનું નિર્માણ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૭-૧૮માં રૂ. ૧,૩૭,૨૮૦.૦૦ લાખ જોગવાઇ સામે ડીસેમ્બર-૨૦૧૭ અંતિત રૂ.૬૦,૦૯૦.૦૦ લાખ ખર્ચ કરવામાં આવેલ અને ડીસેમ્બર-૨૦૧૭ અંતિત ૨,૫૯૪ આવાસનું નિર્માણ કરવામાં આવેલ છે.

**9.18** વર્ષ ૨૦૧૭-૧૮ માટે કુલ રૂ. ૧,૩૮,૭૦૫.૮૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે, જેમાં કેન્દ્રના રૂ. ૮૩,૨૨૩.૪૮ લાખ હિસ્સામાં રાજ્યના રૂ. ૫૫,૪૮૨.૩૨ લાખ હિસ્સાની અપેક્ષા છે. જેની સામે ૧,૦૦,૦૦૦ આવાસનું નિર્માણ થવાની સંભાવના છે.

**૬બ આર્થિક રીતે નબળા વર્ગો, ઓછી આવકવાળા વર્ગો માટે શહેરી વિસ્તારમાં આવાસ – શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ**

**9.19** શહેરી વિસ્તારમાં રહેતા આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે ગૃહ નિર્માણની યોજનાઓ જેવી કે **Basic Services for Urban Poor (BSUP), Integrated Housing and Slum Development Programme (IHSDP)**, રાજીવ આવાસ યોજના, મુખ્યમંત્રી ગૃહ નિર્માણ યોજના અને પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ૨૦૧૮-૧૯ના વર્ષમાં ૧૨,૪૭૧ આવાસો શહેરી ગરીબો માટે બનાવવાનો લક્ષ્યાંક રાખેલ છે.

**૭અ ગ્રામ્ય વિસ્તાર-ગ્રામિણ પાણી પુરવઠા કાર્યક્રમમાં વેગ-અંશતઃ આવરી લેવાયેલ(પી.સી.) ફળીયાઃ-
નર્મદા, જળસંપતિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**

**9.20** રાષ્ટ્રીય ગ્રામ્ય પેયજળ કાર્યક્રમ અંતર્ગત અંશતઃ આવરી લેવાયેલ (પી.સી.), ગુણવત્તાની અસરવાળા (ક્યુ.પી) વસવાટોને આવરી લેવા તથા પાણીની ગુણવત્તાની દેખરેખ અને નિયમન વિગેરે જેવી કામગીરી હાથ ધરવામાં આવે છે.

**9.21** ગ્રામ્ય જુથ પાણી પુરવઠા યોજનાઓનું રાજ્યના તમામ વિસ્તારોમાં અમલીકરણ કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૭-૧૮માં અંશતઃ આવરી લીધેલ (પીસી.) ૪ ફળિયાઓને પુરતા પીવાના પાણીથી સુવિધા પુરી પાડવાનુ આયોજન છે. ૪ પીસી કક્ષાના લક્ષ્યાંક સામે નવેમ્બર-૨૦૧૭ સુધીમાં ૧ ફળિયાને આવરી લેવામાં આવેલ છે બાકીના ૩ ફળીયા માર્ચ-૨૦૧૮ સુધીમાં આવરી લેવામાં આવશે.

**9.22** એકવાર આવરી લેવાયેલ ફળિયામાં કોઈ કારણોસર પાણીની સગવડ અપુરતી હોવાથી ફરીથી મુશ્કેલીવાળા ફળીયા જાહેર થાય છે. વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન અપુરતી સગવડવાળા જાહેર થયેલ બધાજ ફળીયાઓ આવરી લેવાયેલ હોઈ, વર્ષ ૨૦૧૮-૧૯ માટે હાલના તબક્કે કોઈ આયોજન નથી (સિવાય કે વર્ષ ૨૦૧૮-૧૯માં અપુરતી સગવડ ધરાવતા ફળીયા તરીકે પુનઃ જાહેર થાય.)

**ગુણવત્તાની અસરવાળા(કયુ.પી.) ફળીયા**

**9.23** આ કાર્યક્રમ હેઠળ ગ્રામ્ય પાણી પુરવઠા કાર્યક્રમ અંતર્ગત ગુણવત્તાની અસરવાળા (ક્યુ.પી) વસવાટોને આવરી લેવાની કામગીરી હાથ ધરવામાં આવે છે.

**9.24** ગ્રામ્ય જુથ પાણી પુરવઠા યોજનાઓનું સામાન્ય, અનુ. જનજાતિ તેમજ અનુસુચિત જાતિ વિસ્તારમાં અમલીકરણ કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૭-૧૮માં ગુણવત્તાની અસરવાળા (ક્યુ.પી) કક્ષાના ફળિયાનો લક્ષ્યાંક શૂન્ય છે. એકવાર આવરી લેવાયેલ ફળિયામાં કોઈ કારણોસર પાણીની ગુણવત્તા બગડતી ફરીથી મુશ્કેલીવાળા ફળીયા જાહેર થાય છે. ગુણવત્તાની અસરવાળા (ક્યુ.પી) જાહેર થયેલ બધાજ ફળીયાઓને માર્ચ-૨૦૧૭ સુધીમા આવરી લેવાયેલ હોઈ, વર્ષ ૨૦૧૮-૧૯ માટે હાલના તબક્કે કોઈ આયોજન નથી (સિવાયકે વર્ષ ૨૦૧૮-૧૯માં ગુણવત્તાની અસરવાળા (ક્યુ.પી) ફળીયા તરીકે પુનઃ જાહેર થાય)

**૮ક બાળકોનું રોગપ્રતિ રક્ષણ-ટીટેનસ (ધનુર્વા), ડીપીટી,પોલીયો, બીસીજી, ઓરી,પેન્ટાવેલેન્ટ અને હીપેટાઇટીસ-બી સામે નવજાત શિશુઓનું નિયમિત રસીકરણઃ – આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**

**9.25** રસીકરણ કાર્યક્રમ એ નવજાત શિશુઓ અને બાળકોને આઠ જીવલેણ બિમારીઓ સામે રક્ષણ આપે છે. આ કાર્યક્રમ હેઠળ રસીકરણ બાળકોને જીવલેણ બિમારીઓ જેવી કે ઉટાટીયું, મોટી

ઉધરસ, હીપેટાઇટીશ-બી, હાઇ બેક્ટેરીયા, ટીબી, પોલીયો, ધનુર અને ઓરી જેવા રોગો સામે રક્ષણ આપી રોગોથી બચાવવાની ચાવીરુપ ભુમિકા બજાવે છે.

**પલ્સ પોલીયો રસીકરણ કાર્યક્રમ હેઠળના નવજાત શીશુઓનું  રસીકરણ**

**9.26** રાજયમાં વર્ષ ૧૯૯૭-૯૮માં પોલીયોના ૩૧૪ કેસ નોંધાયેલ, જેમાં ઘટાડો થઇને વર્ષ ૨૦૦૧માં ફકત ૧, પોલીયોનો કેસ નોંધાયેલ છે જો કે ત્યારબાદ વર્ષ ૨૦૦૩ દરમ્યાન ૨૪ પોલીયોના કેસ નોંધાયેલ. વર્ષ ૨૦૦૩માં દરમ્યાન પલ્સ પોલીયો રસીકરણની ઉચ્ચ કક્ષાની કામગીરીને પરિણામે સમગ્ર રાજયમાં પોલીયાના કેસોમાં ઘટાડો થયેલ અને નવેમ્બર-૨૦૦૬ દરમ્યાન રાજયમાં ૪ પોલીયોના કેસ નોંધાયેલ હતા. વર્ષ ૨૦૦૭-૨૦૦૮ થી ૨૦૧૬-૧૭ (નવેમ્બર-૧૭) સુધીમાં પોલીયોનો એકપણ કેસ નોંધાયેલ નથી.

**૮ડ  ગ્રામિણ વિસ્તારમાં સ્વચ્છતા કાર્યક્રમઃ - પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ સ્વચ્છ ભારત મિશન-  (નિર્મળ ભારત અભિયાન )**

**9.27** નિર્મળ ભારત અભિયાનને પુનઃગઠન કરીને તા. ૨જી ઓક્ટોબર,૨૦૧૪ થી ૨૦૧૯ સુધીના પાંચ વર્ષના ગાળા માટે સ્વચ્છ ભારત મિશન- ગ્રામીણનું અમલીકરણ કરવામાં આવેલ છે. આ યોજના મારફત ગ્રામ્ય વિસ્તારના લોકોને ખુલ્લામાં મળત્યાગની પ્રવૃત્તિ બંધ કરવા સાથે સાર્વત્રિક સ્વચ્છતાનો અમલ થાય તે હેતુ રહેલો છે. આ યોજના હેઠળ વ્યક્તિગત શૌચાલય, સામૂહિક શૌચાલયો, શાળાઓ અને આંગણવાડીઓ માટેના શૌચાલય ( સુખાકારી સંકુલો ) તથા પ્રાથમિક શાળાના વિદ્યાર્થી અને આંગણવાડીના બાળકોમાં આરોગ્યપ્રદ જીવન માટેની આદતો અને સુટેવોનું નિરૂપણ અને આચરણનો સમાવેશ કરવામાં આવેલ છે.

**9.28** વર્ષ ૨૦૧૬-૧૭માં રૂ. ૮૨,૪૩૬.00 લાખની જોગવાઈ સામે ડીસેમ્બર અંતિત રૂ. ૭૪,૩૩૧.૮૭ લાખ ખર્ચ કરવામાં આવેલ અને ડીસેમ્બર અંતિત ૧૦,૩૪,૮૬૪ શૌચાલયનું નિર્માણ કરવામાં આવેલ છે.

**9.29** વર્ષ ૨૦૧૭-૧૮ માટે કુલ રૂ. ૬૦,000.00 લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. જેમાં કેન્દ્રના રૂ ૩૬,000.00 લાખ અને રાજ્યના રૂ. ૨૪,000.00 લાખ હિસ્સાની અપેક્ષા છે. જેની સામે ૧૪,૪૭૬ શૌચાલયનું નિર્માણ થવાની સંભાવના છે.

**૮ઇ  સંસ્થાકીય પ્રસુતિ સુવિધા – આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**

**9.30** વર્ષ ૨૦૧૬-૨૦૧૭માં કુલ ૧૧.૮૭ લાખ પ્રસુતિઓ નોંધાયેલ હતી. જે પૈકી ૯૮.૯૩ ટકા પ્રસુતિઓ સંસ્થાઓમાં નોધાયેલ હતી. વર્ષ ૨૦૧૭-૨૦૧૮ નવેમ્બર-૧૭ અંતિત કુલ ૭.૦૫ લાખ પ્રસુતિઓ નોંધાયેલ છે. જે પૈકી ૯૮.૮૪ ટકા પ્રસુતિઓ સંસ્થાઓમાં નોધાયેલ છે. પરિવાર કલ્યાણ હેઠળ રૂ.૧,૪૦,૦૩૧.૩૮ લાખની સૂચિત જોગવાઇ વાર્ષિક વિકાસ કાર્યક્રમ ૨૦૧૮-૨૦૧૯ માટે કરવામાં આવેલ છે. જે પૈકી ૨૦ મુદ્દા કાર્યક્રમ ૨૦૦૬ હેઠળ રૂ. ૪૬,૫૪૫.૫૭ લાખની જોગવાઇ સુચવેલ છે.

## ૧૦ અ અનુસુચિત જાતિઓના કુટુંબોને સહાય. – સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

9.31 અનુસુચિત જાતિ આર્થિક વિકાસ નિગમ, રાષ્ટ્રીયકૃત બેંકોએ ધીરેલ લોન સામે કેટલીક યોજનાઓ માટે સહાયકી પૂરી પાડે છે. બેંક સાથે સંસ્થાગત ધિરાણની વ્યવસ્થા ગરીબી રેખાની નીચે જીવતા કુટુંબો માટે ઉપયોગી સાબિત થઇ છે. અનુસુચિત જાતિઓમાં અક્ષર જ્ઞાનનું સ્તર સુધરેલ છે. ૧૯૬૧માં તે ૨૨.૪૦ ટકા હતુતે સુધારીને સને ૨૦૧૧માં ૭૯.૧૮ ટકા થયું હતું. કે જે રાજ્યનાં સરેરાશ શિક્ષણ દર કરતાં ઉંચુ છે. વર્ષ ૨૦૧૭-૧૮ ના ગુજરાતના ૩,૩૮૦ લાભાર્થીના લક્ષ્યાંક સામે ડિસેમ્બર–૨૦૧૭ સુધીમાં ૨,૮૮૧ લાભાર્થીની વહેચણી થયેલ છે.

## ૧૦ ક અનુસુચિત જનજાતિઓના કુટુંબોને સહાય – આદિજાતિ વિકાસ વિભાગ

9.32 વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ અનુસુચિત જનજાતિઓની વસ્તી ૮૯.૧૭ લાખ છે, જે રાજયની કૂલ વસ્તીના ૧૪.૭૬ ટકા જેટલી છે. આદિજાતિ કુટુંબોને ગરીબી રેખા ઉપર લઇ જવા માટે વધુ રોજગારીનું નિર્માણ કરવા અને વધારાની આવક ઉભી કરવા આર્થિક સહાય પુરી પાડવી જરૂરી છે. ૨૦ મુદ્દા કાર્યક્રમ હેઠળ અનુસુચિત જનજાતિઓ માટે જુદી જુદી પરિવારલક્ષી યોજનાઓનો અમલ નીચેની જુદી જુદી સંસ્થાઓ દ્વારા કરવામાં આવે છે.

9.33 (૧)કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ (આઇ.ટી.ડી.પી.), (૨) કમિશ્નરશ્રી, ગ્રામ વિકાસ, (૩) નિયામકશ્રી, ખેતી (૪) કમિશ્નરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગ, (૫) નિયામક,ગુજરાત રાજય જમીન વિકાસ નિગમ, (૬) સેન્ટર ફોર આંત્રપ્રિનિયોરશીપ ડેવલપમેન્ટ, (૭) અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, (૮) રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, (૯) નિયામકશ્રી, તાલીમ અને રોજગાર, (૧૦) કમિશ્નરશ્રી, મત્સ્યોદ્યોગ, (૧૧) કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ (જી.ટી.ડી.સી.)

## ૧૨ અ સંકલિત બાળ વિકાસ સેવા યોજનાનું વ્યાપ્તિકરણ અને કાર્યરત આંગણવાડીઓ- મહિલા અને બાળ વિકાસ વિભાગ

9.34 મિશન બલમ સુખમ – આઈ.સી.ડી.એસ મિશન એ લાભાર્થીલક્ષી પોષણ કાર્યક્રમ છે. આ કાર્યક્રમ હેઠળ ૬ વર્ષથી નાની વયના બાળકોને ૫૦૦ કેલેરી અને ૧૨ થી ૧૫ ગ્રામ પ્રોટીન મળી રહે તેવો પોષણયુકત આહાર આપવામાં આવે છે અને કુપોષિત-અતિશય ઓછા વજનવાળા બાળકોને ૮૦૦ કેલેરી અને ૨૦ થી ૨૫ ગ્રામ પ્રોટીન મળી રહે તેવો પોષણયુકત આહાર આપવામાં આવે છે. જયારે સગર્ભા-ધાત્રી માતા અને કિશોરીઓને આ યોજના હેઠળ ૬૦૦ કેલેરી ખોરાક અને ૧૮ થી ૨૦ ગ્રામ પ્રોટીન મળી રહે તેવો પોષણયુકત આહાર આપવામાં આવે છે.

9.35 ૩0મી નવેમ્બર-૨૦૧૭ના અંત સુધીમાં કુલ ૫૩,૦૨૯ આંગણવાડીઓ અને ૩૩૬ ઘટકો મંજુર કરવામાં આવ્યા છે. કુલ ૩૩૬ ઘટકો પૈકી ૮૩ ઘટકો આદિજાતિ વિસ્તારોના, ૨૩ ઘટકો શહેરી વિસ્તારોના અને ૨૩૦ ઘટકો ગ્રામ્ય વિસ્તારના છે. નવેમ્બર-૨૦૧૭ના અંત સુધીમાં કાર્યાન્વિત ૩૩૬ ઘટકો અને ૫૩,૦૨૯ આંગણવાડીઓમાં ૪૪.૫૦ લાખ લાભાર્થીઓ આવરી લેવામાં આવ્યા છે.

9.36 આ યોજના હેઠળ ૨૦૧૮-૧૯ ના વર્ષમાં રૂ. ૨,૬૨,૭૩૪.૬૩ લાખની જોગવાઇ કરવામાં આવી છે.

9.37 દુધ સંજીવની યોજના :- રાજયના ૮૩ આદિજાતી વિસ્તારના તમામ તાલુકાઓ તેમજ ૨૩ વિકાસશીલ તાલુકાની આંગણવાડી કેન્દ્રોમા આવતાં ૬ માસથી ૬ વર્ષ વચ્ચેના બાળકોને અઠવાડીયામાં ૫ દિવસ ૧૦૦ મિ.લી. અને સગર્ભા, ધાત્રી માતાઓને અઠવાડિયામાં બે દિવસ ૨૦૦ મિ.લી. પેશ્ચુરાઇઝડ ફ્લેવર્ડ ફોર્ટીફાઇડ દુધ આપવાની શરૂઆત કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન કુલ ૧૪,૯૬૧ આંગણવાડી કેન્દ્રોમાં ૧૧,૯૧,૫૩૦ લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ હતા. નવેમ્બર-૨૦૧૭ સુધીમાં દરમ્યાન કુલ ૧૬,૭૨૬ આંગણવાડી કેન્દ્રોમાં ૧૦,૮૮,૭૪૯ લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે. આ પ્રોજેક્ટ માટે વર્ષ ૨૦૧૮-૧૯ માટે રૂ. ૧૪૭.૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

**૧૪ અ સાત મૂળભૂત મુદ્દાઓ હેઠળ આવરી લેવાયેલ શહેરી ગરીબ કુટુંબીઓને સહાય - જેવા કે, જમીન ભાડુઆત, પરવડે તેવી કિંમતે મકાન, પાણી, સ્વચ્છતા, આરોગ્ય, શિક્ષણ અને સામાજીક સુરક્ષા – શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ**

9.38 મહાત્મા ગાંધીજીની ૧૫૦ મી જન્મજયંતિ ૨ ઓક્ટોબર-૨૦૧૯ ના રોજ સ્વચ્છ ભારતની ભેટ આપી સ્વચ્છ અને સ્વસ્થ ભારત બનાવવા માન.વડાપ્રધાનશ્રીએ આહવાન કરેલ છે. રાજ્યના તમામ શહેરો અને નગરો સ્વચ્છ થાય, નાગરિકોનું આરોગ્ય સારૂ બને, શહેરમાં વસતા લોકોને સ્વચ્છ પર્યાવરણ મળી રહે તથા ગુજરાત રાજ્યના તમામ શહેરો "સ્વચ્છ ગુજરાત સ્વસ્થ ગુજરાત" તથા "ઝીરો વેસ્ટ ડસ્ટ ફ્રી સીટીઝ" કરવા માટે ગુજરાત સરકારે વિવિધ પ્રવૃતિઓ હાથ ધરેલ છે. તા.૨૦/૦૧/૨૦૧૫ ના ઠરાવથી શૌચક્રિયા મુક્ત ગુજરાત અંગે ગાઇડ લાઇન પ્રસિધ્ધ કરેલ છે.

9.39 સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સને ૨૦૧૭-૧૮ના વર્ષ દરમ્યાન ૨૦ મુદ્દાના કાર્યક્રમ અંતર્ગત કુલ ૧૨,૦૦૦ વ્યક્તિગત શૌચાલય બનાવવાનો ટાર્ગેટ હતો જે પૈકી કુલ ૭૪૧૮ વ્યક્તિગત શૌચાલય બનાવેલ છે. આમ સને ૨૦૧૭-૧૮માં ડીસેમ્બર માસ સુધી ૬૧.૮૨% જેટલી સિદ્ધિ હાંસલ કરેલ છે. સને ૨૦૧૮-૧૯નાં વર્ષ માટે કુલ ૬૦૦૦ વ્યક્તિગત શૌચાલય બાંધવાનો લક્ષયાંક કચેરીએ નક્કી કરેલ છે. રાજ્ય સરકારે રાજ્યના ૧૬૨ નગરપાલિકા તથા ૮ મહાનગરપાલિકાને જાહેર શૌચક્રિયા મુક્ત જાહેર કરેલ છે તથા ભારત સરકાર દ્વારા આ તમામ મહાનગરપાલિકા અને નગરપાલિકાઓને "સ્વચ્છતા સર્ટીફીકેટ" આપવામાં આવેલ છે. જે અંતર્ગત કેંન્દ્ર સરકાર દ્વારા ગુજરાત રાજ્યના શહેરી વિસ્તારો સંપૂર્ણ ખુલ્લામાં શૌચક્રિયા મુક્ત જાહેર કરવામાં આવેલ છે.

શૌચાલય

**9.40** ૨૦૧૧ સેન્સસ મુજબ બાકી રહેલ શૌચાલય વિહોણા કુટુંબો માટે મહાનગરપાલિકા અને નગરપાલિકામાં કુલ ૫,૬૫,૪૮૬ શૌચાલયો બનાવવામાં આવેલ છે. જે માટે કુલ રૂ. ૬૭૮ કરોડનો ખર્ચ.

**9.41** રાજ્યમાં કુલ આશરે ૧૫૦૦થી વધુ પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોકસ વપરાશ હેઠળ. નવા ૨૬૯ બ્લોક (૨૬૭૩ સીટ)નું બાંધકામ પૂર્ણ. જે માટે કુલ રૂ.૧૩.૩૬ કરોડનો ખર્ચ. કોમ્યુનીટી શેર્ડ ટોયલેટના ૨૩૮ બ્લોક (૧૭૦૬ સીટ)નું બાંધકામ પૂર્ણ. જે માટે કુલ રૂ.૭.૫૦ કરોડનો ખર્ચ.

**૧૫અ વનીકરણ (જાહેર અને જંગલ વિસ્તાર) – વન અને પર્યાવરણ વિભાગ**

**9.42** વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન, મુદ્દા ૫૧ (એ)માં કુલ ૧,૬૦,૪૦૫ હેકટર વિસ્તારમાં (જાહેર અને જંગલ ભૂમિ સહિત) રોપાઓના વાવેતરના લક્ષ્યાંક ભારત સરકારે આપેલ. જેની સામે સપ્ટેમ્બર–૨૦૧૭ સુધીમાં ૧,૬૮,૨૨૪ હેકટરમાં રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે. જેની સિદ્ધિ ૯૬.૫૭% છે. તેમજ ૫૧(બી) માં કુલ ૧૦૪૨.૬૩ લાખ રોપાઓના વાવેતરનો લક્ષ્યાંકની સામે ૧,૦૫૩.૬૬ લાખ રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે. જે ૧૦૧.૦૬% સિદ્ધિ છે.

**૧૭ અ ગ્રામ્ય રસ્તાઓ - પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના (PMGSY)– માર્ગ અને મકાન વિભાગ**

**9.43** ભારત સરકારશ્રીની પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના-૧ પાકા બારમાસી રસ્તાના જોડાણથી વંચિત ગામ/પરાઓને જોડાણ આપવા માટે યોજના છે. આ યોજનાનો મૂળ હેતુ પાકા બારમાસી રસ્તા (તમામ જરૂરી નાળા/પુલીયા સાથે કે જેથી પુરા વર્ષ દરમિયાન રસ્તાને વાહન વ્યવહારમાં ઉપયોગમાં લઇ શકાય) થી યોજનાની નિર્દિષ્ઠ માર્ગદર્શિકા મુજબના ન જોડાયેલા ગ્રામ્ય વિસ્તારના પરા કે જેની વસ્તી, વસ્તી ગણત્રી – ૨૦૦૧ પ્રમાણે, ૨૫૦ થી વધુ આદિજાતિ અને ૫૦૦ થી વધુ બિન આદિજાતિ હોય તેને જોડાણ આપવાની અને રોજગારી પુરી પાડવાનો હેતુ છે. રૂ. ૦.૭૫/લીટર હાઇ સ્પીડ ડીઝલ સેસ અને અન્ય નાણાકીય સંસાધનોમાંથી આ યોજનાની નાણાકીય સહાય ભારત સરકાર પુરી પાડે છે. રાજયમાં ડિસેમ્બર-૨૦૧૭ સુધીમાં ૩,૨૮૫ પરાને આ યોજના અંતર્ગત આવરી લેવામાં / જોડાણ આપવામાં આવેલ છે.

**9.44** પીએમજીએસવાય હેઠળ વર્ષ ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮ (ડિસેમ્બર-૨૦૧૭ અંતિત) કુલ ૨૪૦.૨૪ કિ.મી લંબાઇ પૂર્ણ કરવામાં આવેલ છે. મોટાભાગના લાયકી વસવાટીઓને આવરી લેવામાં આવેલ છે. પીએમજીએસવાય હેઠળ વર્ષ ૨૦૧૮-૧૯ માં રૂ. ૧૯.૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

**૧૮ ડ વિજળીકરણથી ચાલતા પંપસેટ – ઊર્જા અને પેટ્રો કેમિકલ્સ વિભાગ**

**9.45** આદિજાતિ વિસ્તારોમાં કુવા પરના પમ્પ સેટસનું વીજળીકરણ સરકારના શેર મૂડી ફાળામાંથી આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કરવામાં આવે છે. જયારે બીન આદિજાતિ વિસ્તારમાં

સામાન્ય યોજના તથા ડાર્કઝોન યોજના હેઠળ રાજય સરકારના શેર મૂડી ફાળામાંથી કરવામાં આવે છે.

**9.46** કેન્દ્ર સરકારી મંજુરીની અપેક્ષાએ વર્ષ ૨૦૧૭-૧૮ માં ૪૪,૫૦૦ કુવાના વીજળીકરણનો લક્ષ્યાંક રાખેલ છે. જે પૈકી ૧૫,૨૫૦ કુવાઓનું આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ અને ૨૯,૨૫૦ કુવાઓનું સામાન્ય યોજના હેઠળ તથા ડાર્કઝોન યોજના હેઠળ વીજળીકરણ કરવાના આયોજન સામે ડીસેમ્બર-૧૭ અંતિત ૧૩,૦૫૨ કુવાઓનું વીજળીકરણ આદિજાતિ પેટા યોજના હેઠળ કરવામાં આવેલ છે. તેમજ ૬૪,૩૬૫ કુવાનું વીજળીકરણ સામાન્ય યોજના હેઠળ તથા ડાર્કઝોન યોજના હેઠળ કરવામાં આવેલ છે. આમ કૂલ ૭૭,૪૧૭ કુવાનુ વીજળીકરણ કરવામાં આવેલ છે.

**9.47** નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ માં પણ ૪૪,૫૦૦ કુવા વીજળીકરણની દરખાસ્ત રજુ કરેલ છે. જે પૈકી ૫૭૯૦ કુવાઓનું આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ અને ૩૮,૭૧૦ કુવાઓનું સામાન્ય યોજના હેઠળ વીજળીકરણ કરવામાં આવશે. ૨૦ મુદા કાર્યક્રમ અંતર્ગત વર્ષ ૨૦૧૮-૧૯ ના કુવાનો વીજળીકરણનો લક્ષ્યાંક ભારત સરકારના ટીપીપી વિભાગ દ્વારા મંજુરીની અપેક્ષા છે. ૪૪,૫૦૦ કુવાના વીજળીકરણ માટેનું ફંડ રાજય સરકાર તરફથી ઉપલબ્ધ કરવામાં આવશે.

## ૧૮ ઇ વિજળીનો પુરવઠો – ઊર્જા અને પેટ્રો કેમિકલ્સ વિભાગ

**9.48** ભારત સરકારની પાવર નીતિનો મુખ્ય ઉદ્દેશ પાવર સેક્ટરના ઝડપી વિકાસની સાથે સાથે તમામ કક્ષાના વીજ ગ્રાહકોને સાતત્યપૂર્ણ ગુણવત્તાસભર વીજ પુરવઠો પૂરો પાડવાનો અને ગ્રાહકોના હિતનું રક્ષણ કરવાનો રહેલ છે. સદર નીતિનો મુખ્ય ધ્યેય વીજળીકરણ સામે વીજળીની પ્રાપ્યતા અને વૃદ્ધિ રહેલ છે, અને "સપ્લાય ઓફ ઇલેક્ટ્રીસીટી" ની બાબત તેને પરિપૂર્ણ કરે છે. જેનો સમાવેશ ૨૦ મુદા કાર્યક્રમ ૨૦૦૬માં કરવામાં આવેલ છે.

**9.49** નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮માં રાજ્યની અંદાજિત ૧,૧૪,૪૨૦ મીલીયન યુનિટની કુલ વીજ માંગ સામે ૧,૧૪,૨૮૦ મીલીયન યુનિટ એટલે કે ૯૯.૮૮% વીજ પુરવઠો પૂરો પાડવાનું આયોજન છે.

**9.50** આમ, ૨૦ મુદ્દા કાર્યક્રમ ૨૦૦૬ના અમલીકરણમાં ગુજરાત રાજય રાષ્ટ્રમાં પ્રથમ હરોળના રાજ્યોમાંનું એક છે. વધુમાં, ૨૦ મુદ્દા કાર્યક્રમ-૨૦૦૬ના અસરકારક અમલીકરણ માટે ૨૦ મુદ્દા કાર્યક્રમ ઉચ્ચાધિકાર અમલીકરણ સમિતિની રચના કરવામાં આવે છે.

**વર્ષ ૨૦૧૭-૧૮ના ડિસેમ્બર-૨૦૧૭ અંતિત લક્ષ્યાંક સામે સિદ્ધિ દર્શાવતું પત્રક**

| મુદ્દા નં. | | બાબત | એકમ | વાર્ષિક લક્ષ્યાંક વર્ષ ૨૦૧૭-૧૮ | ડિસે.-૧૭ અંતિત લક્ષ્યાંક | ડિસે.-૧૭ અંતિત સિદ્ધિ | સિદ્ધિની ટકાવારી |
|---|---|---|---|---|---|---|---|
| 1 | | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| **૧અ** | | **રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરન્ટી એકટ હેઠળ રોજગારીનુ પ્રાવધાન** | | | | | |
| | ૧ | જોબ કાર્ડની ફાળવણી | સંખ્યા | ૦ | ૦ | ૬૮.૬૮ | - |
| | ૨ | ઉભી કરેલ રોજગારી | સંખ્યા | ૦ | ૦ | ૨૪૫.03 | - |
| | ૩ | રોકડ અને અવેજીમાં ચુકવેલ વેતન | લાખ રૂ. | ૦ | ૦ | ૪૫,૦૬૦.૨૨ | - |
| **૧એફ** | | **રાષ્ટ્રીય ગ્રામીણ લાઇવલીહુડ મીશન** (NRLM) | | | | | |
| * | ૧ | ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન બનાવેલ સેલ્ફ હેલ્પ ગ્રુપોની સંખ્યા (નવા અને પુનઃજીવીત કરેલા) | સંખ્યા | **૧૧,૮૧૬** | **૧૧,૮૧૬** | **૨૩,૪૧૨** | **૧૯૮** |
| * | ૨ | ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન રીવોલવીંગ ફંડ (RF) પુરા પાડેલ સેલ્ફ હેલ્પ ગ્રુપોની સંખ્યા | સંખ્યા | **૯,૪૬૭** | **૯,૪૬૭** | **૮,૪૨૯** | ૮૯ |
| * | ૩ | ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન કોમ્યુનીટી ઇન્વેસ્ટ મેન્ટ ફંડ (CIF) પુરા પાડેલ સેલ્ફ હેલ્પ ગ્રુપોની સંખ્યા | સંખ્યા | **૭,૦૭૦** | **૫,૮૫૦** | **૬,૬૩૪** | ૧૧૩ |
| **૩ઇ** | | જમીન વિહોણાઓને ફાજલ જમીનની વહેંચણી | | | | | |
| | ૧ | કુલ વહેંચાયેલ જમીન | હેકટર | ૦ | ૦ | ૦ | - |

| મુદ્દા નં. | | બાબત | એકમ | વાર્ષિક લક્ષ્યાંક વર્ષ ૨૦૧૭-૧૮ | ડિસે.-૧૭ અંતિત લક્ષ્યાંક | ડિસે.-૧૭ અંતિત સિદ્ધિ | સિદ્ધિની ટકાવારી |
|---|---|---|---|---|---|---|---|
| 1 | | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| | ૨ | SCને ફાળવાયેલ જમીન | હેકટર | ૦ | ૦ | ૦ | - |
| | ૩ | STને ફાળવાયેલ જમીન | હેકટર | ૦ | ૦ | ૦ | - |
| | ૪ | અન્યને ફાળવાયેલ જમીન | હેકટર | ૦ | ૦ | ૦ | - |
| ૪બ | | લઘુતમ વેતનધારો (ખેતમજુર સહિત) | | | | | |
| | ૨ | લઘુતમ વેતનધારો | સંખ્યા | ૦ | ૦ | ૦ | - |
| ૫અ | | ખાદ્યસુરક્ષા | | | | | |
| * | ૨ | જાહેર વિતરણ પધ્ધતિ (APL+BPL+AAY) | ટન | ૨૩,૭૯,૪૫૬ | ૨૧,૨૫,૨૮૪ | ૧૭,૬૩,૦૦૮ | ૮૩ |
| ૫બ | | ખાદ્યસુરક્ષા | | | | | |
| * | ૨ | જાહેર વિતરણ પધ્ધતિ (Only AAY) | ટન | ૨૦,૩૮,૫૯૬ | ૧૮,૧૮,૯૪૦ | ૧૫,૦૭,૬૯૩ | ૮૩ |
| ૫ક | | ખાદ્યસુરક્ષા | | | | | |
| * | ૨ | જાહેર વિતરણ પધ્ધતિ (Only BPL) | ટન | ૩,૪૦,૮૫૯ | ૩,૦૬,૩૪૪ | ૨,૫૫,૩૧૪ | ૮૩ |
| ૬અ | | ગ્રામ્ય ગૃહ નિર્માણ–પ્રધાનમંત્રી આવાસ યોજના | | | | | |
| * | ૧ | બંધાયેલ મકાનો | સંખ્યા | ૯૧,૧૦૮ | ૬૮,૩૩૧ | ૧,૦૩૮ | ૦૨ |
| ૬બ | | આર્થિક રીતે નબળા વર્ગો, ઓછી આવકવાળા વર્ગો માટે શહેરી વિસ્તારમાં આવાસ | | | | | |

| મુદ્દા નં. | | બાબત | એકમ | વાર્ષિક લક્ષ્યાંક વર્ષ ૨૦૧૭-૧૮ | ડિસે.-૧૭ અંતિત લક્ષ્યાંક | ડિસે.-૧૭ અંતિત સિદ્ધિ | સિદ્ધિની ટકાવારી |
|---|---|---|---|---|---|---|---|
| 1 | | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| * | ૧ | બંધાયેલ મકાનો | સંખ્યા | ૧૨,૪૭૧ | ૯,૩૫૩ | ૧૦,૧૬૦ | ૧૦૯ |
| ૭અ | | ગ્રામ્ય વિસ્તાર-ગ્રામિણ પાણી પુરવઠા કાર્યક્રમમાં વેગ | | | | | |
| * | ૩ | આવરી લેવાયેલ વસવાટો (આંશિક રીતે આવરી લેવાયેલ અને આવરી ન શકાયેલ) | સંખ્યા | ૭ | ૬ | ૩ | ૫૦ |
| * | ૪ | - પાણીની ગુણવત્તાથી પ્રભાવિત આવરી લેવાયેલ વસવાટો. | સંખ્યા | ૨૫ | ૧૯ | ૦ | ૦ |
| ૮ક | | બાળકોને રસીકરણ | | | | | |
| | ૧ | રોજીંદુ રસીકરણ - જેમાં ટીટેનસ, ડીપીટી, પોલીયો, બીસીજી, અને અછબડા - રસીકરણ થયેલ બાળકો | સંખ્યા | ૧૨,૦૩,૮૦૦ | ૯,૦૨,૮૫૦ | ૭,૫૯,૯૫૭ | ૮૪ |
| | ૨ | પલ્સ પોલિયો રસીકરણ કાર્યક્રમ - રસીકરણ પામેલ બાળકો | સંખ્યા | ૦ | ૦ | ૦ | - |
| ૮ડ | | ગ્રામિણ વિસ્તારમાં સ્વચ્છતા કાર્યક્રમ | | | | | |
| | ૧ | રહેઠાણ દીઠ બાંધવામાં આવેલ જાજરુ | સંખ્યા | ૫,૦૦,૦૦૦ | ૩,૭૫,૦૦૦ | ૪,૨૮,૪૭૭ | - |
| ૮ઇ | | સંસ્થાકીય પ્રસુતિ સુવિધા | | | | | |
| | ૧ | સંસ્થાકીય પ્રસુતિ | સંખ્યા | ૧૨,૩૮,૬૦ | ૯,૨૮,૯૫૦ | ૬,૯૭,૩૨૯ | - |

| મુદ્દા નં. | | બાબત | એકમ | વાર્ષિક લક્ષ્યાંક વર્ષ ૨૦૧૭-૧૮ | ડિસે.-૧૭ અંતિત લક્ષ્યાંક | ડિસે.-૧૭ અંતિત સિદ્ધિ | સિદ્ધિની ટકાવારી |
|---|---|---|---|---|---|---|---|
| 1 | | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| | | | | ૦ | | | |
| **૧૦અ** | | અનુસૂચિત જાતિના કુટુંબોને સહાય | | | | | |
| * | ૧ | SCA થી SCSP ઘટક તથા NSFDCની રાહતદરની લોન અંતર્ગત સહાયિત અનુ.જાતિના કુંટુંબો | સંખ્યા | ૩,૩૮૦ | ૩,૦૪૨ | ૨,૮૮૧ | ૯૫ |
| * | ૨ | મેટ્રીક પછીની શિષ્યવૃત્તિ હેઠળ લાભ મેળવતા અનુ.જાતિનાં વિદ્યાર્થીઓની સંખ્યા | સંખ્યા | ૦ | ૦ | ૦ | ૦ |
| **૧૨અ** | | સંકલિત બાળ વિકાસ સેવા યોજનાનું વ્યાપ્તિકરણ | | | | | |
| * | ૧ | સંકલિત બાળ વિકાસ સેવા યોજનાને કાર્યાન્વિત ઘટકો (સંચિત) | સંખ્યા | ૩૩૬ | ૩૩૬ | ૩૩૬ | ૧૦૦ |
| **૧૨બ** | | કાર્યરત આંગણવાડીઓ | | | | | |
| * | ૧ | કાર્યરત આંગણવાડીઓ (સંચિત) | સંખ્યા | ૫૩,૦૨૯ | ૫૩,૦૨૯ | ૫૩,૦૨૯ | ૧૦૦ |
| **૧૪અ** | | સાત મૂળભૂત મુદ્દાઓ હેઠળ આવરી લેવાયેલ શહેરી ગરીબ કુટુંબીઓને સહાય | | | | | |
| | ૧ | સહાય પામેલા ગરીબ કુટુંબો | સંખ્યા | ૧૨,૦૦૦ | ૯,૦૦૦ | ૭,૪૧૮ | ૮૨ |
| **૧૫અ** | | વનીકરણ (જાહેર અને જંગલ | | | | | |

| મુદ્દા નં. | | બાબત | એકમ | વાર્ષિક લક્ષ્યાંક વર્ષ ૨૦૧૭-૧૮ | ડિસે.-૧૭ અંતિત લક્ષ્યાંક | ડિસે.-૧૭ અંતિત સિદ્ધિ | સિદ્ધિની ટકાવારી |
|---|---|---|---|---|---|---|---|
| 1 | | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| | | વિસ્તાર) | | | | | |
| * | ૧ | વૃક્ષ વાવેતર હેઠળ આવરી લેવાયેલ વિસ્તાર | હેકટર | ૧,૬૦,૪૦૫ | ૧,૨૦,૩૦૪ | ૧,૭૬,૩૩૧ | ૧૪૭ |
| * | ૨ | રોપાઓની વાવણી | લાખ સંખ્યા | ૧,૦૪૨.૬૩ | ૭૮૧.૯૫ | ૧,૧૦૬.૫૬ | ૧૪૨ |
| **૧૭અ** | | ગ્રામ્ય રસ્તાઓ | | | | | |
| * | ૧ | નિર્મિત થયેલ રસ્તાઓની લંબાઇ | **કિ.મી.** | ૧૦૦ | ૭૫ | ૨૮.૩૪ | ૩૮ |
| **૧૮ડ** | | વિજળીકરણથી ચાલતા પંપસેટ | | | | | |
| * | ૧ | વિજળીકરણ થયેલ પંપસેટ | **સંખ્યા** | ૪૪,૫૦૦ | ૩૩,૩૭૫ | ૭૭,૪૧૭ | ૨૩૨ |
| **૧૮ઇ** * | ૨ | વિજળીનો પુરવઠો | **મીલીયન યુનિટ** | - | ૮૨,૪૪૮.૩૫૦ | ૮૨,૪૪૮.૩૫૦ | ૧૦૦ |

- આંતરરાજય તુલનાત્મક ક્રમની બાબતો – ૧૮

********

# પ્રકરણ – ૧૦

## રાજયમાં બાહ્ય સહાયિત યોજનાઓ

10.1 રાજયના વિકાસને વેગ આપવા માટે બાહ્ય સહાય મહત્વનો નાણાંકીય સ્ત્રોત બની શકે તેમ છે. બાહ્ય સહાયિત યોજનાઓ માટે ભારત સરકારની નવી પોલિસી હેઠળ તા.૦૧/ ૦૪/ ૨૦૦૫થી તમામ બાહ્ય સહાય ભારત સરકાર દ્વારા રાજય સરકારોને "બેક ટુ બેક" બેઝીસ અર્થાત ભારત સરકાર રાજ્ય સરકારોને બાહ્ય સહાય તેના દ્વારા મુખ્ય લેણદાર તરીકે મેળવવામાં આવેલ હોય તે જ બોલીઓ અને શરતો પુરી પાડ્યે ફાળવવામાં આવશે. સામાન્ય રીતે, બાહ્ય સહાયિત યોજના માટેની સહાય ઉપર વ્યાજનો દર લાયબોર **(London Interbank Offered Rates)** અને યુરોબોર **(Euro interbank offered Rates)** સાથે સંકળાયેલો હોય છે.

10.2 રાજયમાં હાલ બાહ્ય સંસ્થાઓની સહાયથી કુલ ૬ ( છ ) પ્રોજેકટ મંજુર થયેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | બાહ્ય સહાયિત સંસ્થા | પ્રોજેકટનું નામ | પ્રોજેક્ટની સંખ્યા | વર્ષ ૨૦૧૮-૧૯ નું આયોજન (કરોડ માં) |
|---|---|---|---|---|
| ૧. | વિશ્વ બેંક (WB) | (1) ગુજરાત સ્ટેટ હાઈ-વે પ્રોજેક્ટ (GSHP – II ) | ૧ | ૨૫૦.૭૦ |
| | | (2) ઈન્ટીગ્રેટેડ કોસ્ટલ ઝોન મેનેજમેંટ પ્રોગ્રામ | ૧ | ૫૭.૯૨ |
| ૨ | જાપાન ઈન્ટરનેશનલ કો-ઓપરેશન એજન્સી (JICA) | (3) ગુજરાત ફોરેસ્ટ્રી ડેવલપમેન્ટ પ્રોજેકટ (ફેઝ-3) | ૧ | 0.03 |
| | | (4) ગુજરાત ઇન્વેસ્ટમેન્ટ પ્રમોશનલ પ્રોગ્રામ (GIPP) | ૧ | ૨૯૨.૫૦ |
| 3 | એશિયન ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્વેસ્ટમેન્ટ બેંક (AIIB) | (5) ગુજરાત રુરલ રોડ પરીયોજના (MMGSY) | ૧ | ૧૭૬૪.૦૦ |
| 4 | કે.એફ.ડબલ્યુ લોન (KFW) | (6) ગ્રીન એનર્જી કોરીડોર પ્રોજેક્ટ | ૧ | ૮૨.૫૧ |
| | કુલ | | ૬ | ૨૪૪૭.૬૬ |

10.3 વર્ષ ૨૦૧૮-૧૯ માટે રાજય સરકારે ઉક્ત પ્રોજેક્ટ માટે વિવિધ વિભાગોમાં રૂ. ૨,૪૪૭.૬૬ કરોડના બજેટ અંદાજની જોગવાઇ કરેલ છે.

**10.4** યોજનાઓના હેતુઓ, અંદાજિત ખર્ચ વિગેરેની માહિતી નીચે મુજબ છે.

**(૧) ગુજરાત રાજ્ય ધોરીમાર્ગ પરિયોજના-૨**

- પરિયોજનાનો કુલ અંદાજી ખર્ચ રૂ. ૧,૯૩૮ કરોડ છે જે પૈકી રૂ.૧,૦૫૦ કરોડની રકમ વિશ્વબેંક દ્વારા મળનાર છે.
- પરિયોજનાનો ઉદ્દેશ રાજ્યમાં સંસ્થાકીય સુદ્રઢીકરણ તથા કાર્યક્ષમ કરાર અને નાણાંકીય વ્યુહરચનાઓ દ્વાર મુખ્ય માર્ગીય માળખાના ઉપભોક્તાઓને પ્રાપ્ત થતી માર્ગ સેવાઓની ક્ષમતા અને ગુણવત્તા વધારવાનો છે.

**(૨) સંકલિત દરિયાકાંઠા વ્યવસ્થાપન યોજના (ICZM)**

- આ પ્રાયોજનાનો મુખ્ય હેતુ કચ્છના અખાત માટે સંકલિત દરિયાકાંઠા વ્યવસ્થાપનનો છે. આ પ્રાયોજના વિશ્વ બેંક દ્વારા સહાયિત છે. અને તે હાલ, પૂર્ણતાના અંતિમ તબક્કામાં છે.

**(૩) ગુજરાત સામાજીક વનીકરણ વિકાસ પ્રાયોજના - ૩**

- જાપાન આંતરરાષ્ટ્રિય સહાય સંસ્થા દ્વારા સહાયિત આ યોજનાની કુલ લાગત રૂ. ૯૦૫ કરોડ છે. આ યોજનાનો મુખ્ય હેતુ પાંખા થયેલા જંગલોને પુન:જીવિત કરીને જંગલો પર આધારિત લોકોને વધુ સક્ષમ બનાવીને તેઓનું જીવન ધોરણ સુધારવાનો છે. જે માટે JFM વાવેતર સહિત ટકાઉ વન સંચાલન/ આદિવાસી વિકાસ મારફતે પર્યાવરણ સુધારણા અને ગરીબી નાબૂદીનો પણ છે.

**(૪) ગુજરાત ઇન્વેસ્ટમેન્ટ પ્રમોશનલ પ્રોગ્રામ (GIPP)**

- ગુજરાત ઇન્વેસ્ટમેન્ટ પ્રમોશનલ પ્રોગ્રામ JICA દ્વારા પ્રસ્તાવિત કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટનો મુખ્ય હેતુ નીતિગત માળખાને મજબૂત કરીને અને ઉદ્યોગો સંબંધિત પ્રોજેક્ટને સમયસર તૈયાર કરવાના હેતુથી રોકાણના આદાનપ્રદાનમાં સુધારો કરવાના હેતુથી ગુજરાત રાજ્યમાં વિદેશી સીધા મૂડી રોકાણનું યોગદાન કરી શકાય છે. પ્રોજેક્ટની અંદાજિત કિંમત રૂ.૯૭૫ કરોડ છે.

**(૫) ગુજરાત રૂરલ રોડ પરિયોજના**

- આ પ્રોજેક્ટનો ઉદ્દેશ ગુજરાત રાજ્યના તમામ ૩૩ જીલ્લાઓમાં આશરે ૪૦૦૦ ગામડાઓમાં ગ્રામ્ય માર્ગ જોડાણ અને સુલભતામાં સુધારો કરવાનો છે. એશિયન ઇન્ફ્રાસ્ટ્રકચર ઇન્વેસ્ટમેન્ટ બેંક દ્વારા સહાયિત આ યોજનાની કુલ લાગત રૂ. ૪,૪૦૮ કરોડ છે. જેમાંથી રૂ. ૨,૨૦૪ કરોડ બાહ્ય એજન્સી- એશિયન ઇન્ફ્રાસ્ટ્રકચર ઇન્વેસ્ટમેન્ટ બેંક દ્વારા પ્રાપ્ત થશે.

**(૬) હરિત ઉર્જા કોરીડોર યોજના**

- આ યોજના અંતર્ગત (૧) જુદી જુદી ક્ષમતા વાળા ૦૭ સબસ્ટેશન બનાવવા છે તેમજ (૨) ૦૨ સંચાર લાઇનો નાંખવાની છે અને (૩) ૫ બસ રીએક્ટર્સ સ્થાપિત કરવાના કામો સમાવિષ્ટ છે.

- આ યોજનાનો પ્રથમ તબક્કાનો કુલ ખર્ચ રૂ. ૮૫૩.૨૯ કરોડ છે. જેની પ્રાપ્તિ નીચે દર્શાવ્યા મુજબ છે. ૪૦% રકમની લોન જર્મનીની સંસ્થા કેએફડબલ્યુ સંસ્થા દ્વારા મળશે જ્યારે ૪૦% રકમનું અનુદાન કેન્દ્ર સરકાર દ્વારા મળશે જ્યારે ૨૦% રકમ રાજ્ય સરકારના ઉપક્રમ **GETCO** નિવેશ કરશે.

**10.5** રાજ્ય સરકારે બાહ્ય સહાયનો મહત્તમ લાભ લેવા માટે નાણા વિભાગમાં એક અલગ પ્રોજેક્ટ મોનીટરીંગ યુનીટ કાર્યાન્વિત કરેલ છે.બાહ્ય સહાયિત સંસ્થાઓના ઓછા વ્યાજના દરની સરળ લોનની સંભાવનાઓ શોધીને રાજ્ય સરકાર નાણા વિભાગના અસરકારક સંકલનથી રાજ્યના પ્રસ્તાવિત વિવિધ પ્રોજેક્ટસ પૈકી ૧૩ દરખાસ્તો ભારત સરકારને રજૂ કરવામાં આવી છે, જે પૈકી ૬ દરખાસ્તોને બાહ્ય સહાયિત સંસ્થાઓને રજૂ કરવા માટે ભારત સરકારે સૈધ્ધાંતિક રૂપે મંજૂરી આપેલ છે, જ્યારે બાકીના પ્રોજેક્ટસની દરખાસ્તો પણ ભારત સરકારની મંજૂરી અર્થે ચાલુ વર્ષે રજુ કરી શકાય તે અંગેની કાર્યવાહી ચાલુ છે.

*****

# ભાગ-૨

## વિભાગવાર હેતુઓ, વ્યુહ રચના અને મુખ્ય યોજનાઓ

# કૃષિ અને સહકાર વિભાગ

રાજ્યના કુલ ૧૯૬ લાખ હેકટર જેટલા ભૌગોલિક વિસ્તાર પૈકી આશરે ૯૭ લાખ હેકટર જેટલો વિસ્તાર કૃષિ પ્રવૃતિ માટે ઉપયોગમાં લેવામાં આવે છે. રાજ્યમાં કુલ ૪૮.૮૫ લાખ ખેડૂતો, ૪૨.૬૫ લાખ પશુપાલકો અને ૨.૧૮ લાખ માછીમારો છે. રાજ્ય મગફળી, કપાસ, અને એરંડાના ઉત્પાદનમાં અગ્રેસર છે અને બાગાયત કેંદ્ર તરીકે ઝડપથી વિકસી રહેલ છે. ગુજરાત દૂધ સબંધી પ્રક્રિયાઓમાં અન્ય રાજ્યોની સરખામણીમાં અગ્રેસર છે અને મત્સ્ય ઉત્પાદનમાં અગત્યનું ઉત્પાદનકાર અને નિકાસકાર છે. વિભાગ હેઠળ કૃષિ, બાગાયત, મત્સ્યોદ્યોગ અને પશુપાલન માટે અલગ અલગ નિયામકશ્રીઓ છે. આ ઉપરાંત કૃષિ અને સંલગ્ન ક્ષેત્રના વિકાસ માટે ડેરી વિકાસ બોર્ડ, રજીસ્ટાર સહકારી મંડળીઓ, કૃષિ યુનિવર્સિટીઓ અને ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન પણ વિવિધ કાર્યક્રમોનું અમલિકરણ કરે છે.

કૃષિ નિયામક

હેતુઓ

- ઉચ્ચ ઉત્પાદકતા દ્વારા ખેત અર્થવ્યવસ્થા મજબુત કરવી.
- વૈજ્ઞાનિક કૃષિ પધ્ધતિઓ જેવી કે, ઇનપુટનો સંતુલીત ઉપયોગ, સુક્ષ્મ સિંચાઇ પધ્ધતિ અને આઇ.પી.એમ.ટેકનોલોજી વગેરેમાં માર્ગદર્શન દ્વારા ઉત્પાદન કિંમત લઘુત્તમ રાખવા ખેડુતોને સશકત બનાવવા.

વ્યુહરચના

- ચોકકસ પાક મુજબ કૃષિ પધ્ધતિનો સ્વીકાર જળ ક્ષમતા અને જમીન આરોગ્ય સંચાલનને પ્રોત્સાહન.
- કૃષિ ઉત્પાદન ક્ષમતા વધારવા યાંત્રિક ખેતી પાક લણણી અને પાક ઉત્પાદનની જાળવણી પધ્ધતિ પર ધ્યાન.
- સહાય અને પ્રોત્સાહન દ્વારા મુલ્યવર્ધિત અને કૃષિ પધ્ધ્તિને પ્રોત્સાહન.
- ખેડુતોને પાકના જોખમમાંથી બચાવવા કૃષિ વીમાને પ્રોત્સાહન.

**પશુપાલન**

**હેતુઓ**

- યોગ્ય માળખાકીય સુવિધાઓના વિકાસ દ્વારા રાજ્યના પશુધન અને મરઘાં ક્ષેત્રમાં આરોગ્ય સંભાળ અને રોગ નિવારણ સંબંધિત સેવાઓ પૂરી પાડવી
- યોગ્ય સંવર્ધન વ્યૂહરચના, ઘાસચારા ઉત્પાદન વ્યૂહરચનાનાં માધ્યમથી પશુધનની ઉત્પાદકતા માં વધારો કરવો અને તેના દ્વારા પશુપાલકોની આવક વધારવી.

- પ્રોત્સાહનો સાથે યોગ્ય યોજનાઓનાં અમલીકરણ દ્વારા પશુપાલન અને મરઘાંપાલન મારફતે સમાજના આર્થિક રીતે નબળા વર્ગને આવકની  તકો પૂરી પાડવી

**વ્યૂહરચના**

- પશુધન અને મરઘાંનાં ઉત્પાદન તથા ઉત્પાદકતામાં વધારો કરવા માટે આંતરિક (આનુવંશિક ક્ષમતા) અને બાહ્ય (સંચાલન સંબંધિત) પરિબળોમાં સુધારણા પર ધ્યાન કેન્દ્રિત કરવું
- પશુપાલન અને મરઘાંપાલન ક્ષેત્રનાં અદ્યતન તાંત્રિક જ્ઞાનને ક્ષેત્રિય કક્ષા સુધી પહોચાડવા કરવા માટે વિસ્તરણ પ્રવૃત્તિઓ પર ધ્યાન કેન્દ્રિત કરવું

**ડેરી વિકાસ**

**હેતુઓ**

- આરોગ્યપ્રદ સ્થિતિમાં સ્વાસ્થ્યપ્રદ દૂધ અને દૂધની પેદાશોનું ઉત્પાદન કરવું અને ગ્રાહકોને વ્યાજબી ભાવે પુરૂ પાડવું.
- ગ્રામ્ય દૂધ ઉત્પાદક મંડળીના સભાસદોની સામાજિક - આર્થિક સ્થિતિમાં સુધારો કરવો

**વ્યૂહરચના**

- ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીના સભાસદો, જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘો, ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને વિવિધ માળખાકીય સુવિધાઓ સ્થાપવા તથા સાધન-સામગ્રીની ખરીદી માટે સહાય પુરી પાડવા પર ધ્યાન કેન્દ્રિત કરવું

**મત્સ્યોદ્યોગ**

ગુજરાત રાજય ઉતર પશ્ચિમ દરિયાઇ વિસ્તાર ધરાવતું રાજય છે. જેમાં કુલ ૩૩ મહેસુલી જિલ્લાઓમાંથી ૧૫ જિલ્લાઓ દરિયાઇ વિસ્તાર ધરાવે છે. ગુજરાત રાજય કુલ ૧૬૦૦ કિ.મિ. જેટલો દરિયાઇ વિસ્તાર, ૧૮૪૦૦૦ ચો. કિ.મિ. જેટલો ખંડિય છાજલીનો વિસ્તાર, ૨૧૪૦૦૦ ચો. કિ.મિ. જેટલો ખાસ આર્થિક વિસ્તાર, ૩૮૬૫ કિ.મિ. જેટલો નદીનો વિસ્તાર, ૩૪૮૦૦૦ હેકટર જેટલો જળાશયનો વિસ્તાર, ૨૨૦૦૦ હેકટર જેટલો નાના તળાવો / ગ્રામ તળાવોનો વિસ્તાર તથા ૮૯૦૦૦ હેકટર જેટલો ભાંભરાપાણીનો જળ વિસ્તાર ધરાવે છે. તદુપરાંત ગુજરાતમાં ૧૦૭ જેટલા મત્સ્ય ઉતરાણ કેન્દ્રો, ૭૧૬ આંતર્દેશિય મત્સ્ય ઉતરાણ કેન્દ્રો, ૮૨ જેટલા નદિમુખ ઉતરાણ કેન્દ્રો અને ૨૧૮૨૭૦ જેટલા સક્રિય માછીમારો ૨૭૩૨૧ જેટલી મત્સ્ય બોટો ધરાવે છે. ગુજરાત રાજય મત્સ્ય બીજ ઉત્પાદન કરતા ૨૪ સરકારી તથા ૪ સંસ્થાકીય / ખાનગી ફાર્મો ધરાવે છે.

**ઉદેશો**

- ઝડપથી ઘટી રહેલ મત્સ્ય સંસાધનો તથા દરિયાઇ પર્યાવરણનું સંવર્ધન
- માછીમારોને સુરક્ષા પુરી પાડવી અને માછીમાર કલ્યાણકારી કાર્યક્રમો
- મત્સ્યોધોગના ટકાઉ વિકાસ માટે મહત્તમ આંતર માળખાકીય સુવિધાઓ પુરી પાડવી

- દરિયાઇ મત્સ્યોધોગનો વિકાસ
- આંતર્દેશિય મત્સ્યોધોગનો વિકાસ
- ભાંભરા પાણીના મત્સ્યોધોગનો વિકાસ

**વ્યુહરચના**

- મત્સ્યોધોગ કાયદાના અસરકારક અમલીકરણથી આધુનિક, સુરક્ષિત અને ટકાઉ મત્સ્યોધોગ પ્રવૃતિઓને વેગ આપવો
- અધ્યતન ટેકનોલોજીના ઉપયોગ થકી મત્સ્ય ઉત્પાદકતા વધવાથી આવક વધશે અને પરિણામે માછીમારોના જીવન સ્તર સમૃધ્ધ કરવા.
- મત્સ્ય બંદરો તથા મત્સ્ય ઉતરાણ કેન્દ્રો ખાતે વિશ્વ કક્ષાની આંતરમાળખાકીય સુવિધાાઓ પુરી પાડવી
- સક્રિય માછીમારોને બાયો મેટ્રિક કાર્ડ / ઓળખ કાર્ડ પુરા પાડવા તેમજ બોટ રજીસ્ટ્રેશન સીસ્ટમ, લાઇસેન્સિંગ સિસ્ટમ, બોટ મુવમેન્ટ ટોકન સિસ્ટમ વિગેરે જેવી સંકલ્પનાનું અમલીકરણ કરવું
- પોષ્ટ હાર્વેસ્ટ ટેકનોલોજીના અસરકારક અમલીકરણથી મત્સ્ય ઉત્પાદનનું વિશ્વ કક્ષાની તુલનાએ મુલ્ય વર્ધન કરવું
- મત્સ્ય વેચાણ માટે ની સ્વાસ્થ્યપ્રદ માળખાકીય સુવિધા પૂરી પાડવી.
- મત્સ્યબીજ ઉત્પાદન, મત્સ્યબીજ ઉછેરમાં નવી પ્રજાતિના સમાવેશ થકી તથા આનુષાંગિક માળખાકીય સુવિધાને પ્રોત્સાહન આપીને આંતર્દેશિય મત્સ્યોધોગનો વિકાસ
- મત્સ્યબીજ ઉત્પાદનમાં નવી પ્રજાતિના સમાવેશ થકી તથા આનુષાંગિક માળખાકીય સુવિધા સહજ ઉપલબ્ધ કરાવીને ભાંભરાપાણીના મત્સ્યોધોગનો વિકાસ
- માછીમાર કલ્યાણકારી યોજનાઓનું અમલીકરણ

**બાગાયત નિયામક**

**હેતુ**

- વિસ્તાર આધારિત પ્રાદેશિક વ્યુહ રચના દ્વારા બાગાયત ક્ષેત્રને સર્વગ્રાહી વિકાસ કરવો, જેમાં સંશોધન, ટેકનોલોજી પ્રમોશન અને વિસ્તરણ, કાપણી પછીનુ વ્યવસ્થાપન, પ્રોસેસીંગ અને માર્કેટીંગનો સમાવેશ થશે.
- બાગાયત ઉત્પાદનમાં વૃધ્ધિ, પોષણ સલામતી સુધારવી, રોજગારીની તકો ઉભી કરવી અને ખેત પુરક આવક વિકસાવવી.
- નવી ટેકનોલોજીને પ્રોત્સાહન અને વ્યાપ વધારી રાજ્યમાં બાગાયત ક્ષેત્રે વિકાસ કરવો.

**વ્યુહરચના**

- ગુણવત્તાયુક્ત વાવણી સામગ્રીની ઉપલબ્ધતાની ખાતરી
- સંકલિત ખાતર વ્યવસ્થાપન અને જીવાત નિયંત્રણને પ્રોત્સાહન
- અત્યાધુનીક બાગાયત, નિકાસ અને પાક કાપણી પછીના વ્યવસ્થાપનની સવલતો વિકસાવવી.
- ખેડૂતોને કૌશલ્ય વિકાસ અને તાલીમ આપવી.

**કૃષિ યુનિવર્સિટીઓ**

**હેતુઓ**

- કૃષિ, પશુપાલન, બાગાયત, વનીકરણ, મત્સ્યોદ્યોગ, મુળભૂત વિજ્ઞાન, કૃષિ ઉદ્યોગ સંચાલન અને સંબંધીત વિજ્ઞાનમાં ઉચ્ચ શિક્ષણ આપવું.
- ગુજરાત રાજયના અગત્યના પાકો માટે ઉચ્ચ ગુણવત્તા યુક્ત બીયારણ અને વાવણી લાયક સામગ્રીનો ઉત્પાદન કરવું અને સુધારેલ ખેતી માટે આધુનીક ટેકનોલોજીકલ ઉપાયો પુરા પાડવા.

**વ્યુહરચના**

- ખેડૂતો યુવાઓ, ખેડૂતો, ખેત મહીલાઓ અને ખેત કૃષિ કારીગરોને કૃષિ અને સંલગ્ન ક્ષેત્રમાં તાલીમ પુરી પાડવી અને નવી રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ.

**રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ**

**હેતુઓ**

- રાજ્યના ખેડૂતોને ૭% ના દરે ધિરાણ  પ્રાપ્ત થાય તે જેમાં સહકારી ધિરાણ માળખાની સંસ્થાઓના પોતાના ફંડના રોકાયેલ નાણા પર વ્યાજ રાહત આપવાથી આ સંસ્થાઓ વધુ ધિરાણ કરવા પ્રેરાય છે. ટુંકી મુદતનું પાક ધિરાણ સમયસર ધિરાણ પરત ભરતા ખેડૂતોને કેન્દ્ર સરકાર ધ્વારા ૩% મુજબ વ્યાજ સહાય આપવામાં આવે છે. રાજ્ય સરકારની એપ્રીલથી સપ્ટેમ્બર દરમ્યા આવુ ધિરાણ મેળવેલ અને સમયસર ધિરાણ પરત ભરતા ખેડૂતો માટે ૩% ની વ્યાજ રાહતની યોજનાથી ખેડૂતોને ૧% ના દરે ધિરાણ પ્રાપ્ત થવાથી સંસ્થાઓની વસુલાત વધશે અને ખેડૂતોને વ્યાજ ભારણ નહીવત રહેશે. આધુનિક સગવડો જેવી કે ફાર્મર શેડ, વેચાણ કમ પ્રદર્શન સેન્ટર, કીઓસ્ક સેન્ટર બજાર સમિતિઓમાં ઉભી થશે.

**વ્યુહરચના**

| | ઉપલબ્ધ કરાવવી અને બિન આદિજાતિ વિસ્તારમાં પશુ આરોગ્ય મેળાઓનું આયોજન, ચાર મહા-સંમેલનનું આયોજન, એનિમલ એમ્બ્યુલન્સ કમ ક્રિટીકલ કેર યુનીટ, કરુણા એનિમલ એમ્બ્યુલન્સ ૧૯૬૨ અને દસ ગામ દીઠ એક પશુ દવાખાનાની સેવાઓ ચાલુ રાખવી.<br>• દસ ગામ દીઠ એક પશુદવાખાના સ્થાપવાની યોજના, કરુણા એનિમલ એમ્બ્યુલન્સ-૧૯૬૨, જીલ્લા પંચાયત આણંદની પશુસારવાર સંસ્થાઓ માટે ફર્નિચર (વર્ષ ૨૦૧૮-૧૯ નાં અંદાજપત્રમાં નવી બાબત તરીકે મંજુર)<br>(૨) રોગચાળા અને આકસ્મીક પશુ મૃત્યુ કીસ્સામાં પશુપાલકને આર્થિક વળતર સહાય<br>(૩) કામધેનુ યુનિવર્સીટીની સ્થાપના અને દ્રઢીકરણ<br>• કામધેનુ યુનિવર્સીટી અંતર્ગત હોસ્ટેલ બાંધકામ (વર્ષ ૨૦૧૮-૧૯ નાં અંદાજપત્રમાં નવી બાબત તરીકે મંજુર)<br>(૪) અનુસુચિત જાતિ વિસ્તારમાં પશુદવાખાના અને પશુચિકિત્સા સેવાઓ<br>• અનુસુચિત જાતિ વિસ્તારમાં વિવિધ પશુ સારવાર સંસ્થાઓ ચાલુ રાખવી (મહેકમ) અને પશુ આરોગ્ય મેળાઓનું આયોજન અને એનિમલ એમ્બ્યુલન્સ કમ ક્રિટીકલ કેર યુનીટ, પાટણ ખાતે પશુ રોગ અન્વેષણ એકમની સ્થાપના.<br>(૫) અનુસુચિત જન જાતિ વિસ્તારમાં પશુદવાખાના અને પશુઆરોગ્ય સેવાઓ.<br>• અનુસુચિત જન જાતિ વિસ્તારમાં વિવિધ પશુ સારવાર સંસ્થાઓ ચાલુ રાખવી (મહેકમ) અને પશુ આરોગ્ય મેળાઓનું આયોજન, એનિમલ એમ્બ્યુલન્સ કમ ક્રિટીકલ કેર યુનીટ<br>• નર્મદા જીલ્લા પંચાયતનાં ફરતા પશુદવાખાના માટે રદ બાતલ થયેલ વાહન સામે નવા વાહનની ખરીદી (વર્ષ ૨૦૧૮-૧૯ નાં અંદાજપત્રમાં નવી બાબત તરીકે મંજુર)<br>(૬) બાંધકામ- પશુદવાખાના<br>• જિલ્લા પંચાયત હસ્તકની પશુ સારવાર સંસ્થાઓના નવા મકાનોનું બાંધકામ અને હયાત મકાનોના મરામત કામ (વર્ષ ૨૦૧૮-૧૯ નાં અંદાજપત્રમાં નવી બાબત તરીકે મંજુર)<br>(૭) બાંધકામ- વેટરનરી પોલીક્લીનીકસ<br>• જુદી જુદી વેટરનરી પોલીક્લીનીકસનાં મકાનોનું બાંધકામ અને હાઈટેક વેટરીનરી પોલીક્લીનીક, પોરબંદરનું બાંધકામ<br>• વેટરનરી પોલીક્લીનીક, નર્મદા અને મોરબી તથા પશુરોગ અન્વેષણ એકમ ભુજનાં નવીન મકાનનું બાંધકામ તેમજ મરઘા રોગ સંશોધન એકમ, નવસારીની કચેરી અને ક્વાટર્સનું રીનોવેશન |

| | |
|---|---|
| | તથા એમ્બ્યુલન્સ શેડનું બાંધકામ (વર્ષ ૨૦૧૮-૧૯ નાં અંદાજપત્રમાં નવી બાબત તરીકે મંજુર)<br>(૮) બાંધકામ- આદિજાતિ વિસ્તાર<br>• આદિજાતિ વિસ્તારમાં પશુપાલન ખાતા હસ્તકનાં મકાનોનું બાંધકામ અને હયાત મકાનોના મરામત કામ |
| (ખ) સંભવિત લાભાર્થીઓ | રાજ્યના પશુપાલકો |
| (ગ) સહાયનું પ્રમાણ | લાગુ પડતું નથી |
| (ઘ) અમલીકરણ કચેરી | પશુપાલન ખાતું, જીલ્લા પંચાયત કચેરીઓ, માર્ગ અને મકાન વિભાગ, કામધેનુ યુનિવર્સીટી |
| (ચ) ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય ૧૦૦ % |
| (છ) અપેક્ષિત આઉટકમ | રાજ્યમાં પશુ આરોગ્ય સેવાઓનો વ્યાપ વધારવો |

| **યોજનાનુ નામ** | **એએનએચ-૩**<br>**૦૪:૨૪૦૩:૦૦:૧૦૧:૦૨,**<br>**રોગ નિવારણ અને નિયંત્રણ કાર્યક્રમ** |
|---|---|
| (ક) ઘટકો અને પ્રવૃતિઓ | (૧) રોગ નિવારણ અને નિયંત્રણ<br>• ૧૦ પશુરોગ અન્વેષણ એકમ ચાલુ રાખવા (મહેકમ), ૧૭ પશુરોગ અન્વેષણ એકમની મોબાઈલ લેબોરેટરી માટે આઉટસોર્સથી ડ્રાઈવરની સેવાઓ, લેપ્ટોસ્પાઇરોસીસનું નિયંત્રણ<br>• પશુ જૈવિક સંસ્થા (મહેકમ), પશુ જૈવિક સંસ્થા માટે રાસાયણો, ડાયગ્નોસ્ટિક રિએજન્ટ, સીરા વેક્સીન, સાધન-સામગ્રી અને જી.એમ.પી. નોર્મ્સ મુજબ પશુ જૈવિક સંસ્થાનું આધુનિકરણ<br>(૨) ખરવા-મોવાસા રોગ નિયંત્રણ કાર્યક્રમ<br>• આસીસ્ટન્ટ ટૂ સ્ટેટસ ફોર કંટ્રોલ ઓફ એનિમલ ડીસીસીસ (એસ્કાડ), ફૂટ એન્ડ માઉથ ડીસીસ કંટ્રોલ પ્રોગ્રામ (એફએમડી-સીપી), પ્રોફેશનલ એફિસિયન્સી ડેવલપમેન્ટ (પીઈડી), નેશનલ કંટ્રોલ પ્રોગ્રામ ઓન બ્રુસેલ્લોસીસ (એનસીપીબી), પેસ્ટ ડેસ પેટાઇટીસ રુમિન્ટસ કંટ્રોલ પોગ્રામ (પીપીઆર - સીપી) અને પગાર ભથ્થા<br>(૩) બળીયા નાબૂદી કાર્યક્રમ.<br>• નેશનલ પ્રોજેક્ટ ઓન રીન્ડરપેસ્ટ સર્વેલન્સ એન્ડ મોનીટરીંગ (એન.પી.આર.એસ.એમ.) |
| (ખ) સંભવિત લાભાર્થીઓ | રાજ્યના પશુપાલકો |
| (ગ) સહાયનું પ્રમાણ | લાગુ પડતું નથી |
| (ઘ) અમલીકરણ કચેરી | પશુપાલન ખાતું અને જીલ્લા પંચાયત |
| (ચ) ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | (૧) રાજ્ય : ૧૦૦%<br>(૨) રાજ્ય : ૪૦%, ૫૦% કેન્દ્રિય : ૬૦%, ૫૦% |

| | |
|---|---|
| | (૩) રાજ્ય : ૦.૦૦%　　　　કેન્દ્રિય : ૧૦૦ % |
| (છ) અપેક્ષિત આઉટકમ | રાજ્યમાં પશુધન આરોગ્ય સેવાઓનો વ્યાપ વધારી પશુધનનાં ઉત્પાદન અને ઉત્પાદકતામાં વધારો |

| **યોજનાનુ નામ** | **એએનએચ-૬**<br>**૦૪:૨૪૦૩:૦૦:૧૦૨:૦૫,**<br>**૯૬:૨૪૦૩:૦૦:૭૯૬:૦૩,**<br>**૮૪:૪૪૦૩:૦૦:૧૦૨:૪૨**<br>**સઘન પશુ વિકાસ કાર્યક્રમ** |
|---|---|
| (ક) ઘટકો　અને પ્રવૃતિઓ | (૧) સઘન પશુ વિકાસ કાર્યક્રમ (ઘ.પ.સુ.યો.)<br>• બિન આદિજાતિ વિસ્તારમાં ઘ.પ.સુ.યો. ઘટકો ચાલુ રાખવા (મહેકમ), જાતીય આરોગ્ય સારવાર કેમ્પનું આયોજન, કૃત્રિમ બીજદાનનાં સાધનો અને કેમિકલ/ગ્લાસવેરની ખરીદી, પશુપાલન નિયામકની કચેરીની ઘ.પ.સુ.યો (મુ.મ) શાખા માં વાહન અને માનવબળની સેવાઓ આઉટસોર્સિંગથી ઉપલબ્ધ કરાવવી<br>• ગુજરાત પશુધન વિકાસ બોર્ડ, ગાંધીનગર અને ફ્રોઝન સીમેન સ્ટેશન પાટણનું વિસ્તરણ, સૌરાષ્ટ્ર વિસ્તારમાં ફ્રોઝન સીમેન સ્ટેશન ની સ્થાપના(મહેકમ), ગુજરાત પશુધન વિકાસ બોર્ડ, ગાંધીનગર અને ફ્રોઝન સીમેન સ્ટેશન પાટણનું મહેકમ<br>• ઘ.પ.સુ.યો. ઘટકો અને જીલ્લા પંચાયત કચેરીના કેન્દ્રો માટે પ્રવાહી નત્ર વાયુ, સિમેન ડોઝ, પ્રવાહી નત્ર વાયુ કન્ટેનરનું પરિવહન અને ખરીદી, પશુ ઉત્પાદકતા વૃદ્ધિ કેમ્પ, એમ્બ્રીયો ટ્રાન્સફર યોજનાનું મહેકમ, રાજ્યની સ્થાનિક ઓલાદની ગાયમાં શુદ્ધ સંવર્ધન દ્વારા કૃત્રિમ બિજદાનથી જન્મેલ વાછરડીઓને ઉછેરનાર પશુપાલકોને પ્રોત્સાહન, પંચમહાલ જિલ્લામાં ફ્રોઝન સીમેન સ્ટેશનની સ્થાપના, સેક્સડ સિમેન ડોઝની ખરીદી<br>(૨) આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ સઘન પશુ વિકાસ કાર્યક્રમ (ઘ.પ.સુ.યો)<br>• આદિજાતિ વિસ્તારમાં ઘ.પ.સુ.યો. ઘટકો ચાલુ રાખવા (મહેકમ), જાતીય આરોગ્ય સારવાર કેમ્પનું આયોજન, વિવિધ ઘ.પ.સુ.યો કચેરીઓમાં વાહન અને માનવબળની સેવાઓ આઉટસોર્સિંગથી ઉપલબ્ધ કરાવવી<br>• આદિજાતિ વિસ્તારનાં ઘ.પ.સુ.યો. ઘટકો અને જીલ્લા પંચાયત કચેરીના કેન્દ્રો માટે પ્રવાહી નત્ર વાયુ, સિમેન ડોઝ, પ્રવાહી નત્ર વાયુ કન્ટેનરનું પરિવહન અને ખરીદી, કૃત્રિમ બીજદાનનાં સાધનો અને કેમિકલ/ ગ્લાસવેરની ખરીદી, વીસ સુધીના દુધાળા પશુ એકમની સ્થાપના માટે અનુસુચિત જનજાતિના લાભાર્થીઓને પાંચ |

| | |
|---|---|
| | વર્ષના સમયગાળા સુધી મહત્તમ ૧૨ % સુધીની વ્યાજ સહાય<br>(૩) બાંધકામ- ઘ.પ.સુ.યો. / ફાર્મ<br>• જુદા જુદા ઘ.પ.સુ.યો. ઘટકોના માકાનોનું બાંધકામ, મહેસાણા ખાતે કવોરનટાઇન સ્ટેશનનું બાંધકામ, ભુતવડ અને માંડવી ખાતે ફ્રોઝન સીમેન સ્ટેશનનું બાંધકામ, પશુ ઉછેર કેન્દ્ર ભુજ ખાતે બન્ની બફેલો ન્યુકલીયસ સ્ટોક બ્રીડીંગ ફાર્મનું બાંધકામ અને નવી સુવિધાઓનું બાંધકામ<br>• ઘ.પ.સુ.યો. ઘટક, અરવલ્લી કચેરીનું બાંધકામ (વર્ષ ૨૦૧૮-૧૯ નાં અંદાજપત્રમાં નવી બાબત તરીકે મંજુર) |
| (ખ) સંભવિત લાભાર્થી | રાજ્યના પશુપાલકો |
| (ગ) સહાયનું પ્રમાણ (લાગુ પડતુ હોય તો) | વીસ સુધીના દુધાળા પશુ એકમની સ્થાપના માટે મહત્તમ ૧૨ % સુધીની વ્યાજ સહાય |
| (ઘ) અમલકર્તા એજન્સી | પશુપાલન ખાતું, જીલ્લા પંચાયત, માર્ગ અને મકાન વિભાગ |
| (ચ) ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૧૦૦% |
| (છ) અપેક્ષિત આઉટકમ | રાજ્યમાં પશુ સંવર્ધન સેવાઓ પુરી પાડી પશુધનની ઉત્પાદકતા અને ઉત્પાદનમાં વધારો |

| **યોજનાનુ નામ** | **એએનએચ-૭**<br>૦૪:૨૪૦૩:૦૦:૧૦૨:૦૬,<br>૯૫:૦૦:૨૪૦૩:૧૦૨:૦૨<br>પશુધન સુધારણા અને સંરક્ષણ |
|---|---|
| (ક) ઘટકો  અને પ્રવૃતિઓ | (૧) પશુ અને ભેંસ વિકાસ માટે સુધારણા અને સંરક્ષણ<br>• ઇન્ફર્મરી અને એસપીસીએ (પ્રાણી ક્રુરતા નિવારણ સોસાયટી) ને સહાય, ગાય/ભેંસનું ઈલેક્ટ્રોનિક આઇડેન્ટિફિકેશન અને રજીસ્ટ્રેશન, ગીર અને કાકરેજ ગાયનાં એમ્બ્રીયો ટ્રાન્સફર માટેની યોજના(મહેકમ), દૂધ ઉત્પાદન હરીફાઈ, પ્રાણી ક્રુરતાં નિવારણ બોર્ડનાં માટે વહીવટી ખર્ચ અને મહેક્મ, બ્રીડર એશોસિએશનને સહાય<br>• ગીર કાઉ સેન્ચુરી ધરમપુર, જી.પોરબંદરનું મહેક્મ, પશુ ઉછેર કેન્દ્ર ભૂતવડનું આધુનીકરણ, પશુ ઉછેર કેન્દ્ર ભૂતવડ માટે જુના ટ્રેકટરની અવેજીમાં નવીન ટ્રેકટર/ટ્રોલી અને પશુ ઉછેર કેન્દ્ર માંડવી માટે જુના ટ્રેકટરની અવેજીમાં નવીન ટ્રેકટર/ટ્રોલી અને ખેતીના ઓજારોની ખરીદી, પશુ ઉછેર કેન્દ્ર થરા ખાતે નવીન ટ્યુબવેલ (વર્ષ ૨૦૧૮-૧૯ નાં અંદાજપત્રમાં નવી બાબત તરીકે મંજુર)<br>(૨) અનુસુચિત જાતિ પેટા યોજના હેઠળ સઘન પશુધન વિકાસ કેન્દ્રોની સ્થાપના |

| | |
|---|---|
| | • અનુસુચિત જાતિ પેટા યોજના હેઠળ ધ.પ.સુ.યો. ઘટકો ચાલુ રાખવા (મહેકમ), જાતીય આરોગ્ય સારવાર કેમ્પનું આયોજન, વિવિધ ધ.પ.સુ.યો કચેરીઓમાં વાહન અને માનવબળની સેવાઓ આઉટસોર્સિંગથી ઉપલબ્ધ કરાવવી, વીસ સુધીના દુધાળા પશુ એકમની સ્થાપના માટે અનુસુચિત જાતિના લાભાર્થીઓને પાંચ વર્ષના સમયગાળા સુધી મહત્તમ ૧૨ % સુધીની વ્યાજ સહાય |
| (ખ) સંભવિત લાભાર્થી | રાજ્યના પશુપાલકો |
| (ગ) સહાયનું પ્રમાણ (લાગુ પડતુ હોય તો) | વીસ સુધીના દુધાળા પશુ એકમની સ્થાપના માટે મહત્તમ ૧૨ % સુધીની વ્યાજ સહાય |
| (ઘ) અમલકર્તા એજન્સી | પશુપાલન ખાતું, જીલ્લા પંચાયત, જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘો, ગુજરાત પશુધન વિકાસ બોર્ડ, ગુજરાત ગૌસેવા આયોગ અને ગૌચર વિકાસ બોર્ડ |
| (ચ) ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૧૦૦ % |
| (છ) અપેક્ષિત આઉટકમ | પશુધનની ઉત્પાદકતા અને ઉત્પાદનમાં વધારો |

| **યોજનાનુ નામ** | **એએનએચ-૮**<br>**૦૪:૨૪૦૩:૦૦:૧૦૨:૦૧**<br>**દૂધાળા પશુઓની ખરીદી પર વ્યાજ સહાય** |
|---|---|
| (ક) ઘટકો અને પ્રવૃતિઓ | (૧) દેશી ઓલાદના દૂધાળા પશુઓની ખરીદી પર વ્યાજ સહાય.<br>• ૦૧ થી ૦૪ દૂધાળા પશુઓનાં એકમની સ્થાપના પર ૧૨ % વ્યાજ સહાય, ૦૧ થી ૧૦ દૂધાળા પશુઓનાં એકમની સ્થાપના પર મહિલા લાભાર્થીઓને ૫ % વ્યાજ સહાય, વીસ સુધીના દુધાળા પશુ એકમની સ્થાપના માટે પાંચ વર્ષના સમયગાળા સુધી મહત્તમ ૧૨ % સુધીની વ્યાજ સહાય<br>• સ્વરોજગારી માટે ડેરી ફાર્મની સ્થાપના પર સહાય, રાજ્યમાં સેન્ટર ઓફ ડેરી એક્સેલન્સની સ્થાપના (વર્ષ ૨૦૧૮-૧૯ નાં અંદાજપત્રમાં નવી બાબત તરીકે મંજુર) |
| (ખ) સંભવિત લાભાર્થી | રાજ્યના પશુપાલકો |
| (ગ) સહાયનું પ્રમાણ (લાગુ પડતુ હોય તો) | ૦૧ થી ૦૪ દૂધાળા પશુઓનાં એકમની સ્થાપના પર ૧૨ % વ્યાજ સહાય<br>૦૧ થી ૧૦ દૂધાળા પશુઓનાં એકમની સ્થાપના પર મહિલા લાભાર્થીઓને ૫ % વ્યાજ સહાય<br>વીસ સુધીના દુધાળા પશુ એકમની સ્થાપના માટે મહત્તમ ૧૨ % સુધીની વ્યાજ સહાય |
| (ઘ) અમલકર્તા એજન્સી | પશુપાલન ખાતું, જીલ્લા પંચાયત |
| (ચ) ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૧૦૦ % |
| (છ) અપેક્ષિત આઉટકમ | ડેરી ફાર્મિંગની ઉદ્યોગ-સાહસિકતાને પ્રોત્સાહન અને રોજગારી ઊભી કરવી |

| યોજનાનુ નામ | **એએનએચ-૯**<br>૦૪:૨૪૦૩:૦૦:૧૦૭:૦૧,<br>૯૫:૨૪૦૩:૦૦:૧૦૭:૦૧,<br>૯૬:૨૪૦૩:૦૦:૭૯૬:૧૬<br>**ખાણદાણ અને ઘાસચારા વિકાસ કાર્યક્રમ** |
|---|---|
| (ક) ઘટકો   અને પ્રવૃતિઓ | (૧) ઘાસચારા અને ખાણદાણ વિકાસની યોજના<br>• ૦૩ ઘાસચારા ફાર્મ અને ૦૨ બીજ ઉત્પાદન ફાર્મ ચાલુ રાખવા(મહેકમ), વિદ્યુત સંચાલિત ચાફકટરની ખરીદી માટે સહાય, કેટલશેડનાં બાંધકામ માટે સહાય, ઘાસચારા બિયારણ કીટનું વિતરણ, સામાન્ય જાતિના પશુપાલકોને પોલી પ્રોપીલીન સાઈલેજ બેગ માટે સહાય<br>(૨) અનુસુચિત જાતિ પેટા યોજના હેઠળ ઘાસચારા અને ખાણદાણ વિકાસની યોજના<br>• વિદ્યુત સંચાલિત ચાફકટરની ખરીદી માટે સહાય, કેટલશેડનાં બાંધકામ માટે સહાય, પોલી પ્રોપીલીન સાઈલેજ બેગ અને સુધારેલ જાતના બિયારણનાં કીટ માટે સહાય<br>(૩) અનુસુચિત જન જાતિ પેટા યોજના હેઠળ ઘાસચારા અને ખાણદાણ વિકાસની યોજના<br>• ૦૩ ઘાસચારા ફાર્મ ચાલુ રાખવા(મહેકમ), વિદ્યુત સંચાલિત ચાફકટરની ખરીદી માટે સહાય, ઘાસચારા બિયારણ કીટનું વિતરણ |
| (ખ) સંભવિત લાભાર્થી | રાજ્યના પશુપાલકો |
| (ગ) સહાયનું પ્રમાણ (લાગુ પડતુ હોય તો) | વિદ્યુત સંચાલિત ચાફકટરની ખરીદી પર ૭૫ % અથવા મહત્તમ રૂ. ૧૫,૦૦૦/- સહાય<br>૫ અને ૧૦ પશુ માટે કેટલ શેડનાં બાંધકામ પર ૫૦ % અથવા મહત્તમ રૂ. ૬૩,૦૦૦/- અને રૂ. ૧,૨૫,૦૦૦/- સહાય<br>૫૦૦ કિગ્રાની ક્ષમતા તથા ૧૦૦૦ કિગ્રાની ક્ષમતાની પોલી પ્રોપીલીન સાઈલેજ બેગ માટે ૭૫% મુજબ અનુક્રમે મહત્તમ રૂ. ૫૨૫/- તથા રૂ. ૭૫૦/- સહાય |
| (ઘ) અમલકર્તા એજન્સી | પશુપાલન ખાતું, જીલ્લા પંચાયત |
| (ચ) ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૧૦૦ % |
| (છ) અપેક્ષિત આઉટકમ | ઘાસચારો અને ખાણદાણની ઉપલબ્ધતા વધારી તથા તેની માંગ-પુરવઠાનાં તફાવતમાં ઘટાડો કરીને પશુધનની ઉત્પાદકતા અને ઉત્પાદનમ ક્ષમતામાં વધારો |

| યોજનાનુ નામ | **એએનએચ-૧૦**<br>**૦૪:૨૪૦૩:૦૦:૧૦૩:૦૧,**<br>**૯૬:૨૪૦૩:૦૦:૭૯૬:૦૪,**<br>**૦૪:૪૪૦૩:૦૦:૧૦૩:૪૨**<br>**મરઘા વિકાસ કાર્યક્રમ** |
|---|---|
| (ક) ઘટકો અને પ્રવૃતિઓ | (૧) સઘન મરઘા વિકાસ કાર્યક્રમ<br>• રાજકોટ અને મહેસાણા ખાતેના ઘનિષ્ટ મરઘા વિકાસ ઘટક ચાલુ રાખવા (મહેકમ), ઘનિષ્ટ મરઘા વિકાસ ઘટક મકરબાની હેચરીનું વિસ્તરણ, મરઘા પાલન તાલીમ દરમ્યાન તાલીમાર્થીઓને સ્ટાઈપેન્ડ અને વ્યાખ્યાતાઓને માનદ વેતન, ૨૫ આર.આઈ.આર.પક્ષીના એકમની સ્થાપના માટે સહાય, ઘનિષ્ટ મરઘા વિકાસ ઘટકો માટે ૦૬ કચેરી અધિક્ષકનું મહેકમ ચાલુ રાખવું<br>(૨) અનુસુચિત જન જાતિ પેટા યોજના સઘન મરઘા વિકાસ કાર્યક્રમ<br>• બતક ઉછેર ફાર્મ માંડવી તથા વડોદરા અને દાહોદ ખાતે હેચરી ચાલુ રાખવા (મહેકમ)<br>• અનુસુચિત જનજાતિના લાભાર્થીઓને ૨૫ આરઆઈઆર/કડકનાથ પક્ષીના એકમની સ્થાપના પર સહાય અને સ્ટાઈપેન્ડ સહીત મરઘાં-પાલન તાલીમ<br>• ડાંગ જિલ્લામાં પોલ્ટ્રી કમ ફિશ યુનીટ (વર્ષ ૨૦૧૮-૧૯ નાં અંદાજપત્રમાં નવી બાબત તરીકે મંજુર)<br>(૩) બાંધકામ- ઘનિષ્ટ મરઘા વિકાસ ઘટક<br>• વિવિધ ઘનિષ્ટ મરઘા વિકાસ ઘટકોનાં મકાનોનું બાંધકામ અને મરામત<br>• ઘનિષ્ટ મરઘા વિકાસ ઘટક, મકરબા ખાતે હેચરીનું બાંધકામ અને નવીન પશુપાલન ભવનનું બાંધકામ (વર્ષ ૨૦૧૮-૧૯ નાં અંદાજપત્રમાં નવી બાબત તરીકે મંજુર) |
| (ખ) સંભવિત લાભાર્થી | રાજ્યના મરઘા પાલકો |
| (ગ) સહાયનું પ્રમાણ (લાગુ પડતુ હોય તો) | ૨૫ આર.આઈ.આર./કડકનાથ પક્ષીના એકમની સ્થાપના માટે ૭૫ % સહાય અને તાલીમ દરમ્યાન રૂ.૨૦૦૦/- સ્ટાઈપેન્ડ |
| (ઘ) અમલકર્તા એજન્સી | પશુપાલન ખાતું, માર્ગ અને મકાન વિભાગ |
| (ચ) ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૧૦૦ % |
| (છ) અપેક્ષિત આઉટકમ | રાજ્યનાં ઈંડા ઉત્પાદનમાં વધારો કરવો |

| યોજનાનુ નામ | **એએનએચ-૧૧**<br>**૯૫:૨૪૦૩:૦૦:૧૦૪:૦૧,**<br>**૯૬:૨૪૦૩:૦૦:૭૯૬:૦૬**<br>**સ્મોલ રૂમિનન્ટસ અને મરઘા વિકાસ કાર્યક્રમ** |
|---|---|
| (ક) ઘટકો અને પ્રવૃતિઓ | (૧) અનુસુચિત જાતિ પેટા યોજના હેઠળ સ્મોલ રૂમિનન્ટસ અને મરઘા |

| | |
|---|---|
| | વિકાસ કાર્યક્રમ<br>• ૧૦+૦૧ બકરા એકમની સ્થાપના માટે સહાય, ૨૫ આર.આઈ.આર.પક્ષીના એકમની સ્થાપના માટે સહાય, મરઘા પાલન તાલીમ દરમ્યાન તાલીમાર્થીઓને સ્ટાઈપેન્ડ અને વ્યાખ્યાતાઓને માનદ વેતન, ૧૦૦ બ્રોઇલર પક્ષીના એકમની સ્થાપના માટે સહાય<br>(૨) દાહોદ ખાતે મરઘાં ફાર્મની સ્થાપના<br>• વલસાડ ખાતે પશુ રોગ અન્વેષણ એકમની કચેરી ચાલુ રાખવી (મહેકમ) |
| (ખ) સંભવિત લાભાર્થી | રાજ્યના પશુપાલકો અને મરઘા પાલકો |
| (ગ) સહાયનું પ્રમાણ (લાગુ પડતુ હોય તો) | ૧૦+૦૧ બકરા એકમ માટે ૫૦ % સહાય, ૨૫ આર.આઈ.આર. પક્ષીના એકમની સ્થાપના માટે ૭૫ % સહાય અને તાલીમાર્થીઓને રૂ.૨૦૦૦/- સ્ટાઈપેન્ડ |
| (ઘ) અમલકર્તા એજન્સી | પશુપાલન ખાતું |
| (ચ) ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય હિસ્સો : ૧૦૦ % |
| (છ) અપેક્ષિત આઉટકમ | મરઘા પાલન અને બકરા ઉછેરના માધ્યમથી રોજગારીની તકો ઉભી કરવી |

| **યોજનાનુ નામ** | **એએનએચ-૧૨**<br>**૦૪:૨૪૦૩:૦૦:૧૦૪:૦૧,**<br>**૯૬:૨૪૦૩:૦૦:૭૯૬:૨૧**<br>**ઘેટા બકરા વિકાસ કાર્યક્રમો** |
|---|---|
| (ક) ઘટકો અને પ્રવૃતિઓ | (૧) ઘેટા બકરા વિકાસ કાર્યક્રમ<br>• ઘેટા બકરા સંવર્ધન ફાર્મ નલીયા, મોટાજામપુરા અને મોરબીની સ્થાપના (મહેકમ), માલધારી શિબિરનું આયોજન, પશુચિકિત્સા અધિકારી/પશુધન નિરીક્ષકની તાલીમ, ઘેટા બકરાનાં બ્રીડર અશોસિએશનની સ્થાપના માટે સહાય, ઘેટા બકરામાં ડીવર્મિંગ, ગુજરાત ઘેટા અને ઊન વિકાસ નિગમ (ગુશીલ)નું દ્રઢીકરણ, ૧૦+૦૧ બકરા અકમની સ્થાપના માટે સહાય<br>(૨) વિચરતા ઘેંટા અને બકરા સમુદાયનાં સેવા કેન્દ્ર<br>• બકરા સંવર્ધન ફાર્મ કોંઢની સ્થાપના (મહેકમ), ઘનિષ્ટ ઘેટા બકરા વિકાસ ઘટક દાહોદ અને વડોદરાની સ્થાપના, આદિજાતિ વિસ્તારની વિધવા/ત્યકતા મહિલાઓને ૧૦+૦૧ બકરા અકમની સ્થાપના માટે સહાય |
| (ખ) સંભવિત લાભાર્થી | રાજ્યના પશુપાલકો અને મરઘા પાલકો |
| (ગ) સહાયનું પ્રમાણ (લાગુ પડતુ હોય તો) | ૧૦+૦૧ બકરા એકમ માટે ૫૦ % સહાય |
| (ઘ) અમલકર્તા એજન્સી | પશુપાલન ખાતું, જીલ્લા પંચાયત |

| | |
|---|---|
| (ચ) ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૧૦૦ % |
| (છ) અપેક્ષિત આઉટકમ | ઘેટા-બકરા પાલનના માધ્યમથી રોજગારીની તકો ઉભી કરવી |

| **યોજનાનુ નામ** | **એએનએચ-૧૩**<br>**૦૪:૨૪૦૩:૦૦:૧૦૯:૦૧**<br>**પ્રચાર-પ્રસાર અને વિસ્તરણલક્ષી કાર્યક્રમો** |
|---|---|
| (ક) ઘટકો અને પ્રવૃતિઓ | (૧) પ્રદર્શન એકમનું વિસ્તરણ<br>• પશુપાલન નિયામકની કચરીમાં પ્રદર્શન એકમનું વિસ્તરણ, પશુ પ્રદર્શન શો, તાલુકા શિબિર, જિલ્લા કક્ષાની પશુપાલન શિબિર-વ-પ્રદર્શનનું આયોજન, શ્રેષ્ઠ પશુપાલકોને પુરસ્કારનું વિતરણ, સઘન વિસ્તરણ દ્વારા વિવિધ તાંત્રિક/યોજનાકીય માહિતી પૂરી પાડવી |
| (ખ) સંભવિત લાભાર્થી | રાજ્યના પશુપાલકો |
| (ગ) સહાયનું પ્રમાણ (લાગુ પડતુ હોય તો) | લાગુ પડતું નથી |
| (ઘ) અમલકર્તા એજન્સી | પશુપાલન ખાતું, જીલ્લા પંચાયત |
| (ચ) ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૧૦૦ % |
| (છ) અપેક્ષિત આઉટકમ | શુદ્ધ સંવર્ધન, મુલ્ય-વર્ધન, ડેરી ઉદ્યોગ માટે નવી ટેકનોલોજી, સજીવ ખેતી, આદર્શ સંવર્ધન, રહેઠાણ, નીરણ અને ઉછેરની વૈજ્ઞાનિક અભિગમને પશુપાલકો અપનાવવા તથા શુદ્ધ ઓલાદના ઉચ્ચ ગુણવત્તા ધરાવતા પશુઓ રાખવા માટે પશુપાલકોને પ્રોત્સાહન |

| **યોજનાનુ નામ** | **એએનએચ-૧૪**<br>૦૪:૨૪૦૩:૦૦:૧૦૬:૦૨,<br>૦૪:૨૪૦૩:૦૦:૧૦૬:૪૨<br>**અન્ય પશુધન વિકાસ કાર્યક્રમ** |
|---|---|
| (ક) ઘટકો અને પ્રવૃતિઓ | (૧) અશ્વ સંવર્ધન ફાર્મનું વિસ્તરણ<br>• અશ્વ સંવર્ધન ફાર્મ ઇણાજ (જુનાગઢ), ઉંટ સંવર્ધન ફાર્મ ધોરી(કચ્છ), અશ્વ-ગદર્ભ સંવર્ધન ફાર્મ ચાણસ્મા (પાટણ)ની સ્થાપના અંતર્ગત મહેકમ, વાલી ઘોડા સેવા કેન્દ્રો ચાલુ રાખવા, ઊંટવર્ગના પ્રાણીઓને ઝરબાઝ અને ખસવિરોધી સારવાર, અશ્વનાં બ્રીડર એસોસિએશનની સ્થાપના માટે સહાય, અશ્વ શો નાં આયોજન માટે સહાય, દેશી ઓલાદના અશ્વનું ઈલેક્ટ્રોનિક આઈડેન્ટીફિકેશન અને રજીસ્ટ્રેશન<br>(૨) બાંધકામ- ઘનિષ્ટ ઘેટા વિકાસ કાર્યક્રમ, અશ્વ અને ઉંટ સંવર્ધન ફાર્મ<br>• અશ્વ સંવર્ધન ફાર્મ ઇણાજ (જુનાગઢ) તથા અશ્વ સંવર્ધન ફાર્મ |

| | |
|---|---|
| | હિંગોળગઢનું વિવિધ બાંધકામ,ઘનિષ્ટ ઘેટા વિકાસ કાર્યક્રમ-દાહોદની કચેરીનું બાંધકામ, અશ્વ શોનાં આયોજન માટે અંબોડ ખાતે વિવિધ બાંધકામ<br>• ઘેટા બકરા સેવા કેન્દ્ર મોડાસા કચેરીનું બાંધકામ, અશ્વ સંવર્ધન ફાર્મ, ચાણસ્મા ખાતે વિવિધ બાંધકામ (વર્ષ ૨૦૧૮-૧૯ નાં અંદાજપત્રમાં નવી બાબત તરીકે મંજુર) |
| (ખ) સંભવિત લાભાર્થી | રાજ્યના પશુપાલકો |
| (ગ) સહાયનું પ્રમાણ (લાગુ પડતુ હોય તો) | લાગુ પડતું નથી |
| (ઘ) અમલકર્તા એજન્સી | પશુપાલન ખાતું, જીલ્લા પંચાયત |
| (ચ) ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૧૦૦ % |
| (છ) અપેક્ષિત આઉટકમ | શુદ્ધ ઓલાદના ઉચ્ચ ગુણવત્તા ધરાવતા પશુઓ રાખવા માટે પશુપાલકોને પ્રોત્સાહન પુરૂ પાડવું, અશ્વ પાલકોમાં આદર્શ અશ્વ ઉછેર માટે જાગરૂકતા કેળવવી અને અશ્વ પાલકોની ઓલાદ સંવર્ધન પ્રત્યેની અભિરૂચી ટકાવી રાખવી. અશ્વ પાલકોને અશ્વની ઓલાદ સંબંધિત ચોક્કસ લક્ષણોથી પરિચિત કરવા તેમજ અશ્વ પાલકોને અદ્યતન અશ્વપાલનની પ્રણાલીથી અવગત કરવા |

| **યોજનાનુ નામ** | **એએનએચ-૧૬**<br>(૯૩:૨૪૦૩:૦૦:૮૦૦:૦૧,<br>૯૬:૨૪૦૩:૦૦:૭૯૬:૨૬)<br>**આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ ખાસ અંકિત જોગવાઈ** |
|---|---|
| (ક) ઘટકો   અને પ્રવૃતિઓ | (૧) ગુજરાત પેટર્ન હેઠળ આદિજાતિ વિસ્તાર પેટા યોજનામાં ખાસ અંકિત જોગવાઈ<br>• પ્રાયોજના વહીવટદારો દ્વારા પ્રવૃત્તિઓનું અમલીકરણ થાય છે |
| (ખ) સંભવિત લાભાર્થી | આદિજાતિ વિસ્તારના પશુપાલકો |
| (ગ) સહાયનું પ્રમાણ (લાગુ પડતુ હોય તો) | - |
| (ઘ) અમલકર્તા એજન્સી | કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, પ્રાયોજના વહીવટદારો |
| (ચ) ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૧૦૦ % |
| (છ) અપેક્ષિત આઉટકમ | પશુપાલન દ્વારા આદિજાતિ વિસ્તારનાં પશુપાલકોની સામાજિક-આર્થિક સ્થિતિમાં સુધારો |

| **યોજનાનું નામ :** | **ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડની સહાયકારી યોજનાઓ** |
|---|---|
| | ૧.૧. ગૌચર વિકાસ યોજના |
| | ૧.૨. ગૌશાળા/પાંજરાપોળની આંતર માળખાકીય સુવિધાની યોજના |
| | ૧.૩. ગૌશાળા / પાંજરાપોળને અધ્યતન બનાવવાની યોજના |
| | ૧.૪. આનુવંશિક ગુણવત્તા સુધારણા અને શુધ્ધ ઓલાદ જાળવણીની |

| | |
|---|---|
| | યોજના |
| | ૧.૫. ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડની પ્રચાર-પ્રસાર અને વિસ્તરણની યોજના |
| | ૧.૬. આર. એફ. આઇ. ડી. : પશુ ઓળખ પધ્ધતિ |
| | ૨. ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડની કચેરીમાં અને નિયંત્રણ હેઠળ આઉટસોર્સથી મહેકમની યોજના. |
| | ૩. જૂના વાહનના બદલામાં નવું વાહન ખરીદવાની યોજના |
| **ઘટકો અને પ્રવૃતિઓ** : | ૧.૧. રાજયમાં ગૌચર વિકાસની કામગીરી પંચાયતો મારફતે કરવામાં આવે છે. તદ્‌ઉપરાંત રાજયની જરૂરીયાતમંદ ગૌશાળા, પાંજરાપોળો અને ગૌવંશના કલ્યાણકારી કાર્યો કરતી સંસ્થાઓને સુધારેલ ઘાસચારાના પાકોનું બિયારણ વિના મૂલ્યે પૂરું પાડવામાં આવે છે. સાથે સાથે ગામ : ધર્મજ, જિલ્લો : આણંદ ખાતે લોકભાગીદારીથી કાર્યરત આદર્શ ગૌચરની નિદર્શન માટે પ્રેરણા પ્રવાસનો પણ આ યોજનામાં સમાવિષ્ટ કરવામાં આવેલ છે. |
| | ૧.૨. ગૌશાળા અને પાંજરાપોળોને આંતરમાળખાકીય સુવિધાઓ પૂરી પાડવા સાથે સર્વાંગી વિકાસ લગત પ્રવૃતિઓ આવરી લેવામાં આવેલ છે. યોજના હેઠળ રાજયની શ્રેષ્ઠ ગૌશાળાઓ, પાંજરાપોળો અને ગૌરક્ષકોને પ્રોત્સાહક ઇનામો આપવામાં આવે છે. તદ્‌ઉપરાંત, રખડતા ગૌવંશનાં પશુઓ, ગેરકાયદેસર કતલખાને લઇ જવાતાં બચાવેલ પશુઓના નિભાવ સહાય અને વાછરડા/બળદ પરિવહન ખર્ચ સહાયની યોજનાનો સમાવિષ્ટ કરવામાં આવેલ છે. પશુઓના છાણમાંથી સેન્દ્રિય જૈવિક ખાતર બનાવવાની પ્રવૃતિને પણ જરૂરી નાણાંકીય પીઠબળ પૂરું પાડવામાં આવનાર છે. યોજનામાં બોર્ડનું મહેકમ, વહીવટ અને આઉટ સોર્સીંગથી વાહનો ભાડે રાખવાની બાબતનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. |
| | ૧.૩. ગૌશાળાઓ અને પાંજરાપોળોને અદ્યતન બનાવવા ખેતી/ પશુપાલન /ડેરી સંલગ્ન સાધનો જેવા કે ટ્રેકટર, હાર્વેસ્ટર, હાઇડ્રોલીક ટ્રોલી, રીપર મશીન, પાણીના કુવારા, ગોબરગેસ પ્લાન્ટ, વર્મી કમ્પોસ્ટ શેડ, બલ્ક મીલ્ક કુલર, મીલ્ક પાઉચ પેકીંગ મશીન, સોલાર યુનિટ વગેરે માળખાકીય સુવિધાઓ અદ્યતન બનાવવા આવરી લેવામાં આવેલ છે. |
| **ઘટકો અને પ્રવૃતિઓ** : | ૧.૪. ઉત્તમ આનુવંશિક ગુણવત્તા ધરાવતા ગીર/કાંકરેજ ઓલાદના સાંઢની ખરીદી અને તેનો નિભાવ, ઉત્તમ આનુવંશિક ગુણવતા વાળા વાછરડા/ વાછરડીઓનું ધણ તૈયાર કરવું, ઉત્તમ આનુવંશિક ગુણવત્તા ધરાવતા વાછરડાઓ ઉછેરવા અને ગૌવંશના બાંગરા સાંઢનું  ખસીકરણ જેવી પ્રવૃતિઓનો સમાવેશ કરવામાં આવેલ છે. |
| | ૧.૫. રાજયના પશુપાલકો, ખેડૂતોને ગોપાલન, ગોસંવર્ધન, પંચગવ્ય અને ગૌચર વિકાસની તાલીમ, દૂરદર્શન અને આકાશવાણીમાં સ્પોન્સર્ડ કાર્યક્રમ, પ્રદર્શન એકમ અને લાયબ્રેરીની સવલત, સંશોધન જેવી પ્રવૃતિઓનો સમાવેશ કરવામાં આવેલ છે. તદ્‌ઉપરાંત ગૌશાળા/ પાંજરાપોળો માટે |

| | |
|---|---|
| | જિલ્લા કક્ષાના સેમીનારોનું આયોજન કરવામાં આવનાર છે. |
| | ૧.૬. રેડિયો ફ્રિકવન્સી ઓળખ પધ્ધ્તિથી માઇક્રો ચિપ્સ થકી પશુ ઓળખ પધ્ધતિનું અમલવારી કરવામાં આવનાર છે. પસંદગી પામેલ ગૌશાળાના ઉચ્ચ આનુવંશિક ગુણવત્તાવાળા પશુઓ આવરી લેવામાં આવનાર છે. યોજનાની ફળશ્રુતિ રૂપે જીવનભર પશુ ઓળખ પધ્ધતિથી આર્થિક લક્ષણો સહિત ઘણી બધી માહિતીઓ નિભાવી શકાશે. |
| | ૨. બજેટ જોગવાઇ તથા કામગીરીમાં ઉત્તરોત્તર વધારો થાય છે. પરંતુ મહેકમમાં કોઇ વધારો થયેલ નથી. જેને કારણે યોજનાના અમલીકરણમાં ખુબ જ મુશ્કેલીઓ પડે છે. વધુમાં ગૌસેવા અને ગૌચેર વિકાસ બોર્ડની રાજયકક્ષાએ ગાંધીનગર ખાતે ફકત એક જ કચેરી કાર્યરત છે. જયારે બોર્ડની કામગીરી સમગ્ર રાજય હોઇ ક્ષેત્રિય કક્ષાની કામગીરીની ચકાસણી/ફોલોઅપ માટે આઉટસોર્સથી વર્ગ-૩ નું તાંત્રિક તેમજ વહીવટી મહેકમ માટે જોગવાઇ સૂચવેલ છે. |
| | ૩. યોજનાઓના અમલીકરણ માટે, તેમજ તેની સ્થળ તપાસ માટે આખા રાજયમાં જુદા જુદા જિલ્લાઓમાં વિવિધ ગામો/સંસ્થાઓની અવાર-નવાર મુલાકાત લેવી પડે છે. તે માટે પ્રવાસ માટે અધિકારીશ્રી/ પદાધિકારીશ્રીઓ માટે એક નવું વાહન ખરીદવું અત્યંત જરૂરી જ નહિ પરંતુ અનિવાર્ય છે. |
| **સંભવિત લાભાર્થીઓ :** | ૧.૧ ગ્રામ પંચાયત અને રજીસ્ટર પાંજરાપોળ/ ગૌશાળા |
| | ૧.૨ રજીસ્ટર પાંજરાપોળ/ ગૌશાળા અને સખી મંડળ |
| | ૧.૩. રજીસ્ટર પાંજરાપોળ/ ગૌશાળા |
| | ૧.૪. રજીસ્ટર પાંજરાપોળ/ ગૌશાળા |
| | ૧.૫. ગોપાલક, ખેડૂત, પાંજરાપોળ/ ગૌશાળા |
| | ૧.૬. પાંજરાપોળ/ ગૌશાળા |
| **સહાયનું પ્રમાણ :** | ૧.૧ * ગૌચર વિકાસ માટે કુલ ખર્ચના ૭૫% લેખે પ્રતિ હેકટર રૂ! ૭૫,૦૦૦ લેખે ૨૦ હેકટર માટે મહત્તમ રૂ! ૧૫.૦૦ લાખ. |
| | * ઘાસચારાના પાકોનું બિયારણ સંસ્થાઓનો વિનામૂલ્યે પૂરૂં પાડવામાં આવે છે. |
| | * ધર્મજ ગામે આદર્શ ગૌચર નિદર્શન પ્રેરણા પ્રવાસના પ્રત્યેક લાભાર્થી દીઠ રૂ! ૧,૦૦૦ લેખે એક પ્રવાસ કાર્યક્રમમાં વધુમાં વધુ ૫૦ લાભાર્થીઓ માટે બોર્ડ દ્વારા રૂ! ૫૦,૦૦૦/- |
| **સહાયનું પ્રમાણ :** | ૧.૨. * લાભાર્થી ગૌશાળા/ પાંજરાપોળને ગાયનો તબેલો, ઘાસ ગોડાઉન, ટયુબવેલ (પાઇપ લાઇન સાથે), જમીન સમતળ બનાવવા, કમ્પાન્ડ વોલનું બાંધકામ વગેરે કામો માટે સંસ્થાએ કરેલ ખર્ચના ૭૫% લેખે વધુમાં વધુ રૂ! ૪.૦૦ લાખની રકમની મર્યાદામાં દર વર્ષે એક કામ માટે સહાય |
| | * ત્રણ શ્રેષ્ઠ ગૌશાળાઓ અને ત્રણ શ્રેષ્ઠ પાંજરાપોળોને રૂ! ૧.૫૦ લાખ, રૂ! ૧.૦૦ લાખ અને રૂ! ૦.૫૦ લાખ તેમજ ત્રણ શ્રેષ્ઠ ગૌરક્ષકોને રૂ! ૦.૫૦ |

| | |
|---|---|
| | લાખ પ્રોત્સાહન ઇનામ |
| | * ખેડૂતોને ગૌશાળા/પાંજરાપોળ ખાતેથી વિનામૂલ્યે બળદો ખેડૂતના ઘર સુધી લઇ જવા પરિવહન ખર્ચ પેટે પ્રતિ કી.મી. રૂ! ૨/- લેખે (ઓછામાં ઓછા રૂ! ૫૦૦/- અને વધુમાં વધુ રૂ! ૨૦૦૦/-) ની મર્યાદામાં સહાય |
| | ૧.૩. * રજીસ્ટર્ડ ગૌશાળા-પાંજરાપોળને અદ્યતન બનાવવા માટે ખરીદેલ/ પ્રસ્થાપિત કરેલ યુનિટ/ એકમ માટે ખરેખર કરેલ ખર્ચના ૭૫% લેખે રૂ! ૪.૦૦ લાખની રકમની મર્યાદામાં સહાય |
| | ૧.૪. * સાંઢની ખરીદી, ખાણ દાણ ખર્ચ, દવાનો ખર્ચ, વીમાની રકમ અને ગૌવાળના પગારના ખર્ચ માટે રૂ! ૧.૦૦ લાખ અને નંદી ઘરના બાંધકામ માટે રૂ! ૪૨,૦૦૦/- મળી પ્રથમ વર્ષે કુલ રૂ! ૧.૪૨ લાખ સુધી નાણાંકીય સહાય આપવામાં આવે છે. બીજા અને ત્રીજા વર્ષે સાંઢની નિભાવ સહાય પેટે રૂ! ૬૨,૮૦૦/- ની નાણાંકીય સહાય |
| | * વધારે દૂધ ઉત્પાદન આપતી ગાયોના વાછરડા/વાછરડીઓનો વૈજ્ઞાનિક ઢબે ઉછેર કરવા માટે નિભાવ સહાય પેટે એક વાછરડા/વાછરડી દીઠ કુલ ખર્ચના ૫૦% અથવા વધુમાં વધુ રૂ! ૧૦,૦૦૦ લેખે સહાય ત્રણ વર્ષ સુધી સહાય |
| | * ઉત્તમ આનુવંશિક ગુણવત્તા ધરાવતા વાછરડાની ખરીદી કિંમત પેટે રૂ! ૨૦,૦૦૦ અને નિભાવ સહાય પેટે રૂ! ૨૦,૦૦૦ મળી કુલ રૂ! ૪૦,૦૦૦ની સહાય મળશે. બીજા અને ત્રીજા વર્ષે નિભાવ સહાય પેટે વાછરડી દીઠ રૂ! ૩૦,૦૦૦ની સહાય |
| | * એક બાંગરા સાંઢના ખસીકરણ પેટે સાંઢના માલિકને પ્રોત્સાહન રકમ પેટે રૂ! ૨૦૦/- સહાય |
| | ૧.૫. * ૫૦-પશુપાલકો અને ખેડૂતોની તાલીમની એક બેચ દીઠ રૂ! ૮૫૦૦૦/- ની સહાય |
| | * જિલ્લા કક્ષાના એક સેમીનારના આયોજન માટે રૂ! ૫૦૦૦૦/- સહાય |
| | ૧.૬ * યોજનામાં સમાવિષ્ટ પાંજરાપોળ/ ગૌશાળાને વાર્ષિક રૂ! ૧૦,૦૦૦/- |
| **અમલીકરણ કચેરી :** | ગૌસેવા અને ગૌચર વિકાસબોર્ડ (જીજીવીબી). ગાંધીનગર |
| **ફંડીગ પેટર્ન ( ટકાવારીમાં) :** | **રાજય : ૧૦૦%   કેન્દ્રિય : શૂન્ય   અન્ય : શૂન્ય** |
| **અપેક્ષિત આઉટકમ :** | ૧. ગૌચરોનો વિકાસ થવાથી ગ્રામજનો (પશુપાલકો) ના ગાય અને ભેંસ વર્ગના પશુઓ માટે સમગ્ર વર્ષ દરમ્યાન પૂરતા પ્રમાણમાં ઘાસચારો ઉપલબ્ધ થશે. જે થકી ગ્રામજનોના જીવન ધોરણમાં સુધારો થશે. ધર્મજ ગામે આદર્શ ઘાસચારા વિકાસની સાથે સાથે લેબ ટૂ લેન્ડ (પ્રયોગશાળા થી ખેતર) કાર્યક્રમ સાચા અર્થમાં ચરિતાર્થ થશે. |
| **અપેક્ષિત આઉટકમ :** | ૨. રજીસ્ટર્ડ ગૌશાળાઓ અને પાંજરાપોળો આંતરમાળખાકીય સુવિધાઓની ઉપલબ્ધિ પ્રોત્સાહન ઇનામો અને નિભાવ સહાય થકી સ્વનિર્ભર બનશે. |
| | ૩. ગૌશાળા-પાંજરાપોળોને અદ્યતન બનાવવા જરૂરી સવલતો પૂરી |

| | |
|---|---|
| | પાડવાથી, આ સંસ્થાઓની કામગીરી સરળ થશે. તદ્ઉપરાંત લાભાર્થી સંસ્થાઓ ખાતે શુધ્ધ દૂધ ઉત્પાદન (કલીન મીલ્ક પ્રોડકશન) કાર્યક્રમનું સફળતા પૂર્વક અમલીકરણ કરી શકાશે. |
| | ૪. રાજયની ગાય વર્ગની સ્થાનિક ઓલાદો ગીર અને કાંકરેજ ઓલાદોની જાળવણી માટે અને દૂધ ઉત્પાદન ક્ષમતામાં સુધારો લાવવા માટે, ગાયોનું સંવર્ધન ઉત્તમ આનુવંશિક ગુણવત્તા ધરાવતા સાંઢથી કરાવવું અત્યંત જરૂરી છે. તદ્ઉપરાંત સામૂહિક બાંગરા સાંઢ ખસીકરણ કાર્યક્રમ થકી, ગાયોમાં નોન-ડીસ્ક્રીપ્ટ સાંઢથી થતું સંવર્ધન અટકાવી શકશે. જેના પરિણામ સ્વરૂપે મોટા પ્રમાણમાં ગાયોના ઇલાઇટ ધણ પ્રસ્થાપિત કરી શકાશે અને રાજયની બ્રીડીંગ પોલીસી (સંવર્ધન નિતિ) ને વેગ મળશે. |
| | ૫. પશુપાલકો અને ખેડૂતો સંકલિત તાલીમ કાર્યક્રમમાં ભાગ લેવાથી, સારી એવી જ્ઞાનસભર જાણકારી મેળવી શકશે. જિલ્લા કક્ષાએ આયોજીત સેમીનાર થકી ગૌશાળાઓ અને પાંજરાપોળોને પૂરક આવકના સ્ત્રોત ઉભાકરી સ્વનિર્ભર બનાવી શકાશે. તદ્ઉપરાંત, બોર્ડ દ્વારા અમલીકરણ થતા વિસ્તરણ કાર્યક્રમો થકી ગુણવત્તા યુક્ત ગોપાલન લગત પ્રવૃતિઓમાં લોકોના ઉત્સાહમાં વધારો થશે. |
| | ૬. રાજયમાં આવેલ ઉચ્ચ વંશાવલી ધરાવતા પશુઓની સદર ઓળખ પધ્ધતિથી ઉત્પાદન રેકર્ડસ્ સહ અન્ય આનુષંગિક માહિતી ઉપલબ્ધ થશે. જે દ્વારા આજીવન સંસ્થાનો વૈજ્ઞાનિક ઢબે વિકાસ આયોજીત કરી શકાશે. |

# ક્લાઈમેટ ચેન્જ વિભાગ

ગુજરાત સરકારે રાજ્યની જનતા માટે સાતત્યપૂર્ણ અને ક્લાઈમેટ ચેન્જ સામે સમક્ષ ભવિષ્યના નિર્માણના ઉદ્દેશ્ય સાથે અલાયદા ક્લાઈમેટ ચેન્જ વિભાગની સ્થાપના વર્ષ ૨૦૦૯ માં કરી છે. આ વિભાગ સરકારના વિવિધ વિભાગો વચ્ચે, સરકાર અને સમાજની વચ્ચે સેતૂ તરીકે ક્લાઈમેટ ચેન્જના પડકારોનો ઉકેલ લાવવાનું કાર્ય કરે છે. ગુજરાત વિશ્વમાં ચોથું, એશિયામાં પ્રથમ અને દેશનું પ્રથમ અને એકમાત્ર રાજ્ય છે, કે જ્યાં અલાયદો ક્લાઈમેટ ચેન્જ વિભાગ બનાવવામાં આવે છે. હોય. ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી (જેડા) આ વિભાગના નેજા નીચે સંશોધન પર સલાહ અને સૂચન આપવાનું, ક્લાઈમેટ ચેન્જના સંદર્ભે યોજનાઓ ઘડવાનું, આર્થિક વિકાસને વેગ આપવા માટે પર્યાવરણીય અનુકૂળ તકનીકોને પ્રોસ્તાહન આપવાનું તથા ક્લાઈમેટ ચેન્જના અનુકૂલન અને નમન અંગેની તકનીકો વિકસાવી.

**ઉદ્દેશો**

**૧ આર્થિક વિકાસ માટે ક્લાઈમેટ– હવામાનને અનુકૂળ અને સ્વચ્છ માર્ગ અપનાવવો.**

**૨ ટેકનોલોજીની તબદીલી તેમજ GCF – ગ્રીન ક્લાઈમેટ ફંડ – ( હરિયાળા હવામાન ભંડોળ)- સહિત ઓછા ખર્ચના આંતરરાષ્ટ્રીય ભંડોળની મદદથી 2030 ની સાલ સુધીમાં અનશ્મીભૂત– પુન:પ્રાપ્ય –બળતણો થકી આશરે 40 ટકા જેટલી કૂલ વીજ-ઉત્પાદનનીસ્થાપિતક્ષમતા હાંસલ કરવી.**

**૩ ખાસ કરીને કૃષિ,જળસંપદા,દરિયાકાંઠાના પ્રદેશો,આરોગ્ય અને હોનારત સર્જાય તે વખતના સંચાલન જેવા ક્ષેત્રો, કે જેના પર હવામાન પરિવર્તનની સવિશેષ અસર થાય છે, તે ક્ષેત્રોના વિકાસ કાર્યક્રમોમાં મૂડીરોકાણ વધારીને હવામાનમાં થતા પરિવર્તનને અનુકૂળ બનાવવું.**

**૪ રાજ્યમાં કટીંગ એજ – હવામાન પરિવર્તન ઓછું કરનાર ટેકનોલોજીના ઝડપી પ્રસાર માટે ક્ષમતાનિર્માણ કરવું. પોતાના સ્વદેશી માળખાનું નિર્માણ કરવું, આંતરરાષ્ટ્રીય સ્થાપત્ય વિકસાવવું.**

**૫ વાતાવરણમાં હરિતગૃહ અસર ઊભી કરતા વાયુઓ( અંગારવાયુ , મિથેન વગેરે ) ના પ્રમાણમાં ઘટાડો કરવા નવીન ટેકનોલોજી વિકસાવવી અને પગલાં સૂચવવા**

**વ્યૂહરચના**

**૧ જાહેર અને ખાનગી ક્ષેત્ર તેમજ રાજ્યના નાગરિકોને પણ વ્યક્તિગત અને સામૂહિક ધોરણે હવામાન પરિવર્તન બાબતે સભાન રહેવાની જરૂરિયાત પ્રત્યે જાગૃત કરવા,**

**૨ એક બાજુ જાહેર અને ખાનગી ક્ષેત્ર તેમજ બીજી બાજુ સરકારના વિવિધ વિભાગોના હવામાન પરિવર્તન સામેના પ્રયત્નોને પરસ્પર અનુરૂપ કરવા.**

**૩ પુન:પ્રાપ્ય ઊર્જા થકી વીજ-ઉત્પાદનને પ્રોત્સાહન પૂરું પાડવું અને વૈકલ્પિક બળતણોનો હિસ્સો વધારવો, અર્થતંત્રમાં, ખાસ કરીને ઉદ્યોગો, પરિવહન, બાંધકામ અને સાધનોના ક્ષેત્રે ઊર્જા કાર્યદક્ષતાને પ્રોત્સાહન પૂરું પાડવું.**

**૪ દરિયાના સ્તરમાં વધારા સહિત વિવિધ ક્ષેત્રો પર હવામાન – પરિવર્તનની અસરો અંગે સંશોધન અને વિકાસલક્ષી અભ્યાસ હાથ ધરવો.**

**૫ હવામાન પ્રત્યે સ્થિતિસ્થાપક હોય તેવાં પગલાંનું આયોજન કરી તેનો અમલ કરવો. તેમજ હવામાન પરિવર્તનની અસર થવાની શક્યતા હોય તેવી બાબત ઘટાડવી.**

**યોજનાઓ**

| **યોજનાનું નામ** | **CLC-1**<br>**૩૪૩૫ ૦૩ ૧૦૨ ૦૧**<br>**ક્લાઈમેટ ચેન્જ ટ્રસ્ટ ભંડોળ** |
|---|---|
| (ક) ઘટકોઅને પ્રવૃત્તિઓ. | હવામાનમાં થતા પરિવર્તનોને અનુરૂપ અને કાર્બન-નિર્ગમમાં ઘટાડો કરતા પ્રોજેક્ટોને નાણાં-સહાય પૂરી પાડતી. હવામાનને અનુકુળ પ્રવૃત્તિઓ અને પ્રોયોજનાઓને વિકસાવવા માટે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ભંડોળ માટે સહાય પુરી પાડવી |
| (ખ) નિર્ધારીત લક્ષ્યાંકો. | પ્રોજેક્ટનો અમલ કરતી એજન્સીઓ, સરકારી અને અર્ધ-સરકારી સંગઠનો વગેરે. |
| (ગ) સહાયનું પ્રમાણ (લાગુ પડતુ હોય તો). | લાગુ પડતું નથી. |
| (ઘ) અમલકર્તા એજન્સી. | ક્લાઈમેટ ચેન્જ વિભાગ. |
| (ચ) ફંડીંગ પેટર્ન. | ૧૦૦% રાજ્ય સરકાર તરફથી નાણાં-ભંડોળ. |
| (છ) અપેક્ષિત આઉટકમ. | કલાઈમેટ ચેન્જને સંલગ્ન રાજ્ય સરકારની યોજનાઓનો અમલ (SAPCC), નવીન પ્રાયોજનાઓનો અમલ, હવામાનને અનુકુળ ગ્રીન ટેકનોલોજીના વપરાશને પ્રોત્સાહન. |

| **યોજનાનું નામ** | **CLC-2**<br>**૧૦૮ ૩૪૩૫ ૦૩ ૧૦૨ ૦૨**<br>**હવામાનમાં થતા પરિવર્તનોની અસરો અભ્યાસ અને તેને સંલગ્ન પ્રોજેક્ટો** |
|---|---|
| (ક) ઘટકોઅને પ્રવૃત્તિઓ. | લાંબા ગાળાની હવામાન પરિવર્તનની અસરો અંગેસંશોધન, કૃષિ, જળસંપદા, દરિયાના સ્તરમાંવધારો, વન અને જીવવૈવિધ્ય, આરોગ્ય, વગેરે જેવા આર્થિક દૃષ્ટિએ મહત્ત્વના ક્ષેત્રો. કચરામાંથી ઊર્જા બનાવવાની ટેકનોલોજીને પ્રોત્સાહન આપી સ્વચ્છ ભારત અભ્યાનનું ધ્યેય સિધ્ધ કરવું. ક્લાઇમેટ ચેંજને લગતા નાના કદના સંશોધન અને નિર્દશન પ્રોજેક્ટને સહાય આપવી. |
| (ખ) નિર્ધારીત લક્ષ્યાંકો. | સંશોધન પ્રવૃત્તિ કરતી સંસ્થાઓ, યુનિવર્સિટી- વિશ્વવિદ્યાલયો, વૈજ્ઞાનિકો, નવપ્રવર્તકો-નવીન પ્રયોગકારો- નવીન પરિવર્તન લાવનારા, જાહેર જનતા વિગેરે |
| (ગ) સહાયનું પ્રમાણ (લાગુ પડતુ હોય તો). | લાગુ પડતું નથી. |
| (ઘ) અમલકર્તા એજન્સી. | ક્લાઈમેટ ચેન્જ વિભાગ |
| (ચ) ફંડીંગ પેટર્ન. | ૧૦૦% રાજ્યસરકારનું નાણાં-ભંડોળ |
| (છ) અપેક્ષિત આઉટકમ. | હવામાન-પરિવર્તનની લાંબા ગાળાની અસરો અંગે અનુમાન-ધારણાઓ, અસરોના પ્રમાણની આકારણી, નુકસાનનું પ્રમાણ, નીતિવિષયક હસ્તક્ષેપ |

| યોજનાનું નામ | CLC-3<br>૧૦૮ ૩૪૩૫ ૦૩ ૧૦૨ ૦૩<br>**હવામાનમાં થતા પરિવર્તનોની અસરો અભ્યાસ અને તેને સંલગ્ન પ્રોજેક્ટો** |
|---|---|
| (ક) ઘટકોઅને પ્રવૃત્તિઓ. | આ યોજના અંતર્ગત હાથ ધરવા વિચારેલ પ્રવૃત્તિઓમાં મુદ્રણ અને વીજાણુ માધ્યમમારફત આમજનતામાં પુન:પ્રાપ્ય ઊર્જા અને ઊર્જા સંરક્ષણ અંગેજનજાગૃતિ ફેલાવવી. રાજ્ય તેમજ કેન્દ્ર કક્ષાની કાર્યશિબિરો, ચર્ચાસત્રો, સંમેલનો અને પ્રદર્શનોમાં સહાય કરવી. |
| (ખ) નિર્ધારીત લક્ષ્યાંકો. | આમજનતા |
| (ગ) સહાયનું પ્રમાણ (લાગુ પડતુ હોય તો). | લાગુ પડતું નથી. |
| (ઘ) અમલકર્તા એજન્સી. | ક્લાઈમેટ ચેન્જ વિભાગ |
| (ચ) ફંડીંગ પેટર્ન. | ૧૦૦% રાજ્યસરકારનું નાણાં-ભંડોળ |
| (છ) અપેક્ષિત આઉટકમ. | આમજનતામાં પુન:પ્રાપ્ય ઊર્જા અને ઊર્જા – સંરક્ષણ અંગે તેમજ પર્યાવરણ કથળતું અટકે તે માટે કાર્બન-નિર્ગમમાં ઘટાડા અંગે જનજાગૃતિનું નિર્માણ કરવું. |

| યોજનાનું નામ | CLC-4<br>૧૦૮ ૩૪૩૫ ૦૩ ૧૦૨ ૦૪<br>**ગ્રીન-હરિયાળી સૌર પ્રાયોજનાઓ** |
|---|---|
| (ક) ઘટકોઅને પ્રવૃત્તિઓ. | ૨૦૨૨ ના વર્ષ સુધીમાં ૧૦૦ ગીગાવોટ વીજળી સૌર ઊર્જા દ્વારા હાંસલ કરવાના રાષ્ટ્રીય લક્ષ્યાંક સાથે રહેવા રાજ્યએ પણ ૨૦૨૨ ના વર્ષ સુધીમાં તેની સૌર ક્ષમતામાં વધારો કરીને ૮૦૦૦ મે.વો જેટલી કરવાની છે. એ માટે મહત્તમ સંખ્યામાં નવીન અને પુન:પ્રાપ્ય ઊર્જા સ્ત્રોત મંત્રાલય, ભારત સરકાર તરફથીતથા રહેણાંક મકાનો પોતાની પ્રબદ્ધ ઊર્જા જરૂરિયાત પૂરી કરવા ગ્રીડ સાથે જોડાયેલ સૌર વીજ-ઉત્પાદન પદ્ધતિ અપનાવે એમ વિચારાયું છે. તેમજ પ્રાયમરી હેલ્થ સેન્ટર ઉપર ઓફ ગ્રીડ સોલર પાવર સિસ્ટમ લગાડવી તથા ક્લાઇમેટ ચેન્જના અભ્યાસ માટે સેન્ટર ઓફ એકસલન્સની સ્થાપના કરવી. |
| (ખ) નિર્ધારીત લક્ષ્યાંકો. | સરકારી કચેરીઓ અને રાજ્યભરમાં આવેલી PSU કચેરીઓ. |
| (ગ) સહાયનું પ્રમાણ (લાગુ પડતુ હોય તો). | રૂ. ૧૦,૦૦૦/- પ્રતિ કિલોવોટ, વધુમાં વધુ રૂ. ૨૦,૦૦૦/- અરજી દીઠ. |
| (ઘ) અમલકર્તા એજન્સી. | ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી |
| (ચ) ફંડીંગ પેટર્ન. | રહેણાંક મકાનો માટે ૧૫% રાજય અને ૩૦% નવીન અને પુન:પ્રાપ્ય ઊર્જા સ્ત્રોત મંત્રાલય, ભારત સરકાર તરફથી<br>સરકારી કચેરીઓ માટે ૭૫% રાજ્ય સરકાર/PSU તરફથી નાણાં-ભંડોળ: ૨૫% નવીન અને પુન:પ્રાપ્ય ઊર્જા સ્ત્રોત મંત્રાલય, ભારત સરકાર તરફથી |
| (છ) અપેક્ષિત આઉટકમ. | ૨૦૧૮-૧૯ ના વર્ષ માટે સુચિત ૮.૫ મે.વો ની ક્ષમતા થકી ૧૩૦.૬ લાખ |

| | |
|---|---|
| | યુનિટ સ્વચ્છ,હરિયાળી વીજળી ઉત્પન્ન થશે, જેના પરિણામે ૧૩૬૦૦ ટન કાર્બન-નિર્ગમ ટાળી શકાશે. અને ૯૫૨૦ ટન કોલસાનો ઉપયોગ ન થતાં તેની બચત થશે. |

| **યોજનાનું નામ** | **CLC-5**<br>**૧૦૮ ૨૮૧૦ ૦૦ ૮૦૦ ૦૧**<br>**ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી-જેડા-ને પુન:પ્રાપ્યઊર્જા માટે સહાય** |
|---|---|
| (ક) ઘટકો અને પ્રવૃત્તિઓ. | આ યોજના અંતર્ગત વિવિધ લક્ષ્યાંકિત જૂથ માટે વિવિધપ્રોજેકટોનો અમલ કરવામાંઆવશે, જેમકે-બાયોગેસ પ્લાન્ટ, સોલાર ફોટોવોલ્ટેઈક અને સોલરથર્મલ ટેકનોલોજીથી ચાલતા સાધનો, પાણી ઉપર ચઢાવવા માટે પવનચક્કી, બેટરીથી ચાલતા વાહનો, સુધારેલ સ્મશાન ભઠ્ઠી, ઊર્જા કાર્યદક્ષ સાધનો જેવા કે એલ.ઇ.ડી ટ્યુબ લાઇટ કાર્યદક્ષ પંખા વિગેરે અને ઊર્જા સંરક્ષણ અંગે જાગૃતિ કાર્યક્રમો, તાલીમ,વિગેરે..... |
| (ખ) નિર્ધારીત લક્ષ્યાંકો. | પાંજરાપોળો, ગૌશાળાઓ, સરકારી શાળાઓ/છાત્રાલયો, સરકારી મકાનો, ખેડુતો, વિદ્યાર્થીઓ, ગ્રામપંચાયતો અને આમજનતા. |
| (ગ) સહાયનું પ્રમાણ (લાગુ પડતુ હોય તો). | લાગુ પડતું નથી. |
| (ઘ) અમલકર્તા એજન્સી. | ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી |
| (ચ) ફંડીંગ પેટર્ન. | બાયોગેસ-રાજ્ય: ૭૫%, લાભાર્થી:૨૫%<br>સોલર ફોટોવોલ્ટેઈક/થર્મલ-રાજ્ય:૧૦૦%<br>પાણી ઉપર ચઢાવવા માટેની પવનચક્કી- રાજ્ય:૩૦%, કેન્દ્ર:૩૦%, લાભાર્થી:૪૦%<br>બેટરીથી ચાલતા વાહનો-રાજ્ય:૩૫%,લાભાર્થી:૬૫%<br>સુધારેલ સ્મશાન ભઠ્ઠી-રાજ્ય:૯૭%,લાભાર્થી:૩% |

# શિક્ષણ વિભાગ

જ્યારે ૧લી મે, ૧૯૬૦માં ગુજરાત રાજ્યની રચના થઇ ત્યારે શિક્ષણ વિભાગ સાથે અન્ય ક્ષેત્રો જેવા કે સામાજિક ન્યાય, શ્રમ, નશાબંધી, આબકારી તથા રોજગાર પણ સંકળાયેલ હતા. ઑગષ્ટ, ૧૯૭૬ થી શિક્ષણ વિભાગ એક અલગ વિભાગ તરીકે અસ્તિત્વમાં આવ્યો જે પ્રાથમિક શિક્ષણ, નિરંતર શિક્ષણ, સાક્ષરતા શિક્ષણ, માધ્યમિક શિક્ષણ તથા ટેકનીકલ શિક્ષણ જેવા શિક્ષણ ક્ષેત્રોનું નિયમન કરે છે.

**ઉદ્દેશો**

- રાજ્યના નાગરિકોને નિરંતર શિક્ષણ અને સાક્ષરતા પુરી પાડવી
- ૬ થી ૧૪ વર્ષના વ્યજૂથના બાળકો માટે પ્રાથમિક શિક્ષણનું સાર્વત્રિકરણ કરવું
- માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણનું સાર્વત્રિકરણ કરવું
- માળખાગત સુવિધાઓ ઉભી કરવી અને શિક્ષકોને તાલીમ આપવી
- શિક્ષણ ક્ષેત્રે અમલીકરણની ગુણવત્તામાં સુધારણા કરવી

શિક્ષણ વિભાગના મુખ્ય ખાતાઓની પ્રવૃત્તિની સંક્ષિપ્ત માહિતી નીચે મુજબ છે.

**પ્રાથમિક શિક્ષણ**

પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી ડિસેમ્બર, ૧૯૮૬થી શરૂ કરવામાં આવી. રાજયમાં પ્રાથમિક શિક્ષણને ફરજિયાત, સાર્વત્રિક અને મફત બનાવવામાં આવેલ છે.

પ્રાથમિક શિક્ષણનું સાર્વત્રિકરણ કરવું રાજ્ય સરકારનો ધ્યેય છે, આપણે Right to Education Act-2009 નો અમલ કરવા પ્રતિબધ્ધ છીએ. શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી રથયાત્રા, વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના, વિદ્યાદિપ વિમા યોજના, વિદ્યાસહાયક ભરતી, વર્ગખંડોનું બાંધકામ, કોમ્પ્યુટર આધારિત અદ્યયન, કન્યાઓ માટે અલગથી સેનીટેશનની સુવિધા વગેરે પ્રોત્સાહક યોજનાઓ દ્વારા એનરોલમેન્ટને ૧૦૦ ટકા સુધી પહોંચાડવાનો રાજ્ય સરકારનો ધ્યેય છે. ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રત્યેની પ્રતિબધ્ધતાને કારણે ડ્રોપ-આઉટ રેશીયોમાં પણ નોંધપાત્ર રીતે ઘટાડો થયો છે. શિક્ષણની ગુણવત્તાની ચકાસણી માટે છેલ્લા સાત વર્ષોથી ગુણોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. પ્રથમ ગુણોત્સ્વ મુજબ A+ ગ્રેડમાં માત્ર ૦૫ શાળાઓ હતી, જેની સંખ્યા સાતમા ગુણોત્સવમાં વધીને ૨,૧૧૭ થયેલ છે, જે રાજ્ય સરકારના સતત પ્રયત્નોથી શક્ય બન્યું છે. તે જ પ્રમાણે A ગ્રેડની શાળાઓની સંખ્યા ૨૬૫ થી વધીને ૧૭,૬૫૩ સુધી પહોંચી છે. જ્યારે C અને D ગ્રેડની શાળાઓની સંખ્યામાં ઘટાડો થયો છે. રાજ્ય સરકારની પ્રતિબધ્ધતાને કારણે RTE-2009નું અસરકારક અને નોંધપાત્ર અમલીકરણ થયું છે, જેને લીધે ખાસ વર્ગના ૨૫% વિદ્યાર્થીઓએ ખાનગી શાળાઓમાં પ્રવેશ મેળવ્યો છે જેઓની સંપૂર્ણ ફી રાજ્ય સરકાર દ્વારા ચૂકવવામાં આવે છે. આ ઉપરાંત ગણવેશ, સ્કુલ બેગ, પગરખા તથા અન્ય આનુષાંગિક શૈક્ષણિક સામગ્રી માટે રૂ. ૩,૦૦૦ પ્રતિ વિદ્યાર્થી પ્રતિ વર્ષ ચૂકવવામં આવે છે.

આમ, પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રને રાજ્ય સરકાર દ્વારા અગ્રતા આપવામાં આવેલ છે.

**શાળાઓની કચેરી**

આ કચેરી દ્વારા રાજ્યમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણનો વિકાસ તથા વ્યવસ્થાપન કરવામાં આવે છે. એનરોલમેન્ટ રેશીયોમાં વૃદ્ધિની સાથે સાથે ગુણવત્તાસભર શિક્ષણ પુરું પાડવું એ મુખ્ય ઉદ્દેશ છે.

કચેરી દ્વારા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણને લગતી યોજનાઓનું અમલીકરણ કરવામાં આવે છે, જેવી કે કન્યાઓ માટે વિદ્યાલક્ષ્મી બોન્ડ, વિદ્યાદિપ વિમા યોજના, શિક્ષકોને કર્મયોગી તાલીમ, કોમ્પ્યુટર આધારિત અધ્યયન, તેજસ્વી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ, ફી કન્સેશન પાસ તથા આદિજાતિ વિસ્તારોની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિકાસ માટે ખાસ અનુદાન.

**મધ્યાહ્ન ભોજન યોજના**

ભારતમાં મધ્યાહ્ન ભોજન યોજના લાગુ કરનાર ગુજરાત રાજ્ય બીજું રાજ્ય છે.મધ્યાહ્ન ભોજન યોજના કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરેલ યોજના છે. જેના અંતર્ગત ૬ થી ૧૪ વર્ષના બાળકો એટલે કે ધોરણ ૧ થી ૮ નાં બાળકોને દિવસ દરમ્યાન તાજું, ગરમ અને પૌષ્ટિક મધ્યાહ્ન ભોજન આપવામાં આવે છે. ગુજરાત રાજ્યમાં પ્રાથમિક શાળાઓના બાળકોને મધ્યાહ્ન ભોજન પૂરું પાડવાની યોજના ૧૯૮૪ થી શરૂ કરવામાં આવેલ છે. આ યોજના માટેનો ખર્ચ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર વચ્ચે ૬૦:૪૦ ના ગુણોત્તરમાં કરવામાં આવે છે.

- **આ યોજના નો હેતુ :-**

  (૧) શાળામાં હાજરીમાં વધારો કરવાનો છે.

  (૨) શાળા છોડી જતા બાળકોની સંખ્યામાં ઘટાડો થાય છે.

  (૩) પોષણની સ્થિતિ અને શિક્ષણની ગુણવત્તા વધે છે.

**દુધ સંજીવની યોજના**

- રાજ્યના ૧૨ જિલ્લાના ૨૬ વિકાસશીલ તાલુકાઓની પ્રાથમિક શાળાઓના ૪,૮૧,,૬૪૨ બાળકોને દૈનિક ૨૦૦ મીલીગ્રામ ફ્લેવર્ડ દૂધ આપવાની યોજના અમલમાં મુકવામાં આવેલી છે.
- આ યોજના હેઠળ અઠવાડિયામાં પાંચ દિવસ ફ્લેવર્ડ દૂધ આપવામાં આવે છે.

**અન્ન ત્રિવેણી યોજના**

- આ યોજનાનો ઉદ્દેશ ઓછામાં ઓછું ધોરણ-૮ સુધીની આદિજાતિની બાળાઓની શાળામાં હાજરીમાં વધારો કરવા અને શાળા છોડી જતી આદિજાતિ બાળાઓની સંખ્યામાં ઘટાડો કરવા માટેનો છે.
- આદિજાતિ વિસ્તારોમાં બાળાઓના વાલીઓને અન્નત્રિવેણી યોજના અંતર્ગત બાળાદીઠ ૬૦ કિલો અનાજ આપવાની યોજના છે.જેમાં સત્ર દીઠ ૧૦ કિગ્રા ઘઉં, ૧૦ કિગ્રા ચોખા અને ૧૦ કિગ્રા મકાઈ આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે.
- આ યોજનામાં જે આદિજાતિ બાળાએ વર્ષ દરમ્યાન વર્ગમાં ૭૦ ટકા હાજરી નોંધાવેલ હોય તેમને આ યોજનાનો લાભ મળે છે.
- કુટુંબદીઠ વધુમાં વધુ બે બાળાઓને લાભ આપવામાં આવે છે.
- TASP યોજનાનું કુલ ૧૪ પછાત વિસ્તારો અમલીકરણ થઈ રહ્યું છે.

**સાક્ષરતા અને નિરંતર શિક્ષણ**

આ કચેરી દ્વારા સાક્ષરતા માટેની  કેન્દ્રીય પુરસ્કૃત યોજના  “સાક્ષર ભારત પ્રોગ્રામ” ની અમલવારી કરવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા પણ આવો જ કાર્યક્રમ રાજ્ય સરકારના ખર્ચે સમાંતર રીતે ૧૩ બિન-સાક્ષર જિલ્લાઓમાં ચલાવવામાં આવે છે. આમ, સમગ્ર રાજ્યને સાક્ષરતા કાર્યક્રમ અંતર્ગત આવરી લેવામાં આવેલ છે.

સરસ્વતિ યાત્રા યોજના અંતર્ગત ધોરણ ૩, ૫ અને ૮ને સમકક્ષ સાક્ષરતા પ્રદાન કરવા ૬,૦૦૦ નવશિક્ષિતોની નોંધણી રૂ.૧,૯૩૫ પ્રતિ પાઠના ખર્ચે સૂચિત છે.

**ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ અને ગુજરાત ઉચ્ચતર માધ્યમિક પરીક્ષા બોર્ડ**

- બોર્ડ દ્વારા ધોર્ણ-૧૦ અને ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓની રાજ્યવ્યાપી પરીક્ષાઓ લેવામાં આવે છે.

**ઉચ્ચ શિક્ષણ**

રાજ્ય જ્ઞાન આધારીત સમાજ (નોલેજ સોસાયટી) તરફ પ્રયાણ કરે છે ત્યારે એવા માનવ સંસાધનોની નિર્મિતી કરવી તદ્દન જરૂરી બને છે. જે આ જ્ઞાન આધારીત સમાજને રચી શકે.તેમજ તેમાં વસી શકે આમ કરવાના આશયથી રાજ્યએ પરિવર્તનાત્મક સુધારા શરૂ કર્યા છે કે જેના ઉપક્રમે રાજ્યમાં વિશ્વ કક્ષાની સંસ્થાઓ બનાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. આ સંસ્થાઓમાં સંશોધન, વૈશ્વિકરણ, નીપજ આધરિત આભ્યાસક્રમ જે ચોઈસ બેઈઝડ ક્રેડિટ સિસ્ટમ (CBCS) ના ઉપક્રમે તૈયાર કરવામાં આવેલ છે. તેમજ વિદ્યાર્થીઓની બહુઆયામી બુદ્ધિમતાને વિકસાવવા માટે તેમજ સર્વાંગી ઉત્કૃષ્ટતા માટે પણ પહેલ કરવામાં આવેલ છે. ખાસ હોનહાર વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃતિની યોજના પણ ઘડવામાં આવી છે. તેમજ વૈશ્વિકરણના સંદર્ભમાં વિદેશી ભાષાને પણ ભણાવવા માટેની ડિજીટલ એજ્યુકેશનલ લર્નીંગ લેબોરીટરી (DELL) ને પણ બનાવવામાં આવેલ છે.

**ટેકનીકલ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી**

આ કચેરીનો મુખ્ય હેતુ ટેકનીકલ શિક્ષણ ક્ષેત્રનો વિકાસમાર્ગ તૈયાર કરી રાજ્યમાં ટેકનીકલ શિક્ષણનો વ્યાપ અને ગુણવત્તા વધારવાનો છે. આ ઉપરાંત રાજ્યની સ્ટાર્ટ અપ અને ઇનોવેશન પોલીસીને અનુરૂપ વિદ્યાર્થીઓમાં આ સંસ્કૃતિનો વિકાસ થાય તે માટેની વ્યવસ્થા અને વાતાવરણ પુરું પાડી વ્યવસાયની તકોમાં વૃદ્ધિનો ધ્યેય છે.

**ઉક્ત હેતુઓ સિધ્ધ કરવા માટેની વ્યૂહરચના**

- ઔદ્યોગિક અને સામાજિક જરૂરીયાત મુજબ નવા અભ્યાસક્રમો, નવી સંસ્થાઓ તથા અન્ય માળખાગત સુવિધાઓ દ્વારા ટેકનિકલ શિક્ષણની સુવિધાઓમાં વૃદ્ધિ કરવી
- ટેકનિકલ શિક્ષણ હસ્તકની સરકારી સંસ્થાઓનું એકંદર વ્યવસ્થાપન તથા માળખાકીય સુવિધાઓ ઉભી કરવી
- કેન્દ્રીય પ્રવેશ સમિતી (ACPC & ACPDC), ફી નિયમન સમિતી (FRC), ટેકનિકલ શિક્ષણ બોર્ડ (TEB), ગુજરાત ટેકનિકલ શિક્ષણ રીસર્ચ સોસાયટીનું નિયમન અને મદદ
- પ્રોફેશનલ અભ્યાસક્રમો ચલાવતી સંસ્થાઓમાં સરળ, પારદર્શી અને ઓન-લાઇન પ્રવેશ પ્રક્રિયાનું સંચાલન તથા નિયમન
- પ્રોફેશનલ અભ્યાસક્રમો ચલાવતી સંસ્થાઓનું ફી નિયમન સમિતી (FRC) મારફત ફી નિર્ધારણ
- માનવ સંશાધન વિકાસ મંત્રાલય (MHRD) જેવા કેંન્દ્રીય વિભાગો તથા વૈધાનિક સંસ્થાઓ જેવીકે ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ઓફ ટેકનિકલ એજ્યુકેશન (AICTE) વિગેરે સાથે સંકલન.
- ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સીટી અને ઇન્સ્ટીટ્યુટ ઑફ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ટેકનોલોજી રીસર્ચ એન્ડ મેનેજમેન્ટ, અમદાવાદ (IITRAM) ને નાણાકીય સહાય

- રાજ્યની ટેકનીકલ શિક્ષણ પ્રદાન કરતી અનુદાનિત અને સ્વ-નિર્ભર સંસ્થાઓનું નિર્ધારીત પરીસિમામાં નિયમન

## યોજનાઓ

| | |
|---|---|
| **યોજનાનું નામ** | **એસએસએ-૦૧**<br>**૦૯-૨૨૦૨-૦૧-૧૦૬-૧૨**<br>**૯૫- ૨૨૦૨-૦૧-૧૧૧-૦૨**<br>**૯૬-૨૨૦૨-૦૧-૭૯૬-૩૮**<br>**સર્વ શિક્ષા અભિયાન** |
| ઘટકો અને પ્રવૃતિઓ | સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત એસએસએ ની વિવિધ પ્રવુતિઓ જેવીકે<br>• ટ્રાંસપોર્ટ/એસ્કોર્ટ,<br>• સરકારી શાળાઓમા અભ્યાસ કરતા બાળકોને આરટીઇ એક્ટ ૨૦૦૯ ના સેક્શન ૧૨(૧)(સી) મુજબ ભરેલ ફીના ૨૫ ટકા રીએમ્બરમેન્ટ,<br>• શાળા બહારના બાળકો માટે ખાસ તાલીમ,<br>• ફ્રી ટેક્ષ બુક,<br>• ટીચર્સ સેલેરી, ટીચર્સ ટ્રેનિંગ,<br>• બીઆરસી-સીઆરસી સેલેરી,<br>કેલ ઇનોવેશન સ્કૂલ ગ્રાન્ટ, મેઇન્ટેનન્સ ગ્રાન્ટ, મેનેજમેન્ટ એન્ડ એલઇપી તથા સ્ટેટ કમ્પોનેટ, તથા ક્સ્તુરબા ગાંધી વિદ્યાલય રેસીડેન્સીયલ હોસ્ટેનલ કમ સ્કુથલો |
| સંભવિત લાભાર્થીઓ | પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકો |
| સહાયનું પ્રમાણ | સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો મુજબ |
| અમલીકરણ કચેરી | સર્વ શિક્ષા અભિયાન |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | ૬૦ % કેન્દ્ર સરકાર અને ૪૦% રાજ્ય સરકાર |
| અપેક્ષિત આઉટકમ<br>(૨૦૦ શબ્દોમાં) | સર્વ શિક્ષા અભિયાન એ ભારત સરકાર અને રાજય સરકારના સહયોગથી દેશનો એક મહત્વાષકાંક્ષી કાર્યક્રમ છે. જે વર્ષ ૨૦૦૧-૦૨ માં ગુજરાતમાં શરૂ કરવામાં આવ્યોે હતો. આ પરિયોજના ધ્વાકરા તમામ બાળકોને ગુણવત્તાશલક્ષી શિક્ષણ પુરૂં પાડીને પ્રારંભિક શિક્ષણનું સાર્વત્રિકરણ સિધ્ધર કરવાનું લક્ષ્યત નિર્ધારીત છે. |

| | |
|---|---|
| **યોજનાનું નામ** | **એસએસએ-૦૩**<br>**૦૯-૪૨૦૨-૦૧-૨૦૧-૦૬**<br>**૯૫- ૪૨૦૨-૦૧-૨૦૧-૦૪**<br>**ડીપીઇ-૦૪**<br>**૯૬- ૪૨૦૨-૦૧-૭૯૬-૪૩**<br>**સર્વ શિક્ષા અભિયાન (સિવિલ વર્કસ)** |
| ઘટકો અને પ્રવૃતિઓ | રાઇટ ટુ એજયુકેશન એકટ (RTE) ૨૦૦૯ અન્વયે તમામ શાળાઓને |

| | |
|---|---|
| | ઇન્ફ્રાસ્ટ્રકચરની સગવડ પૂરી પાડવાની થાય છે. |
| સંભવિત લાભાર્થીઓ | રાજયની તમામ પ્રાથમિક શાળાઓમાં બાંધકામની સુવિધા પુરી પાડવી |
| સહાયનું પ્રમાણ | સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો મુજબ |
| અમલીકરણ કચેરી | સર્વ શિક્ષા અભિયાન |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | ૬૦ % કેન્દ્ર સરકાર અને ૪૦% રાજ્ય સરકાર |
| અપેક્ષિત આઉટકમ<br>(૨૦૦ શબ્દોમાં) | વર્ગખંડોના નિર્માણ દ્વારા સારૂ શૈક્ષણિક વાતાવરણ પુરૂ પાડવું, શિક્ષકોને સુવિધા આપવી અને કન્યા શિક્ષણ માટે સગવડ ઉભી કરવી.. |

| | |
|---|---|
| **યોજનાનું નામ** | **COS-13**<br>**09-2202-02-109-06**<br>**095-2202-02-109-01**<br>**096-2202-02-796-21**<br>**રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષણ (મહેસૂલ)**<br>**COS-13**<br>**09-4202-01-202-01**<br>**095-4202-01-202-01**<br>**096-4202-01-796-44**<br>**રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષણ (મૂડી)** |
| ઘટકો અને પ્રવૃતિઓ | ૧. આર.એમ.એસ.એ.: સ્કુલ એન્યુઈલ ગ્રાન્ટ, ટીચર ટ્રેનીગ, રાષ્ટ્રીય આવિષ્કારઅભિયાન, રેમીડીયલ ટીચીગ, વિજ્ઞાન અને પુસ્તક મેળો, સેલ્ફ ડિફેન્સ તાલીમ, એસ.એમ.ડી.સી. તાલીમ, ગણિત અને વિજ્ઞાન કીટ, એસકરસન ટ્રીપ, સ્ટડી ટ્રીપ વગેરે. |
| | ૨. ગર્લ્સ હોસ્ટેલ:ખાવાનું અને રહેવાનું, ટોયલેટરીસ અને સેનિટેશન, મેડીકલ કેર, વોર્ડન, ચોકીદાર, વીજળી, મેંઈનટન્સ, સમાચાર પત્રક, મેગેઝીન અને સ્પોર્ટ્સ, રસોયઅને પરચુરણ ખર્ચ. |
| | ૩. વોકેશનલ એજ્યુકેશન: ફ્લેશીબ્લ સાધનો રિસોર્સવ્યક્તિઓંના, ઓંફીસ/કંટીજન્સી ખર્ચ નવી સ્કુલ માટે, રો મટીરીયલ ગ્રાન્ટ નવીસ્કુલ માટે, ટુલ્સ, ઈકવીપમેંન્ટ અને ફર્નીચર. |
| | 4આઈસીટી: ફર્નીચર, એજ્યુકેશન સોફ્વેર અને સીડી રોમ, ઓંપરેટીગ સીસ્ટમ અનેએપ્લીકેશન, સોફ્વેર, કમ્પુટર સરવર અને ટર્મિનલ (બુટ મોડેલ) |
| | ૫. આઈડીએસએસ: ઈન સર્વિસ તાલીમ સ્પેશિયલ એડ્યુકેટર, ઓંરીયેનતટેસન પ્રોગ્રામ આચાર્ય માટેના, એડ્યુકેશન એડમીનીસટ્રેટર, વાલી અનેગાર્ડિયન, વિદ્યાર્થી ની પ્રવૃત્તિ જેવી કે યુનીફોર્મ, મેડીકલ એસેસમેન્ટ કેમ્પ, આસીસ્ટીવ સર્વિસ, એક્વીપ્મેંન્ટ, ટ્રાન્સપોર્ટ એલાઉન્સ, ગર્લ્સ માટે સ્ટાયપેન્ટ, થેરાપેટીક સર્વિસ, પુસ્તકો અને સ્ટેશનરી. |
| | ૬. મોડેલ સ્કુલ: રીકરીગ ગ્રાન્ટ સ્કુલ ની દરરોજનીજરૂરિયાત માટે, ટ્રાન્સપોર્ટ સવલત વિદ્યાર્થીઓં માટે, રેમીડીયલ ટીચીગ અને મીડ ડેમિલ (નાસ્તા) |
| | ૭. મોડેલ ડે સ્કુલ: રીકરીગ ગ્રાન્ટ સ્કુલ નીદરરોજની જરૂરિયાત માટે, ટ્રાન્સપોર્ટ સવલત વિદ્યાર્થીઓં માટે, રેમીડીયલ ટીચીગઅને મીડ ડે મિલ |

| | |
|---|---|
| | (નાસ્તા) |
| સંભવિત લાભાર્થીઓ | ૧. આર.એમ.એસ.એ.: વિદ્યાથી, શિક્ષક, ડીસ્ટ્રીકએજયુકેશન ઓફીસર. |
| | ૨. ગર્લ્સ હોસ્ટેલ: ગર્લ્સ એમપાવરમેન્ટ. |
| | ૩. વોકેશનલ એજ્યુકેશન: વિદ્યાર્થી, ટ્રેનર (શિક્ષકો) |
| | ૪. આઈસીટી: વિદ્યાર્થી, શિક્ષક, આટી સોલ્યુશન કંપની. |
| | ૫. આઈડીએસએસ: વિવ્યાંગ વિદ્યાર્થી, સ્પેશિયલએડ્યુંકેટર.૬. મોડેલ સ્કુલ: વિધાર્થી, શિક્ષકો વગેરે. |
| | ૭. મોડેલ ડે સ્કુલ: વિધાર્થી, શિક્ષકો વગેરે. |
| સહાયનું પ્રમાણ | યોજનાની માર્ગદર્શિકા મુજબ |
| અમલીકરણ કચેરી | રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન, ગુજરાત કાઉન્સિલઓફ સેકન્ડરી એજ્યુકેશન, ગાંધીનગર |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | ૬૦ % કેન્દ્ર સરકાર અને ૪૦ % અને ૧૦૦ % રાજ્ય સરકાર |
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | ૪૬૭ આર.એમ.એસ.એ. ના બિલ્ડીગ બાંધકામ અને આવર્તક, ૮૫ગર્લ્સ હોસ્ટેલના બિલ્ડીગ બાંધકામ અને આવર્તક, ૧૦૦ નવી આર.એમ.એસ.એ. શાળાઓંનુંબાંધકામ અને આવર્તક, આઈસીટી યોજનામાં ૧૦૦ નવી શાળાઓંનું અમલીકરણ, આઈ.ડી.એસ.એસ.યોજનાના ૧૨,૦૦૦ દિવ્યાંગ બાળકોની શિષ્યવૃતિ, આર.એમ.એસ.એ માધ્યમિક શાળાઓ તથા મોડેલ સ્કૂલો માટે માનદવેતનથી પ્રવાસી ૮૪૫ શિક્ષકો, ૭૨ મોડલ સ્કુલ, ૪૬૭ આર.એમ.એસ.એ. તથા ૭૩ ગર્લ્સ હોસ્ટેલના ૧૯૨૬ આઉટ સોર્સીંગ પગારભથ્થા, ૭૨ મોડલ સ્કુલ અને ૩૨૭ આર.એમ.એસ.એ. શાળામાં ૮૩૧ શૈક્ષણિક અનેબિન-શૈક્ષણિક સ્ટાફ, ૭૨ મોડલ સ્કુલમાં ઉચ્ચતર માધ્યમિક ૨૫૯ શૈક્ષણિક સ્ટાફ, ૭૨મોડલ સ્કુલમાં રીકરીગ અને ૦૪ ગર્લ્સ ગર્લ્સ હોસ્ટેલમાં ભાડાની ગ્રાન્ટ, ૨૦ મોડેલડે સ્કુલમાં આવર્તક. |

| | |
|---|---|
| **યોજનાનું નામ** | **એમ.ડી.એમ -૦૧**<br>**૦૯-૨૨૩૬-૦૨-૧૦૨-૦૧**<br>**૯૫-૨૨૩૬-૦૨-૧૦૨-૦૧**<br>**૯૬-૨૨૩૬-૦૨-૭૯૬-૦૩**<br>**૦૯-૨૨૩૬-૦૨-૧૦૨-૦૨**<br>**૯૫-૨૨૩૬-૦૨-૧૦૨-૦૨**<br>**૯૬-૨૨૩૬-૦૨-૭૯૬-૧૦**<br>**૦૯-૨૨૩૬-૦૨-૧૦૨-૦૩**<br>**૯૫-૨૨૩૬-૦૨-૧૦૨-૦૩**<br>**૯૬-૨૨૩૬-૦૨-૭૯૬-૧૧**<br>**પ્રાથમિક શાળાના બાળકોને ભોજન પૂરૂ પાડવાની યોજના** |
| ઘટકો અને પ્રવૃતિઓ | યોજનાના હેતુ નીચે મુજબ છે : |

| | |
|---|---|
| | - બાળકો માટે ગરમ અને પોષણક્ષમ ખોરાક પૂરુ પાડવાનો છે.<br>- બાળકોના પોષણ અને આરોગ્ય ગુણવત્તા વધારવાનો છે.<br>- વંચિત વિભાગો સાથે જોડાયેલા ગરીબ બાળકો પ્રોત્સાહિત કરવા માટે, શાળા વધુ નિયમિત હાજરી<br>& મદદ તેમને વર્ગખંડમાં પ્રવૃત્તિઓ પર ધ્યાન કેન્દ્રિત તેમજ પ્રવેશ, રજીસ્ટ્રીશન અને હાજરી દર વધી જાય છે |
| સંભવિત લાભાર્થીઓ | ૪૪.૯૦ લાખ બાળકો |
| સહાયનું પ્રમાણ | કુકીંગ કોસ્ટ પ્રતિ બાળક રૂ.૪.૫૮ પ્રાથમિક કક્ષાએ અને રૂ. ૬.૪૧ ઉચ્ચ પ્રાથમિક કક્ષાએ |
| અમલીકરણ કચેરી | કમિશનર મધ્યાહ્ન ભોજન યોજના |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | ૬૦% કેન્દ્ર સરકાર અને ૪૦% રાજ્ય સરકાર |
| અપેક્ષિત આઉટકમ | કુપોષણયુક્ત બાળકોની સંખ્યામાં ઘટાડો કરવો |

| **યોજનાનું નામ** | **GCE-02**<br>**09-2202-80-003-05**<br>**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (ડાયેટ)** |
|---|---|
| ઘટકો અને પ્રવૃત્તિઓ | આ યોજનામાં મુખ્યત્વે શિક્ષણ સંશોધન, તાલીમ અને વિસ્તરણ પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. સમગ્ર વર્ષ દરમિયાન તમામ ડાયેટ દ્વારા નીડ બેઝ કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. સાથે સંશોધન આધારીત કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. |
| સંભવિત લાભાર્થીઓ | શિક્ષકો અને વિદ્યાર્થીઓ |
| સહાયનું પ્રમાણ | યોજનાની માર્ગદર્શિકામાં જણાવ્યા મુજબ |
| અમલીકરણ કચેરી | જીસીઇઆરટી કચેરી,ગાંધીનગર |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | 60% કેન્દ્ર સરકાર & 40% રાજ્ય સરકાર |
| અપેક્ષિત આઉટકમ | શિક્ષકોની શૈક્ષણિક ગુણવત્તા સુધારણા |

| **યોજનાનું નામ** | **સીએચઇ-૧૭**<br>**૦૯-૨૨૦૨-૦૩-૧૦૨-૧૬**<br>**૯૫-૨૨૦૨-૦૩-૧૦૨-૦૨**<br>**૯૬-૨૨૦૨-૦૩-૭૯૬-૦૬રાષ્ટ્રીય ઉચ્ચતર શિક્ષા અભિયાન** |
|---|---|
| ઘટકો અને પ્રવૃત્તિઓ | રાષ્ટ્રીય ઉચ્ચતર શિક્ષા અભિયાન કમ્પોનન્ટ – ૩,૫,૭,૯ અને ૧૧ અંતર્ગત રાજ્યની યુનિવર્સિટીઓ અને કોલેજોને અપગ્રેડ કરવા માટે જોગવાઈ કરવામાં આવે છે. |
| સંભવિત લાભાર્થીઓ | રાજ્યની યુનિવર્સિટીઓ અને કોલેજો |
| સહાયનું પ્રમાણ | યોજનાના ધારા ધોરણો મુજબ |
| અમલીકરણ કચેરી | ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી |
| ફંડીગ પેટર્ન(ટકાવારીમાં) | રાજ્ય: ૪૦% કેન્દ્રિ ય: ૬૦% |
| અપેક્ષિત આઉટકમ(૨૦૦ શબ્દોમાં) | ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે માળખાગત સુવિધાઓમાં સુધારા |

| યોજનાનું નામ | ટીઇડી-૧૩<br>૦૯-૨૨૦૩-૦૦-૧૦૫-૧૦<br>૯૫-૨૨૦૩-૦૦-૧૦૫-૦૩<br>૯૬-૨૨૦૩-૦૦-૭૯૬-૦૮<br>**કોમ્યુનીટી ડેવલોપમેંટ થ્રુ પોલીટેકનિક (સીડીટીપી)** |
|---|---|
| ઘટકો અને પ્રવૃત્તિઓ | ઘટકો- કર્મચારી, સ્થાનિક સમુદાયના લોકો /યુવાનો<br>પ્રવૃત્તિઓ- સર્વેક્ષણ આકારણી, જન સમુદાયને ટેકનોલોજીની તાલિમ આપવા માટે જાગૃતિ અંગેની ઝુમ્બેશ |
| સંભવિત લાભાર્થીઓ | વિદ્યાર્થીઓ |
| સહાયનું પ્રમાણ | સ્કીમમાં દર્શાવ્યા મુજબ |
| અમલીકરણ કચેરી | કમિશ્નર, ટેકનિકલ શિક્ષણની કચેરી/પસંદ થયેલ સરકારી પોલીટેકનિકો |
| ફંડીગ પેટર્નવારીમાં) | ૫૦% રાજ્ય સરકાર ૫૦% કેન્દ્ર સરકાર |
| અપેક્ષિત આઉટકમ<br>(૨૦૦ શબ્દોમાં) | સ્થાનિક વિસ્તારની ટેકનોલોજીકલ અને તાલીમની જરૂરીયાત માટે નીડ એસેસમેન્ટ સર્વે મારફત ટુંકાગાળાના તાલિમ અભ્યાસક્રમો સ્થાનિક સમુદાયના કૌશલ્ય નિર્માણમાં વૃધ્ધિ |

| યોજનાનું નામ | ડીપીઈ-૦૧<br>૦૯-૨૨૦૨-૦૧-૧૦૬-૦૪<br>૦૯૫-૨૨૦૨-૦૧-૧૦૬-૦૧<br>૦૯૬-૨૨૦૨-૦૧-૭૯૬-૦૪<br>**પ્રાથમિક શાળાઓમાં ભૌતિક સવલતોની સુધારણા** |
|---|---|
| (ક) ઘટકો અને પ્રવૂતિઓ. | યોજના હેઠળ વીજળીકરણ, પીવાનું પાણી અને શાળા સંકુલો માટે સ્વચ્છતા સહાય માટે શાળાદીઠ માસિક રૂ.૧૮૦૦/- તેમજ ચાર ઝોનમાં મોબાઇલ લેબની સુવિધા જેના કારણે એક કરતા વધુ શાળાના બાળકોને વિજ્ઞાનના પ્રયોગો કરવાનો લાભ મળશે. |
| (ખ) નિર્ધારીત લક્ષ્યાંકો. | શાળાઓ |
| (ગ) સહાયનું પ્રમાણ (લાગુ પડતુ હોય તો) | યોજના મુજબ |
| (ઘ) અમલકર્તા એજન્સી | પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી |
| (ચ) ફંડીગ પેટર્ન. | ૧૦૦% રાજય સરકાર |
| (છ) અપેક્ષિત આઉટકમ. | પીવાના પાણી અને વીજળી સુવિધા જાળવવી, સ્વચ્છ અભિયાન દ્વારા સેનીટેશનની સ્વચ્છતા, મોબાઇલ લેબ યોજના અંતર્ગત વિજ્ઞાનમાં સભાનતા વધારવા, વિજ્ઞાન વિષયમાં વિધાર્થીઓની સંખ્યામાં વધારો કરવો |

| | |
|---|---|
| **યોજનાનું નામ** | **ડીપીઈ-૦૨**<br>**૦૯-૨૨૦૨-૦૧-૦૦૧-૦૩**<br>**૦૯૫-૨૨૦૨-૦૧-૧૦૬-૧૧**<br>**૦૯૬-૨૨૦૨-૦૧-૭૯૬-૦૯**<br>**રાજ્ય અને જીલ્લા તંત્ર સંગીન બનાવવું** |
| (ક) ઘટકો અને પ્રવૃતિઓ. | યોજના હેઠળ રાજય અને જીલ્લા તંત્ર સંગીન બનાવવું જગ્યાઓ સાધન સામગ્રી પુરી પાડવી, રાજય/જીલ્લા/તાલુકાની જગ્યાઓ અપગ્રેડ કરી, રાજ્ય/જીલ્લા કક્ષાએ નવી જગ્યાઓ ઉભી કરવી, શિક્ષકોની ખાલી જગ્યા પર માનદ વેતનથી શિક્ષકોને નિમણૂંક અને ડિજીટલ સર્વિસબુક. |
| (ખ) નિર્ધારીત લક્ષ્યાંકો. | પ્રાથમિક અને ઉચ્ચત્તર પ્રાથમિક શાળા મજબૂત બનાવવી |
| (ગ) સહાયનું પ્રમાણ (લાગુ પડતુ હોય તો) | ધોરણો મુજબ |
| (ઘ) અમલકર્તા એજન્સી | પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી |
| (ચ) ફંડીગ પેટર્ન. | ૧૦૦% રાજય સરકાર |
| (છ) અપેક્ષિત આઉટકમ. | મજબૂત મોનીટરીંગ, પ્રાથમિક અને ઉચ્ચત્તર પ્રાથમિક શાળા વહીવટી અને ગુણવત્તા શિક્ષણ. |

| | |
|---|---|
| **યોજનાનું નામ** | **ડીપીઈ-૦૩**<br>**૦૯-૨૨૦૨-૦૧-૧૦૬-૨૦**<br>**૦૯૫-૨૨૦૨-૦૧-૧૦૬-૧૨**<br>**૦૯૬-૨૨૦૨-૦૧-૭૯૬-૩૩**<br>**નામાંકન અને સ્થાયીકરણ માટે પ્રોત્સાહનો** |
| (ક) ઘટકો અને પ્રવૃતિઓ. | નામાંકન અને સ્થાયિકરણ માટે પ્રોત્સાહનો યોજના હેઠળ શાળા પ્રવેશોત્સવ માટે સહાય શાળા દીઠ રૂ.૫૦૦, વિધાદીપ વિમા યોજના, ફર્સ્ટએઇડ સુવિધા શાળા દીઠ રૂ.૫૦૦, વિધાલક્ષ્મી બોન્ડ અને મફત પાઠ્ય પુસ્તકો અંગેની પેટા યોજનાઓ અમલમાં છે. |
| સંભવિત લાભાર્થીઓઃ | સ્થાનિક ગામ લોકોને રોજગારીની રોજગારી દ્વારા સીધા લાભો અને વનો દ્વારા આડકતરા લાભો થશે. |
| સહાયનું પ્રમાણઃ | -- |
| અમલીકરણ કચેરીઃ | વન વિભાગ |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | ૧૦૦%રાજ્ય યોજના |
| અપેક્ષિત આઉટકમ : | આ પ્રવૃત્તિઓના લીધે રાજ્યમાં વનોની ગીચતા વધશે. રણ અને તેની આસપાસના ઉપ વિસ્તારની જમીનને રક્ષણ મળશે અને પવનથી થતો ઘસારો પણ અટકશે. આ યોજનાની પ્રવૃત્તિઓના લીધે જમીનનું ધોવાણ ઘટશે. અને વરસાદી પાણી નદી નાળાઓમાં લાંબો સમય સુધી રહેશે. |

| યોજનાનું નામઃ | **૯૬-૨૫૭૫-૦૧-૩૧૩-૬**<br>**ડાંગ વન વ્યવસ્થા અને વિકાસ યોજના (ખાસ વિસ્તાર કાર્યક્રમ)** |
|---|---|
| ઘટકો અને પ્રવૃત્તિઓઃ | ડાંગ જીલ્લા માટે આ વિશિષ્ટ યોજના તૈયાર કરવામાં આવી છે. સાગ, ખેર અને વાંસના રોપાઓનું વાવેતર કરવામાં આવશે. તથા ડાંગ જીલ્લાના સ્થાનિક લોકોને સુથારીકામની તાલીમ તથા ફર્નીચર બનાવી તેનું વેચાણ કરવાની પ્રવૃત્તિ |
| સંભવિત લાભાર્થીઓઃ | ડાંગ જીલ્લાના સ્થાનિક આદિવાસી |
| સહાયનું પ્રમાણઃ | -- |
| અમલીકરણ કચેરીઃ | વન વિભાગ |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | ૧૦૦%રાજ્ય યોજના |
| અપેક્ષિત આઉટકમ : | વાવેતરના લીધે વાતાવરણમાં સુધારો થશે. તદઉપરાંત ડાંગના વનોની ઉત્પાદન ક્ષમતા વધશે જેના લીધે સ્થાનિક લોકોને ફાયદો થશે. ફર્નીચર બનાવવાની કામગીરીથી સ્થાનિક લોકોને રોજગારી મળી રહેવાથી જંગલો ઉપરનું ભારણ ઓછુ થાય છે અને ગુનાહિત પ્રવૃત્તિ ઉપર નિયંત્રણ આવે છે. |

| યોજનાનું નામઃ | **એફએસટી-૮**<br>**૨૬-૪૪૦૬-૦૧-૧૦૧-૧૦**<br>**સામુહિક વન નિર્માણ યોજના** |
|---|---|
| ઘટકો અને પ્રવૃત્તિઓઃ | રોપ ઉછેર, સરકારી સામુહિક જમીન અને કસ વગરની ખેડૂતની જમીન પર તેમજ વાવેતર તથા લોક ભાગીદારીથી વૃક્ષ વિસ્તરણ પ્રવૃત્તિઓ |
| સંભવિત લાભાર્થીઓઃ | તાલુકા પંચાયત ગ્રામ પંચાયત અને જમીનના માલિક |
| સહાયનું પ્રમાણઃ | સરકારશ્રીના ખર્ચે વાવેતર અને વિસ્તરણ પ્રવૃત્તિઓ |
| અમલીકરણ કચેરીઃ | વન વિભાગ, ગુજરાત રાજ્ય |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | ૧૦૦% રાજ્ય પ્રવાહ |
| અપેક્ષિત આઉટકમ : | બિન વન વિસ્તારમાં વૃક્ષાચ્છાદિત વિસ્તારમાં વધારો, લોકો માટે આવક અને રોજગારીની તકોમાં વધારો તથા વન પેદાશની ઉપલબ્ધિમાં વધારો |

| યોજનાનું નામઃ | **એફએસટી-૮**<br>**૯૬-૪૪૦૬-૦૧-૭૯૬-૦૬**<br>**સામુહિક વન નિર્માણ યોજના** |
|---|---|
| ઘટકો અને પ્રવૃત્તિઓઃ | રોપ ઉછેર, સરકારી સામુહિક જમીન અને કસ વગરની ખેડૂતની જમીન પર તેમજ વાવેતર તથા લોક ભાગીદારીથી વૃક્ષ વિસ્તરણ પ્રવૃત્તિઓ |
| સંભવિત લાભાર્થીઓઃ | તાલુકા પંચાયત ગ્રામ પંચાયત અને જમીનના માલિક |
| સહાયનું પ્રમાણઃ | સરકારશ્રીના ખર્ચે વાવેતર અને વિસ્તરણ પ્રવૃત્તિઓ |
| અમલીકરણ કચેરીઃ | વન વિભાગ, ગુજરાત રાજ્ય |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | ૧૦૦% રાજ્ય પ્રવાહ |
| અપેક્ષિત આઉટકમ : | બિન વન વિસ્તારમાં વૃક્ષાચ્છાદિત વિસ્તારમાં વધારો, લોકો માટે આવક અને રોજગારીની તકોમાં વધારો તથા વન પેદાશની ઉપલબ્ધિમાં વધારો |

| | |
|---|---|
| **યોજનાનું નામઃ** | **એફએસટી-૮**<br>**૯૬-૪૪૦૬-૦૧-૧૦૧-૦૧**<br>**અનુસુચિત જાતિ પેટા યોજના અન્વયે ફળાઉ વૃક્ષોના વાવેતર માટેની યોજના (૯૫-૪૪૦૬)** |
| ઘટકો અને પ્રવૃત્તિઓઃ | રોપ ઉછેર, સરકારી સામુહિક જમીન અને કસ વગરની ખેડૂતની જમીન પર તેમજ વાવેતર તથા લોક ભાગીદારીથી વૃક્ષ  વિસ્તરણ પ્રવૃત્તિઓ |
| સંભવિત લાભાર્થીઓઃ | તાલુકા પંચાયત ગ્રામ પંચાયત અને જમીનના માલિક |
| સહાયનું પ્રમાણઃ | સરકારશ્રીના ખર્ચે વાવેતર અને વિસ્તરણ પ્રવૃત્તિઓ |
| અમલીકરણ કચેરીઃ | વન વિભાગ, ગુજરાત રાજ્ય |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | ૧૦૦% રાજ્ય પ્રવાહ |
| અપેક્ષિત આઉટકમ : | બિન વન વિસ્તારમાં વૃક્ષાચ્છાદિત વિસ્તારમાં વધારો, લોકો માટે આવક અને રોજગારીની તકોમાં વધારો તથા વન પેદાશની ઉપલબ્ધિમાં વધારો |

| | |
|---|---|
| **યોજનાનું નામઃ** | **૨૬-૨૪૦૬-૦૨-૧૧૦-૨૫**<br>**ઇકો ટાસ્કફોર્સની રચના તથા મેન્ગ્રુવ વાવેતર માટેની કાર્ય યોજના** |
| ઘટકો અને પ્રવૃત્તિઓઃ | ચેર વાવેતરો દરિયાકાંઠાના ખાસ કરીને ખાડી અને કાદવવાળા વિસ્તારોમાં વાવેતર કરવામાં આવશે. |
| સંભવિત લાભાર્થીઓઃ | દરિયાકાંઠાના સ્થાનિક ગામ લોકો |
| સહાયનું પ્રમાણઃ | -- |
| અમલીકરણ કચેરીઃ | વન વિભાગ |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | ૧૦૦%રાજ્ય યોજના |
| અપેક્ષિત આઉટકમ : | દરિયાકાંઠાના વિસ્તારમાં ખારા પાણી અને પવનથી થતો ઘસારો અટકાવી શકાશે. ચેરના વાવેતરો દરિયાકાંઠાના વિસ્તારમાં રક્ષણ પટ્ટા તરીકે કામ કરશે. ચેરના વાવેતરો પરવાળાનું પરિશર તંત્ર જાળવવામાં મદદ કરશે. |

| | |
|---|---|
| **યોજનાનું નામઃ** | **એફએસટી-૧૫**<br>**૨૬-૨૪૦૬-૦૧-૦૦૫-૦૧**<br>**વન સંશોધન, તાલીમ અને પ્રચાર** |
| ઘટકો અને પ્રવૃત્તિઓઃ | લોક જાગ્રુતિ, પ્રકૃતિ શિક્ષણ શિબિર, તાલીમ, કિસાન શિબિર |
| સંભવિત લાભાર્થીઓઃ | તાલુકા પંચાયત, ગ્રામ પંચાયત ફીલ્ડ સ્ટાફ, સ્થાનિક રહેવાસીઓ. |
| સહાયનું પ્રમાણઃ | સરકારશ્રીના ખર્ચે વાવેતર અને વિસ્તરણ પ્રવૃત્તિ |
| અમલીકરણ કચેરીઃ | વન વિભાગ |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | ૧૦૦% રાજ્ય યોજના |
| અપેક્ષિત આઉટકમ : | વન સંરક્ષણ, વૃક્ષ ઉછેર તેમજ વન્યજીવ સંરક્ષણ પ્રત્યે લોકોમાં જાગૃતિ આણવી તાલીમો ધ્વારા વન વિભાગના અધિકારીઓ/ કર્મચારીઓની કાર્યકુશળતામાં સુધારો થવો વન સંશોધન અન્વયે વૃક્ષસુધારણા સંશોધન પ્રવૃત્તિઓ ધ્વારા વન સમૃધ્ધિમાં સુધારો થવો |

| | |
|---|---|
| **યોજનાનું નામઃ** | **એફએસટી-૧૫**<br>**૯૬-૨૪૦૬-૦૧-૭૯૬-૦૩**<br>**વન સંશોધન** |
| ઘટકો અને પ્રવૃત્તિઓઃ | લોક જાગ્રુતિ, પ્રકૃતિ શિક્ષણ શિબિર, તાલીમ, કિસાન શિબિર |
| સંભવિત લાભાર્થીઓઃ | તાલુકા પંચાયત, ગ્રામ પંચાયત ફીલ્ડ સ્ટાફ, સ્થાનિક રહેવાસીઓ. |
| સહાયનું પ્રમાણઃ | સરકારશ્રીના ખર્ચે વાવેતર અને વિસ્તરણ પ્રવૃત્તિ |
| અમલીકરણ કચેરીઃ | વન વિભાગ |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | ૧૦૦% રાજ્ય યોજના |
| અપેક્ષિત આઉટકમ : | વન સંરક્ષણ, વૃક્ષ ઉછેર તેમજ વન્યજીવ સંરક્ષણ પ્રત્યે લોકોમાં જાગૃતિ આણવી તાલીમો ધ્વારા વન વિભાગના અધિકારીઓ / કર્મચારીઓની કાર્ય કૂશળતામાં સુધારો થવો  વન સંશોધન અન્વયે વૃક્ષસુધારણા સંશોધન પ્રવૃત્તિઓ ધ્વારા વન સમૃધ્ધિમાં સુધારો થવો, માહિલા અને પુરૂષ તાલિમાર્થી માટે હોસ્ટેલ નુ અપગ્રેડેશન |

| | |
|---|---|
| **યોજનાનું નામઃ** | **એફએસટી-૨૦**<br>**૨૬-૪૪૦૬-૦૨-૧૧૦-૦૧**<br>**વન્યપ્રાણી વ્યવસ્થા અને વિકાસ** |
| ઘટકો અને પ્રવૃત્તિઓઃ | વન્યજીવો માટે રહેઠાણ સુધારણ, બચાવ અને સંરક્ષણની કામગીરી, લોક જાગૃતિ માટેના કામો, ગ્રેટ ઇન્ડીયન બસ્ટાર્ડ અને એશિયાટીક લાયનના સંરક્ષણ અને સંવર્ધનની કામગીરી |
| સંભવિત લાભાર્થીઓઃ | - |
| સહાયનું પ્રમાણઃ | - |
| અમલીકરણ કચેરીઃ | વન વિભાગ |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | ૧૦૦% રાજ્ય યોજના |
| અપેક્ષિત આઉટકમ : | અભયારણ્યો અને રાષ્ટ્રીય ઉદ્યાનોની અંદર વસતા વન્યજીવો તથા પક્ષીઓના વિકાસ અને વ્યવસ્થાપન કરવામાં આવે છે.રક્ષિત વિસ્તારમાં વસવાટ કરતા વન્યજીવો સુરક્ષિત રહે તેમના રહેઠાણ સુધારણા, રક્ષણની કામગીરી, સંરક્ષણ અને સંવર્ધન તથા તેમના આસરાની કામગીરી હાથ ધરવામાં આવે છે. |

| | |
|---|---|
| **યોજનાનું નામઃ** | **એફએસટી-૨૦**<br>**૨૬-૨૪૦૬-૦૨-૧૧૦-૦૨**<br>**વન્યપ્રાણી વ્યવસ્થા અને વિકાસ** |
| ઘટકો અને પ્રવૃત્તિઓઃ | આવાસ સુધારણા, બચાવ, ફાયર લાઇનની તૈયારી, ઢોર તથા માનવ મૃત્યુ/ ઇજા સામે વળતર, લોક જાગૃતિ જીન પુલ નો વિકાસ |
| સંભવિત લાભાર્થીઓઃ | ખુલ્લા કુવાને પેરાપીટ વોલ બનાવવાની કામગીરી |
| સહાયનું પ્રમાણઃ | કુવા દીઠ રૂ. ૮૦૦૦/- સહાય |
| અમલીકરણ કચેરીઃ | વન વિભાગ |

| | |
|---|---|
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | ૧૦૦% રાજ્ય યોજના |
| અપેક્ષિત આઉટકમ : | ૨૩-અભયારણ્યોનો વિકાસ તથા ૪- રાષ્ટ્રીય ઉદ્યાનોનો અને ૧- કન્ઝર્વેશન રીઝર્વની અંદર વિકાસ અને વ્યવસ્થાપન કરવામાં આવે છે. આ વિસ્તાર ૧૭૩૨૬.૯૩ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલ છે. રક્ષિત વિસ્તારમાં વસવાટ કરતા વન્યજીવો સુરક્ષિત રહે તેમના રહેઠાણ સુધારણા, રક્ષણની કામગીરી, સંરક્ષણ અને સંવર્ધન તથા તેમના આસરાની કામગીરી હાથ ધરવામાં આવે છે. |

| | |
|---|---|
| **યોજનાનું નામઃ** | **૯૬-૪૪૦૬-૦૧-૭૯૬-૧૫**<br>**વન વિકાસ કાર્યક્રમ હેઠળ સહભાગી વન વ્યવસ્થા યોજના** |
| ઘટકો અને પ્રવૃત્તિઓઃ | વાવેતર અને જાળવણી |
| સંભવિત લાભાર્થીઓઃ | લોક સંગઠનોના (JFMC/EDC) સભ્યો |
| સહાયનું પ્રમાણઃ | શૂન્ય |
| અમલીકરણ કચેરીઃ | વન વિભાગ |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | ૧૦૦% રાજ્ય યોજના |
| અપેક્ષિત આઉટકમ : | આ યોજના હેઠળ વન વિસ્તારમાં ખાતાકીય વાવેતર લોક સંગઠનો જેવા કે સહભાગી વિકાસ મંડળી સમીતી વન વિકાસ મંડળી દ્વારા વાવેતર અને પરિસરીય વિકાસ મંડળી દ્વારા પરિસરીય વિકાસ વન્યપ્રાણી સંરક્ષણ તેમજ એન્ટ્રીપોઇન્ટ એકટીવીટી કરવામા આવી તેમજ સ્વસહાય જૂથોની રચના કરી, લોક ભાગીદારી જેવી સંરક્ષણ તેમજ સ્વસહાય જૂથોની આવકના સ્તરો તૈયાર થતાં જંગલના ભારણમાં ઘટાડો. |

| | |
|---|---|
| **યોજનાનું નામઃ** | **એફએસટી-૪૪**<br>**૨૬-૪૪૦૬-૦૧-૧૦૧-૨૪**<br>**ઘાસચારા વિકાસ યોજના** |
| ઘટકો અને પ્રવૃત્તિઓઃ | ઘાસ સુધારણા પ્રવૃત્તિઓ વિશેષ કરીને ઘસાઇ ગયેલ / ઓછા ઘાસવાળા ઘાસીયા મેદાનોમાં બીજની વાવણી તથા સંરક્ષણની કામગીરી. ઘાસના ગોડાઉનમાં ઘાસ એકત્રીત કરી તેનો સંગ્રહ કરવામાં આવશે. |
| સંભવિત લાભાર્થીઓઃ | સ્થાનિક લોકો |
| સહાયનું પ્રમાણઃ | -- |
| અમલીકરણ કચેરીઃ | વન વિભાગ |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | ૧૦૦%રાજ્ય યોજના |
| અપેક્ષિત આઉટકમ : | ઘાસ સુધારણાં પ્રવૃત્તિઓના લીધે, જે વિસ્તારમાં કામગીરી કરવામાં આવશે તે વિસ્તારમાં સુધારો થશે અને તેના લીધે ઘાસિયા જમીનની ઉત્પાદન ક્ષમતા વધશે. ગોડાઉનોમાં એકત્ર કરેલ ઘાસ અછતના સમયમાં લોકોને વિતરણ કરવા માટે ઉપલબ્ધ થશે. |

| | |
|---|---|
| **યોજનાનું નામઃ** | **૨૬-૨૪૦૬-૦૧-૧૦૧-૦૮**<br>**વૃક્ષખેતી યોજના** |
| ઘટકો અને પ્રવૃત્તિઓઃ | રોપ ઉછેર કરવા ખેડૂતની જમીન |
| સંભવિત લાભાર્થીઓઃ | ખેડૂતો અને સંસ્થાઓ |
| સહાયનું પ્રમાણઃ | કિસાન દ્વારા વાવેતર ઉછેર અને ગુજરાત વન વિભાગ દ્વારા માર્ગદર્શન તેમજ ગુણવત્તાસભર રોપા અને જીવંત ટકાવારી મુજબ સરકાર દ્વારા મંજુર દર પ્રમાણે નાણાંકિય સહાય |
| અમલીકરણ કચેરીઃ | ગુજરાત વન વિભાગના સહકારથી ખેડૂતો |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | ૧૦૦% રાજ્ય યોજના |
| અપેક્ષિત આઉટકમ : | ખેડૂતોને આવક અને બિન વન વિસ્તારમાં વૃક્ષાવરણમાં વધારો |

| | |
|---|---|
| **યોજનાનું નામઃ** | **૯૫-૪૪૦૬-૦૧-૧૦૧-૦૪**<br>**વૃક્ષખેતી યોજના** |
| ઘટકો અને પ્રવૃત્તિઓઃ | રોપ ઉછેર કરવા ખેડૂતની જમીન |
| સંભવિત લાભાર્થીઓઃ | ખેડૂતો અને સંસ્થાઓ |
| સહાયનું પ્રમાણઃ | કિસાન દ્વારા વાવેતર ઉછેર અને ગુજરાત વન વિભાગ દ્વારા માર્ગદર્શન તેમજ ગુણવત્તાસભર રોપા અને જીવંત ટકાવારી મુજબ સરકાર દ્વારા મંજુર દર પ્રમાણે નાણાંકિય સહાય |
| અમલીકરણ કચેરીઃ | ગુજરાત વન વિભાગના સહકારથી ખેડૂતો |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | ૧૦૦% રાજ્ય યોજના |
| અપેક્ષિત આઉટકમ : | ખેડૂતોને આવક અને બિન વન વિસ્તારમાં વૃક્ષાવરણમાં વધારો |

| | |
|---|---|
| **યોજનાનું નામઃ** | **૯૬-૨૪૦૬-૦૧-૭૯૬-૩૦**<br>**વૃક્ષખેતી યોજના** |
| ઘટકો અને પ્રવૃત્તિઓઃ | રોપ ઉછેર કરવા ખેડૂતની જમીન |
| સંભવિત લાભાર્થીઓઃ | ખેડૂતો અને સંસ્થાઓ |
| સહાયનું પ્રમાણઃ | કિસાન દ્વારા વાવેતર ઉછેર અને ગુજરાત વન વિભાગ દ્વારા માર્ગદર્શન તેમજ ગુણવત્તાસભર રોપા અને જીવંત ટકાવારી મુજબ સરકાર દ્વારા મંજુર દર પ્રમાણે નાણાંકિય સહાય |
| અમલીકરણ કચેરીઃ | ગુજરાત વન વિભાગના સહકારથી ખેડૂતો |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | ૧૦૦% રાજ્ય યોજના |
| અપેક્ષિત આઉટકમ : | ખેડૂતોને આવક અને બિન વન વિસ્તારમાં વૃક્ષાવરણમાં વધારો |

| | |
|---|---|
| **યોજનાનું નામઃ** | **૯૬-૨૪૦૬-૦૧-૭૯૬-૨૭**<br>**વનસ્પતિ ઉદ્યાન વઘઇની સુધારણા માટેની યોજના** |
| ઘટકો અને પ્રવૃત્તિઓઃ | વનસ્પતિ ઉદ્યાનની જાળવણી કરવામાં આવશે. |
| સંભવિત લાભાર્થીઓઃ | સ્થાનિક લોકો, મુલાકાતીઓ તથા વિદ્યાર્થીઓ |
| સહાયનું પ્રમાણઃ | -- |

| | |
|---|---|
| અમલીકરણ કચેરીઃ | વન વિભાગ, ડાંગ (દક્ષિણ) |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | ૧૦૦% રાજ્ય યોજના |
| અપેક્ષિત આઉટકમ : | મુલાકાતીઓ અને વિદ્યાર્થીઓ વનસ્પતિની વિવિધ જાતો અંગે તથા તેના મહત્વ અને રક્ષણની જરૂરીયાત અંગે માહિતી મેળવશે. સ્થાનિક લોકોને રોજગારી મળશે. |

| | |
|---|---|
| **યોજનાનું નામઃ** | **૯૬-૪૪૦૬-૦૧-૭૯૬-૧૭**<br>**ટીમ્બર ડેપોના આધુનિકરણ માટેની યોજના** |
| ઘટકો અને પ્રવૃત્તિઓઃ | ટીમ્બર ડેપોની જાળવણી સુરક્ષા વાડ, રસ્તાઓની જાળવણી |
| સંભવિત લાભાર્થીઓઃ | હરાજીમાં ભાગ લેનાર લોકો |
| સહાયનું પ્રમાણઃ | -- |
| અમલીકરણ કચેરીઃ | વન વિભાગ |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | ૧૦૦%રાજ્ય યોજના |
| અપેક્ષિત આઉટકમ : | આ યોજનાની પ્રવૃતિઓના લીધે ટીમ્બર ડેપોમાં આગ, ચોરી વિગેરે સામે રક્ષણ મળશે. તદઉપરાંત વાહતુક સરળ રીતે થઇ શકશે. અને હરાજીમાં પણ સુગમતા રહેશે. |

| | |
|---|---|
| **યોજનાનું નામઃ** | **૯૬-૨૪૦૬-૦૧-૭૯૬-૨૮**<br>**વર્મી કમ્પોસ્ટ યોજના** |
| ઘટકો અને પ્રવૃત્તિઓઃ | વર્મી કમ્પોસ્ટ એક જૈવિક ખાતર છે. જેને તૈયાર કરવા મટે JFMC અને સ્વ સહાય જૂથોની મદદ લેવામાં આવે છે. |
| સંભવિત લાભાર્થીઓઃ | સ્વ સહાય જૂથ |
| સહાયનું પ્રમાણઃ | -- |
| અમલીકરણ કચેરીઃ | વન વિભાગ |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | ૧૦૦% રાજ્ય યોજના |
| અપેક્ષિત આઉટકમ : | આ યોજના દ્વારા JFMC અને સ્વ સહાય જુથો અને સ્થાનિક રહેવાસીઓની આવકમાં વધારો થશે. |

| | |
|---|---|
| **યોજનાનું નામઃ** | **એફએસટી-૨૬**<br>**૨૪૦૬-૦૨-૮૦૦-૦૧**<br>**ગુજરાત પરિસ્થિતિ વિષયક શિક્ષણ અને સંશોધન સંસ્થાને સહાયક અનુદાન** |
| ઘટકો અને પ્રવૃત્તિઓઃ | ઇંદ્રોડા પાર્ક અને હિંગોલગઢની જાળવણી, નેચર એજયુકેશન કેમ્પ |
| સંભવિત લાભાર્થીઓઃ | -- |
| સહાયનું પ્રમાણઃ | શૂન્ય |
| અમલીકરણ કચેરીઃ | વન વિભાગ |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | ૧૦૦% રાજ્ય યોજના |
| અપેક્ષિત આઉટકમ : | લોક જાગ્રુતિ કર્યક્રમ દ્વારા વિધ્યાર્થીઓને નેચર એજ્યુકેશન કેમ્પ દ્વારા પ્રકુતિ શિક્ષણ અને વન્ય જીવો બાબત ની જાણકારી. વન અને પર્યાવરણ ને |

| | |
|---|---|
| | લગતા અગત્યના દિવસો વિશે જાણકારી તથા અંદાજીત ૩૦,૦૦૦ વિદ્યાર્થીઓને તાલીમ દ્વારા જાણકારી આપવાની કામગીરી. |

| **યોજનાનું નામઃ** | **૯૬-૨૪૦૬-૦૨-૭૯૬-૦૪ , વન્યપ્રાણી વ્યવસ્થા અને વિકાસ** |
|---|---|
| ઘટકો અને પ્રવૃત્તિઓઃ | વન્યજીવો માટે રહેઠાણ સુધારણ, બચાવ અને સંરક્ષણની કામગીરી, લોક જાગૃતિ માટેના કામો |
| સંભવિત લાભાર્થીઓઃ | - |
| સહાયનું પ્રમાણઃ | - |
| અમલીકરણ કચેરીઃ | વન વિભાગ |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | ૧૦૦% રાજ્ય યોજના |
| અપેક્ષિત આઉટકમ : | ગુજરાત રાજ્યના આદિવાસી વિસ્તારોમાં ૪-અભયારણ્યો ૧- રાષ્ટ્રીય ઉદ્યાન તથા બાલારામ અંબાજી તથા જેસોર અભયારણ્યનો અમૂક ભાગ આવેલ છે. આ રક્ષિત વિસ્તારની અંદર વસતા વન્યજીવોના વિકાસ અને વ્યવસ્થાપન કરવામાં આવે છે.રક્ષિત વિસ્તારમાં વસવાટ કરતા વન્યજીવો સુરક્ષિત રહે તેમના રહેઠાણ સુધારણા, રક્ષણની કામગીરી, સંરક્ષણ અને સંવર્ધન તથા તેમના આસરાની કામગીરી હાથ ધરવામાં આવે છે. તથા લોક જાગૃતિના કામો કરવામાં આવે છે. |

| **યોજનાનું નામઃ** | **૨૬-૨૪૦૬-૦૨-૧૧૦-૨૩ , ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડ.** |
|---|---|
| ઘટકો અને પ્રવૃત્તિઓઃ | બાયો ડાયવર્સિટી રજીસ્ટર તૈયાર કરવા |
| સંભવિત લાભાર્થીઓઃ | વન વિભાગ |
| સહાયનું પ્રમાણઃ | શૂન્ય |
| અમલીકરણ કચેરીઃ | વન વિભાગ |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | ૧૦૦% રાજ્ય યોજના |
| અપેક્ષિત આઉટકમ : | બાયોડાયવર્સિટી રજીસ્ટર રજીસ્ટર તૈયાર થવાથી જૈવિક વિવિધતા અધિનિયમ અન્વયે જૈવિક વનસ્પતિ નોંધવમાં આવશે. અને તેની જાળવણી કરવામાં મદદરૂપ થશે. |

| **યોજનાનું નામઃ** | **૨૬-૪૪૦૬-૦૧-૭૦-૦૧ , રસ્તા અને મકાન** |
|---|---|
| ઘટકો અને પ્રવૃત્તિઓઃ | વિશ્રામગૃહ નું નિર્માણ અને જાળવણી |
| સંભવિત લાભાર્થીઓઃ | વન વિભાગ, પર્યટકો |
| સહાયનું પ્રમાણઃ | - |
| અમલીકરણ કચેરીઃ | વન વિભાગ |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | ૧૦૦% રાજ્ય યોજના |
| અપેક્ષિત આઉટકમ : | વિશ્રામગૃહ નું નિર્માણ અને જાળવણી દ્વારા પર્યટકો ને રહેવા ની સુવિધા ઉપલબ્ધ થશે. અને પર્યટકો ની સંખ્યામા વધારો થશે. |

| | |
|---|---|
| **યોજનાનું નામઃ** | **૨૬-૪૪૦૬-૦૧-૮૦૦-૦૧**<br>**વન સંશોધન, તાલીમ અને પ્રચાર** |
| ઘટકો અને પ્રવૃત્તિઓઃ | ઈંટરપ્રીગટેશન સેન્ટર સ્થાપના, હોસ્ટેલ બાંધકામ |
| સંભવિત લાભાર્થીઓઃ | વન વિભાગ, તાલીમાર્થી |
| સહાયનું પ્રમાણઃ | - |
| અમલીકરણ કચેરીઃ | વન વિભાગ |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | ૧૦૦% રાજ્ય યોજના |
| અપેક્ષિત આઉટકમ : | ગાંધીનગર ખાતે આંતરરાષ્ટ્રીય કક્ષાના વન/વન્ય પ્રાણિ ઈંટરપ્રીટેશન સેન્ટર સ્થાપવા, તાલીમાર્થીઓ માટે હોસ્ટેલ નું બાંધકામ. |

| | |
|---|---|
| **યોજનાનું નામઃ** | **ઇપીસી-૦૨,**<br>**૨૭-૩૪૩૫-૦૩-૦૦૩-૦૧**<br>**ગુજરાત પરિસ્થિતિ વિજ્ઞાન આયોગનો વહીવટ** |
| ઘટકો અને પ્રવૃત્તિઓઃ | 1. જીઈસી મેન્ટેન્સસ : મહેકમના પગાર ભથ્થા, કચેરી ખર્ચ, વહીવટી ઓવર હેડ વગેરેનો ખર્ચ.<br>૨. જીઈસી સ્પોન્સર પ્રોજેકટ : જાગૃતિ ફેલાવતા અભીયાન, સંસ્થાના ક્ષતાવર્ધાક, તાલીમો આપી કથળતી જતી પર્યાવરણ પરિસ્થિતિના પુનરોત્થાન માટેની કામગીરી<br>૩. ઈકોલૉજીકલ પ્રોફાઈલ : ૧૦ કાંઠાળ તાલુકાઓનો ઈકોલૉજીનો પ્રોફાઈલ બનાવવામાં આવનાર છે.<br>૪. પર્યાવરણનું પુનઃસ્થાપન (ઈકોલોજીકલ રીસ્ટોરેશન) : કથળતી જતા પર્યાવરણના પુનઃસ્થાપન માટેની યોજનાઓ<br>૫. એન્વાયરનમેન્ટ એકશન યોજના : સામાન્ય લોકો, સ્વેસ્વૈચ્છિક સંસ્થા ભાગીદારીથી પર્યાવરણીય જાળવણી<br>૬. ઈકો-વિલેજ : પર્યાવરણીય સમસ્યાનો સામનો કરતા બે ગામોને ઈકો-વિલેજ તરીકે વિસકાવવા<br>૭. મરીન ઓસેનોરીયમ : દેશનું આગવું એવું ‘‘મરીન ઓસેનેરીયમ" (મરીન રીસર્ચ, કર્ન્ઝવેશન અને ઈન્ફોરમેશન સેન્ટર) સોમનાથ ખાતે પ્રસ્થાપીત કરવાની કામગીરી |
| સંભવિત લાભાર્થીઓઃ | સામાન્ય લોકો, સ્વૈચ્છિક સંસ્થાઓ, સામુદાયિક સંગઠનો, સંસ્થાઓ, વિદ્યાર્થીઓ |
| સહાયનું પ્રમાણઃ | |
| અમલીકરણ કચેરીઃ | ગુજરાત ઈકોલૉજી કમિશન, ગાંધીનગર |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | ૧૦૦ ટકા રાજ્ય સરકાર (ગ્રાંટ-ઈન-એઈડ) |
| અપેક્ષિત આઉટકમ : | પર્યાવરણ અને પારિસ્થિકીના પુનઃ સ્થાપન માટે કામગીરી કરવી. દરિયા કિનારાના વિસ્તારમાં મેન્ગ્રુવ વાવેતર. |

| | |
|---|---|
| **યોજનાનું નામઃ** | **ઇપીસી-૦૭,**<br>**૨૭-૨૨૧૫-૦૨-૧૦૬-૦૨**<br>**ગુજરાત પર્યાવરણ પ્રબંધન સંસ્થાન(ગેમી)ની પ્રવૃત્તિઓ** |
| ઘટકો અને પ્રવૃત્તિઓઃ | પર્યાવરણીય સંશોધન અભ્યાસ |
| સંભવિત લાભાર્થીઓઃ | સોસાયટી, ઔદ્યોગિક એકમો, સરકારી સંસ્થાઓ, વિદ્યાર્થીઓ, ખાનગી સંસ્થાઓ વગેરે. |
| સહાયનું પ્રમાણઃ | લાગુ પડતું નથી. |
| અમલીકરણ કચેરીઃ | ગુજરાત પર્યાવરણ પ્રબંધન સંસ્થાન(ગેમી) |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | ૧૦૦% રાજ્ય યોજના |
| અપેક્ષિત આઉટકમ : | શ્રેષ્ઠ પર્યાવરણ વ્યવસ્થાપન. પર્યાવરણીય તત્વો જેવા જમીન, પાણી અને હવાનું શ્રેષ્ઠ મોનીટરીંગ. |

| | |
|---|---|
| **યોજનાનું નામઃ** | **ઇપીસી-૧૭ પાણી પુરવઠો અને સ્વચ્છતા** |
| ઘટકો અને પ્રવૃત્તિઓઃ | ઔદ્યોગિક વસાહતો સ્થાપવી, એવોર્ડ આપવા, જાગૃતિ અંગેના કાર્યક્રમો કરવા |
| સંભવિત લાભાર્થીઓઃ | ઉદ્યોગો, વિદ્યાર્થીઓ, પ્રધ્યાપકો, |
| સહાયનું પ્રમાણઃ | યોજનાકીય માર્ગદર્શિકા પ્રમાણે |
| અમલીકરણ કચેરીઃ | ગુજરાત ક્લીનર પ્રોડક્શન સેન્ટર |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | ૧૦૦% રાજ્ય યોજના |
| અપેક્ષિત આઉટકમ : | ક્લીનર પ્રોડક્શન અને ક્લીન ટેકનોલોજીના ઉપયોગથી ઉદ્યોગો અને સમાજને આર્થિક તથા પર્યાવરણીય લાભ, પાણી અને ઊર્જાના વપરાશમાં ઘટાડો, એફ્લ્યુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટોનાં (ઇ.ટી.પી.) ઑપરેટરોને તાલીમ આપવી, વિદ્યાર્થીઓને ઔદ્યોગિક એકમોમાં ઉદભવતા પ્રદુષણની સમસ્યાના નિકાલની માહિતી આપવી, વિદ્યાર્થીઓને રિસર્ચ માટે પ્રોત્સાહિત કરવા |

# સામાન્ય વહિવટ વિભાગ

સામાન્ય વહીવટ વિભાગમાં  કર્મચારીગણ પ્રભાગ, આયોજન પ્રભાગ, વહીવટી સુધારણા અને બિનનિવાસી ભારતીયોનો પ્રભાગ (NRG) તેમજ ચૂંટણી પ્રભાગનો સમાવેશ થાય છે. માનવ વિકાસ અને સમતોલ વિકાસ (Inclusive Growth) પરનો સતત ઝોક ગુજરાતની વિકાસ વિઝનને મદદરૂપ થાય છે.

આયોજન પ્રભાગનો મુખ્ય હેતુ સંતુલિત અને સમાવેશક (Inclusive) વિકાસ સિધ્ધ કરવાનો છે.  જેના થકી ગરીબ યુવાન મહિલાઓના જીવનની ગુણવત્તા સુધારવાની સાથે માનવ વિકાસ સૂચકઆંકમાં સુધાર લાવવું અને સમાવેશક વિકાસ હાંસલ કરવાનો છે. ખેતીવાડી ઉત્પાદન સેવામાં ટકાઉ ઉચ્ચ આર્થિક વૃધ્ધિ જે પર્યાવરણની દૃષ્ટિએ મજબૂત ગણાય તે સંતુલિત વિકાસનો લક્ષ્ય છે.

વહીવટી સુધારણા અને તાલીમ પ્રભાગ દ્વારા મુખ્યત્વે રાજય સરકારના કર્મયોગીઓને તાલીમ આપી ક્ષમતાવર્ધન કરવું અને સુશાસનના ભાગ સ્વરૂપે નાગરિક કેન્દ્રિત શાસન પ્રકિયા આપવી. લોકોની ભાગીદારી, પારદર્શકતામાં વધારો કરવા ટેકનોલોજીનો ઉપયોગ અને સરકારી કાર્યક્રમોની અસરકારકતા એ વહીવટી સુધારણાની ગુણવત્તાના મુખ્ય પાસા રહેશે.  NRG પ્રભાગ વિશ્વમાં ફેલાયેલા ગુજરાતીઓ સાથે ગુજરાતનો નાતો કાયમી ધોરણે જળવાઇ રહે તે માટેની સવલતો આપવા કટિબધ્ધ છે. બિનનિવાસી ગુજરાતીઓ રાજયના વિકાસ માટે ફાળો આપે તે માટે પ્રભાગ જરૂરી સવલતો આપે છે.  વિશ્વમાં ફેલાયેલા ગુજરાતીઓમાં ગુજરાતી સંસ્કૃતિ અને ગુજરાતી હોવાની ભાવના જળવાઇ રહે તે માટે પ્રોત્સાહક બળ પૂરું પાડે છે.

અસરકારક શાસન અને જાહેર સેવાની યોગ્ય રીતે પૂરી પાડવા માટે જરૂરિયાત મુજબના પ્રતિભા વ્યવસ્થાપન સાથે માનવબળની યોગ્ય ગોઠવણીની કામગીરી કર્મચારીગણ પ્રભાગ દ્વારા કરવામાં આવે છે.

લોકશાહી શાસનમાં ચૂંટણી એ ખૂબ જ મહત્વનું તત્વ છે.  રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, લોકસભા તેમજ વિધાનસભાની ચૂંટણીઓ ન્યાયિક અને શાંતિપૂર્ણ રીતે યોજાય તે માટે મુખ્ય ચૂંટણી અધિકારી કચેરી નિહિત થયેલ છે.

**ઉદ્દેશો**

- રાજયનો સંતુલિત અને વ્યાપક સામાજિક આર્થિક વિકાસ થાય તે મુજબના વિકાસ કાર્યક્રમોનું ઘડતર કરવું.
- સંશોધન અને વિશ્લેષણ દ્વારા રાજયના વિકાસ કાર્યક્રમના અમલીકરણ પર નિયમિત દેખરેખ રાખી રાજયના માનવ વિકાસમાં સુધારો થાય તે બાબત પર ધ્યાન કેન્દ્રિત કરવું.
- સરકારી અંદર અને બહાર એટલે કે, સરકારને અને સહભાગીઓને નિર્ણય લેવામાં મદદરૂપ થાય તે માટે વિશ્વસનીય સામાજિક આર્થિક આંકડા સમયસર પૂરા પાડવા.
- સરકારના અસરકારક વિકાસ કાર્યક્રમોના અમલીકરણ તેમજ જાહેર સેવા વિતરણ માટે યોગ્ય ગુણવત્તા સભર માનવ સંશાધનો તૈયાર કરવા અને ટકાવી રાખવા.
- જાહેર વહીવટમાં સંસ્થાગત સુધારણા કરવી અને તેને આદર્શ સુશાસન તરફ ધપાવવું.
- કર્મચારીઓમાં ખેલદિલીની ભાવના વિકસાવવી.

- વિશ્વમાં ફેલાયેલ ગુજરાતીઓની પ્રતિભા સંશાધનો તેમજ સારી શાખનો લાભ મેળવવો.

**વ્યૂહરચના**

- યોગ્ય નીતિઓ તેમજ પ્રોદ્યોગિકીનો ઉપયોગ કરી માનવ સંશાધન, વ્યવસ્થાપનને સુદૃઢ બનાવવું.
- સરકારી નોકરીઓ માટે ઉત્તમ ગુણવત્તાવાળું માનવબળ મળ્યે તે માટે ન્યાય પૂર્ણ અને પારદર્શક ભરતી પ્રક્રિયા તેમજ કારકિર્દી ઉન્નતિ માટે વ્યવસ્થા આપવી.
- કર્મચારીઓના કલ્યાણ અને રમત-ગમત પ્રવૃત્તિઓનું આયોજન કરવું.
- કર્મચારીગણ અને અસરકારક તાલીમ દ્વારા વહીવટી સુધારણા સુદૃઢ કરવી, સારા પ્રયત્નોનો ફેલાવો કરવો, પારદર્શક અને સેવાના ઝડપી વિતરણને ઉત્તેજન આપવું તથા ફરિયાદ નિવારણ કરવું.
- સરકારમાં ઝડપ, અસરકારકતા અને પારદર્શિતાને પ્રોત્સાહ્ન મળ્યે તે માટે ગુજરાત (જાહેર સેવાઓ અને નાગરિક અધિકાર) અધિનિયમ, ૨૦૧૩ અને માહિતી અધિનિયમ, ૨૦૦૫ નું અસરકારક અમલીકરણ કરવું.
- વિકાસ અને શાસનમાં નવી શોધ (Innovation) માટે સારૂ પ્રદર્શન કરનાર કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને એવોર્ડથી નવાજવા.
- સરકારની નીતિ અને કાર્યક્રમોમાં માનવ વિકાસના અભિગમને સમજવું અને તેનું અમલીકરણ, તાલીમ, મોજણી અને દસ્તાવેજીકરણ (documentation) દ્વારા અમલ કરવો.
- નીતિ ઘડતર અને વિકાસની નિર્ણય પ્રક્રિયામાં ઉપયોગમાં લેવાતા આર્થિક આંકડાઓ સમયસર અને સાચા મળી રહે તે પ્રક્રિયા સુદૃઢ કરવી.
- રાજયના વિકાસ માટેના પગલાઓની દેખરેખ, મૂલ્યાંકન અને થયેલ ફેરફારની જાણકારી મેળવવી.
- વિકાસ લક્ષી નિર્ણયોને મજબૂતી આપવા વિકેન્દ્રિત અભિગમની પહેલ દ્વારા ઇચ્છિત જરૂરિયાતો પૂર્ણ કરવી.
- બિનનિવાસી ભારતીયો (NRI), તેમજ બિનનિવાસી ગુજરાતીઓ (NRG) સાથે સાંસ્કૃતિક, કલાત્મક તેમજ ભાષાકીય જોડાણને ઉત્તેજન આપવું.

**યોજનાઓ**

| **યોજનાનું નામ** | **ડીડીપી-૧**<br>**૩૫-૪૫૧૫-૦૦-૧૦૨-૦૧**<br>**જિલ્લાના સંતુલિત વિકાસ માટે વિકેન્દ્રીત આયોજનઃ-** |
|---|---|
| ઘટકો અને પ્રવૃતિઓ. | (૧) વિવેકાધીન જોગવાઈઃ- આ યોજના હેઠળ ચાર જુદી જુદી જોગવાઈ જેવી કે જિલ્લાકક્ષાની ગ્રાન્ટ, જિલ્લા વહીવટીતંત્રની ગ્રાન્ટ (કલેકટરશ્રી હસ્તક મુકવામાં આવતી ગ્રાન્ટ), તાલુકા સેન્ટ્રીક એપ્રોચ હેઠળ તાલુકાઓને ફાળવવામાં આવતી ગ્રાન્ટ અને નગરપાલિકાઓના વિકાસ કામો માટેની ગ્રાન્ટનો સમાવેશ થાય છે. જિલ્લા આયોજન મંડળો આ કાર્યક્રમ હેઠળની યોજનાઓ જિલ્લા વહીવટીતંત્ર ગ્રાન્ટ(કલેકટરશ્રી હસ્તક મુકવામાં આવતી ગ્રાન્ટ) સિવાય સરકારી ગ્રાન્ટમાંથી ૧૦૦ ટકાના ધોરણે મંજૂર કરી શકે છે. |

| | |
|---|---|
| | (૨) પ્રોત્સાહક જોગવાઈ:- પ્રોત્સાહક જોગવાઈમાં તાલુકાના પછાતપણા પર આધાર રાખીને ૫૦ ટકા, ૨૫ ટકા અથવા ૧૦ ટકા મુજબ સમાન ફાળાનો સમાવેશ થાય છે. |
| | (૩) ભૌગોલિક રીતે ખાસ પછાત વિસ્તારો માટેની જોગવાઈ:- વિવેકાધીન અને પ્રોત્સાહક જોગવાઈ સિવાય રાજયમાં કુલ પંદર (૧૫) જિલ્લાઓમાં જેના સીમા વિસ્તાર આવેલ છે એવા સાત ખાસ પછાત વિસ્તારો જેવા કે પાંચાલ, નળકાંઠા, ભાલ, ખાખરિયા ટપ્પા, ખારાપાટ, ઘેડ, ઉકાઇ અસરગ્રસ્ત વિસ્તારો જેવા ભૌગોલિક રીતે પછાત વિસ્તાર માટે અનન્ય ઘટક છે. ભૌગોલિક રીતે પછાત વિસ્તાર વિકાસ યોજનામાં તે વિસ્તારની જરૂરિયાત મુજબ માર્ગો, ગટર-વ્યવસ્થા, વૃક્ષોનું વાવેતર, કૌશલ નિર્માણ યોજનાઓના કામો અમલમાં મૂકવામાં આવે છે. |
| સંભવિત લાભાર્થીઓ | રાજયના તમામ લોકોને લાભ આપવા માટે |
| સહાયનું પ્રમાણ | યોજનાઓની માર્ગદર્શક યાદી મુજબ |
| અમલીકરણ કચેરી | પંચાયતી રાજ સંસ્થાઓ, શહેરી વિસ્તારની સ્થાનિક સંસ્થાઓ અને અન્ય અમલીકરણ વિભાગો |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજય સરકાર |
| અપેક્ષિત આઉટ કમ | આ યોજના અંતર્ગત કુલ- રૂ.૪૨૮.૫૦ કરોડની જોગવાઈમાંથી ગ્રામ્ય વિસ્તારોમાં રસ્તાઓ, પ્રાથમિક શિક્ષણ માટે શાળાના રૂમ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો/ પેટા કેન્દ્રો માટે મકાન અને કમ્પાઉન્ડ વોલ, હોસ્પિટલમાં એમ્બ્યુલન્સવાન / શબ વાહીનીની ખરીદી, ગ્રામ્ય વીજળીકરણના નવાં કામો, આંગણવાડીના મકાનો અને કમ્પાઉન્ડવોલ અને પાણી પુરવઠા વગેરે પ્રકારના અંદ્દાજીત કુલ ૨૧૫૧૬ કામો વર્ષ ૨૦૧૮-૧૯માં હાથ ધરવાનું આયોજન છે. રાજયના ૩૩ જિલ્લાઓમાં ટકાઉ સામૂહિક અસ્ક્યામતોના નિર્માણમાં અને વસ્તીને ઉંચા જીવનધોરણની પ્રાપ્તિમાં મદદરૂપ થશે. |

| **યોજનાનું નામ** | **ડીડીપી-૨**<br>**૩૫-૪૫૧૫-૦૦-૧૦૨-૦૨**<br>**સ્થાનિક અગત્ય ધરાવતા સામૂહિક વિકાસના કામો (ધારાસભ્ય ફંડ):-** |
|---|---|
| ઘટકો અને પ્રવૃતિઓ. | વિધાનસભાના વિવિધ મતવિસ્તારોમાંથી ચૂંટાયેલા પ્રતિનિધિઓએ સૂચવ્યા પ્રમાણે સ્થાનિક જરૂરિયાતોને પહોંચી વળવા સ્થાનિક અગત્ય ધરાવતા સામૂહિક વિકાસના કામો માટે એક ઘટક ભાગ ૧૯૮૯-૯૦થી શરૂ કરવામાં આવ્યો છે. આ યોજના હેઠળ ગ્રામીણ માર્ગો, પ્રાથમિક શાળાઓ માટે વર્ગ ખંડો, પાયાની આરોગ્ય સંભાળની સવલતોની જોગવાઇ જેવા સ્થાનિક મહત્વના સામૂહિક કામો દરેક વિધાનસભા મતવિસ્તારના ચૂંટાયેલા પ્રતિનિધિઓની ભલામણથી હાથ ધરી શકાશે. નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫થી ધારાસભ્યોને આ ઘટક ભાગ હેઠળ ફાળવવામાં આવતી રૂા.૫૦ લાખની રકમમાં વધારો કરીને તા.૦૫/૦૮/૨૦૧૪ના ઠરાવથી રૂા.૧૦૦ લાખની |

| | |
|---|---|
| | જોગવાઈ કરવામાં આવેલ છે. પ્રત્યેક ધારાસભ્ય તેમના મતવિસ્તારમાં વાર્ષિક રૂ.૧ કરોડની મર્યાદામાં કામો સૂચવી શકે છે, જે સંબંધિત જિલ્લા કલેકટરની મંજૂરી મળ્યા બાદ હાથ ધરવામાં આવે છે.જ્યારે મહાનગરપાલિકા મતવિસ્તારના ધારાસભ્ય તેમના મતવિસ્તારમાં વાર્ષિક રૂ.૧ કરોડની મર્યાદામાં કામો સૂચવી શકે છે, જે સંબંધિત મ્યુનિસિપલ કમિશ્નરશ્રીની મંજૂરી મળ્યા બાદ હાથ ધરવામાં આવે છે. |
| સંભવિત લાભાર્થીઓ | રાજયના તમામ લોકોને લાભ આપવા માટે |
| સહાયનું પ્રમાણ | યોજનાઓની માર્ગદર્શક યાદી મુજબ |
| અમલીકરણ કચેરી | પંચાયતી રાજ સંસ્થાઓ, શહેરી વિસ્તારની સ્થાનિક સંસ્થાઓ અને અન્ય અમલીકરણ વિભાગો |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજય સરકાર |
| અપેક્ષિત આઉટ કમ | આ યોજના હેઠળ રૂ.૧૮૨.00 કરોડની જોગવાઈમાંથી ગ્રામીણ માર્ગો, પ્રાથમિક શાળાઓ માટે વર્ગ ખંડો, પાયાની આરોગ્ય સંભાળની સવલતોની જોગવાઇ જેવા અંદાજીત ૧૧0૧0 સ્થાનિક મહત્વના સામૂહિક કામો વિધાનસભા મતવિસ્તારના ચૂંટાયેલા પ્રતિનિધિઓની ભલામણથી વર્ષ ૨૦૧૮-૧૯માં લેવામાં આવશે, જે રાજ્યના ૩૩ જિલ્લાઓમાં ટકાઉ સામૂહિક અસ્ક્યામતોના નિર્માણમાં અને વસ્તીનું જીવનધોરણ ઉપર લઈ જવામાં મદદરૂપ થશે. |

| **યોજનાનું નામ** | **ડીડીપી-૩**<br>**૩૫-૪૫૧૫-00-૧૦૨-0૩**<br>**વિકાસશીલ તાલુકાઓની જોગવાઈ** |
|---|---|
| ઘટકો અને પ્રવૃતિઓ. | રાજ્ય સરકાર દ્વારા રચવામાં આવેલી એક સમિતિએ વર્ષ ૨૦૦૪-0૫માં ૩0 તાલુકાઓને રાજ્યમાં ઓછામાં ઓછા વિકસિત તાલુકા તરીકે ઓળખાવ્યા હતા.તદનુસાર, આવા તાલુકાના વિકાસ માટે પરિપ્રેક્ષ્ય યોજના તૈયાર કરવામાં આવી . સરકારે આ ૩0 તાલુકાઓમાં ખાસ ભંડોળ પૂરું પાડવાનું પણ નક્કી કર્યું. ત્યારબાદ, કાળજીપૂર્વક વિચારણા કર્યા પછી, રાજ્ય સરકારે માનવ વિકાસના વિવિધ સંકેતોના આધારે ૧૧ વધુ તાલુકાને આ યાદીમાં ઉમેરવાનો નિર્ણય લીધો. નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫મા જિલ્લા / તાલુકાઓના વિભાજનને કારણે, સરકાર દ્વારા ૭ નવા વિકાસ તાલુકા જાહેર કરવામાં આવ્યા. નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬માં, તાપી જિલ્લાના બે તાલુકાઓના વિભાજનને કારણે, વર્ષ ૨૦૧૬-૧૭ માં સરકાર દ્વારા ૧ નવો વિકાસ તાલુકો જાહેર કરવામાં આવ્યો. વર્ષ ૨૦0૧૭-૧૮માં દાહોદ જિલ્લાના લિમખેડા તાલુકાના વિભાજનથી સીંગવડ તાલુકાની રચના કરવામાં આવી અને તેને વિકાસશીલ તાલુકા તરીકે જાહેર કરેલ છે. આમ, રાજયમાં કુલ-૫0 વિકાસશીલ તાલુકાઓના વિકાસ માટે અગામી નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯માં રૂ.૧0000.00 લાખનું આયોજન સુચવવામાં આવેલ છે. |

| | |
|---|---|
| સંભવિત લાભાર્થીઓ | વિકાસશીલ તાલુકાઓના નાગરિકોને લાભ આપવા માટે |
| સહાયનું પ્રમાણ | તાલુકા દીઠ રૂા.૨.૦૦ કરોડ |
| અમલીકરણ કચેરી | પંચાયતી રાજ સંસ્થાઓ, શહેરી વિસ્તારની સ્થાનિક સંસ્થાઓ અને અન્ય અમલીકરણ વિભાગો |
| ફડીંગ પેટર્ન | ૧૦૦% રાજય સરકાર |
| અપેક્ષિત આઉટ કમ | આ યોજના હેઠળ ૧૦૦.૦૦ કરોડની જોગવાઈમાંથી તાલુકાઓમાં આરોગ્ય, પોષણ, શિક્ષણ, વીજળીકરણ, રોજગારમાં સુધારો કરવા અને અન્ય સૂચકાંકો કે જેમાં ચોક્કસ તાલુકો નબળો છે તે માટે ૨૪૫૩ કામો વર્ષ ૨૦૧૮-૧૯માં હાથ ધરવામાં આવશે. જે રાજ્યના ૧૭ જિલ્લાઓના ૫૦ વિકાસશીલ તાલુકાઓમાં ટકાઉ સામૂહિક અસ્ક્યામતોના નિર્માણમાં અને વસ્તીનું જીવનધોરણ ઉપર લઈ જવામાં મદદરૂપ થશે. |

| **યોજનાનું નામ** | **ડીડીપી-૪**<br>**૩૫-૪૫૧૫-૦૦-૧૦૨-૦૪**<br>**રાષ્ટ્રીય પર્વોની ઉજવણી માટેની જોગવાઈ (જેવાકે સ્વાતંત્ર્ય દિન, પ્રજાસત્તાક દિન અને ગુજરાત સ્થાપના દિન)** |
|---|---|
| ઘટકો અને પ્રવૃતિઓ. | રાજય સરકારે જિલ્લાઓ,તાલુકાઓ અને ગામોના માનવ વિકાસ સૂચક આંકના ઉત્કર્ષને મદદરૂપ થવા જ્યાં રાજય કક્ષા, જિલ્લા કક્ષા અને તાલુકા કક્ષાના રાષ્ટ્રીય પર્વો જેવા કે ૧૫મી ઓગસ્ટ(સ્વાતંત્ર્ય દિન),૨૬મી જાન્યુઆરી(પ્રજાસત્તાક દિન) તેમજ ૧લી મે, ગુજરાત રાજય સ્થાપના દિનની ઉજવણી થનાર છે તે માટે એક નવી યોજના તા.૧૫/૦૮/૨૦૦3થી શરૂ કરવામાં આવેલ છે. આ યોજનાની સહાયથી રાજય સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ પસંદગીના ગામમાં તાલુકાકક્ષાની ઉજવણી કરવાનો નિર્ણય લેવામાં આવેલ છે. રાજય સરકાર દ્વારા જિલ્લા હેઠળના સ્થાનિક વિસ્તારો, નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓમાં વિકાસના કામો માટે ગ્રાન્ટ ફાળવણી કરવાનો નિર્ણય લેવામાં આવેલ છે. |
| સંભવિત લાભાર્થીઓ | રાજયના તમામ લોકોને લાભ આપવા માટે |
| સહાયનું પ્રમાણ | જે જિલ્લામાં રાજ્ય કક્ષાની ઉજવણી થઈ રહેલ છે તે જિલ્લામાં આવેલ નગરપાલિકાઓના વિકાસ કામો માટે કલેકટરશ્રીને રૂા.૨.૫૦ કરોડ |
| | જે જિલ્લામાં રાજ્ય કક્ષાની ઉજવણી થઈ રહેલ છે તે જિલ્લામાં પંચાયતના ક્ષેત્રધિકારમાં આવતા ગ્રામ્ય વિસ્તારોના વિકાસ કામો માટે જિલ્લા વિકાસ અધિકારીશ્રીને રૂા.૨.૫૦ કરોડ. |
| | જે જિલ્લામાં રાજ્ય કક્ષાની ઉજવણી થઈ રહેલ છે તે જિલ્લામાં આવેલ મહાનગરપાલિકાઓના વિકાસ કામો માટે મ્યુનિસિપલકમિશ્નરશ્રીને રૂા.૨.૫૦ કરોડ. |
| | રાજ્ય સરકાર દ્વારા જ્યાં અનુક્રમે જિલ્લા કક્ષાની અને તાલુકા કક્ષાની ઉજવણી થઈ રહી છે તે તાલુકાના વિકાસ કામો માટે તાલુકા દીઠ રૂા.૨૫.૦૦ લાખ અને ગામના વિકાસ કામો માટે ગામ દીઠ રૂા.૫.૦૦ લાખ. |

| | |
|---|---|
| અમલીકરણ કચેરી | પંચાયતી રાજ સંસ્થાઓ, શહેરી વિસ્તારની સ્થાનિક સંસ્થાઓ અને અન્ય અમલીકરણ વિભાગો |
| ફડીંગ પેટર્ન | ૧૦૦% રાજય સરકાર |
| અપેક્ષિત આઉટ કમ | રાષ્ટ્રીય પર્વોની ઉજવણી માટેની રૂ.૬૦.00 કરોડની જોગવાઈમાંથી ફાળવવામાં આવતી ગ્રાન્ટ સામે માનવ વિકાસ સૂચકાંક (HDI) ના ક્ષેત્રો ધ્યાનમાં લઈ રસ્તા, પીવાના પાણી, સેનીટેશન, આરોગ્ય, આંગણવાડી અને શાળોઓને લગતાં નોંધનીય વિકાસના ૯૭૨ કામો વર્ષ ૨૦૧૮-૧૯માં હાથ ધરવામાં આવશે. જે રાજ્યના ૩૩ જિલ્લાઓમાં ટકાઉ સામૂહિક અસ્ક્યામતોના નિર્માણમાં અને વસ્તીનું જીવનધોરણ ઉપર લઈ જવામાં મદદરૂપ થશે. |

| | |
|---|---|
| **યોજનાનું નામ** | **ડીડીપી-૫**<br>**૩૫-૪૫૧૫-૦૦-૧૦૨-૦૫,**<br>**૪૫૧૫-૦૦-૧૦૨-૦૩,**<br>**૩૫-૪૫૧૫-૦૦-૭૯૬-૦૩**<br>**આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો (એ.ટી.વી.ટી.)** |
| ઘટકો અને પ્રવૃતિઓ. | લોકોને સશક્ત કરી વિકાસની પ્રક્રિયામાં સાંકળવાના હેતુથી સરકારે એટીવીટી ખ્યાલ -પેટા જિલ્લા નાગરિક કેન્દ્રિય અભિગમ શરૂ કર્યો છે જેમાં ગ્રામ્યસ્તરે શાસન અને વિકાસ માટે સહાયતા કરવામાં આવે છે.ગુજરાતમાં દરેક તાલુકાને વૃદ્ધિ અને સામાજિક વિકાસ માટે સ્થાનિક મંચ પૂરું પાડીને સશક્ત કરવામાં આવશે. તે સરકારના નિયંત્રણના બદલે ગ્રામ મૂળ આયોજન અને લોકોની માંગ પર આધારિત વૃદ્ધિનો એક નવો નમૂનો પૂરો પાડે છે. |
| | આ ઉદ્દેશ સાથે આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો (એ.ટી.વી.ટી.)નામની આ યોજના છેલ્લા પાંચ વર્ષથી અમલમાં છે. આ યોજનાનું અમલીકરણ તાલુકાકક્ષાએથી શરૂ કરવામાં આવે છે. આ યોજના ગ્રામ્ય કક્ષાએ મૂળભૂત સુવિધાઓ જેવી કે ગ્રામ્ય આંતરીક રસ્તા, ગટર વ્યવસ્થા, પીવાના પાણીની સુવિધા તથા ઘન કચરાના નિકાલ વગેરે પૂરી પાડશે. |
| સંભવિત લાભાર્થીઓ | રાજયના તમામ લોકોને લાભ આપવા માટે |
| સહાયનું પ્રમાણ | યોજનાઓની માર્ગદર્શક યાદી મુજબ |
| અમલીકરણ કચેરી | પંચાયતી રાજ સંસ્થાઓ, શહેરી વિસ્તારની સ્થાનિક સંસ્થાઓ અને અન્ય અમલીકરણ વિભાગો |
| ફડીંગ પેટર્ન | ૧૦૦% રાજય સરકાર |
| અપેક્ષિત આઉટ કમ | ૧૯૩૯૮ કામો ગ્રામ્ય કક્ષાએ મૂળભૂત સુવિધાઓ જેવી કે ગ્રામ્ય આંતરીક રસ્તા, ગટર વ્યવસ્થા, પીવાના પાણીની સુવિધા તથા ઘન કચરાના નિકાલ વગેરે પૂરી પાડશે. જે રાજ્યના ૩૩ જિલ્લાઓમાં ટકાઉ સામૂહિક aસ્ક્યામતોના નિર્માણમાં અને વસ્તીનું જીવનધોરણ ઉપર લઈ જવામાં મદદરૂપ થશે. |

| | |
|---|---|
| **યોજનાનું નામ:** | **૩૪૫૪ ૦૨ ૦૦૧ ૦૧**<br>**વસ્તી ગણતરી, મોજણી અને આંકડા** |
| ઘટકો અને પ્રવુતિઓ: | સરકારશ્રી દ્વારા અમલીકરણ કરાતી યોજનઓના મૂલ્યાંકન અભ્યાસ |
| સંભવિત લાભાર્થીઓ: | લાગુ પડતુ નથી |
| સહાયનું પ્રમાણ: | લાગુ પડતુ નથી |
| અમલીકરણ કચેરી: | મૂલ્યાંકન નિયામક્ની કચેરી |
| ફંડીંગ પેટર્ન | રાજ્ય:૧૦૦% કેન્દ્રિય: અન્ય: |
| અપેક્ષિત આઉટકમ: | મૂલ્યાંકન નિયામક્ની કચેરીની મુખ્ય કામગીરી રાજ્ય સરકાર દ્વારા અમલીકરણમાં રહેલ યોજના/કાર્યક્રમો પૈકી સુપ્રત કરાયેલા યોજના/કાર્યક્રમોના મૂલ્યાંકન અભ્યાસ હાથ ધરવાની છે. સરકારશ્રીના જુદા જુદા વિભાગો દ્વારા તેમના હસ્તકના કાર્યક્રમો/યોજનાઓના મૂલ્યાંકન અભ્યાસ હાથ ધરવા માટે સામાન્ય વહીવટ વિભાગ (આયોજન)ને દરખાસ્ત કરવામાં આવે છે. સામાન્ય વહીવટ વિભાગ (આયોજન) દ્વારા ઉક્ત વિગતે મૂલ્યાંકન કરવાની યોજના/કાર્યક્રમો પસંદ કરી નિયામક્શ્રી, મૂલ્યાંકન કચેરીને મૂલ્યાંકન અભ્યાસ હાથ ધરવાની કામગીરી સોંપવામાં આવે છે. વર્ષ ૨૦૧૮-૧૯માં ૪ મૂલ્યાંકન અભ્યાસો પૂર્ણ કરવામાં આવશે. કૃષિ અને સહકાર વિભાગના નિયંત્રણ તળેના ૧૩ ખાતાઓની આયોજીત યોજનાઓમાં થયેલ પ્રગતિની વિનિયમનની કામગીરી કરવામાં આવી રહેલ છે. |

| | |
|---|---|
| **યોજનાનું નામ:** | **૨૨૨૫ ૦૨ ૭૯૬ ૩૪**<br>**અનૂસૂચિત જાતિઓ, અનૂસૂચિત જન જાતિઓ અને પછત વર્ગોનું કલ્યાણ** |
| ઘટકો અને પ્રવુતિઓ: | સરકારશ્રી દ્વારા અમલીકરણ કરાતી યોજનાઓના મૂલ્યાંકન અભ્યાસ |
| સંભવિત લાભાર્થીઓ: | લાગુ પડતુ નથી |
| સહાયનું પ્રમાણ: | લાગુ પડતુ નથી |
| અમલીકરણ કચેરી: | મૂલ્યાંકન નિયામક્ની કચેરી |
| ફંડીંગ પેટર્ન | રાજ્ય:૧૦૦% |
| અપેક્ષિત આઉટકમ: | મૂલ્યાંકન નિયામક્ની કચેરીની મુખ્ય કામગીરી રાજ્ય સરકાર દ્વારા અમલીકરણમાં રહેલ યોજના/કાર્યક્રમો પૈકી સુપ્રત કરાયેલા યોજના/કાર્યક્રમોના મૂલ્યાંકન અભ્યાસ હાથ ધરવાની છે. સરકારશ્રીના જુદા જુદા વિભાગો દ્વારા તેમના હસ્તકના કાર્યક્રમો/યોજનાઓના મૂલ્યાંકન અભ્યાસ હાથ ધરવા માટે સામાન્ય વહીવટ વિભાગ (આયોજન)ને દરખાસ્ત કરવામાં આવે છે. સામાન્ય વહીવટ વિભાગ (આયોજન) દ્વારા ઉક્ત વિગતે મૂલ્યાંકન કરવાની યોજના/કાર્યક્રમો પસંદ કરી નિયામક્શ્રી, મૂલ્યાંકન કચેરીને મૂલ્યાંકન અભ્યાસ હાથ ધરવાની કામગીરી સોંપવામાં આવે છે. વર્ષ ૨૦૧૮-૧૯માં<br>૨ મૂલ્યાંકન અભ્યાસો પૂર્ણ કરવામાં આવશે. |

| | |
|---|---|
| યોજનાનુંનામ : | **ટીડીપી-૧,**<br>**૨૦૫૨ ૦૦ ૦૯૦ ૦૫**<br>**બિન-નિવાસી ભારતીય** |
| ઘટકોઅને પ્રવૃતિઓ : | બિન-નિવાસી ગુજરાતીઓ સાથે પ્રભાગ/પ્રતિષ્ઠાન ઓપનફોરમ, સેમીનાર અને ભાષા પ્રોજેક્ટ, વતન સેવા પ્રોજેક્ટ, ગુજરાત કાર્ડયોજના,સદાકાળ ગુજરાત, ઓડીયો-વીડીયો સી.ડી., પ્રકાશનોનું મુદ્રણ કરવામાં આવે છે.જિલ્લા રાજ્ય કક્ષાનાકાર્યક્રમો ઇત્યાદિનું અમલીકરણ કરે છે. પ્રતિવર્ષ ભારતસરકારના પ્રવાસી ભારતીય કાર્ય મંત્રાલય દ્વારા ઉજવવામાં આવતા પ્રવાસી ભારતીયદિવસની ઉજવણીમાં પણ ભાગ લેવામાં આવે છે. |
| સંભવિતલાભાર્થીઓ : | એનઆરઆઈ/એનઆરજી |
| સહાયનુંપ્રમાણ : | - |
| અમલીકરણકચેરી : | ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન |
| ફંડીંગપેટર્ન ( ટકાવારીમાં ) : | ૧૦૦% રાજ્ય સરકારનો ફાળો |
| અપેક્ષિત આઉટકમ :<br>(૨૦૦ શબ્દોમાં) | સરકારનો હેતુ બિન-નિવાસી ગુજરાતીઓની તેમનીમુશ્કેલીઓમાં સહાયરૂપ થવાનો અને તેમને રાજ્યની વિકાસ ગાથામાં જોડવાનો છે. |

| **યોજનાનું નામ** | **ટીડીપી-૨**<br>**૨૦૭૦ ૦૦ 00૩ ૦૧**<br>**સ્પીપાને પ્રકાશન સહાય** |
|---|---|
| ઘટકો અને પ્રવૃત્તિઓ | સ્પીપામાં આવતા તાલીમાર્થીઓને અસરકારક તાલીમ આપવા માટે જુદી-જુદી સેવાઓ જેવી કે વાઇ-ફાઇ, કોમ્પુટર્સ અને સંબંધીત ઉપકરણો, વીડીયો કોન્ફરન્સીંગ, લાઇબ્રેરી માટે બુક્સ/મેગેઝીન્સ, તાલીમ કેલેન્ડર તથા બ્રોસર તથા તાલીમ મોડ્યુલ્સ વિકસાવવા અને નિભાવવા |
| સંભવિત લાભાર્થીઓ | સ્પીપામાં તાલીમ માટે આવતા તમામ અધિકારીઓ/કર્મચારીઓ |
| સહાયનું પ્રમાણ | લાગુ પડતુ નથી. |
| અમલીકરણ એજન્સી | સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા, અમદાવાદ |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય :- ૧૦૦% |
| અપેક્ષિત આઉટકમ | સ્પીપાને પ્રકાશન સહાય |

| **યોજનાનું નામ** | **ટીડીપી-૨ , ૪૦૫૯ ૦૧ ૦૫૧ ૪૨ ૦**<br>**સ્પીપાને બાંધકામ સહાય** |
|---|---|
| ઘટકો અને પ્રવૃત્તિઓ | સ્પીપા અને તેના અધિકારક્ષેત્રનાં પ્રાદેશિક તાલીમ કેન્દ્રો ખાતે મકાન રીપેરીંગ તથા રીનોવેશનની કામગીરી હાથ ધરવી. |
| સંભવિત લાભાર્થીઓ | સ્પીપામાં તાલીમ માટે આવતા તમામ અધિકારીઓ/કર્મચારીઓ |
| સહાયનું પ્રમાણ | લાગુ પડતુ નથી. |
| અમલીકરણ એજન્સી | સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા, અમદાવાદ |
| ફંડીંગ પેટર્ન | રાજ્ય :- ૧૦૦% |
| અપેક્ષિત આઉટકમ | સ્પીપા માટે મકાન બાંધકામ |

| | |
|---|---|
| **યોજનાનું નામ :** | **૩૧૩૫,**<br>**સચિવાલય કલ્યાણ સમિતિ** |
| ઘટકો અને પ્રવૃત્તિઓ : | આંતર વિભાગીય સ્પર્ધા, અખિલ ભારતીય મુલ્કી સેવા સ્પર્ધા, રમતગમતા પ્રવૃત્તિઓ, ગ્રાંન્ટ ફાળવણી, સચિવાલય જીમખાના, સેક્ટર-૨૧ અને ગાંધીનગર જીમખાના સેક્ટર-૧૯. |
| સંભવિત લાભાર્થીઓ : | સરકારી અધિકારી/ કર્મચારીઓ |
| સહાયનું પ્રમાણ : | - |
| અમલીકરણ કચેરી : | સચિવાલય કલ્યાણ સમિતિ |
| ફંડીંગ પેટર્ન ( ટકાવારીમાં ) : | રાજ્ય સરકાર ૧૦૦% |
| અપેક્ષિત આઉટકમ :<br>(૨૦૦ શબ્દોમાં ) | કર્મચારીઓના કલ્યાણ અને તેઓમાં ખેલદીલીની ભાવના વિકસાવવી. |

| | |
|---|---|
| **યોજનાનું નામ:** | **માનવ સંશાધન અને વ્યવસ્થાપન પધ્ધતિ પ્રોજેક્ટ** |
| ઘટકો અને પ્રવૃતિઓ: | સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા ઇન્ફર્મેશન અને કોમ્યુનિકેશન ટેક્નોલોજી (ICT) સહાયિત માનવ સંશાધન અને વ્યવસ્થાપન પધ્ધતિ (HRMS-Human Resource Management System) અંગેની યોજના હાથ ધરવામાં આવેલ છે.આ યોજના અંતર્ગત કર્મચારીઓની ઉત્પાદકતામાં અને કાર્યક્ષમતામાં વધારો થશે તથા તેઓ દ્વારા અપાતી સેવાઓની ગુણવત્તામાં સુધારો થશે.માનવ સંશાધન ક્ષેત્રે સમસ્યાઓના ઉકેલની દિશામાં પણ આવા રોકાણો થકી ફળદાયી પરિણામો મળશે.પ્રથમ તબક્કે રાજ્ય સરકારના આઇ.એ.એસ., આઇ.એફ.એસ., આઇ.પી.એસ., અધિક કલેક્ટર અને સચિવાલય સંવર્ગના અધિકારીઓ તથા કર્મચારીઓ, અમદાવાદ અને ગાંધીનગર ખાતેની ખાતાના વડાની કચેરીઓના અધિકારીઓ તથા કર્મચારીઓ તથા ક્ષેત્રિય કચેરીઓના વર્ગ-૧ અને ૨ ના અધિકારીઓ,નાણાં વિભાગ હસ્તકના ખાતા/કચેરીના વડાઓના તેમજ અન્ય કચેરીઓના અધિકારી/કર્મચારીશ્રીઓને આવરી લીધેલ છે. આ યોજના અંતર્ગત હાલમાં ૨૫,૦૦૦/- ઉપરાંત અધિકારીઓ/કર્મચારીઓને આવરી લેવાયેલ છે. |
| સંભવિત લાભાર્થીઓ: | સરકારી અધિકારીઓ/કર્મચારીઓ |
| સહાયનું પ્રમાણ: | લાગુ પડતું નથી |
| અમલીકરણ કચેરી: | સામાન્ય વહીવટ વિભાગ |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં): | રાજ્ય: ૧૦૦% |
| અપેક્ષિત આઉટકમ: (૨૦૦ શબ્દોમાં) | આયોજનાનો ઉદ્દેશ ઝડપ, ચોકસાઈ, પારદર્શકતા, ઉત્પાદકતા, કાર્યક્ષમતા અને સેવા /નાણાકીય બાબતોમાં સરકારી અધિકારીઓ / કર્મચારીઓના કામની ગુણવત્તામાં વધારો કરવાનોછે. તેમજ પેપરવર્કમાં મોટા પાયે ઘટાડો થશે. |

| | |
|---|---|
| **યોજનાનું નામ :** | **૨૦૫૨-૦૯૦-૦૯**<br>**કલેકટરો તથા જિલ્લા વિકાસ અધિકારીઓને પારિતોષિકો** |
| ઘટકોઅને પ્રવૃતિઓ : | શ્રેષ્ઠ કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારીઓને પુરસ્કાર આપવા |
| સંભવિતલાભાર્થીઓ : | જિલ્લા કલેકટરો તથા જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ |
| સહાયનુંપ્રમાણ : | વિજેતા અધિકારીશ્રીઓને પ્રોત્સાહનના ભાગરૂપે વ્યક્તિગત રૂ.૫૧,૦૦૦/- (એકાવન હજાર રૂપિયા પુરા) તથા તેમના સંબંધિત જિલ્લાને પ્રોત્સાહન તથાવિકાસના કામો કરવા રૂ.૪૦,૦૦,૦૦૦/-(ચાલીસ લાખ પુરા) આપવામાં આવે છે. |
| અમલીકરણકચેરી : | વસુતાપ્ર-૧,સામાન્ય વહીવટ વિભાગ |
| ફંડીંગપેટર્ન ( ટકાવારીમાં ) : | રાજ્ય : ૧૦૦.૦૦% કેન્દ્રિય: - અન્ય: - |
| અપેક્ષિત આઉટકમ :<br>(૨૦૦ શબ્દોમાં) | વર્ષ ૨૦૧૫-૧૬ના એવોર્ડ માટેની પ્રક્રિયા હાલ ચાલુમાં છે. સંબંધિત વિભાગો પાસેથી તેમના વિભાગને ફાળવેલા ગુણો તથા એવોર્ડ નક્કી કરતી ઉચ્ચ અધિકારીશ્રીઓની સમિતિ સમક્ષ પ્રેઝન્ટેશનની માર્ચ-૨૦૧૮ સુધીમાં પૂર્ણ થવાની સંભાવના છે. |

# આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

**૧. જાહેર આરોગ્ય અને પરિવાર કલ્યાણ**

આરોગ્ય અને પરિવાર ક્લ્યાણ વિભાગ ગુજરાતના દરેક નાગરિકને પ્રાથમિક, દ્રિતિય અને તૃતિય સ્તરની તજજ્ઞ આરોગ્ય સોવાઓ ઉપલબ્ધ થાય તે માટે જરૂરી આરોગ્ય અને સંભાળ સુવિધાઓનું માળખું ઉભુ કરવા માટે કાર્યરત છે. વિભાગની પ્રવૃતિઓમાં ગરીબી રેખા હેઠળના કુટુંબો ,સીમાંત વસ્તિ અને ગ્રામ્ય અને શહેરી સ્લમ વિસ્તારો કેન્દ્ર સ્થાને રહયાં છે. સાથે સાથે તબીબી અને પેરા મેડીકલ માનવ સંશાધન માટે પુરતી શૈક્ષણિક સુવિધાઓ ઉભી કરવા વિભાગ કૃતનિશ્ચિય છે.

આરોગ્ય સેવાઓ 9231 પેટા કેન્દ્રો, 1474 પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને 363 સામૂહિક આરોગ્ય કેન્દ્રોની પદાનુક્રમ દ્વારા આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં આવે છે રાજ્યના શહેરી વિસ્તારોમાં 311 શહેરી આરોગ્ય કેન્દ્રો અને 8 શહેરી સામૂહિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે

રાજ્યમાં કાર્યરત તબીબી સેવાઓ સંસ્થાઓ 22 જિલ્લા હોસ્પિટલ, 37 પેટા જિલ્લા હોસ્પિટલ, માનસિક આરોગ્ય માટે 4 હોસ્પિટલો, 2-નેત્ર રોગ હોસ્પિટલ અને 1- ચેપી રોગ હોસ્પિટલ દ્વારા બીજા સ્તરની તબીબી સેવાઓ આપી રહી છે. રાજ્યમાં 117 હોસ્પિટલો અને ડિસ્પેન્સરીઓ એન.જી.ઓ. દ્વારા સંચાલિત કરવામાં આવે છે.

રાજ્યમાં તૃતીય સ્તરની આરોગ્ય સારવાર માટે મેડિકલ શિક્ષણની રાજ્ય સરકાર સંચાલિત ૬ અને ગુજરાત મેડિકલ એજ્યુકેશન રિસર્ચ સોસાયટી દ્વારા સંચાલિત 8 મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલો કાર્યરત છે,

**ઉદેશો**

- વિભાગ રાજયના લોકોનું જન્મ સમયે આયુષ્ય વધે અને ગુજરાતની જનતાના જીવનની ભૌતિક ગુણવત્તા સુધરે તે માટે સતત પ્રયત્નશીલ છે. કે જેથી તેઓ ભૌતિક, માનસિક અને આધ્યાત્મિક આરોગ્યનું ઉચ્ચતમ ધોરણ પ્રાપ્ત કરી રાજયના વિકાસમાં ફાળો આપી શકે.
- વિભાગનો બીજો હેતુ રાજયમાં માતા મૃત્યુ પ્રમાણ, બાળ મૃત્યુ દર ઘટાડવાનો, જાતિ પ્રમાણ સુધારવાનો, આરોગ્ય સેવાઓની પહોંચ વિસ્તારવાનો અને નબળા વર્ગો મેળવી શકે તેવી આરોગ્ય સેવાઓ વિકસાવવાનો અને ઉપલબ્ધ કરાવવાનો છે. વિભાગનું ધ્યેય આરોગ્ય સંભાળ અને તબીબી સેવાઓ માટે જરૂરી માનવ સંશાધન ઉપલબ્ધ કરાવવાનું પણ છે. વિભાગ દ્વારા ભારતીય તબીબી અને હોમિયોપેથી પધ્ધતિથી કિફાયત આરોગ્ય સેવાઓને પણ પ્રોત્સાહીત કરવામાં આવી રહી છે.
- આરોગ્ય વિભાગનું એકંદર ધ્યેય રાજયના તમામ વયના લોકોના આરોગ્ય અને સારા જીવનની તકેદરીનું છે. વિભાગ અંતરિયાળ, દુર્ગમ, ગ્રામ્ય અને આદિજાતી વિસ્તારો, સીમાંત અને નબળા વર્ગોના લોકો પર ખાસ ધ્યાન આપી રહેલ છે. વિભાગ જાહેર આરોગ્ય અને તબીબી સેવાઓના ગુણવત્તા સુધાર અને તબીબી વ્યવસાયિકોની ઉપલબ્ધિ વધારવા પર પણ ધ્યાન આપી રહેલ છે.

**વ્યુહરચના**

- માતા અને બાળ આરોગ્યમાં લાયક દંપતિઓનું ટ્રેકીંગ, સગર્ભા સ્ત્રીની વહેલી નોંધણી, પૂર્વ પ્રસૂતિ સંભાળ સેવાઓ, જાતિય પ્રમાણ પર દેખરેખ, સંસ્થાકીય પ્રસૂતિ પ્રમાણમાં વધારો, અનુપ્રસૂતિ સંભાળ અને કુટુંબ નિયોજન પધ્ધતીના સ્વીકાર માટે પ્રોત્સાહન જેવા અભિગમ વિભાગ દ્વારા અપનાવાયેલ છે. બાળ આરોગ્ય

સંભાળના અભિગમમાં  રસીકરણમાં વધારો, જન્મ જાત ખોડ માટે બાળક્ના  જન્મ સમયે જ  તપાસ ,શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત  રાજયના ૦-૧૮ વર્ષના તમામ બાળકોની રોગના વહેલા નિદાન અને સારવાર માટે દર વર્ષે તપાસ, અતિ ગંભીર કુપોષિત બાળકોની સમયસર ઓળખ અને  પુન: વ્યવસ્થાપનનો સમાવેશ થાય છે.

- વિભાગે અતિ ગંભીર રોગો માટેની કેશલેશ સારવાર માટેની યોજના, વ્યાજબી કિંમતે જેનરીક દવાઓની ઉપલબ્ધિ, વિના મુલ્યે નિદાન સેવાઓ જેવી યોજનાઓ પણ અમલમાં મૂકી છે. ડીસીઝ સર્વેલેન્સ અને અટકાયત પગલા દ્વારા  સંચારી અને પાણી જન્ય રોગોના નિયંત્રણ, બિન સંચારી રોગોની ઓળખ માટે તપાસ વગેરે પર પણ વિભાગ દ્વારા  ધ્યાન અપાઈ રહેલ છે. આ તમામ અભિગમોનું ધ્યેય રાજ્યમાંથી માંદગીનું પ્રમાણ ઘટાડવાનો, જન્મ સમયે અપેક્ષિત  વય સુધારવાનો અને જીવનની ગુણવત્તા સુધારવાનો છે. નાણાકીય વર્ષ 2018-19 થી, સેવા પુરી પાડનાર આરોગ્યકર્મી  દ્વારા સેવા પુરી પડાય ત્યારે જ ડેટા એન્ટ્રી માટે, અતિજોખમી કેસોની સમયસર ઓળખ અને સારવાર  માટે  ચેપી, બિનચેપી અને માનસિક રોગોની સમયસર ઓળખ,  સારવાર અને દેખરેખ વગેરે માટે સરકાર સમગ્ર રાજ્યમાં ટેકો+[TeCHO+] (ટેક્નોલોજી ફોર કમ્યુનિટી હેલ્થ ઓપરેશન) નું અમલીકરણ આગામી નાણાંકીય વર્ષ થી કરવા જઇ રહી છે.

**૨. તબીબી સેવાઓ**

તબીબી સેવાઓ હેઠળ જીલ્લા હોસ્પિટલો -૨૨, પેટા જીલ્લા હોસ્પિટલો -૩૭ , માનસીક આરોગ્ય ની હોસ્પિટલો -૫, આંખની હોસ્પિટલો-૨, અને ચેપી રોગની હોસ્પિટલો-૧ ધ્વારા દ્રિતીય સ્તરની આરોગ્ય સેવાઓ પુરી પાડવામાં આવે છે.

રાજયમાં સ્વૈચ્છિક સંગઠન / ટ્રસ્ટ દ્વારા સંચાલીત ૧૧૬ ગ્રાન્ટ ઇન એઇડ હોસ્પિટલો અને ડીસ્પેન્સરી કાર્યરત છે.

**૩. તબીબી શિક્ષણ અને સંશોધન**

**ઉદેશો**

- તબીબી શિક્ષણ અને સંશોધનનો મુખ્ય હેતુ રાજયની અંદર પ્રાથમિક તેમજ ઘનિષ્ટ આરોગ્ય સારવાર માટે માનવબળ પુરુ પાડવાનો છે. તે માટે તબીબી વિધાલય, દંત વિધાલય , પેરા મેડીકલ દ્વારા સંશોધનને લગતી કામગીરી કરવાની થાય છે.

**વ્યુહરચના**

- તબીબી શિક્ષણ અને સંશોધન રાજયની અંદર સરકારી,ખાનગી તેમજ કોર્પોરેટ હોસ્પિટલમાં તબીબી (એમ.બી.બી.એસ.) અને સ્પેશ્યલ ડોકટરો પુરા પાડવા મહત્વનો ફાળો આપે છે.
- હાલમાં રાજયમાં ૬ મેડીકલ કોલેજમાં ૧૦૮૦  સ્નાતક અને ૧૦૨૯ અનુસ્નાતક વિધાર્થીઓની ક્ષમતા ધરાવે છે.
- ૮ જીએમઇઆરએસ અને ૧૦ સ્વનિર્ભર તબીબી વિધ્યાલયો છે, જેમાં ૨૭૫૦ સ્નાતક વિધાર્થીઓ, ૭૯૯ અનુસ્નાતક વિધાર્થીઓ અભ્યાસ કરી રહયા છે.
- આ તમામ મેડીકલ કોલેજમાં એમસીઆઇના ધારાધોરણ મુજબ ગુણવતાસભર શિક્ષણ પુરુ પાડવાનું હોય છે તે માટે જરૂરી શૈક્ષણિક સ્ટાફ અને કુશળ અને બિનકુશળ કર્મચારીઓને આઉટસોર્સથી ભરતી કરવામાં આવે છે.

- રાજય સરકારે હાલમાં ૮ જેટલી નવી મેડીકલ કોલેજને જીએમઇઆરએસ અંર્તગત માળખાગત સુવિધા પુરી પાડવાનું આયોજન કરેલ છે.
- હાલમાં સહાયક અનુદાન મેળવતી સંસ્થાઓના કાર્યક્ષેત્રનું વિસ્તરણ કરી અનુદાન આપી સંપૂર્ણ સ્વાયત્ત બનાવવાનું આયોજન કરેલ છે.
- રાજયમાં રોગોના નિદાન માટે તબીબી શિક્ષણ હસ્તકની હોસ્પિટલો ખાતે લેબોરેટરીનું માળખું ઉભું કરવામાં આવેલ છે, આ માળખાને વિકસીત કરી આંતરરાષ્ટ્રીય સ્તરની ગુણવત્તા ધરાવતું માળખું વિકસાવવાનું આયોજન કરેલ છે.
- નવી સિવિલ હોસ્પિટલ,અમદાવાદ ખાતે માસ્ટર પ્લાન અંર્તગત સંપૂર્ણપણે નવીનકરણ કરવામાં આવેલ છે. અને આ મુજબ બાકી રહેલ પાંચ સરકારી તબીબી મહાવિધ્યાલય સંલગ્ન હોસ્પિટલનું નવીનીકરણ કરવાનું કાર્ય હાથ પર છે.
- રાજય સરકાર હાલમાં મેડીકલ કાઉન્સીલ ઓફ ઇન્ડીયાની નવી માર્ગદર્શિકા મુજબ અનુસ્નાતક વિધાર્થીઓની સીટોમાં વધારો કરવાનું આયોજન કરેલ છે.
- રાજય સરકારે નવી આરોગ્ય નીતી-૨૦૧૬ જાહેર કરી છે અને તે મુજબ ખાનગી, અર્ધસરકારી અથવા સ્વાયત્ત સંસ્થાઓને સ્થાપિત કરી અને ગ્રીન ફીલ્ડ અને બ્રાઉન ફીલ્ડ નીતિના આધારે સ્વનિર્ભર મેડીકલ કોલેજ સ્થાપવાનું આયોજન કરેલ છે.
- રાજય સરકારે બિન સંક્રામક રોગો જેવા કે હૃદય રોગો, કેન્સર, કિડનીને લગતી બિમારીઓની સારવાર આપવાનું આયોજન કરેલ છે.

### ૪. ભારતીય તબીબી અને હોમીયોપેથી પધ્ધતિ

ગુજરાતના દરેક નાગરીકને આયુર્વેદ ચિકિત્સા પધ્ધતિની સારવારની સેવાઓ ઉપલબ્ધ થાય તે માટે રાજયના ૫૫૭ સરકારી આયુર્વેદ દવાખાના અને ૨૧૭ સરકારી હોમિયોપેથી દવાખાના દ્વારા વિના મુલ્યે આયુર્વેદ ચિકિત્સાની સેવાઓ પુરી પાડવામાં આવેલ છે. તેમજ ૩૫ સરકારી આયુર્વેદ હોસ્પિટલો કાર્યરત છે. આ હોસ્પિટલો દ્વારા આરોગ્ય સેવાઓ પુરી પાડવા માટે કાર્યરત છે.

**ઉદ્દેશો**

- આયુષ કચેરી હસ્તક આયુષની વિવિધ પધ્ધતિઓ દ્વારા નાગરીકોને સારવાર પુરી પાડવી, લાઇફ સ્ટાઇલ ડિસોર્ડર જેવા કે હાઇ બીપી, ડાયાબીટીસ જેવા રોગોમાં કોમ્પલીકેશન રહિત અસરકારક સારવાર પુરી પાડવાનો હેતુ છે. સાથે નાગરીકો નિરોગી રહે તે માટે રોગ પ્રતિકારક શકિત વધારવી અને નાગરીકો બિમાર ન થાય તે માટે આયુષની આયુર્વેદિક પધ્ધતિ મુજબ જીવન જીવવાની પધ્ધતિનો પ્રચાર-પ્રસાર કરવાનો હેતુ રહેલો છે.

**વ્યુહરચના**

- ડાયાબીટીસના નિયંત્રણ માટે સ્પેશ્યલ મધુમેહ ઓ.પી.ડી ધ્વારા ડાયાબીટીસમાં થતા કોમ્પલીકેશન ન થાય તે જોવાનો અભિગમ છે. ગર્ભ સંસ્કાર દ્વારા શ્રેષ્ઠ સંતિતનું જનન દ્વારા શ્રેષ્ઠ ભારતનું નિર્માણ થાય તે માટે ગર્ભ સંસ્કાર કેન્દ્ર ચલાવવાનો અભિગમ આયુષ કચેરી દ્વારા ચાલુ છે.

### ૫. ખોરાક અને ઔષધ નિયમન તંત્ર

રાજ્યમાં બનતા તથા વેચાતા ઔષધોની ગુણવત્તા ઉપર નિયંત્રણ રાખવાનું તેમ જ શુધ્ધ ખોરાક જાહેર જનતાને મળે તે ખોરાકના નમુનાઓ લઈ તેની તપાસ કરવાનું કાર્ય ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા સંભાળવામાં આવે છે. આરોગ્ય જાળવણીનું કાર્ય રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના એક ભાગરૂપે આ તંત્ર સંભાળે છે.

સને ૧૯૪૦ના ઔષધ અને સૌંદર્ય પ્રસાધન અધિનિયમ અને તે અન્વયેના નિયમો તેમ જ ૧૯૫૪ના ઔષધ અને જાદુઈ ઈલાજો (વાંધાજનક જાહેરાતો)ના ધારા, ૨૦૧૩ ના ભાવ નિયમન આદેશ,ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ-૨૦૦૬ અને સીગારેટ એન્ડ ટોબેકો એક્ટ ૨૦૦૩ના અમલીકરણની જવાબદારી આ તંત્ર દ્વારા સંભાળવામાં આવે છે.

**ઉદ્દેશો**

- ઔષધોની ગુણવત્તા ઉપર નિયંત્રણ રાખવાનું તેમ જ શુધ્ધ ખોરાક જાહેર જનતાને મળે તે માટે ખોરાકના નમુનાઓ લઈ તેની તપાસ કરવાનું કાર્ય ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા સંભાળવામાં આવે છે.

**વ્યુહરચના**

- તંત્રએ એન.એ.બી.એલ. એક્રેડીટેશન પ્રયોગશાળાઓ દ્વારા ખોરાક અને ઔષધના નમુનાઓની ચકાસણી થાય તેવી વ્યવસ્થા કરેલ છે. જેથી જાહેર જનતાને શુધ્ધ ખોરાક અને ઉચ્ચ ગુણવત્તા વાળી દવાઓ મળી રહે.

**૬. કામદાર રાજ્ય વીમા યોજના**

સંસદીય ઇ.એસ.આઇ. એક્ટ-૧૯૪૮ અંતર્ગત નોંધાયેલા અને લાભની પાત્રતા ધરાવતા વીમા લાભાર્થીઓને તબીબી સારવાર-લાભ કામદાર રાજ્ય વીમા યોજના, ગુજરાત દ્વારા પુરા પાડવામાં આવે છે.

વીમા લાભાર્થીઓ રાજ્ય ખાતે કાર્યરત યોજનાના ૧૦૩ દવાખાનાઓ અને ૭ હોસ્પિટલો તેમજ કા.રા.વી. નિગમની ૪ હોસ્પિટલો થકી તબીબી સારવાર મેળવી શકે છે.

**ઉદ્દેશો**

- ગુજરાત રાજ્યના યોજના હેઠળ અમલીકૃત વિસ્તારોમાં નોંધાયેલા વીમા કામદારો અને તેઓના કુટુંબીજનોને કામદાર રાજ્ય વીમા નિગમ, નવી દિલ્હી દ્વારા નિયત થયેલ નિયમો અને માપદંડ અનુસારની સંપૂર્ણ તબીબી સારવાર પુરી પાડવી.

**વ્યુહરચના**

- ઉપરોક્ત હેતુ પરિપૂર્ણ કરવા માટે, પ્રાથમિક તબીબી સારવાર યોજનાની પૂર્ણ કાલીન, અંશઃ કાલીન, મોબાઇલ અને ટાઇ-અપ દવાખાના થકી પુરી પાડવામાં આવી રહી છે. જરૂર જણાય તેવા કિસ્સામાં વધુ જગ્યાઓ મંજુર કરવા સરકારશ્રીને દરખાસ્ત સાદર કરવામાં આવેલ છે.
- દ્વિતિય કક્ષાની તબીબી સારવાર યોજનાની ૭ હોસ્પિટલો અને નિગમની ૪ હોસ્પિટલો થકી પુરી પાડવામાં આવી રહી છે. જે કેન્દ્રો ખાતે યોજનાની હોસ્પિટલો કાર્યરત નથી ત્યાં ટાઇ-અપ વ્યવસ્થા ઉભી કરાયેલ છે. વધુમાં દાંતના રોગોની સારવાર યોજનાની હોસ્પિટલમાં મળી રહે તે માટે દાંતના રોગોના નવા વિભાગ શરૂ કરવાની બાબત વિચારાયેલ છે.
- તૃતીય કક્ષાની તબીબી સારવાર માટે કા.રા.વી.નિગમ દ્વારા ખાનગી/ ટ્રસ્ટ હોસ્પિટલો ખાતે ટાઇ-અપ કરાયેલ છે અને લાભાર્થીઓ ટાઇ-અપ સંસ્થાઓ ખાતેથી સદર સારવાર 'કેશ લેસ' ધોરણે મેળવી શકે છે.

અનિવાર્ય કિસ્સામાં નાણાંના અભાવે સારવાર વિલંબિત ન થાય તે માટે આગોતરા નાણાં ચૂકવવાની બાબત પણ કાર્યરત કરાયેલ છે અને ચાલૂ બાબત તરીકે રજુ કરાયેલ છે.

**યોજનાઓ**

| | |
|---|---|
| યોજનાનું નામ | HLT-15 (CSS)<br>૩૯-૨૨૧૦-૦૬-૧૦૧-૨૩<br>રાષ્ટ્રીય એઇડ્સ નિયંત્રણ કાર્યક્રમ- (CSS) |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | શંકાસ્પદ ટીબી દર્દીઓ અને એએનસી માતાઓનું એચઆઇવી માટે પરીક્ષણ કરવુ અને પ્રારંભમાં હકારાત્મક નિદાન બાદ સારવાર મેળવશે અને એચ.આઇ.વીના પ્રસારને ઘટાડવુ અને એચ.આઇ.વી પૉઝીટીવ દર્દીના જીવનને લંબાવવુ. એચ.આઇ.વી દર્દીઓને સારવાર માટે સાદા એઆરટી (એન્ટી રેટ્રોવાયરલ ટ્રીટમેન્ટ) દવાઓની ખરીદી અને વિતરણ. |
| સંભવિત લાભાર્થીઓ | રાજ્યના તમામ લોકો |
| સહાયનું પ્રમાણ | ૧૦૦% કેન્દ્ર પુરસ્કૃત યોજના |
| અમલીકરણ કચેરી | ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટી |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં ) | ૧૦૦% કેન્દ્ર પુરસ્કૃત યોજના |
| અપેક્ષિત આઉટકમ | શંકાસ્પદ ટી.બી.ના દર્દીઓને તેમજ સગર્ભા માતાના એચ.આઈ.વી.પરિક્ષણ કરી એચ.આઈ.વી. ના પ્રસારણ ને ઘટાડી અને એ.આર.વી. પુરી પાડીને દર્દીને લાંબુ સ્વસ્થ જીવન જીવવા માં મદદરૂપ થઈ શકાય. |

| | |
|---|---|
| યોજનાનું નામ | HLT-17<br>૩૯-૨૨૧૦-૦૬-૧૦૧-૨૪,<br>૯૫-૨૨૧૦-૦૬-૧૧૨-૦૩,<br>૯૬-૨૨૧૦-૦૬-૭૯૬-૧૨<br>રાષ્ટ્રીય આરોગ્ય મિશન |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | • પાર્ટ-૦૧ આર.એમ.એન.સી.એચ.+એ. અને એન.આર.એચ.એમ. ફ્લેક્સીપુલ<br>• પાર્ટ-૦૨ એન.યુ.એચ.એમ. ફ્લેક્સીપુલ<br>• પાર્ટ-૦૩ ફેલ્ક્સીપુલ ફોર કોમ્યુનીકેબલ ડીસીઝ<br>• પાર્ટ-૦૪ ફેલ્ક્સીપુલ ફોર નોન કોમ્યુનીકેબલ ડીસીઝ<br>• પાર્ટ-૦૫ ઇન્ફ્રાસ્ટ્રક્ચર મેન્ટેનન્સ |
| સંભવિત લાભાર્થીઓ | તમામ નાગરિકો |
| સહાયનું પ્રમાણ | - |
| અમલીકરણ કચેરી | કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં ) | ભારત સરકારનો ફાળો ૬૦% રાજ્ય સરકારનો ફાળો ૪૦% |
| અપેક્ષિત આઉટકમ | લોકોને સમાન રીતે સસ્તી અને ગુણવત્તા સભર આરોગ્ય સંભાળ સેવાઓપુરી પાડવી, અસરકારક આંતર-ક્ષેત્રીય કેન્દ્રગામી પગલા દ્વારા લોકોની આરોગ્ય લક્ષી જરૂરીયાતો પુરી પાડવી. |

| | |
|---|---|
| યોજનાનું નામ | HLT-28<br>૩૯-૨૨૧૦-૦૬-૧૦૧-૨૪,<br>૯૫-૨૨૧૦-૦૬-૧૧૨-૦૩,<br>૯૬-૨૨૧૦-૦૬-૭૯૬-૧૨<br>રાષ્ટ્રીય આરોગ્ય મિશન |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | નેશનલ હેલ્થ મિશનમાં નીચે મુજબ પ્રોગ્રામ છે.<br>• પાર્ટ-૦૧ આર.એમ.એન.સી.એચ.+એ. અને એન.આર.એચ.એમ. ફ્લેક્સીપુલ<br>• પાર્ટ-૦૨ એન.યુ.એચ.એમ. ફ્લેક્સીપુલ<br>• પાર્ટ-૦૩ ફ્લેક્સીપુલ ફોર કોમ્યુનીકેબલ ડીસીઝ<br>• પાર્ટ-૦૪ ફ્લેક્સીપુલ ફોર નોન કોમ્યુનીકેબલ ડીસીઝ<br>• પાર્ટ-૦૫ ઇન્ફ્રાસ્ટ્રક્ચર મેન્ટેનન્સ |
| સંભવિત લાભાર્થીઓ | તમામ નાગરિકો |
| સહાયનું પ્રમાણ | કેન્દ્રીય પુરસ્કૃત યોજના (૬૦:૪૦) |
| અમલીકરણ કચેરી | કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં ) | ભારત સરકારનો ફાળો ૬૦%<br>રાજ્ય સરકારનો ફાળો ૪૦% |
| અપેક્ષિત આઉટકમ | લોકોને સમાન રીતે સસ્તી અને ગુણવત્તા સભર આરોગ્ય સંભાળ સેવાઓપુરી પાડવી, અસરકારક આંતર-ક્ષેત્રીય કેન્દ્ર ગામી પગલા દ્વારા લોકોની આરોગ્ય લક્ષી જરૂરીયાતો પુરી પાડવી. |

| | |
|---|---|
| યોજનાનું નામ | એચએલટી-૪૦<br>૪૦-૨૨૧૧-૦૦-૧૦૩-૦૪<br>આરોગ્ય વીમા યોજના બી.પી.એલ. કુટુંબો માટે રાષ્ટ્રીય સ્વાસ્થય વીમા યોજના |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | ગરીબ દર્દીઓને વીમા કવચ પુરુ પાડવું. |
| સંભવિત લાભાર્થીઓ | ગરીબી રેખા (બીપીએલ) પરિવારો (શહેરી અને ગ્રામ્ય), રેલવે પોર્ટર્સ, એમ.જી.નરેગા (એપીએલ) કામદારો, બીડી કામદારો, બિલ્ડિંગ અને અન્ય બાંધકામ કામદારો અને અપંગ વ્યક્તિઓ (40% થી વધુ અપંગતા ધરાવતા) અને વાર્ષિક આવક નીચે રૂ. 1.2. વાર્ષિક લાખ |
| સહાયનું પ્રમાણ | - |
| અમલીકરણ કચેરી | અધિક નિયામકશ્રી પરિવાર કલ્યાણ |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં ) | રાજ્યઃ ૪૦% કેંદ્ર : ૬૦% |
| અપેક્ષિત આઉટકમ | સારવાર માટે હોસ્પિટલમાં જવું ગુણવત્તા સભર સારવાર આપવી<br>આઉટ ઓફ પોકેટ ખર્ચને ઘટાડવું તમામને સમાન સારવાર આપવી |

| | |
|---|---|
| યોજનાનું નામ | એચ.એલ.ટી-૧૧૩<br>૩૯-૨૨૧૦-૦૨-૧૦૧-૦૮<br>નેશનલ આયુષ મિશન |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | આયુષ પ્રવુત્તિયોનો પ્રચાર પ્રસાર |
| સંભવિત લાભાર્થીઓ | ગુજરાતના નાગરિકો |
| | ૩. મીની પાઈપ પાણી પુરવઠા યોજના. આજદિન સુધી ૧૫૦૦૨ મીની પાઈપ યોજના પૂર્ણ કરેલ છે.<br>૪. સામુદાયીક સહયોગથી ગામની આંતરિક વિતરણ યોજના અને ગ્રામ્ય વિસ્તારો માં ઘરે નળ જોડાણ .અત્યાર સુધી ૫૫.૨૫ લાખ ઘરોને નળ જોડાણ આપવામાં આવેલ છે.<br>૫.જુથ પાણી પુરવઠા યોજનામાં સ્પેશિયલ રિપેર્સ તથા મીસીંગલીંકના કામો<br>૬. હેન્ડપંપ યોજના : નવા હેન્ડપંપ બનાવવા તેમજ જુના હેન્ડપંપ રીપેર કરવા. વર્ષે સરેરાસ ૧.૯૦ લાખ હેન્ડપંપ રીપેર કરવામાં આવે છે.<br>૭. ભુતળના જળને રીચાર્જ અને વરસાદી પાણીને સંગ્રહ કરવા માટે સ્ટોરેજ ટાંકા બનાવવાના વિગેરે કામો કરવામાં આવે છે.<br>૮. અનુસુચિત જાતિ વસાહતો/ગામો માટે તેમની જરૂરીયાત મુજબ પાણીની વિશેષ વ્યવસ્થા આ યોજના હેઠળ કરવામાં આવે છે.<br>૯. જુથ પાણી પુરવઠા યોજનાઓ માટે વીજ ખર્ચ તથા પાણી ચાર્જિસ<br>૧૦) પાણી ગુણવતા પાણી ચકાસણી લેબ નું બાંધાકામ તથા લેબ સાધનો<br>૧૧) આ.ઈ.સી પ્રવૃતીઓ |
| સંભવિત લાભાર્થીઓ | ગામો તથા શહેરો |
| સહાયનું પ્રમાણ | શુન્ય |
| અમલીકરણ કચેરી(વડાનું નામ) | ૧( સભ્ય સચિવ-GWSSB<br>૨મુખ્ય કારોબારી અધિકારી ( -વાસ્મો |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | ૧૦૦% રાજ્ય તથા કેન્દ્ર :રાજ્ય હિસ્સો ૫૦:૫૦ |
| અપેક્ષિત આઉટકમ | આ યોજનાઓનાં અમલીકરણ થી ગ્રામ્ય વિસ્તારો માં પાણી પુરવઠો વધુ ભરોસા પાત્ર બનશે. વધુમાં ઘરે ઘરે નળ જોડાણ થી પાણી ઘર આંગણે ઉપલબ્ધ થશે. |

| **યોજનાનું નામ** | **યોજનાનો સાંકેતાક** | **યોજનાનું સદર:** | **યોજનાનું નામ:** |
|---|---|---|---|
| | **WSS -9** | **96 4215 01 796 08 00** | **આદિવાસી વિસ્તારો માં લોક ફાળા તરીકેની સહાય** |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | વાસ્મો દ્વારા રાજ્યમાં પાણી સમિતિ થકી ગ્રામ્ય સ્તરે આંતરિક પાણી પુરવઠા યોજનાઓ નું અમલીકરણ કરવામાં આવે છે. વિતરણ વ્યવસ્થામાં સામુદાયિક વ્યવસ્થાપન ધરાવતી વસાહતોને લોકફાળો ભરવામાંથી મુક્તિ પાણી પુરવઠા યોજનાની ૧૦% કિંમત લોકો પાસેથી લોકફાળા તરીકે ઉઘરાવવામાં આવે છે.પરંતુ ટ્રાઈબલ વિસ્તારમાં આ કાર્યક્રમને લોકોની આર્થિક પરિસ્થિતિ સારી ના હોવાને લીધે પ્રતિભાવ મળતો ના હતો.આથી આ યોજનાં અંતર્ગત ટ્રાઈબલ વિસ્તારમાં આવતા લોકોનો ૧૦% લોકફાળો મુક્ત કરવામાં આવ્યો. | | |
| સંભવિત લાભાર્થીઓ | અનુ. જનજાતિ વસતિ ધરાવતા ગામો | | |

| | |
|---|---|
| સહાયનું પ્રમાણ | શુન્ય |
| અમલીકરણ કચેરી(વડાનું નામ) | મુખ્ય કારોબારી અધિકારી-વાસ્મો |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | રાજય : ૧૦૦ |
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | ૧૦% લોકફાળો મુક્ત થવાના કારણે ટ્રાયબલ વિસ્તારની વધુ પાણી સમિતિ આંતરિક પાણી પુરવઠાની યોજના લેવા માટે પ્રેરાશે. |

| **યોજનાનું નામ** | **યોજનાનો સાંકેતાક** | **યોજનાનું સદર:** | **યોજનાનું નામ:** |
|---|---|---|---|
| | **WSS -10** | **67 2215 01 800 10** | **મુખ્યમંત્રી મહીલા પાણી સમિતિ પ્રોત્સાહન યોજના** |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | ગ્રામ્ય પાણી સમિતિઓમાં માહિલા ભાગીદારીને પ્રોત્સાહન આપવા વાસ્મો દ્વારા વર્ષ ૨૦૦૨-03 થી નીચે જણાવ્યા મુજબના કામો કરવામાં આવે છે. (૧) ૫૦ ટકાથી વધુ પ્રતિનિધિત્વ ધરાવતી નવી અને જુની પાણી સમિતિઓને પ્રોત્સાહિત કરવા. ૨)મહિલા પાણી સમિતિઓને નિરાચ્છાદન મુલાકાત ઉપર લઈ જવાનું (૩) જિલ્લા સ્તરે મહિલા પાણી સમિતિઓ માટે વર્કશોપ ગોઠવવી (૪) રાજ્ય કક્ષાએ મહિલા પાણી સમિતિઓનું સમ્માન કરવું વિગેરે | | |
| સંભવિત લાભાર્થીઓ | ગ્રામ્ય સ્તરેની પાણી સમિતિ | | |
| સહાયનું પ્રમાણ | શુન્ય | | |
| અમલીકરણ કચેરી(વડાનું નામ) | મુખ્ય કારોબારી અધિકારી -વાસ્મો | | |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | રાજય : ૧૦૦ | | |
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | રાજ્ય કક્ષાએ પાણી સમિતિઓ આંતરિક ગ્રામ્ય વિસ્તારની પાણી પુરવઠાની યોજનાના અમલીકરણ ,સંચાલન વગેરે પ્રવૃત્તિ માટે વધુમાં વધુ મહિલા સભ્યો રાખવા પ્રેરાશે | | |

| **યોજનાનું નામ** | **યોજનાનો સાંકેતાક** | **યોજનાનું સદર:** | **યોજનાનું નામ:** |
|---|---|---|---|
| | **WSS - 47** | **67 2215 01 800 08** | **સપોર્ટ ટૂ જી.ડબ્લ્યુ.એસ.એસ.બી (ગુજરાત વોટર સપ્લાય એન્ડ સેવેજ બોર્ડ)** |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | આ યોજના અંતર્ગત ઇન્ફોર્મેશન, એજ્યુકેશન એન્ડ કોમ્યુનીકેશન (આઈ .ઈ.સી) પ્રવૃતિઓ જરૂરિયાત પ્રમાણે કરવામાં આવે છે. પાણીનો વ્યાજબી ઉપયોગ, જળ સરંક્ષણ , વરસાદી પાણીનો સંગ્રહ , જમીનનું પાણી, પાણીનો ફરીથી ઉપયોગ વગેરે પ્રવૃત્તિ પર ધ્યાન આપવામાં આવે છે | | |
| સંભવિત લાભાર્થીઓ | પંચાયતના સભ્યો અને પાણી પુરવઠા પ્રભાગના કર્મચારીઓ | | |
| સહાયનું પ્રમાણ | શુન્ય | | |
| અમલીકરણ કચેરી(વડાનું નામ) | મુખ્ય કારોબારી અધિકારી -વાસ્મો | | |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | રાજય : ૧૦૦ | | |

| | |
|---|---|
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | ગ્રામજનો પાણીના બચાવ તેમજ મહત્તમ રીતે પાણીનો યોગ્ય ઉપયોગ વગેરે પ્રવૃત્તિ કરવા પ્રેરાશે |

| **યોજનાનું નામ** | **યોજનાનો સાંકેતાક** | **યોજનાનું સદર:** | **યોજનાનું નામ:** |
|---|---|---|---|
| | **WSS - 48** | **67 4215 01 102 14** | **સરદાર સરોવર નહેર આધારિત પાણી પુરવઠા યોજનાઓ નું અમલીકરણ** |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | રાજ્ય સરકારે સરદાર સરોવર નહેર આધારિત પાણી પુરવઠા યોજનાઓ નું અમલીકરણ કરેલ છે. જેમાં ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ તેમજ જી.ડબ્લુ.આઇ.એલ. અમલીકરણ સંસ્થાઓ છે. મંજૂર થયેલ માસ્ટર પ્લાન મુજબ ૧.૦૬ મિલિઅન એકર ફીટ એટલે કે ૩૫૭૧ મિલિયન લિટર પાણી દૈનિક અનામત થયેલ છે. જે પૈકી ૨૯૦૦ મિલિયન લિટર પીવાના હેતુ માટે અને ૬૭૧ મિલિયન લિટર પાણી ઔધોગિક હેતુ માટે છે. જીડબલ્યુઆઈએલ દ્વારા બ્લક પાઇપ લાઇનો બિછાવવામાં આવેલ છે. જેના થકી નકી થયેલ વિસ્તારો માં નર્મદા નેટવર્ક થી મોટા જથ્થા માં પાણી પુરુ પાડવામાં આવે છે. આ યોજના હેઠળ નવી પાઈપલાઈન નાંખવાના, મરામત અને નિભાવણી, વિજ અને રો વોટર ચાર્જેસ વિગેરેનું ચુકવણું થાય છે. | | |
| સંભવિત લાભાર્થીઓ | યોજના હેઠળ નક્કી થયેલ ગામો | | |
| સહાયનું પ્રમાણ | શુન્ય | | |
| અમલીકરણ કચેરી(વડાનું નામ) | મેનેજીંગ ડારેકટર-GWIL | | |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૧૦૦ | | |
| અપેક્ષિત આઉટકમ | પેયજળ યોજના ભરોસા પાત્ર થશે અને બધી જ સીઝન માં નિયમિત પાણી પુરવઠો સુનિશ્ચિત થશે. | | |

| **યોજનાનું નામ:** | **૨૭૦૦ ૮૦ ૦૦૫ ૧૧**<br>**કલ્પસર યોજના** |
|---|---|
| ઘટકો અને પ્રવૃતિઓ: | કલ્પસર યોજનાના પૂર્ણ શકયતાદર્શી અહેવાલ તૈયાર કરવાની કામગીરી |
| સંભવિત લાભાર્થીઓ: | સૌરાષ્ટ્રાના દરીયા કિનારાના પ્રજાજનો તેમજ આજુબાજુના ઔદ્યોગિક એકમોને ઉદ્યોગ માટે પાણી આપી શકાશે |
| સહાયનું પ્રમાણ: | લાગુ પડતું નથી |
| અમલીકરણ કચેરી: | ગુજરાત સરકાર |
| ફંડીંગ પેટર્ન: (ટકાવારીમાં) | ઈપીસીના ધોરણે સૂચિત બાંધકામ |
| અપેક્ષિત આઉટકમ<br>(૨૦૦ શબ્દોમાં) | :સમુદ્રમાં માનવ સર્જીત થનાર મીઠા પાણીનું વિશ્વમાં સૌથી વિશાળ સરોવર<br>: સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાત વિસ્તાર માટે સિંચાઈ અને પીવાના પાણીને સૌથી વધુ અગત્યતા અને પ્રાથમિકતા<br>: સૌરાષ્ટ્રના ૮ જિલ્લાના ૩૯ તાલુકાઓની ૧૦.૫૪ લાખ હેકટર જમીનને |

| | |
|---|---|
| | સિંચાઈની સુવિધાઓ ઉપરાંત સ્થાનિક નદીઓ જીવંત થશે અને ૬૦ થી વધુ હયાત બંધોને કાયમી ધોરણે પાણીથી ભરી શકાશે.<br>: સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતના કાંઠા વિસ્તારમાં ભૂગર્ભના હાલના ખારા પાણી મીઠા થશે અને જમીનમાં ક્ષાર તત્વોનું  પ્રમાણ ઘટશે.<br>: ભાવનગરથી દક્ષિણ ગુજરાત વચ્ચેના અંતરમાં ૧૩૬ કિલોમીટર જેટલો ઘટાડો થવાથી સમય અને ઈંધણમાં ઘણી બચત થશે.<br>: જળાશયની ફરતે આશરે ૧.૫ થી ૨ લાખ હેકટર જમીનનું નવસાધ્યકરણ થશે. |

| **યોજનાનું નામ:** | **૪૭૦૨ ૦૦ ૧૦૧ ૦૩**<br>**ભરુચ જિલ્લાના ભાડભૂત ગામ પાસે નર્મદા નદી ઉપર ભાડભૂત બેરેજનું બાંધકામ** |
|---|---|
| ઘટકો અને પ્રવૃતિઓ: | ભરુચ જિલ્લાના ભાડભૂત ગામ પાસે નર્મદા નદી ઉપર ભાડભૂત બેરેજનું બાંધકામ |
| સંભવિત લાભાર્થીઓ: | ભરુચ શહેર ની આજુબાજુના વિસ્તાર માટે પેયજળ તેમજ  પેટ્રોલિયમ, કેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સ ઇન્વેસ્ટમેન્ટ રિજન (PCPIR) સહિતના ઔદ્યોગિક એકમો માટે પાણી પુરુ પાડી શકાશે |
| સહાયનું પ્રમાણ: | લાગુ પડતું નથી |
| અમલીકરણ કચેરી: | ગુજરાત સરકાર |
| ફંડીંગ પેટર્ન: | ઈપીસી ના ધોરણે |
| અપેક્ષિત આઉટકમ | ભરુચ જિલ્લાના ભાડભૂત ગામ પાસે નર્મદા નદી ઉપર બેરેજના બાંધકામનું આયોજન છે. બેરેજના બાંધકામથી: (અ) નર્મદા નદીમાં દરીયાનું ભરતીનું પાણી પ્રવેશતું રોકાશે; (બ) ભૂગર્ભ જળની ગુણવત્તામાં સુધારો થશે. (ક) નદીના બંને કિનારા પરની ખેતીનું ધોવાણ અટકશે (ડ) પેયજળ અને ઔદ્યોગિક એકમોને પાણી પૂરૂ પાડી શકાશે (ઈ) આજુબાજુના ૨૨ જેટલા ગામોની જમીન નવસાધ્ય થશે. (ફ) દરીયામાં વહી જતા નર્મદા ના વધારાના પાણીને નર્મદા ડાયવર્ઝન કેનાલ મારફતે સૂચિત કલ્પસર સરોવરમાં વાળવામાં આવશે. |

| **યોજનાનું નામ** | **સૌની યોજના (સૌરાષ્ટ્ર-નર્મદા અવતરણ યોજના) સિંચાઇ માટે ૧૦ લાખ ઘન મીટર પાણીની વ્યવસ્થા અને સૌરાષ્ટ્ર વિસ્તારમાં ભૂગર્ભ જળ રીચાર્જ** |
|---|---|
| ઘટકો અને પ્રવુત્તિઓ | લિંક-૧: મચ્છુ-૨ થી સાની સિંચાઈ યોજના<br>લિંક-૨: કાલુભાર થી રૈડી સિંચાઈ યોજના<br>લિંક-૩: ધોળીધજા થી વેણુ-૧ સિંચાઈ યોજના<br>લિંક-૪: લીંબડી ભોગાવો-૨ થી હિરણ-૨ સિંચાઈ યોજના |
| સંભવિત લાભાર્થિઓ | ગાંવ, કસ્બો અને મ્યુનિસપલ કાર્પોરેશન ના વિસ્તાર માં રહેતા ખેડુતો અને સામાન્ય પ્રજા |
| સહાયનું પ્રમાણ | - |

| | |
|---|---|
| અમલીકરણ કચેરી | રાજ્ય સરકાર |
| ફંડીગ પેટર્ન (ટકાવરી) | રાજ્ય સરકાર તેમજ નાબાર્ડ લોન |
| અપેક્ષિત આઉટકમ | વર્ષ ૨૦૧૮-૧૯ માં ૩૦૩૬ હેક્ટર,૨૦૧૯-૨૦ માં૪૦૪૮૫ હેક્ટર,અને ૨૦૨૦-૨૧ માં ૧૦૯૪૫૫ હેક્ટર ક્ષેત્ર માં નિશ્ચિત સિંચાઈ થશે. |

| **યોજનાનું નામ** | **નર્મદા મુખ્ય નહેરથી જુદા જુદા જળાશયો/તળાવો સુધીની ઉદવહન સિંચાઈ યોજનાઓ** |
|---|---|
| ઘટકો અને પ્રવુત્તિઓ | ધરોઇની જુદી જુદી લાઇનો, ખેરવા વિસનગર,કરણનગર ધાંધુસર- રેડ લક્ષ્મીપુરા,પાટણ ડીંડરોલ) ,દાંતીવાડા, સીપુ અને પિયજ ધરોઈ પાઈપલાઈન |
| સંભવિત લાભાર્થિઓ | ખેડુતો |
| સહાયનું પ્રમાણ | - |
| અમલીકરણ કચેરી | રાજ્ય સરકાર |
| ફંડીગ પેટર્ન (ટકાવરી) | ૧૦૦% રાજ્ય સરકાર |
| અપેક્ષિત આઉટકમ | વર્ષ ૨૦૧૮-૧૯ માં ૧૦૩૫૦ હેક્ટર,૨૦૧૯-૨૦ માં ૧૮૨૨૫ હેક્ટર,અને ૨૦૨૦-૨૧ માં ૧૭૭૫૦ હેક્ટર ક્ષેત્ર માં નિશ્ચિત સિંચાઈ થશે. |

| **યોજનાનું નામ** | **વિસ્તરણ, નવીનીકરણ અને આધુનીકરણ (ઈઆરએમ)** |
|---|---|
| ઘટકો અને પ્રવુત્તિઓ | નહેરના આકારમા પરિવર્તન ,આજ ની જરૂર મુજબ નહેર ના આલેખનમા પરિવર્તન,નહેર ના આઉટલેટ અને એસ્કેપ નું આધુનીકરણ |
| સંભવિત લાભાર્થિઓ | ખેડુતો |
| સહાયનું પ્રમાણ | |
| અમલીકરણ કચેરી | રાજ્ય સરકાર |
| ફંડીગ પેટર્ન (ટકાવરી) | ૧૦૦% રાજ્ય સરકાર |
| અપેક્ષિત આઉટકમ | ૭૦૦૦૦ હેક્ટર વિસ્તારમાં નિશ્ચિત સિંચાઈ |

| **યોજનાનું નામ** | **જળ સંચય યોજના** |
|---|---|
| ઘટકો અને પ્રવુત્તિઓ | પાયાનું ખોદાણ,પાયાની રચના અને ચેક ડેમનું બાંધકામ,તળાવો ને ઉંડા કરવાના કામ,ચેક ડેમ ને ડિસિલ્ટિંગ કરવાના કામ |
| સંભવિત લાભાર્થિઓ | ખેડુતો |
| સહાયનું પ્રમાણ | - |
| અમલીકરણ કચેરી | જળ સંપત્તિ વિભાગ |
| ફંડીગ પેટર્ન (ટકાવરી) | ૧૦૦% રાજ્ય સરકાર |
| અપેક્ષિત આઉટકમ | હાલ માં ઉપલબ્ધ સિંચાઈ નું ૫૦૦૦ હેક્ટર વિસ્તાર માં મજબૂતીકરણ |

| **યોજનાનું નામ** | **કડાણા જળાશય આધારિત ઉદવહન સિંચાઈ યોજના** |
|---|---|

| | |
|---|---|
| ઘટકો અને પ્રવુત્તિઓ | પાઈપ લાઈન અને પમ્પ હાઉસ |
| સંભવિત લાભાર્થિઓ | ખેડુતો |
| સહાયનું પ્રમાણ | - |
| અમલીકરણ કચેરી | જળ સંપત્તિ વિભાગ |
| ફંડીગ પેટર્ન (ટકાવરી) | ૧૦૦% રાજ્ય સરકાર |
| અપેક્ષિત આઉટકમ | વર્ષ ૨૦૧૯-૨૦ માં ૫૦૦૦ હેક્ટર,અને ૨૦૨૦-૨૧ માં ૫૦૦૦ હેક્ટર ક્ષેત્ર માં નિશ્ચિત સિંચાઈ થશે. |

| **યોજનાનું નામ** | **ઉકાઈ ગોર્ધા જોડાણ નહેર** |
|---|---|
| ઘટકો અને પ્રવુત્તિઓ | પાઈપ લાઈન અને પમ્પ હાઉસ |
| સંભવિત લાભાર્થિઓ | ખેડુતો |
| સહાયનું પ્રમાણ | - |
| અમલીકરણ કચેરી | જળ સંપત્તિ વિભાગ |
| ફંડીગ પેટર્ન (ટકાવરી) | ૧૦૦% રાજ્ય સરકાર |
| અપેક્ષિત આઉટકમ | વર્ષ ૨૦૨૦-૨૧ માં ૪૦૦૦ હેક્ટર વિસ્તાર માં નિશ્ચિત સિંચાઈ |

| **યોજનાનું નામ** | **તાપી કરજણ નદી જોડાણ પાઈપ લાઈન યોજના** |
|---|---|
| ઘટકો અને પ્રવુત્તિઓ | પાઈપ લાઈન અને પમ્પ હાઉસ |
| સંભવિત લાભાર્થિઓ | ખેડુતો |
| સહાયનું પ્રમાણ | - |
| અમલીકરણ કચેરી | જળ સંપત્તિ વિભાગ |
| ફંડીગ પેટર્ન (ટકાવરી) | ૧૦૦% રાજ્ય સરકાર |
| અપેક્ષિત આઉટકમ | કરજણ નેત્રંગ વાડી કાપત સ્ટીલ પાઈપ લાઈન યોજના દ્વારા વર્ષ ૨૦૧૮-૧૯ માં ૫૦૦ હેક્ટર,૨૦૧૯-૨૦ માં ૩૦૦૦ હેક્ટર,અને ૨૦૨૦-૨૧ માં ૪૦૦૦ હેક્ટર ક્ષેત્ર માં નિશ્ચિત સિંચાઈ થશે.<br>તાપી કરજણ પાઈપ લાઈન યોજના દ્વારા વર્ષ ૨૦૨૦-૨૧ માં ૧૭૬૦ હેક્ટર વિસ્તાર માં નિશ્ચિત સિંચાઈ |

# બંદરો અને વાહન વ્યવહાર વિભાગ

**વિભાગ દ્વારા નીચે મુજબના કાર્યો /પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે.**

- રાજય સરકારની માલિકીના ગુજરાત મેરીટાઈમ બોર્ડ (જીએમબી) દ્વારા હાથ ધરવામાં આવતી બંદરોના વિકાસની પ્રવૃત્તિઓ.
- રાજય સરકારની માલિકીનું ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ (જીએસઆરટીસી) અને પરિવહનને સબંધિત જાહેર સેવાઓ.
- લોકો (વ્યકિતગત) માટે પરિવહન સેવાઓ અને વાહન વ્યવહાર આયુકત તેમજ મોટર વાહન ધારા હેઠળ હાથ ધરવામાં આવતી પ્રવૃત્તિઓ.

**ઉદ્દેશો**

- મુખ્ય હેતુ પરિવહન સાથે સંકળાયેલ લોકોને વધુ સારી, ઝડપી અને પારદર્શક સેવાઓ પુરી પાડવી.
- કેન્દ્ર સરકાર અને રાજય સરકારની માર્ગ સલામતિ અંગેની માર્ગદર્શિકાના અસરકારક અમલીકરણની ખાતરી કરવી.
- અસરકારક અમલ થકી રાજયની માર્ગ પરિવહન સેવાનું નિયમન કરવું.
- રાજય સરકારની માલિકીના ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ મારફત લોકોને પરિવહન સેવા પુરી પાડવી.
- બંદર વિકાસનું નિયમન અને પ્રોત્સાહન.
- જહાજના રીસાયકલીંગ વાડા ખાતે કામદારોની સલામતી તાલીમ અને કલ્યાણ સંસ્થાની કામગીરી અને જાળવણી.

**વ્યૂહરચના**

- નાગરીકોમાં જાહેરાત, તાલીમ, નિદર્શન કાર્યકમો વગેરે મારફત માર્ગ સલામતી અંગેની જાગૃત્તિમાં વધારો.
- માર્ગ અકસ્માતો ઘટાડવા, માર્ગ સલામતીની ખાતરી પુરી પાડવી, ટ્રાફિક નિયમો અને કાયદાનું પાલન કરવું તેમજ વેરા અને શુલ્કની નિયમિત વસુલાતના હેતુઓ માટે અસરકારક અમલીકરણ.
- લોકોને વધુ સારી પરિવહન સેવા ઉપલબ્ધ થાય તે માટે વધુ નવી બસોની ખરીદી તેમજ બસ સ્ટેશનોનું આધુનિકરણ અને નવીનીકરણ.

- અલંગ ખાતે કામ કરતાં કામદારો માટે વિશ્વકક્ષાની પર્યાવરણીય સુવિધાઓ, સલામતી અને સામાજીક માળખાકીય સવલતો ઉભી કરવી.

**યોજનાઓ**

| | |
|---|---|
| **યોજનાનું નામઃ** | **RTS-5,**<br>**૩૦૫૧-૦૨-૧૦૨-૦૨**<br>**ભારત સરકારના સાગરમાલા પ્રોજેક્ટ હેઠળ અલંગ ખાતે કામદારોની સલામતી માટેના તાલીમ કેન્દ્રના સંચાલન અને જાળવણી માટે ગુજરાત મેરીટાઇમ બોર્ડને સહાયક અનુદાન** |
| ઘટકો અને પ્રવૃતિઓઃ | કામદારોને તાલીમ |
| સંભવિત લાભાર્થીઓઃ | અલંગના કામદારો |
| સહાયનું પ્રમાણઃ | 100% કેન્દ્ર પુરસ્કૃત |
| અમલીકરણ કચેરીઃ | ગુજરાત મેરીટાઇમ બોર્ડ |
| ફંડીંગ પેટર્ન | રાજયઃ ૦ કેન્દ્રીયઃ ૧૦૦% અન્યઃ ૦ |
| અપેક્ષિત આઉટકમઃ | ૧. ૫૦૦૦ કામદારોને તાલીમ<br>૨. ૩૦ સેમિનાર / વર્કશોપ<br>3. જીવલેણ અકસ્માત નિવારણ |

| | |
|---|---|
| **યોજનાનું નામઃ** | **RTS-1**<br>**૫૦૫૫-૦૦-૭૯૬-૦૧**<br>**ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમને મૂડી ફાળો (આદિજાતિ વિસ્તાર પેટા યોજના)** |
| ઘટકો અને પ્રવૃતિઓઃ | ૧. જાહેર પરિવહનને સુધ્રઢ બનાવવા નવી બસો સંચાલન |
| સંભવિત લાભાર્થીઓઃ | જાહેર જનતા |
| સહાયનું પ્રમાણઃ | ૧૦૦% રાજયનો હિસ્સો |
| અમલીકરણ કચેરીઃ | ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજયઃ ૧૦૦% કેન્દ્રીયઃ ૦ અન્યઃ ૦ |
| અપેક્ષિત આઉટકમઃ<br>( ૨૦૦ શબ્દોમાં) | ૧. જાહેર પરિવહનને સુધ્રઢ બનાવવા નવી બસો સંચાલન<br>૨. નાગરિકોને પરિવહનની સુવિધાઓ પૂરી પાડવી<br>3. પેસેન્જરોની સેવાઓમાં ઉમેરો કરવો<br>૪. પેસેન્જરો માટે નવા શિડયુલ ઉમેરવા |

| | |
|---|---|
| **યોજનાનું નામઃ** | **RTS-4**<br>**૨૦૪૧-૦૦-૧૦૨-૦૧**<br>**મોટરવાહનોનું નિરીક્ષણ** |
| ઘટકો અને પ્રવૃતિઓઃ | આરટીઓ અને ચેકપોસ્ટોનું સંચાલન |
| સંભવિત લાભાર્થીઓઃ | વાહન ચાલકો |
| સહાયનું પ્રમાણઃ | ૧૦૦ % રાજયનો હિસ્સો |
| અમલીકરણ કચેરીઃ | વાહનવ્યવહાર કમિશનરશ્રીની કચેરી |

| | |
|---|---|
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજયઃ ૧૦૦% કેન્દ્રીયઃ ૦ અન્યઃ ૦ |
| અપેક્ષિત આઉટકમઃ<br>( ૨૦૦ શબ્દોમાં) | ૧. માર્ગ સલામતી અંગે લોકોમાં જાગૃતિ કેળવવા<br>૨. લાભાર્થીઓને વાહન સંબંધિત સેવાઓ પુરી પાડવા<br>૩. મોટરવાહન પરના કરની આવક એકત્રીત કરવી |

| | |
|---|---|
| **યોજનાનું નામઃ** | **RTS-4**<br>**૪૦૫૯-૦૧-૦૫૧-૪૯**<br>**૪૦૫૯-૦૧-૦૫૧-૫૦**<br>**જાહેર કામો અંગે મૂડી ખર્ચ જોગવાઈ** |
| ઘટકો અને પ્રવૃતિઓઃ | આરટીઓ તથા ચેકપોસ્ટોના મકાનોનું બાંધકામ |
| સંભવિત લાભાર્થીઓઃ | વાહન ચાલકો |
| સહાયનું પ્રમાણઃ | 100% રાજયનો હિસ્સો |
| અમલીકરણ કચેરીઃ | વાહનવ્યવહાર કમિશનરશ્રીની કચેરી |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજયઃ ૧૦૦% કેન્દ્રીયઃ ૦ અન્યઃ ૦ |
| અપેક્ષિત આઉટકમઃ<br>( ૨૦૦ શબ્દોમાં) | ૧. નવી આરટીઓ તથા ચેકપોસ્ટનું બાંધકામ તથા આધુનિકરણ |

| | |
|---|---|
| **યોજનાનું નામઃ** | **RTS-6**<br>**૩૦૫૫-૦૦૧-૧૯૦-૦૨**<br>**ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમને આર્થિક રીતે ખર્ચાળ માર્ગો, વિદ્યાર્થી ભાડા રાહત વગેરેને કારને પડતી ખોટ માટે સહાય** |
| ઘટકો અને પ્રવૃતિઓઃ | રાજ્યના દરેક નાગરિકને પરિવહનની સુવિધાઓ પૂરી પાડવી |
| સંભવિત લાભાર્થીઓઃ | જાહેર જનતા |
| સહાયનું પ્રમાણઃ | 100% રાજયનો હિસ્સો |
| અમલીકરણ કચેરીઃ | ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજયઃ ૧૦૦% કેન્દ્રીયઃ ૦ અન્યઃ ૦ |
| અપેક્ષિત આઉટકમઃ<br>( ૨૦૦ શબ્દોમાં) | ૧. જાહેર પરિવહનને સુધ્રઢ બનાવવા નવી બસો સંચાલન<br>૨. નાગરિકોને પરિવહનની સુવિધાઓ પૂરી પાડવી<br>૩. પેસેન્જરોની સેવાઓમાં ઉમેરો કરવો<br>૪. પેસેન્જરો માટે નવા શિડયુલ ઉમેરવા |

# પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

**પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ**

ગ્રામિણ આવાસ અને ગ્રામ વિકાસ એ બે પંચાયત વિભાગના મુખ્ય બે ભાગોમાં વહેચાયેલું છે. જેને પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ કહે છે.

ગ્રામ વિકાસનું મુખ્ય કાર્ય કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ અને પ્રકલ્પો કે જેમાં કેન્દ્ર સરકારનો નાણાંકીય હિસ્સો હોય તેવી યોજનાઓનો અમલ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીઓ દ્વારા કરવામાં આવે છે.

પંચાયત અને ગ્રામ ગૃહ વિભાગની ત્રિસ્તરીય પંચાયતીરાજ ૩૩ જિલ્લા પંચાયત, ૨૪૮ તાલુકા પંચાયત અને ૧૪૨૬૫ ગ્રામ પંચાયતના વહિવટ સબંધે મુખ્ય જવાબદારી છે. જે વિકેન્દ્રિકરણના મુખ્ય સિદ્ધાંતથી પાયાના સ્તરેથી કામ કરે છે. પંચાયતીરાજ સંસ્થાઓ ગુજરાતના ગ્રામિણ વિસ્તારોના વિકાસમાં મહત્વની ભૂમિકા અદા કરી શકે તે માટેની યોજનાઓના અમલ માટે નાણાં, વહીવટી તથા ટેકનિકલ સ્ટાફ પુરો પાડવામાં આવે છે.

રાજ્યમાં તા-૦૧/૦૪/૧૯૬૩ થી ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૬૧ અમલમાં છે. અને ૭૩મોં બંધારણીય સુધારો અમલમાં આવતા ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ નો અમલ તા-૧૫/૦૪/૧૯૯૪ થી અમલમાં છે. મહત્વની બાબત એ છે કે, ૭૩માં બંધારણીય સુધારા અગાઉ રાજ્યમાં ૧૪ પ્રવૃતીઓ પંચાયતીરાજ સંસ્થાઓ દ્વારા કરવામાં આવતી હતી.

૭૩માં બંધારણીય સુધારાથી બંધારણની અનુસૂચિ ૧૧ માં જણાવેલ ૨૯ પ્રવૃતિઓ પંચાયત હસ્તક મૂકવામાં આવેલ છે. પરંતુ તે બાબતે ગુજરાત રાજ્યમાં એ બાબત નોંધપાત્ર છે કે બંધારણીય સુધારા અગાઉ એટલે તા-૦૧/૦૪/૧૯૬૩ થી ૧૪ પ્રવૃતિઓ પંચાયતને સંપૂર્ણ રીતે અને ૪ પ્રવૃતિઓ અંશતઃ પંચાયતોને સુપ્રત થયેલી છે.

બંધારણની અનુસૂચિ ૧૧ મુજબની ૨૯ પ્રવૃતિઓ પૈકીની ૯ પ્રવૃતિઓ રાજ્ય હસ્તકના જુદાજુદા વિભાગો દ્વારા અસરકાર રીતે અમલમાં મુકે છે.

તાજેતરમાં પંચાયત વિભાગ દ્વારા રાજ્યના અનુસૂચિત વિસ્તારોમાં પંચાયતોનું વિસ્તરણ નિયમ ૨૦૧૭ દ્વારા જુદાજુદા વિભાગોના પેસા વિસ્તાર માટેના કાયદા અને નિયમોને સંગ્રહિત કરી એકત્રિકરણ કરવામાં આવેલા છે. આ નિયમોના એકત્રિકરણથી અનુસૂચિત વિસ્તારોના આદિવાસી લોકો માટે આ વિસ્તારની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ સ્વતંત્ર રીતે કાર્ય કરી શકે અને આ સમાજને ઉપયોગી થાય તે તરફ કામ કરી શકે છે. અને તેમને મળેલા અધિકારોનો દ્રઢ નિશ્ચય અને અસરકારક રીતે ઉપયોગ કરી શકે છે.

પંચાયતીરાજ સંસ્થાઓમાં વર્ગ-૩ અને વર્ગ-૪ ની જગ્યાઓ માટે ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ દ્વરા સ્પર્ધાત્મક પરીક્ષાઓ લઇ કર્મચારીઓની ભરતી કરે છે.

તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત માંટે વર્ગ-૧ અને વર્ગ-૨ ની જગ્યા ઉપર નિમણૂંક ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા કરવામાં આવે છે. તેમજ જિલ્લા પંચાયત માટે જિલ્લા વિકાસ અધિકારીની નિમણૂંક ભારતીય સનદી સેવા (IAS) કેડરમાંથી નિમણુંક કરવામાં આવે છે.

ગુજરાત ગ્રામગૃહ નિર્માણ બોર્ડ જે પંચાયત વિભાગ હસ્તક છે. તેનું મુખ્ય કાર્ય ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા લોકોને કે જેમની ઓછી આવક છે તેમને પરવડી શકે તેવી કીંમતે મકાનો બનાવવાની મહત્વની કામ કરતી સંસ્થા છે.

ઘણા વર્ષોથી પંચાયત વિભાગ દ્વારા સામૂહિક વિકાસની યોજનાઓની વિવિધ યોજનાઓનું સફળતા પૂર્વક અમલીકરણ કરે છે.

સ્માર્ટ વિલેજ યોજના અમલમાં આવેલ છે. તેના પ્રથમ તબક્કામાં રાજ્યની ૩૦૦ જેટલી પંચાયતોને સ્પર્ધાત્મક રીતે પસંદ કરવામાં આવશે. આ ગ્રામપંચાયતોની પસંદગી રાજ્ય ૧૭ જેટલા સામાજીક આર્થિક માપદંડોને આધારે જિલ્લા કક્ષાની વહીવટી કમિટિ દ્વારા તૈયાર કરેલ છે. જે રાજ્ય સરકાર દ્વારા ચર્ચા વિચારણા કરી આખરી કરવામાં આવનાર છે. રાજ્ય સરકારની મંજુરી બાદ આવી પંચાયતોના ગામોને નાણાંકીય સહાયને પાત્ર બનશે. તેના દ્વારા તે ગામોની માળખાગત સુવિધામાં વધારો થશે.

શ્યામાં પ્રસાદ મુખર્જી ગ્રામિણ વિકાસ કાર્યક્રમ દ્વારા રાજ્યના તાલુકાના ગામોનું યોગ્ય જૂથ બનાવી રાજ્યનો સર્વાંગી વિકાસ સધાય તે માટે કેંદ્ર સરકારની યોજનામાં રાજ્ય સરકારનો નાણાકીય હિસ્સો ઉમેરી આ યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

શહેરી વિસ્તારમાં મળતી સગવડો ગ્રામ્ય કક્ષાએ મળે તે હેતુથી રુર્બન યોજના દ્વારા તાલુકાના મુખ્ય મથકના ગામો અને વધુ વસ્તી ધરાવતા ગામો પૈકી પસંદ કરેલ ગામોમાં રુર્બન યોજના અંતર્ગત ભુગર્ભ ગટર જેવી માળખાગત સુવિધાઓ પુરી પાડવાની યોજના વિભાગ દ્વારા અમલમાં છે.

ગ્રામ પંચાયતમાં કોઇપણ વાદ-વિવાદ વગર સર્વ સંમતિથી સભ્યોની બિન હરીફ ચુંટણી થાય તે માટે સમરસ યોજના રાજ્ય સરકાર દ્વારા અમલમાં મુકેલ છે. જેમાં રૂ. ૨.૦૦ લાખથી ૧૧.૦૦ લાખ સુધી ગ્રામ પંચાયતની વસ્તીના પ્રમાણે પ્રોત્સાહક સહાય આપવામાં આવે છે.

સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ યોજના અન્વયે પંચાયતો દ્વારા સફાઇ કરની વસુલાતના આધારે તેમને મળેલ માર્ક અને ટકાવારીને આધારે ૧૦૦ થી ૨૦૦ ટકા રાજ્ય સરકાર ગ્રાંટ આપે છે.

સરદાર આવાસ યોજના પુર્ણ થવામાં તેના છેલ્લા તબક્કામાં છે. જેમાં બાકી રહેલા મકાનો બાંધવાના કામો જ બાકી છે. ગ્રામ વિસ્તાર માટે તાજેતરમાં પ્રધાનમંત્રી આવાસ યોજના નામે નવીન આવાસ યોજના અમલમાં મુકેલ છે. જેમાં ૬૦:૪૦ પ્રમાણે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે.

ગામમાં શાંતી સૌહાર્દપુર્ણ વાતાવરણ સંવાદીતા જળવાય અને સામાજીક સમરસતા જળવાઇ રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા તિર્થ ગામ અને પવન ગામ યોજના અમલમાં મુકેલ છે.

પંચાયત યોજના અંતર્ગત ગામે લોક ભાગીદારીથી પડતર જગ્યાઓ હોય ત્યાં જાહેર બગીચા, પાર્ક બનાવવામાં આવે છે.

**હેતુઓ**

- લોકશાહીની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને વધુ લાભ અને માળખાગત સુવિધાઓથી સુસજ્જ કરવી. લોક ભાગીદારી વધે અને વધુ વિકાસ થાય.
- સ્થાનીક સ્વરાજમાં ચુંટાયેલા પ્રતિનીધીઓની શક્તિઓનો પુરતો ઉપયોગ વિકાસના કામો અને લોકો માટે થાય.
- પંચાયતોમાં લોકશાહી પધ્ધતિથી લેવામાં આવતા નિર્ણય માટે જ્વાબદેહી માટે સજાગ કરવા સ્થાનીક સ્વરાજની સંસ્થામાં ગુણવત્તાના ધોરણે થતી કર્મચારીઓની ભરતીમાં વધુ પારદર્શકતા આવે અને આ કર્મચારી માટે તાલીમ દ્વારા તેમની અંદર રહેલ શક્તિઓનો પુરો ઉપયોગ થાય.

- લોક ભાગીદારીને પ્રોત્સાહન આપવુ અને સ્વ-સહાય જુથોની રચના દ્વારા લોકોની આવકમાં વધારો કરવો અને તેમને પગભર કરવા.
- પંચાયતના વહિવટમાં વધુ પારદર્શિતા માટે નિયમીત અને સામાજીક અન્વેષણ અને વિકાસ યોજનાઓના કામો પ્રકલ્પોની વખતો વખત અન્વેષણ અને હિસાબોનું પંચાયતની ગ્રામસભા દ્વારા સમીક્ષા થાય તે માટે પંચાયતો જ્વાબદેહી રહેશે.

**વ્યુહરચના**

- રાજ્યમાં ત્રિસ્તરીય પંચાયત રાજના પાયાના નાના નાની સંસ્થા સુધી પંચાયત વિભાગની યોજનાઓમાં શક્તિ સંચાર કરવો.
- ગ્રામ પંચાયત ને વધુ મજબુત બનાવવા તેમના કાર્યક્ષેત્રમાં ચાલતા કામો/યોજનાઓની દેખરેખ અને અસરકારક અમલીકરણ માટે સુદ્રઢ કરવી.
- ગ્રામપંચાયત ધ્વારા ઉઘરાવવામાં આવતા કર, ફી, શેષ વિગેરેતથા મહેસુલી આવકમાં વધારો કરવા હયાત દરોમાં અધિકમ દરોની મર્યાદામાં રહી દરોમાં સુધારો કરાવી અસરકાર વસુલાતની કામગીરી ઝડપી બનાવવી.
- ગ્રામપંચાયતો, નાણાંકીય બાબતો પોતે સધ્ધર બને તેના કારણે ગ્રામપંચાયતની ફરજોના ભાગ રૂપે પીવાનું પાણી, સ્વચ્છતા, સફાઈ, દિવાબત્તીની સુવિધા, શેરી લાઈટની સુવિધા, ભુગર્ભ ગટરયોજના અને ઘન અને પ્રવાહી કચરાના યોગ્ય નિકાલ કરી શકે તથા રાજ્ય સરકાર ગ્રાન્ટ કે સહાય ઉપરનિર્ભર ના રહે અને ખરા અર્થે સેલ્ફ ગવર્મેન્ટ નો ઉદ્દેશ સિધ્ધ કરવા માટેની વ્યુહ રચના છે.
- ઈ. ગર્વનર્સ સાથે સંકળાયેલ સેવાઓનો વ્યાપ વધારવામાટે ઈ-ગ્રામ સેન્ટરને પ્રોત્સાહીત કરવી. G2C અને B2C સર્વીસ માટે સરળતા, પારદર્શીતા માટે ઈલેક્ટ્રોનીક માધ્યમનો વધુમાં વધુ ઉપયોગ થાય.
- સાચા અર્થમાં લોકશાહી વિકેન્દ્રીકરણ અને વિકેન્દ્રીકરણનો રાજ્યના સર્વાંગી વિકાસમાં ઉપયોગ થાય તે તરફ કાર્યવાહી હાથ ધરવા તરફ વિભાગનું લક્ષ્ય રહેશે.

**ગ્રામ વિકાસ**

કમિશ્નરશ્રી ગ્રામ વિકાસની કચેરી દ્વારા સેન્ટ્રલ પુરસ્કૃત યોજનાઓ(CSS) જેવી કે, મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના (MGNREGA), પ્રધાનમંત્રી આવાસ યોજના- ગ્રામીણ (PMAY-G), સ્વચ્છ ભારત મીશન – ગ્રામીણ (SBM-G), રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (Aajivika-NRLM), દીન-દયાલ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના (DDU-GKY), પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના (વોટરશેડ કોમ્પોન્ટ), શ્યામાપ્રસાદ મુખર્જી રર્બન મિશન (SPMRM) અને સાંસદ આદર્શ ગ્રામ યોજના (SAGY) નું અમલીકરણ અને દેખરેખ કરવામા આવે છે. આ કાર્યક્રમો દ્વારા ગ્રામીણ વિસ્તારમાં વસવાટ કરતા લોકોની ગરીબી ઘટાડવા માટે આજીવિકા, કૌશલ્ય વિકાસ, સામાજિક સુરક્ષા અને માળખાકીય સુવિધાના કાર્યક્રમ, ગ્રામીણ વિસ્તારમાં વસવાટ કરતા લોકોની જીવનની ગુણવત્તા સુધારવા માટે ગ્રામીણ વિકાસ મંત્રાલય વિભાગ તથા અન્ય સંલગ્ન વિભાગો સાથે મળીને કાર્યક્રમો ચલાવવામાં આવે છે. તેમજ ગરીબી મુક્ત ગ્રામ પંચાયતો (PFGP) બનાવવા માટે ભારત સરકારશ્રી દ્વારા તાજેતરમાં ચાલુ કરવામાં આવેલ મીશન અંત્યોદય કાર્યક્રમ માટે નોડલ ડીપાર્ટમેન્ટ તરીકેની કામગીરી સંભાળવવામાં આવે છે.

**હેતુઓ**

- ઘરવિહોણા તેમજ કાચા મકાન ધરાવતા ગ્રામીણ પરિવારો માટે આધુનિક સુવિધા ધરાવતાં ઘર બનાવવા માટે આર્થિક સહાય પુરી પાડવી.
- સ્વસહાય જૂથની રચના તેમજ આર્થિક પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવુ
- ગ્રામ્ય જીવનની ગુણવત્તા સુધારવી.
- ૨૦૨૨ સુધીમાં ગ્રામીણ વિસ્તારના પરિવારોની આવક બમણી કરવી.
- ગામડામાંથી શહેરો તરફ થતા સ્થળાંતરમાં ઘટાડો કરવો.

**વ્યૂહરચના**

- ગ્રામીણ સ્તરે વ્યક્તિગત લાભાર્થીઓની યોજનાઓના પારદર્શક વહીવટ માટે આઈઈસી પ્રવૃત્તિઓ અને તાલીમ કાર્યક્રમોનું આયોજન.
- સ્વસહાય જૂથની રચના પ્રોત્સાહન આપવા માટે, આર્થિક પ્રવૃત્તિ માટે સંભાળ, રીવોલ્વીંગ ફંડ વ્યાજ સબસિડી, તાલીમ, માળખાકીય સુવિધા અને લોન સહાય પૂરી પાડવી.
- જીવનની ગુણવત્તા સુધારવા માટે ગ્રામીણ ગરીબી ઘટાડવા અને આજીવિકા માટેના કાર્યક્રમો પ્રમોશન, કૌશલ્ય વર્ધનના કાર્યક્રમો, સામાજિક સુરક્ષા અને માળખાકીય સુવિધાના કાર્યક્રમો.
- વંચિતતા ધરાવતાં પરીવારોને તેમની વંચિતતા દૂર કરવા માટે નું આયોજન કરવું
- વંચિતતા મુક્ત ગામ બનાવવા સહભાગી આયોજન
- પરીવર્તીત અભિગમ મારફતે ગામને વંચિતતા મુક્ત બનાવવું.
- પસંદ કરવામાં આવેલ ગામ ક્લસ્ટરોના વિકાસ કાર્યક્ષમતાના સુધારણા માટે માનવ સંસાધનનું આયોજન
- પ્રોગ્રામ પરિણામો સુધારવા માટે CRS હેઠળ તકનીકી અને વ્યવસાયિક સપોર્ટનું આયોજન
- કેન્દ્રીય પુરસ્કૃત યોજનાઓના સરળ અમલીકરણ માટે માનવ સંશાધનની ક્ષેત્રીય કક્ષાની કામગીરીને સંકલીત કરવી
- સ્વસહાય જૂથની આર્થિક પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવા માટે સંભાળ, રીવોલ્વીંગ ફંડ વ્યાજ સબસિડી, તાલીમ, માળખાકીય સુવિધા અને લોન સહાય
- જીવનની ગુણવત્તા સુધારવા માટે ગ્રામીણ ગરીબી ઘટાડવા અને આજીવિકા માટેના કાર્યક્રમો પ્રમોશન, કૌશલ્ય વર્ધનના કાર્યક્રમો, સામાજિક સુરક્ષાના કાર્યક્રમોનું આયોજન
- તાલીમ દ્વારા તમામ સ્તરે ક્ષમતા વિસ્તરણ કરવા માટેના કાર્યક્રમો
- ઇન્ફર્મેશન ટેકનોલોજી (આઇટી) નો ઉપયોગ દ્વારા સમયસર નાણાકીય સહાય મળે તે માટેનું આયોજન
- આયોજન અને દેખરેખની પ્રવૃતી માટે રિમોટ સેન્સીંગ પધ્ધતીનો ઉપયોગ.
- અસ્કયામતોના જીઓ ટેગિંગ માટે રિમોટ સેન્સીંગ પધ્ધતીનો ઉપયોગ.
- સામાયિક જવાબદારી અને પ્રતિબધ્ધતાને ઉજાગર કરવા માટે સમાજ નિરીક્ષણ

**યોજનાઓ**

| | |
|---|---|
| **યોજનાનું નામઃ** | **સી.ડી.પી.-૭**<br>**૭૦ ૨૫૧૫ ૦૦ ૮૦૦ ૧૧**<br>**૯૫ ૨૫૧૫ ૦૦ ૮૦૦ ૦૩**<br>**૯૫ ૨૫૧૫ ૦૦ ૭૯૬ ૧૨**<br>**નાણાંપચની ભલામણ અનુસાર પંચાયતીરાજ સંસ્થાઓને કેન્દ્રીય સહાય (૧૪મું નાણાંપંચ)** |
| ઘટકો અને પ્રવૃત્તિઓઃ | વિલેજ ડેવલપમેન્ટ પ્લાનમાં સમાવેશ વિકાસના કામો જેવા કે , પીવાનુ પાણી પુરૂ પાડવાની યોજના, સેનીટેશન, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ,સ્ટ્રોમ વોટર ડ્રેનેજ, આંતરીક રસ્તા, ગામનાં મુખ્ય માર્ગ ઉપર કુટપાથ, કોમ્યુનીટી એસેટની જાળવણી, પ્રાથમીક શિક્ષણમાં ખુટતી પાયાની સુવિધા, કુપોષણ નિવારણહાથ ધરવા |
| સંભવિત લાભાર્થીઓઃ | ગ્રામ પંચાયત |
| સહાયનું પ્રમાણઃ | સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ |
| અમલીકરણ કચેરીઃ | ગ્રામ પંચાયત |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં)ઃ | કેન્દ્રિયઃ ૧૦૦% |
| અપેક્ષિત આઉટકમઃ | • ગ્રામ કક્ષાએ તમામ સેક્ટરમાં સંતુલિત વિકાસ અને વિકાસ કામોનું આયોજન અને અમલીકરણ.<br>• પરફોર્મસ ગ્રાન્ટ મેળવવા માટે નક્કી કરેલ ધારાધોરણો પૂર્ણ કરવા ગ્રામ પંચાયતો દ્વારા ગુણવત્તાયુક્ત આયોજન થશે. |

| | |
|---|---|
| **યોજનાનું નામ :** | **RDD-1**<br>**૭૧-૨૫૦૧-૦૫-૧૦૧-૦૨**<br>**૯૫-૨૫૦૧-૦૫-૧૦૧-૦૨**<br>**૯૬-૨૫૦૧-૦૫-૭૯૬-૦૧**<br>**પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના (પીએમકેએસવાય) વોટરશેડ કમ્પોનન્ટ** |
| ઘટકો અને પ્રવૃત્તિઓ : | વહીવટી ખર્ચ<br>મૂલ્યાંકન<br>એંટ્રી પોઇન્ટ પ્રવૃત્તિઓ<br>સંસ્થા અને ક્ષમતા નિર્માણ<br>વિગતવાર પ્રોજેક્ટ અહેવાલ (ડીપીઆર)<br>એસેટલેસ વ્યક્તિઓ માટે આજીવિકા પ્રવૃત્તિઓ<br>વોટરશેડ ડેવલપમેંટ વર્ક<br>એકત્રીકરણ તબક્કો<br>ઉત્પાદન સિસ્ટમ અને માઇક્રો સાહસો<br>મુખ્ય પ્રવૃત્તિઓ :<br>ભૂમિ ભેજ સંરક્ષણ<br>વોટર હાર્વેસ્ટીંગ માળખુ<br>આજીવિકા અને માઇક્રો એન્ટરપ્રાઇઝ અને ઉત્પાદન  પધ્ધતિ<br>સ્વ સહાય જૂથો અને વપરાશકર્તા જૂથો માટે રચના |

| | |
|---|---|
| સંભવિત લાભાર્થીઓ : | વોટરશેડ ગામોના ખેડૂતો / યુઝર્સ ગ્રુપ / ગ્રામવાસીઓ |
| સહાયનું પ્રમાણ : | પાત્રતાના ધોરણો અનુસાર |
| અમલીકરણ કચેરી : | રાજ્ય સ્તરે - કમિશ્નરશ્રી ગ્રામ વિકાસ કચેરી - ગુજરાત સ્ટેટ વોટરશેડ મેનેજમેંટ એજંસી<br>જિલ્લા સ્તરે - જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી<br>તાલુકા સ્તરે - તાલુકા વિકાસ કચેરી |
| ફંડીંગ પેટર્ન ( ટકાવારીમાં) : | રાજ્ય : ૪૦ કેન્દ્રિય : ૬૦ |
| અપેક્ષિત લાભ : | - ભૂમિમાં ભેજનું પ્રમાણ વધશે.<br>- પાણી સંગ્રહ કરવાની ક્ષમતા વધશે<br>- વધુ વિસ્તાર સિંચાઇ હેઠળ આવશે<br>- ભૂમિ ધોવાણ નિયંત્રિત થશે.<br>- પાણીનું રિચાર્જ થતા ભૂગર્ભજળની સપાટી વધશે.<br>- કુદરતી વનસ્પતિને પુનર્જીવન મળશે.<br>- ખોરાક, બળતણ અને ઘાસચારાની ઉપલબ્ધતા વધશે.<br>- કૃષિ ઉત્પાદકતા અને પશુધનની ઉત્પાદકતા વધશે<br>- પાક અને પશુધન પર દુષ્કાળની પ્રતિકૂળ અસર ઘટશે. - ગ્રામિણ સમુદાયના આર્થિક વિકાસને પ્રોત્સાહન મળશે. |

| | |
|---|---|
| **યોજનાનું નામ :** | **RDD - 3**<br>**૭૧-૨૫૦૫-૦૨-૧૦૧-૦૧**<br>**૯૫-૨૫૦૫-૦૧-૭૦૨-૦૩**<br>**૯૬-૨૫૦૫-૦૧-૭૯૬-૦૪**<br>**મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના (મનરેગા)** |
| ઘટકો અને પ્રવૃત્તિઓ : | વેતન અને માલસામગ્રી એ ઘટકો છે. |
| | જળસંચય અને જળસંગ્રહનાં કામો |
| | દુષ્કાળ પ્રતિરોધક કામો (વનીકરણ અને વૃક્ષારોપણ સહિત) |
| | માઇક્રો અને માઈનોર સિંચાઇનાં કામો સહિત સિંચાઇ માટે નહેરનાં કામો. |
| | જમીન વિકાસના કામો |
| | બારેમાસ ઉપયોગમાં આવી શકે તેવા ગ્રામ્ય જોડાણનાં રસ્તાના કામો |
| | વોટરશેડ સંબંધિત કાર્યો |
| | ખેતી સંબંધિત કાર્યો |
| | પશુધન સંબધી કાર્યો |
| | માછલી ઉછેર સંબંધી કાર્યો |
| | ગ્રામ્ય સ્વચ્છતા સંબંધિત કામો |
| સંભવિત લાભાર્થીઓ : | પુખ્ત વયનાં સદસ્યો કે જેઓ સવેતન રોજગારીની જરૂરીયાતવાલા અને શારીરિકશ્રમ કરવા તૈયાર હોય તથા બિનકુશળ કામ કરવા ઇચ્છુક હોય તેવા તમામ ગ્રામીણ કુટુંબો. |

| | | | |
|---|---|---|---|
| સહાયનું પ્રમાણ : | પ્રવર્તમાન વેતનદર રૂ. ૧૯૨/- દૈનિક ધોરણે (કરેલ કામના પ્રમાણમાં) . | | |
| | વર્ષમાં કુટુંબદીઠ વધુમાં વધુ ૧૦૦ દિવસની સવેતન રોજગારી. | | |
| અમલીકરણ કચેરી : | રાજ્ય સ્તરે - કમિશ્નરશ્રી ગ્રામ વિકાસ કચેરી | | |
| | જિલ્લા સ્તરે - જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી | | |
| | તાલુકા સ્તરે - તાલુકા પંચાયત કચેરી | | |
| ફંડીંગ પેટર્ન ( ટકાવારીમાં) : | | રાજ્ય : | કેન્દ્રિય : |
| | વેતન | ૦ | ૧૦૦ |
| | માલસામાન | ૪૦ | ૬૦ |
| અપેક્ષિત લાભ : | ગ્રામીણ વિસ્તારોમાં રોજગાર નિર્માણ ગ્રામીણ લોકોની આર્થિક સ્થિતીમાં સુધારો લાવશે આથી ગ્રામીણ વિસ્તારથી શહેરી વિસ્તારમાંથી સ્થળાંતરની તીવ્રતામાં ઘટાડો થશે. | | |

| | | | |
|---|---|---|---|
| **યોજનાનું નામ :** | **RDD-4**<br>**૭૧-૨૫૦૧-૦૬-૧૦૧-૦૩**<br>**૯૫-૨૫૦૧-૦૬-૧૦૧-૦૧**<br>**૯૬-૨૫૦૧-૦૬-૭૯૬-૦૫**<br>**આજીવિકા-એનઆરએલએમ/ એનઆરએલપી** | | |
| ઘટકો અને પ્રવૃત્તિઓ : | સ્વસહાય જૂથોની રચના, સશક્તિકરણ અને આજીવિકા માટેની તાલીમ | | |
| સંભવિત લાભાર્થીઓ : | સ્વસહાય જુથો અને તેના સભ્યો<br>ગ્રામીણ વિસ્તારના યુવાન યુવતીઓ | | |
| સહાયનું પ્રમાણ : | પાત્રતાના ધોરણો અનુસાર | | |
| અમલીકરણ કચેરી : | રાજ્ય સ્તરે - કમિશ્નરશ્રી ગ્રામ વિકાસ કચેરી - ગુજરાત લાઇવ્લીહુડ પ્રમોશન કંપની લીમીટેડ | | |
| | જિલ્લા સ્તરે - જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી | | |
| | તાલુકા સ્તરે - તાલુકા વિકાસ કચેરી | | |
| ફંડીંગ પેટર્ન ( ટકાવારીમાં) : | રાજ્ય : ૬૦ | કેન્દ્રિય : ૪૦ | અન્ય : ..... |
| અપેક્ષિત લાભ : | ગ્રામ્ય વિસ્તારની બહેનો તેમજ યુવકોને ક્ષમતા વર્ધનની તાલીમ દ્વારા સશક્તિકરણ થતા તેઓની આવકમાં વધારો થતા તેઓના જીવન ધોરણમાં સુધારો થશે. | | |

| | |
|---|---|
| **યોજનાનું નામ :** | **RDD - 12**<br>**૭૦-૨૫૧૫-૦૦-૧૦૨-૧૨**<br>**૯૬-૨૫૧૫-૦૦-૭૯૬-૨૨**<br>**શ્યામા પ્રસાદ મુખર્જી રર્બન મીશન** |
| ઘટકો અને પ્રવૃત્તિઓ : | પસંદ કરેલ ક્લસ્ટરોના ગામ માટે માળખાકીય સુવિધાનો વિકાસ:<br>• આર્થિક અને સામાજિક માળખામાં મહત્વપૂર્ણ ગેપ શોધવા માટેની |

| | |
|---|---|
| | કામગીરી<br>• કૌશલ વિકાસ<br>• આર્થિક અને સામાજિક માળખાના વિકાસની કામગીરી |
| સંભવિત લાભાર્થીઓ : | 3 તબ્બકામાં ૧૫ જિલ્લાના ૧૬ ક્લસ્ટર્સના ગામડાઓ. |
| સહાયનું પ્રમાણ : | - |
| અમલીકરણ કચેરી : | રાજ્ય સ્તરે - કમિશ્નરશ્રી ગ્રામ વિકાસ કચેરી |
| | જિલ્લા સ્તરે - જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી |
| | તાલુકા સ્તરે - તાલુકા વિકાસ કચેરી |
| ફંડીંગ પેટર્ન ( ટકાવારીમાં) : | રાજ્ય : ૪૦% કેન્દ્રિય : ૬૦% |
| અપેક્ષિત લાભ: | આ ક્લસ્ટર્સમાં સમાવિષ્ટ ગામોમાં જરૂરી સુવિધાઓ સાથે વધુ મજબૂત જેથી ગ્રામીણ વિસ્તારોમાં શહેર જેવી સુવિધાઓ મળી શકશે.<br>ગરીબી અને બેરોજગારી ઘટતા સ્થાનિક આર્થિક વિકાસને પ્રોત્સાહન મળશે. |

| | |
|---|---|
| **યોજનાનું નામ :** | **RDD - 13**<br>**૭૦-૨૫૧૫-૦૦-૧૦૨-૧૧**<br>**૯૫-૨૫૧૫-૦૦-૮૦૦-૦૯**<br>**૯૬-૨૫૧૫-૦૦-૭૯૬-૨૧**<br>**રાષ્ટ્રીય ગ્રામીણ સ્વરાજ અભિયાન (RGSA)** |
| ઘટકો અને પ્રવૃત્તિઓ : | તાલીમ અને કાર્યશાળા |
| સંભવિત લાભાર્થીઓ : | જીલ્લા,તાલુકા અને ગ્રામ્ય કક્ષાના કર્મચારી/અધિકારી<br>ચુટાયેલા પદાધીકારીશ્રીઓ |
| સહાયનું પ્રમાણ : | - |
| અમલીકરણ કચેરી : | રાજ્ય સ્તરે - કમિશ્નરશ્રી ગ્રામ વિકાસ કચેરી |
| | જિલ્લા સ્તરે - જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી |
| | તાલુકા સ્તરે - તાલુકા વિકાસ કચેરી |
| ફંડીંગ પેટર્ન ( ટકાવારીમાં) : | રાજ્ય : ૨૫ કેન્દ્રિય : ૭૫ |
| અપેક્ષિત લાભ: | જીલ્લા,તાલુકા અને ગ્રામ્ય કક્ષાના કર્મચારી/અધિકારી તથા<br>ચુટાયેલા પદાધીકારીશ્રીઓ વિવિધ કલ્યાણકારી યોજનાથી માહિતગાર થતા ગ્રામ્ય જીવનમાં સામુહિક ફેરફાર થશે. |

| | |
|---|---|
| **યોજનાનું નામ :** | **RDD – ૧૫**<br>**૭૧-૨૫૦૧-૦૬-૧૦૧-૦૬**<br>**૯૫-૨૫૦૧-૦૬-૧૦૧-૦૨**<br>**૯૬-૨૫૦૧-૦૬-૭૯૬-૧૦**<br>**આમ આદમી વીમા યોજના** |
| ઘટકો અને પ્રવૃત્તિઓ : | ગ્રામિણ વિસ્તારના અતિ ગરીબ જમીન વિહોણા કુટુંબોને વિમા કવચ પુરૂં પાડવું |
| સંભવિત લાભાર્થીઓ : | ગરીબી નીચે જીવતા જમીન વિહોણા કુટુંબો |
| સહાયનું પ્રમાણ : | ગ્રામિણ અતિગરીબ જમીન વિહોણા ખેતમજુર કુટુંબને વિમા કવચ |
| | કુદરતી મૃત્યુના કિસ્સામાં વારસદારને સહાય રૂ.૩૦,૦૦૦. |
| | આકસ્મિક મૃત્યુના કિસ્સામાં વારસદારને સહાય રૂ.૭૫,૦૦૦. |
| | કાયમી વિકલાંગતાના કિસ્સામાં સહાય રૂ.૭૫,૦૦૦ |
| | આંશિક વિકલાંગતાના કિસ્સામાં સહાય રૂ.૭૫૦૦. |
| અમલીકરણ કચેરી : | રાજ્ય સ્તરે - લાઇફ ઇન્શોરન્સ કંપની (LIC) , શ્રમ અને રોજગાર વિભાગ |
| ફંડીંગ પેટર્ન ( ટકાવારીમાં) : | રાજ્ય : ૫૦ કેન્દ્રિય : ૫૦ |
| અપેક્ષિત લાભ: | ગરીબી નીચે જીવતા જમીન વિહોણા ખેત મજૂર કુટુંબોને વીમા કવચની સુરક્ષા મળશે. |

| | |
|---|---|
| **યોજનાનું નામ :** | **HSG-49**<br>**૭૧-૨૨૧૬-03-૧૦૫-0૧**<br>**૯૫-૨૨૧૬-03-૧૦૫-0૧**<br>**૯૬-૨૨૧૬-03-૭૯૬-૧૪**<br>**પ્રધાનમંત્રી આવાસ યોજના - ગ્રામીણ** |
| ઘટકો અને પ્રવૃત્તિઓ : | આ યોજનામાં ગ્રામીણ વિસ્તારમાં વસતાં મકાન વિહોણા અથવા કાચુ ઘર ધરાવતાં અને પોતાના નામે પ્લોટ ધરાવતાં લાભાર્થી કુટુંબો પોતાનું ઘર બનાવી શકે તે માટે મકાન સહાય આપવામાં આવે છે. મનરેગા સાથે કન્વર્ઝન હેઠળ લાભાર્થીને ૯૦ દિવસ સુધી સવેતન મજુરીનો લાભ મળી શકે છે. |
| સંભવિત લાભાર્થીઓ : | એસઈસીસી-૨૦૧૧ ની વંચિતતાની યાદીમાં સમાવેશ થયેલાં લાભાર્થી કુટુંબો.<br>ગ્રામીણ વિસ્તારમાં રહેતા મકાન વિહોણા અથવા કાચુ ઘર ધરાવતાં અને પોતાના નામે પ્લોટ ધરાવતાં લાભાર્થી કુટુંબો. |
| સહાયનું પ્રમાણ : | પ્રત્યેક ઘર દીઠ રૂ. ૧,૨૦,૦૦૦/- |
| અમલીકરણ કચેરી : | રાજ્ય સ્તરે - કમિશ્નરશ્રી ગ્રામ વિકાસ કચેરી |
| | જિલ્લા સ્તરે - જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી |

| | |
|---|---|
| | તાલુકા સ્તરે - તાલુકા પંચાયત કચેરી |
| ફંડીંગ પેટર્ન ( ટકાવારીમાં) : | રાજ્ય : ૪૦ % કેન્દ્રિય : ૬૦% |
| અપેક્ષિત લાભ : | પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રા) હેઠળ, વર્ષ ૨૦૧૮-૧૯ માં એક લાખ ઘરોનું કુલ લક્ષ્ય નિર્માણ થવાની ધારણા છે. |

| | |
|---|---|
| **યોજનાનું નામ :** | **WSS - 33**<br>**૭૧-૨૨૧૫-૦૨-૧૦૫-૦૧**<br>**૯૫-૨૨૧૫-૦૨-૧૦૫-૦૪**<br>**૯૬-૨૫૦૧-૦૬-૭૯૬-૦૩**<br>**સ્વચ્છ ભારત મીશન - ગ્રામીણ** |
| ઘટકો અને પ્રવૃત્તિઓ : | સ્વચ્છતા લક્ષીકામોઃ ખુલ્લામાં શૌચ મુકત ગુજરાત બનાવવા વ્યકિગત શૌચાલય, સામુહિક શૌચાલય, ધન-પ્રવાહી કચરાના નિકાલના વ્યવસ્થાપનની કામગીરી તેમજ આઇ.ઇ.સી.ની પ્રવૃતિઓ |
| સંભવિત લાભાર્થીઓ : | પાત્રતા ધરાવતાં લાભાર્થીઓ. |
| સહાયનું પ્રમાણ : | રૂ.૧૨,૦૦૦ પ્રતિ શૌચાલય તેમજ સામુહિક શૌચાલયના રૂ.૨.૦૦ લાખ પ્રતિ યુનીટ અને માર્ગદર્શક સુચના અનુસાર ધન અને પ્રવાહીકચરાના નિકાલ માટે કુંટુબની સંખ્યાના આધારે રૂ.૭.૦૦ લાખ થી રૂ.૨૦.૦૦ લાખ સુધીની ગ્રામ પંચાયતને પ્રોત્સાહક સહાય. |
| અમલીકરણ કચેરી : | રાજ્ય સ્તરે - કમિશ્નરશ્રી ગ્રામ વિકાસ કચેરી |
| | જિલ્લા સ્તરે - જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી |
| | તાલુકા સ્તરે - તાલુકા વિકાસ કચેરી |
| ફંડીંગ પેટર્ન ( ટકાવારીમાં) : | રાજ્ય : ૪૦ કેન્દ્રિય : ૬૦ |
| અપેક્ષિત લાભ : | વ્યકિતગત શૌચાલય થકી ગ્રામીણ વિસ્તારમાં રહેતા કુંટુબોનું જીવન ધોરણોમાં સુધારો થશે.<br>ગ્રામ સ્વચ્છતા જળવતાં લોકોના આરોગ્યમાં સુધારો જોવા મળશે.<br>ગ્રામીણ વિસ્તારમાં સફાઇના પરીણામે ગ્રામ્ય જીવનના ધોરણમાં સુધારો થશે. |

| | |
|---|---|
| **યોજનાનું નામ :** | **સી.ડી.પી.-૧**<br>**૭૦-૨૫૧૫-૦૦-૮૦૦-૦૯**<br>**૭૦-૨૫૧૫-૦૦-૮૦૦-૧૦**<br>**માહિતી અને ટેકનોલોજી (ઇ-ગ્રામ)** |
| ઘટકો અને પ્રવૃત્તિઓ : | • ગ્રામ કક્ષાએથી ખેડૂતોને ૭/૧૨ ૮-અ ના ઉતારા, જન્મ મરણનુ પ્રમાણપત્ર, આવકનુ પ્રમાણપત્ર, જાતિ અને ચારીત્ર્ય પ્રમાણપત્ર, રહેઠાણનું પ્રમાણપત્ર, સરકારી વિવિધ યોજનાઓના ફોર્મ / અરજીપત્રકોની ઉપલબ્ધતા, વિજળી ટેલિફોનના બીલના ચૂકવણાની |

| | |
|---|---|
| | વ્યવસ્થા.<br>• યોજનાઓના પ્રચાર પ્રસાર માટે કે.યુ. બેન્ડ / બાયસેગ મારફતે તાલીમ આપવી. |
| સંભવિત લાભાર્થીઓ: | ગ્રામજનો |
| સહાયનું પ્રમાણ : | - |
| અમલીકરણ કચેરી : | જિલ્લા પંચાયત |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) : | રાજ્ય: ૧૦૦ કેન્દ્રિય: - |
| અપેક્ષિત આઉટકમ : | • તમામ વિભાગોની યોજનાઓની માહિતી માટે ગ્રામજનોને ઇ-ગ્રામ મારફતે વ્યવસ્થા<br>• તમામ સેવાઓનુ અમલીકરણ અને ઉપલબ્ધતા ઇ-ગ્રામ મારફતે જ.<br>• ગ્રામના યુવાનોને ગામમાં જ રોજગારીની તક.<br>• ગ્રામપંચાયતને પણ ઇ-ગ્રામ દ્વારા આપવામાં આવતી સેવાઓથી આર્થિક ઉપલબ્ધી |

| | |
|---|---|
| **યોજનાનું નામ :** | **સી.ડી.પી.-૨, મોજણી, અભ્યાસ, અન્ય પ્રવૃત્તિઓ, ગરીબ કલ્યાણ મેળા**<br>**૭૦-૨૫૧૫-૦૦-૮૦૦-૦૫**<br>**૭૦-૨૫૧૫-૦૦-૮૦૦-૦૬** |
| ઘટકો અને પ્રવૃત્તિઓ : | • રાજ્યમાં અમલમાં મુકાયેલ વિવિધ યોજનાઓનું સ્વૈચ્છીક સંસ્થાઓ પાસે મુલ્યાંકન કરાવી સુચનો મેળવી તેના આધારે યોજનાઓમાં જરૂરી સુધારા કરવા.<br>• રાજ્ય સરકારની વિવિધ વ્યક્તિલક્ષી સમૂહલક્ષી યોજનાઓની જાણકારી ગ્રામજનો સુધી પહોંચે તે માટે તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવું. યોજનાકીય સાહિત્ય છપાવવુ, બહોળા પ્રમાણમાં પ્રચાર પ્રસાર કરી ગ્રામજનોને યોજનાકીય લાભોથી માહિતગાર કરવા.<br>• ગ્રામકક્ષાએ સરકારના વિવિધ વિભાગોની વિવિધ વ્યક્તિલક્ષી યોજનાઓનો લાભ કોઇપણ વચેટીયા વગર સીધો જ લાભાર્થીને મળે તે માટે એક સ્થળે ગ્રામકલ્યાણ મેળાનુ સુચારૂ વ્યવસ્થિત આયોજન |
| સંભવિત લાભાર્થીઓ: | સરકારના વિવિધ વિભાગોની વિવિધ વ્યક્તિલક્ષી યોજનાઓના લાભાર્થીઓ |
| સહાયનું પ્રમાણ : | સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ |
| અમલીકરણ કચેરી : | જિલ્લા પંચાયત |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) : | રાજ્ય: ૧૦૦ કેન્દ્રિય: - |
| અપેક્ષિત આઉટકમ : | • યોજનાઓ વિષે જાગૃતિ, યોજનાઓનો લાભ લેનાર સંખ્યામા વધારો, તાલીમસરપંચો, પદાધિકારીઓનુ પણ જ્ઞાન સંવર્ધન,<br>• વિવિધ વિભાગોની યોજનાઓનો લાભાર્થીઓને ગરીબ કલ્યાણ મેળા દ્વારા વ્યક્તિલક્ષી યોજનાઓનો એક જ સ્થળે સીધો લાભ. |

| | |
|---|---|
| **યોજનાનું નામ** | **સી.ડી.પી.-૩**<br>**૭૦-૨૫૧૫-૦૦-૧૦-૧૦૯**<br>**૯૬-૨૫૧૫-૦૦-૭૯૬-૦૧**<br>**તાલુકા અને જિલ્લા પંચાયતોનું વહીવટી માળખું સંગીન બનાવવું** |
| ઘટકો અને પ્રવૃત્તિઓ. | • નવા જિલ્લા – તાલુકા પંચાયતના ભવનોના બાંધકામ<br>• જર્જરીત તાલુકા પંચાયત/જિલ્લા પંચાયત બિલ્ડીંગનું બાંધકામ અને રીપેરીંગ અને નવરચિત તાલુકા પંચાયત માટે સ્ટાફ ક્વાર્ટર<br>• જર્જરીત સ્ટાફ ક્વાર્ટર રીપેરીંગ તથા અપુરતા સ્વભંડોળવાળી તાલુકા પંચાયતોને  વાહનની સુવિધાપુરી પાડવી |
| સંભવિત લાભાર્થીઓઃ | જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત |
| સહાયનું પ્રમાણઃ | સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ |
| અમલીકરણ કચેરીઃ | જિલ્લા પંચાયત |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં)ઃ | રાજ્યઃ  ૧૦૦ |
| અપેક્ષિત આઉટકમઃ | • ક્ષેત્રીય અધિકારીઓની હેડક્વાર્ટર ખાતે હાજરી તેમજ ગ્રામ જનોના પ્રશ્નોના ત્વરીત નિકાલ માટે ઉપલબ્ધતા<br>• સુવિધાયુક્ત જિલ્લા પંચાયત / તાલુકા  પંચાયત ભવનોથી કાર્યસ્થળે કામકરવા માટે યોગ્ય વાતાવરણની ઉપલબ્ધતા<br>•  અપુરતા સ્વભંડોળવાળી તાલુકા પંચાયતોને  વાહનની સુવિધાપુરી પાડવાના લીધે ક્ષેત્રીય અધીકારીઓને ક્ષેત્રીય કામગીરી અને સતત લોકસંપર્ક માટે  પ્રેરક |

| | |
|---|---|
| **યોજનાનું નામઃ** | **સી.ડી.પી.-૪, સર્વોદય યોજના**<br>**૭૦-૨૫૧૫-૦૦-૧૦૨-૦૩**<br>**૯૫-૨૫૧૫-૦૦-૮૦૦-૦૧**<br>**૯૬-૨૫૧૫-૦૦-૭૯૬-૦૪** |
| ઘટકો અને પ્રવૃત્તિઓઃ | ગ્રામ કક્ષાએ વ્યકિતલક્ષી યોજનાના પ્રચાર પ્રસાર માટે ખેતીવાડી, પશુપાલન, ખાદીગ્રામોધોગ, પ્રોઢશિક્ષણ,જેવા અગત્યના મુદ્દાઓ માટે વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા ઉપયોગી થઇ રાજયની સર્વોદય સંસ્થાઓને વહીવટી અને આર્થિક સહાય  પુરો પાડવો. |
| સંભવિત લાભાર્થીઓઃ | સર્વોદય સંસ્થાઓ |
| સહાયનું પ્રમાણઃ | સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ |
| અમલીકરણ કચેરીઃ | સર્વોદય કેન્દ્ર |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં)ઃ | રાજ્યઃ  ૧૦૦ કેન્દ્રિયઃ - અન્યઃ  - |
| અપેક્ષિત આઉટકમઃ | રાજયની સર્વોદય સંસ્થાઓને વહીવટી અને આર્થિક સપોટ પુરો પાડવો. |

| | |
|---|---|
| **યોજનાનું નામઃ** | **સી.ડી.પી.-૫**<br>**૭૦-૨૫૧૫-૦૦-૧૦૨-૦૪** |

| | |
|---|---|
| | **૯૬-૨૫૧૫-૦૦-૭૯૬-૦૭**<br>**પંચાયત ઘર અને તલાટી કમ મંત્રી માટે આવાસ યોજના** |
| ઘટકો અને પ્રવૃત્તિઓઃ | • નવી ગ્રામ પંચાયત બિલ્ડીંગ નું બાંધકામ<br>• જર્જરીત ગ્રામ પંચાયતનું રીપેરીંગ |
| સંભવિત લાભાર્થીઓઃ | ગ્રામ પંચાયત |
| સહાયનું પ્રમાણઃ | સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ |
| અમલીકરણ કચેરીઃ | જિલ્લા પંચાયત |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં)ઃ | રાજ્યઃ ૧૦૦ |
| અપેક્ષિત આઉટકમઃ | • સુવિધાયુક્ત પંચાયત ઘરોની ઉપલબ્ધિથી કામગીરીના સ્થળે કર્મચારી/અધિકારીમાટે સાનુકૂળ વાતાવરણ.<br>• ક્ષેત્રીય કર્મચારીઓની ગ્રામકક્ષાએ સતત હાજરીથી ગ્રામજનોના પ્રશ્નોના ત્વરિત નિકાલ અને અધિકારી/પદાધિકારીઓ/ગ્રામજનો વચ્ચે સૂમેળભર્યુ વાતાવરણ. |

| | |
|---|---|
| **યોજનાનું નામઃ** | **સી.ડી.પી.-૯**<br>**૭૦ ૨૫૧૫ ૦૦ ૧૦૨ ૦૬**<br>**તીર્થ ગામ- પાવન ગામ** |
| ઘટકો અને પ્રવૃત્તિઓઃ | • જે ગામમાં છેલ્લા ત્રણ વર્ષથી ગુનો થયો ન હોય તે ગામને તીર્થ ગામ અને છેલ્લા પાંચ વર્ષથી ગુનો થયો ન હોય તે ગામને પાવન ગામનો એવોર્ડ<br>• તીર્થ ગામને રૂ.૨૦૦૦૦૦/- અને પાવન ગામને રૂ.૧૦૦૦૦૦/- નો એવોર્ડ<br>• વાદ વિવાદનો ઉકેલ ચર્ચાથી |
| સંભવિત લાભાર્થીઓઃ | ગ્રામ પંચાયત |
| સહાયનું પ્રમાણઃ | સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ |
| અમલીકરણ કચેરીઃ | જિલ્લા પંચાયત |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં)ઃ | રાજ્યઃ ૧૦૦ |
| અપેક્ષિત આઉટકમઃ | સામાજિક સદભાવના અને સર્વાંગી વિકાસ. |

| | |
|---|---|
| **યોજનાનું નામઃ** | **સી.ડી.પી.-૧૦**<br>**૭૦ ૨૫૧૫ ૦૦ ૧૦૨ ૦૭**<br>**૯૫ ૨૫૧૫ ૦૦ ૮૦૦ ૦૫**<br>**૯૬ ૨૫૧૫ ૦૦ ૭૯૬ ૧૫**<br>**પંચવટી અને ગૌચર વિકાસ યોજના** |
| ઘટકો અને પ્રવૃત્તિઓઃ | ગામમાં કુદરતી સાઇટસ માટે વિકાસ અને ગૌચરની જમીન નો વિકાસ |
| સંભવિત લાભાર્થીઓઃ | ગ્રામ પંચાયત |
| સહાયનું પ્રમાણઃ | સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ |

| | |
|---|---|
| અમલીકરણ કચેરીઃ | જિલ્લા પંચાયત |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં)ઃ | રાજ્યઃ ૧૦૦ |
| અપેક્ષિત આઉટકમઃ | • સાંસ્કૃતિક વારસા પ્રત્યે આસ્થા જળવાઇ રહે, બાળકો માટે પર્યાવરણ ઉપયોગી પ્રવૃતિના સમજણ માટેનુ સ્થળ બને.<br>• ગૌચરની પડતર કે ખાલી જમીન પર દબાણો અટકશે અને ગ્રામ્ય કક્ષાએ પશુઓને ઘાસચારો મળી રહે.<br>• આયુર્વેદિક ઔષધિઓ રોપવાથી જમીનની ફળદ્રુપતા વધે |

| | |
|---|---|
| **યોજનાનું નામઃ** | **સી.ડી.પી.-૧૧**<br>**૭૦-૨૫૧૫-૦૦-૮૦૦-૦૧**<br>**૭૦-૨૫૧૫-૦૦-૮૦૦-૦૧**<br>**પંચાયતીરાજ માટે ઇ.વી.એમ. અને સમરસ** |
| ઘટકો અને પ્રવૃત્તિઓઃ | • પંચાયતોની ચૂંટણી માટે ઇ.વી.એમ. મશીનની ખરીદી.<br>• સમરસ યોજના હેઠળ ગામમાં પીવાના પાણીની યોજના, સ્ટ્રીટ લાઇટની સુવિધા, આંતરિક એપ્રોચ રસ્તાઓ, પ્રાથમિક શાળાના ઓરડાઓ, જાહેર શૌચાલયો જેવા સામૂહિક વિકાસના કામો |
| સંભવિત લાભાર્થીઓઃ | ગ્રામ પંચાયત |
| સહાયનું પ્રમાણઃ | સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ |
| અમલીકરણ કચેરીઃ | ગ્રામ પંચાયત |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં)ઃ | રાજ્યઃ ૧૦૦ કેન્દ્રિયઃ - અન્યઃ - |
| અપેક્ષિત આઉટકમઃ | • વાદ વિવાદ વગર માત્ર સંવાદથી જ ગ્રામપંચાયતોની ચૂંટણી , ગ્રાન્ટમાંથી ગામમાં સામૂહિક વિકાસના કામો કરવાના હોઇ વધારે લોકોને સેવાઓનો લાભ મળે. |

| | |
|---|---|
| **યોજનાનું નામઃ** | **સી.ડી.પી.-૧૨**<br>**૭૦-૨૫૧૫-૦૦-૧૯૮-૦૧**<br>**વ્યવસાયિક કર માટે ગ્રામ પંચાયતોને ૫૦ ટકા સહાયક અનુદાન** |
| ઘટકો અને પ્રવૃત્તિઓઃ | રાજ્ય સરકાર દ્વારા વ્યવસાય વેરાના કુલ કલેક્શનના ૫૦% રકમ પંચાયતી રાજ સંસ્થાઓને ગ્રાન્ટ ઇન એઇડ તરીકે |
| સંભવિત લાભાર્થીઓઃ | ગ્રામ પંચાયત |
| સહાયનું પ્રમાણઃ | સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ |
| અમલીકરણ કચેરીઃ | ગ્રામ પંચાયત |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં)ઃ | રાજ્યઃ ૧૦૦ |
| અપેક્ષિત આઉટકમઃ | નબળી સ્વભંડોળવાળી ગ્રામપંચાયતોને આર્થિક રીતે સપોર્ટતેમજ વધારે વ્યવસાયીક વેરો ઉઘરાવવા પ્રોત્સાહીત થાય |

| | |
|---|---|
| **યોજનાનું નામઃ** | **સી.ડી.પી.-૧૪** |

| | |
|---|---|
| | ૭૦-૨૫૧૫-૦૦-૮૦૦-૦૩<br>**સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ અને મહાત્મા ગાંધી સ્વચ્છતા મીશન** |
| ઘટકો અને પ્રવૃત્તિઓઃ | • ગામમાં પીવાના સ્વચ્છ પાણી ઉપલબ્ધ કરાવવું<br>• ગામની બહાર ગાયનું છાણ અને કચરો નાખવા માટેની વ્યવસ્થા કરવી<br>• સફાઇ વેરો દાખલ કરવો અને સ્વચ્છતાની પરિસ્થિતિમાં સુધારો લાવવો<br>• શાળા કોલેજો અને કચેરીઓની નજીક પે એન્ડ યુઝ ટોઇલેટ બનાવવા<br>• માહિતી શિક્ષણ અને પ્રસાર પ્રવૃત્તિઓ<br>• નવા વ્યક્તિગત અને સામૂહિક સૌચાલયોનું બાંધકામ કરવું<br>• નિર્મળ ગુજરાત માટે યોગ્ય વાતાવરનનું સર્જન કરવું<br>• ગામથી યોગ્ય અંતરે પશુ આશ્રય સ્થાન બનાવવા |
| સંભવિત લાભાર્થીઓઃ | ગ્રામ પંચાયત |
| સહાયનું પ્રમાણઃ | સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ |
| અમલીકરણ કચેરીઃ | જિલ્લા પંચાયત |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં)ઃ | રાજ્યઃ ૧૦૦ |
| અપેક્ષિત આઉટકમઃ | • ગંદકી મૂકત અને રોગચાળા મૂકત ગામોનું નિર્માણ<br>• સફાઇ વેરો ઉઘરાવવા માટે પ્રોત્સાહન<br>• સ્વચ્છતા લક્ષી કામો કરવા માટે ગ્રામ પંચાયતો પાસે પોતાનું અલગ ભંડોળ અને ગ્રાંટની ઉપલબ્ધતા<br>• કુદરતી આપત્તીના સમયે સ્વચ્છતા જાળવવા |

| | |
|---|---|
| **યોજનાનું નામઃ** | **સી.ડી.પી.-૧૭**<br>**૭૦-૨૫૧૫-૦૦-૧૦૨-૦૯**<br>**૯૫-૨૫૧૫-૦૦-૮૦૦-૦૮**<br>**૯૬-૨૫૧૫-૦૦-૭૯૬-૨૦**<br>**રૂર્બન અને સ્માર્ટ વિલેજ યોજના** |
| ઘટકો અને પ્રવૃત્તિઓઃ | • પ્રોજેકટ અંતર્ગત ગટર રસ્તા, પીવાના પાણી, વીજળી, વિસ્તાર વિકાસ, શૈક્ષણિક સુવિધાઓ, વગેરે માળખાકીય સુવિધાઓ ઉભી કરવી.<br>• ગ્રામપંચાયતો પોતે પોતાની જવાબદારી અને દિર્ઘદ્રષ્ટ્રીથી આયોજન કરી, પોતાના ગામનો વિકાસ પ્લાન બનાવી, પોતાના ગામના નાગરિકોની સુખાકારીમાં વધારો કરી શકે |
| સંભવિત લાભાર્થીઓઃ | ગ્રામજનો |
| સહાયનું પ્રમાણઃ | સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ |
| અમલીકરણ કચેરીઃ | જિલ્લા પંચાયત |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં)ઃ | રાજ્યઃ ૧૦૦ |
| અપેક્ષિત આઉટકમઃ | • ગ્રામ્ય વસ્તીનું શહેર તરફ સ્થળાતર અટકશે.<br>• ગ્રામ્ય કક્ષાએ જ શહેર જેવી સુવિધાઓ ઉપલબ્ધ થશે. |

| | |
|---|---|
| | • ગટર વ્યવસ્થાના લીધે ગામમાં સ્વચ્છતા જળવાશે.<br>• ગ્રામપંચાયતોનો આર્થિક, સામાજિક, માનવ વિકાસ સામુદાયિક સુવિધાઓની દ્રષ્ટ્રીએ સર્વાંગી વિકાસ |

| | |
|---|---|
| **યોજનાનું નામઃ** | **સી.ડી.પી.-૧૮**<br>**૭૦ ૨૫૧૫ ૦૦ ૧૦૨ ૧૦**<br>**ગ્રામ પંચાયતો માટે સીડ મની** |
| ઘટકો અને પ્રવૃત્તિઓઃ | • ચોક્કસ ગૃપ દ્વારા ગામના વિકાસ માટે ખાસ મીટીંગ યોજવી<br>• બેસ્ટ ગ્રામ પંચાયતની હરીફાઇ યોજવામાં આવે અને વિજેતા ગ્રામ પંચાયતને પ્રોત્સાહન આપવામાં આવે.<br>• આ યોજના હેઠળ ગામના વિકાસ અંગેની મીટીંગ યોજવામાં આવશે અને તે અંગે ચર્ચા થશે તેમજ આ મીટીંગ માટેના ખર્ચ માટે ખાસ જોગવાઇ કરવામાં આવશે. |
| સંભવિત લાભાર્થીઓઃ | ગ્રામ પંચાયત |
| સહાયનું પ્રમાણઃ | સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ |
| અમલીકરણ કચેરીઃ | જિલ્લા પંચાયત |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં)ઃ | રાજ્યઃ ૧૦૦ |
| અપેક્ષિત આઉટકમઃ | ગ્રામપંચાયતો પોતાની રીતે પોતાના ગામનો વિકાસ કરવા માટે સતત પ્રેરીત થાય અને પ્રોત્સાહન મેળવે. |

| | |
|---|---|
| **યોજનાનું નામ :** | **CDP – 20**<br>**૭૧-૨૫૦૫-૦૨-૧૦૧-૦૧**<br>**૯૫-૨૫૦૫-૦૧-૭૦૨-૦૩**<br>**૯૬-૨૫૦૫-૦૧-૭૯૬-૦૪**<br>**વૃદાંવન ગામ** |
| ઘટકો અને પ્રવૃત્તિઓ : | ગામોની જરૂરીયાત અનુસારની પ્રવૃતીઓ હાથ ધરવામાં આવશે. |
| સંભવિત લાભાર્થીઓ : | પસંદ કરવામાં આવેલ ૨૫૦ ગામોમાં વસવાટ કરતાં લોકો. |
| સહાયનું પ્રમાણ : | .. |
| અમલીકરણ કચેરી : | રાજ્ય સ્તરે - કમિશ્નરશ્રી ગ્રામ વિકાસ કચેરી - ગુજરાત લાઇવ્લીહુડ પ્રમોશન કંપની લીમીટેડ |
| | જિલ્લ્લા સ્તરે - જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી |
| | તાલુકા સ્તરે - તાલુકા વિકાસ કચેરી |
| ફંડીંગ પેટર્ન ( ટકાવારીમાં) : | રાજ્ય : ૧૦૦ કેન્દ્રિય : અન્ય : ..... |
| અપેક્ષિત લાભ: | પસંદ થયેલા ગામોને જરૂરી સુવિધાવાળું વાતાવરણ ઊભું થશે. |
| | વૃદાંવન ગ્રામ બનાવવાની આ યાત્રા માટે ગ્રામ સામાજિક મૂડી દ્વારા એક |

| | |
|---|---|
| | આંતરિક ચળવળ ઊભી થશે. |
| | પ્રવાસીઓ વૃદાંવન ગ્રામની મુલાકાત લેશે. |

| | |
|---|---|
| **યોજનાનું નામ :** | **CDP – 21, ૭૧-૨૫૦૫-૬૦-૭૦૩-૦૧**<br>**ગ્રામીણ વિસ્તારના કુટુંબોને વંચિતતા મુક્ત કરવા માટેનો કાર્યક્રમ** |
| ઘટકો અને પ્રવૃત્તિઓ : | તાલીમ અને કાર્યશાળા |
| | સમીક્ષા અને સંકલન |
| | ગ્રામ્ય લોકોને આજીવિકા માટે તાલીમ આપતી વિવિધ યોજના/કાર્યક્રમો સાથે સાંકળવામાં આવશે. |
| સંભવિત લાભાર્થીઓ : | ૨૦૦૦૦ પરીવારો |
| સહાયનું પ્રમાણ : | ........ |
| અમલીકરણ કચેરી : | રાજ્ય સ્તરે - કમિશ્નરશ્રી ગ્રામ વિકાસ કચેરી |
| | જિલ્લા સ્તરે - જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી |
| | તાલુકા સ્તરે - તાલુકા વિકાસ કચેરી |
| ફંડીંગ પેટર્ન ( ટકાવારીમાં) : | રાજ્ય : ૧૦૦ કેન્દ્રિય : અન્ય : ..... |
| અપેક્ષિત લાભ: | ૪ કરતાં વધુ વંચિતતા ધરાવતા કુટુંબો તથા અતિ તીવ્ર વંચિતતા ધરાવતા કુટુંબોને તેઓની રસરૂચિ અનુસાર જરૂરિયાત મુજબની તાલીમ મળતા તેઓને આજીવિકા સરળતાથી મળી રહેશે. |

| | |
|---|---|
| **યોજનાનું નામઃ** | **એચ.એસ.જી.-૧ , સરદાર આવાસ યોજના-૨**<br>**૭૧-૨૨૧૬-૦૩-૧૦૨-૦૪**<br>**૯૫-૨૨૧૬-૦૩-૮૦૦-૦૧**<br>**૯૬-૨૨૧૬-૦૩-૭૯૦-૧૨** |
| ઘટકો અને પ્રવૃત્તિઓઃ | • ગુણવતાવાળુ આવાસ બાંધકામ<br>• કાચા આવાસ ધરાવતા એ.પી.એલ. લાભાર્થીઓને રૂ. ૧ લાખની યુનિટ કોસ્ટમાં સામે રૂ|. ૪૦૦૦૦/- ની સબસીડી |
| સંભવિત લાભાર્થીઓઃ | કાચા આવાસ ધરાવતા એ.પી.એલ. લાભાર્થીઓને |
| સહાયનું પ્રમાણઃ | રૂ.૪૦,૦૦૦/- |
| અમલીકરણ કચેરીઃ | તાલુકા પંચાયત |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં)ઃ | રાજ્યઃ ૧૦૦ % |
| અપેક્ષિત આઉટકમઃ | • કાચા આવાસ ધરાવતા તમામ ૨૧ થી ઉપરના ગુણાંક ધરાવતા એ.પી.એલ. લાભાર્થીઓ ને લાભ. |

| | |
|---|---|
| **યોજનાનું નામઃ** | **એચ.એસ.જી.-૩**<br>**૭૧ ૨૨૧૬ ૦૩ ૧૦૩ ૦૫**<br>**૯૫ ૨૨૧૬ ૦૩ ૮૦૦ ૦૪** |

| | |
|---|---|
| | **૯૬ ૨૨૧૬ 0૩ ૭૯૬ ૧૭**<br>**જમીન સંપાદન અને માળખાગત સુવિધાઓ** |
| ઘટકો અને પ્રવૃત્તિઓઃ | • ગ્રામ કક્ષાએ જમીન સંપાદન દ્વારા જમીનની ઉપલબ્ધતા કરાવવી અને તે માટે ગ્રાંટ આપવી.<br>• દર વર્ષે આશરે ૪00 આવાસોને યોજના હેઠળ આવરી લેવા<br>• ઓછામાં ઓછા ૧૫ આવાસોથી કોલોનીનું નિર્માણ કરવું<br>• આવાસ સંકુલમાં અન્ય યોજનાઓના સમન્વયથી પીવાનું પાણી વીજળી રસ્તા જેવી સુવિધા પુરી પાડવી<br>• યોગ્યતા ધરાવતા ઘર વિહોણા / જમીન વિહોણા પરિવારોને જમીન પુરી પાડવી |
| સંભવિત લાભાર્થીઓઃ | • પ્લોટ વિહોણા કુટુંબોને પ્લોટની ફાળવણી |
| સહાયનું પ્રમાણઃ | સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ |
| અમલીકરણ કચેરીઃ | તાલુકા પંચાયત |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં)ઃ | રાજ્યઃ ૧00% |
| અપેક્ષિત આઉટકમઃ | • પ્લોટ વિહોણા કુટુંબોને પ્લોટ ફાળવવા<br>• આવાસ કોલોનીમાં વસતા કુટુંબોને પાયાની પ્રાથમિક સુવિધાઓ જેવી કે ગટર વ્યવસ્થા વીજળીકરણ આંતરીક રસ્તા પીવાના પાણીની ઉપલબધી |

| | |
|---|---|
| **યોજનાનું નામઃ** | **એચ.એસ.જી.-૪**<br>**૭૧ ૨૨૧૬ 0૩ ૧0૨ 0૬**<br>**૯૫ ૨૨૧૬ 0૩ ૧0૨ 0૧**<br>**૯૬ ૨૨૧૬ 0૩ ૭૯૬ ૧૮**<br>**જમીન વિકાસ** |
| ઘટકો અને પ્રવૃત્તિઓઃ | જમીન વિકાસ/ જમીન સમથળ કરવા માટે |
| સંભવિત લાભાર્થીઓઃ | પ્લોટ વિહોણા પાત્રતા ધરાવતા કુટુંબો |
| સહાયનું પ્રમાણઃ | સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ |
| અમલીકરણ કચેરીઃ | તાલુકા પંચાયત |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં)ઃ | રાજ્યઃ ૧00 |
| અપેક્ષિત આઉટકમઃ | લાભ આપવા પાત્ર કુટુંબોને સ્વખર્ચે નહીં પરંતુ સરકારી ગ્રાંટ થી પ્લોટ લેવલીંગની સુવિધા મળી રહેશે. |

| | |
|---|---|
| **યોજનાનું નામ :** | **RDD-14**<br>**૭૧-૨૫0૫-૬0-૭0૩ 0૨**<br>**મીશન અંત્યોદય (નવી બાબત )** |

| | |
|---|---|
| ઘટકો અને પ્રવૃતિઓ : | ૨૦૦૭-૦૮ના વર્ષથી આઇ.ડી.ડી.પી. પ્રોજેક્ટ અમલમાં છે. જેમાં બી.પી.એલ. આદિવાસી મહિલા લાભાર્થીઓની આવક વધારવા ડેરી ઉદ્યોગ, પશુ ખરીદી, પશુ વીમા, પશુ બીજદાન આપવામાં આવે છે.લાભાર્થીઓને તાલીમ જરૂરી સાધનો વાજબી ભાવે ઉપલબ્ધ કરવામાં આવશે. ખાતર અને બિયારણ પુરૂ પાડવામાં આવે છે. આ ઉપરાંત વાડી યોજનાનો અમલ કરવામાં આવે છે. | | | | |
| સંભવિત લાભાર્થીઓ : | ૭૪,૫૪૦ લાભાર્થી, ૧૫૬૦૦ ખેડુત | | | | |
| સહાયનું પ્રમાણ : | યોજના મુજબ | | | | |
| અમલીકરણ કચેરી : | ડી-સેગ/પ્રાયોજના વહીવટદારશ્રીઓ | | | | |
| ફંડીંગ પેટર્ન | રાજ્ય : | ૧૦૦ | કેન્દ્રિય: | | અન્ય: |
| અપેક્ષિત આઉટકમ : | સામાજેક અને આર્થિક વિકાસ, વ્યક્તિગત આવકમાં વધારો થાય તેમજ વ્યક્તિગત રોજગારી / નોકરી મેળવવા સરળતા | | | | |

| | |
|---|---|
| યોજનાનું નામ : | વીકેવાય-૧:<br>૯૩-૨૨૨૫-૦૨-૨૭૭-૦૧, ૯૬-૨૨૨૫-૦૨-૭૯૬-૦૨<br>પ્રી-મેટ્રીકમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને ગુણવત્તાયુકત શિક્ષણ આપવા |

| | |
|---|---|
| | માટેની યોજના (શિષ્યવૃત્તિ, ગણવેશ, સાયકલ અને સ્ટાઈપેન્ડ) |
| ઘટકો અને પ્રવૃતિઓ : | ધોરણ ૧ થી ૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને નક્કી થયેલ દરથી શિષ્યવૃતિ, ધોરણ ૯માં અભ્યાસ કરતી કન્યાઓને સાયક્લ ભેટ, ધોરણ ૧ થી ૧૦ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ગણવેશ સહાય, આઇ.ટી.આઇ.માં અભ્યાસ કરતા તાલીમાર્થીઓને સ્ટાઇપેન્ડ, નામાંકિત શાળાઓમાં પ્રવેશ મેળવતા અનુ.જનજાતિના વિદ્યાર્થીઓને ટેલેન્ટ પુલ સ્કુલ વાઉચર આપવામાં આવે છે. |
| સંભવિત લાભાર્થીઓ : | ૨૭,૩૩,૩૩૩ વિદ્યાર્થી, ૪૫,૭૦૦ કન્યાઓ, ૩૦,૦૦૦ તાલીમાર્થી,<br>૧૩૦૦ તેજસ્વી વિદ્યાર્થી |
| સહાયનું પ્રમાણ : | ધો. ૧ થી ૮ રૂ .૫૦૦/ વાર્ષિક. (છોકરાઓ)<br>ધો. ૯ થી ૧૦ રૂ .૭૫૦ / -વાર્ષિક (છોકરાઓ)<br>ધો. ૧ થી ૫ રૂ. ૫૦૦ / - વાર્ષિક (છોકરીઓ)<br>ધો. ૬ થી ૧૦ રૂ .૭૫૦ / -વાર્ષિક ( છોકરીઓ)<br>અનુસૂચિત જનજાતિના આદિમ જૂથોને વધુ પ્રોત્સાહનો પૂરા પાડવાના દૃષ્ટિકોણથી એટલે કે કોલઘા, કોટવાલિયા, કથોડી, પઢાર સિદ્દી, અને સૌથી વધુ પછાત સમુદાયને ખાસ શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.<br>ધો.૧ થી ૮ રૂ .૭૫૦ / વાર્ષિક (છોકરાઓ / છોકરીઓ)<br>ધો. ૯ થી ૧૦ રૂ. ૧૦૦૦ / - વાર્ષિક (છોકરાઓ / છોકરીઓ)<br>મફત સાયકલ<br>યુનિફોર્મ (રકમ રૂ .૩૦૦ / - પ્રતિ વિદ્યાર્થીઓ)<br>ખાનગી શાળા અભ્યાસ કરતા પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને રૂ. ૬૦૦૦૦ / - આપવામાં આવે છે, જેની વાર્ષિક આવક ૨.૦૦ લાખ સુધી છે. |
| અમલીકરણ કચેરી : | મદદનીશ કમિશ્નર/આદિજાતિ વિકાસ અધિકારી (આ.વિ.) |
| ફંડીંગ પેટર્ન | રાજ્ય :૧૦૦ કેન્દ્રિય: અન્ય: |
| અપેક્ષિત આઉટકમ : | અનુ.જનજાતિના લોકોના સાક્ષરતા દરમાં વધારો કરવામાં આવશે. તેમજ અધ વચ્ચે અભ્યાસ છોડી દેનાર કન્યાઓના પ્રમાણમાં ઘટાડો કરવામાં આવશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ : | વીકેવાય-૬<br>૯૩-૨૨૨૫-૦૨-૨૭૭-૦૫, ૯૬-૨૨૨૫-૦૨-૭૯૬-૩૭<br>એસ.એસ.સી.પછીના વિધાર્થીનીઓ માટે રાજય શિષ્યવૃતિઓ |
| ઘટકો અને પ્રવૃતિઓ : | અનુ.જનજાતિની જે કન્યાઓને વાર્ષિક આવક રૂ.૨.૫૦ લાખ કરતા વધુ હોય અને નોકરી કરતી હોવાને કારણે પોસ્ટ મેટ્રિક શિષ્યવૃતિ માટે પાત્ર ન બનતી હોય તેવી કન્યાઓને રાજ્ય સરકારના ભંડોળમાંથી ભારત સરકારના નિયમોનુસાર નિયત કરેલ દરે રાજ્ય સરકારની યોજના હેઠળ શિષ્યવૃતિ ખાનગી નાણાંકીય કોલેજોમાં અભ્યાસ કરતી કન્યાઓને ટ્યુશન ફી |

| | |
|---|---|
| સંભવિત લાભાર્થીઓ : | ૧૧,૦૦૦ વિદ્યાર્થીનીઓ |
| સહાયનું પ્રમાણ : | યોજના મુજબ |
| અમલીકરણ કચેરી : | મદદનીશ કમિશ્નર/આદિજાતિ વિકાસ અધિકારી (આ.વિ.) |
| ફંડીંગ પેટર્ન | રાજ્ય :૧૦૦ કેન્દ્રિય: અન્ય: |
| અપેક્ષિત આઉટકમ | અનુ.જનજાતિના લોકોના સાક્ષરતા દરમાં વધારો કરવામાં આવશે. તેમજ અધ વચ્ચે અભ્યાસ છોડી દેનાર કન્યાઓના પ્રમાણમાં ઘટાડો કરવામાં આવશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ : | વીકેવાય-૭:<br>૯૩-૨૨૨૫-૦૨-૨૭૭-૦૪, ૯૬-૨૨૨૫-૦૨-૭૯૬-૫૯<br>ઉચ્ચ ગુણવતાવાળું ઉચ્ચ શિક્ષણ આપવા માટેની યોજના |
| ઘટકો અને પ્રવૃતિઓ : | ૧. ધોરણ ૧૧ અને ૧૨માં (વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહ) ખાનગી ટ્યુશન સહાય.<br>૨.ભોજનબીલ સહાય.<br>૩. મેડીકલ, એન્જીનિયરીંગ, પોલીટેકનીક, ડિપ્લોમાં કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને શૈક્ષણિક સાધનો ખરીદવા સહાય.<br>૪. મા.શિ.બોર્ડ અને ઉ.મા.શિ.બોર્ડમાં રાજયકક્ષાએ/જિલ્લા કક્ષાએ પ્રથમ આવનાર ત્રણ વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઇનામ. |
| સંભવિત લાભાર્થીઓ : | ૧૪,૪૨૦ વિદ્યાર્થી |
| સહાયનું પ્રમાણ : | ૧. રૂ.૧૫૦૦૦/-અથવા ખરેખર ખર્ચમાંથી જે રકમ ઓછી હોય તે.<br>૨. માસિક રૂ.૧૨૦૦/- લેખે ૧૦ માસ માટે<br>૩. મેડીકલ માટે રૂ.૧૦૦૦૦/-, એન્જીનિયરીં માટે રૂ.૮૦૦૦/- અને ડિપ્લોમાં માટે રૂ.૩૦૦૦/-. |
| અમલીકરણ કચેરી : | મદદનીશ કમિશ્નર/આદિજાતિ વિકાસ અધિકારી (આ.વિ.) |
| ફંડીંગ પેટર્ન(ટકાવારીમાં) : | રાજ્ય :૧૦૦ કેન્દ્રિય: અન્ય: |
| અપેક્ષિત આઉટકમ :<br>(૨૦૦ શબ્દોમાં) | અનુ.જનજાતિના લોકોના સાક્ષરતા દરમાં વધારો કરવામાં આવશે. તેમજ અધ વચ્ચે અભ્યાસ છોડી દેનાર કન્યાઓના પ્રમાણમાં ઘટાડો કરવામાં આવશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ : | વીકેવાય-૧૦:<br>૯૩-૨૨૨૫-૦૨-૨૭૭-૧૧, ૯૬-૨૨૨૫-૦૨-૭૯૬-૦૫<br>સ્વૈચ્છિક સંસ્થાઓને છાત્રાલય સહાયક અનુદાન |
| ઘટકો અને પ્રવૃતિઓ : | ૯૮૪ ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો ધોરણ ૮ થી ૧૨માં અભ્યાસ કરતા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે સ્વૈચ્છિક સંસ્થા ધ્વારા ચલાવવામાં આવે છે. |
| સંભવિત લાભાર્થીઓ : | ૫૦,૦૩૮ વિદ્યાર્થી / વિદ્યાર્થીની |
| સહાયનું પ્રમાણ : | મફત રહેવાની યોજના મુજબ બોડીંગ સુવિધા |

| | |
|---|---|
| અમલીકરણ કચેરી : | મદદનીશ કમિશ્નર/આદિજાતિ વિકાસ અધિકારી (આ.વિ.) |
| ફંડીંગ પેટર્ન | રાજ્ય :૧૦૦ કેન્દ્રિય: અન્ય: |
| અપેક્ષિત આઉટકમ : | અનુ.જનજાતિના લોકોના સાક્ષરતા દરમાં વધારો કરવામાં આવશે. તેમજ અધ વચ્ચે અભ્યાસ છોડી દેનાર કન્યાઓના પ્રમાણમાં ઘટાડો કરવામાં આવશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ : | વીકેવાય-૧૧:<br>૯૩-૨૨૨૫-૦૨-૨૭૭-૦૯,<br>૯૬-૨૨૨૫-૦૨-૭૯૬-૧૦<br>સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચાલતી અનુદાનિત આશ્રમશાળાઓ, ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ) (બાંધકામ) |
| ઘટકો અને પ્રવૃતિઓ : | આશ્રમશાળાઓ સ્વૈચ્છિક સંસ્થાઓ ધ્વારા ગ્રાન્ટ ઇન એઇડના ધોરણે ચાલી રહી છે. હાલમાં ૪૫૨ આશ્રમશાળાઓ અને ૯૫ પોસ્ટ મૂળભુત આશ્રમશાળાઓ રાજ્યમાં ચાલી રહી છે. |
| સંભવિત લાભાર્થીઓ : | ૭૨,૯૯૭ વિદ્યાર્થી / વિદ્યાર્થીની |
| સહાયનું પ્રમાણ : | મફત શિક્ષણ, રહેવા અને યોજના મુજબ બોડીંગ સુવિધા |
| અમલીકરણ કચેરી : | આદિજાતિ વિકાસ અધિકારી (આશ્રમશાળા) (આ.વિ.) |
| ફંડીંગ પેટર્ન | રાજ્ય :૧૦૦ કેન્દ્રિય: અન્ય: |
| અપેક્ષિત આઉટકમ : | અનુ.જનજાતિના લોકોના સાક્ષરતા દરમાં વધારો કરવામાં આવશે. તેમજ અધ વચ્ચે અભ્યાસ છોડી દેનાર કન્યાઓના પ્રમાણમાં ઘટાડો કરવામાં આવશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ : | વીકેવાય-૧૨:<br>૯૩-૨૨૨૫-૦૨-૨૭૭-૧૫,<br>૯૬-૨૨૨૫-૦૨-૭૯૬-૦૯<br>સરકારી છાત્રાલયો અને ડ્રાય હોસ્ટેલોના સ્થાપના અને વિકાસ |
| ઘટકો અને પ્રવૃતિઓ : | સરકારે એસ.એસ.સી.પછી ઉચ્ચ શિક્ષણ માટે રહેવાની અને જમવાની સુવિધા સાથેના છાત્રાલયો |
| સંભવિત લાભાર્થીઓ : | ૧૪,૨૧૦ વિદ્યાર્થી / વિદ્યાર્થીની |
| સહાયનું પ્રમાણ : | મફત રહેવા અને યોજના મુજબ બોડીંગ સુવિધા |
| અમલીકરણ કચેરી : | મદદનીશ કમિશ્નર/આદિજાતિ વિકાસ અધિકારી (આ.વિ.) |
| ફંડીંગ પેટર્ન ( ટકાવારીમાં) : | રાજ્ય :૧૦૦% કેન્દ્રિય: અન્ય: |
| અપેક્ષિત આઉટકમ :<br>(૨૦૦ શબ્દોમાં) | અનુ.જનજાતિના લોકોના સાક્ષરતા દરમાં વધારો કરવામાં આવશે. તેમજ અધ વચ્ચે અભ્યાસ છોડી દેનાર કન્યાઓના પ્રમાણમાં ઘટાડો કરવામાં આવશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ : | વીકેવાય-૧૩:<br>૯૩-૨૨૨૫-૦૨-૨૭૭-૨૭<br>સમરસ છાત્રાલય અને કામ કરતી મહિલાઓ માટે છાત્રાલય |
| ઘટકો અને પ્રવૃતિઓ : | મુખ્ય શૈક્ષણિક કેમ્પસ અમદાવાદ, સુરત, વડોદરા, ભાવનગર, વલ્લભ વિદ્યાનગર અને રાજકોટ મળી ગુજરાતમાં કુલ ૬ મેગા હોસ્ટેલ્સ (૧૨૦૦૦ વિદ્યાર્થીઓની ક્ષમતા) શહેરી વિસ્તારોમાં સમાજના વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓ માટે છાત્રાલયની સુવિધા કરવામાં આવી રહી છે. વડોદરા અને સુરત ખાતેના બે છાત્રાલય માટે આદિજાતિ વિકાસ વિભાગ ધ્વારા જરૂરી જોગવાઇ કરવામાં આવી છે. વધુમાં કામ કરતી મહિલાઓના છાત્રાલયની યોજના મર્જ કરેલી છે. |
| સંભવિત લાભાર્થીઓ : | ૩૬૫૦ વિદ્યાર્થી / વિદ્યાર્થીની |
| સહાયનું પ્રમાણ : | મફત રહેવા અને યોજના મુજબ બોડીંગ સુવિધા |
| અમલીકરણ કચેરી : | મદદનીશ કમિશ્નર/આદિજાતિ વિકાસ અધિકારી (આ.વિ.) |
| ફંડીંગ પેટર્ન | રાજ્ય :૧૦૦ કેન્દ્રિય: અન્ય: |
| અપેક્ષિત આઉટકમ : | અનુ.જનજાતિના લોકોના સાક્ષરતા દરમાં વધારો કરવામાં આવશે. તેમજ અધ વચ્ચે અભ્યાસ છોડી દેનાર કન્યાઓના પ્રમાણમાં ઘટાડો કરવામાં આવશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ : | વીકેવાય-૧૪:<br>૯૩-૨૨૨૫-૦૨-૨૭૭-૧૭,<br>૯૬-૨૨૨૫-૦૨-૭૯૬-૪૮<br>આદર્શ નિવાસી શાળાઓ |
| ઘટકો અને પ્રવૃતિઓ : | બધી આધુનિક સુવિધાઓ સાથે સજ્જ શાળાઓમાં અભ્યાસ માટે સક્રિય કરવા માટે અને મફત રહેવાની અને જમવાની સુવિધા પુરી પાડે છે.<br>અનુ.જનજાતિના પછાત પરંતુ શિક્ષણ ક્ષેત્રના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ માટે તક પુરી પાડે છે. હાલમાં ૨૫ કુમારો અને ૨૦ કન્યાઓ માટે એમ કુલ ૪૫ શાળાઓ ચાલી રહી છે. |
| સંભવિત લાભાર્થીઓ : | ૮૫૫૮ વિદ્યાર્થી / વિદ્યાર્થીની |
| સહાયનું પ્રમાણ : | ચોપડી, ગણવેશ, બુટ-મોજા સહિત જમવા, રહેવા અને માધ્યમિક શિક્ષણને પ્રોત્સાહન આપવા અનુ.જનજાતિના તેજસ્વી વિદ્યાર્થી માટે ભણવાની સુવિધા સહિત નિવાસી શાળાઓ ચલાવાય છે. |
| અમલીકરણ કચેરી : | મદદનીશ કમિશ્નર/આદિજાતિ વિકાસ અધિકારી (આ.વિ.) |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) : | રાજ્ય :૧૦૦% કેન્દ્રિય: અન્ય: |
| અપેક્ષિત આઉટકમ :<br>(૨૦૦ શબ્દોમાં) | અનુ.જનજાતિના લોકોના સાક્ષરતા દરમાં વધારો કરવામાં આવશે. તેમજ અધ વચ્ચે અભ્યાસ છોડી દેનાર કન્યાઓના પ્રમાણમાં ઘટાડો કરવામાં આવશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ : | વીકેવાય-૧૫:<br>૯૬-૨૨૨૫-૦૨-૭૯૬-૮૯<br>ગુજરાત આદિજાતિ શૈક્ષણિક સોસાયટી |
| ઘટકો અને પ્રવૃતિઓ : | ધોરણ ૬ થી ૧૨ માટે એકલવ્ય મોડેલ નિવાસી શાળા , ભારત સરકાર ધ્વારા ૨૭ એકલવ્ય મોડેલ નિવાસી શાળા મંજુર છે. બે સૈનિક શાળા પણ રાજ્ય સરકાર ધ્વારા મંજુર કરેલ છે. હાલમાં ૨૯ શાળાઓ રાજ્યમાં ચાલી રહી છે. કુલ ૫૦૨૧ કુમારો અને ૪૪૯૬ જેટલી કન્યાઓ આ શાળાઓમાં અભ્યાસ કરી રહ્યા છે. |
| સંભવિત લાભાર્થીઓ : | ૩૧,૭૬૫ વિદ્યાર્થી / વિદ્યાર્થીની |
| સહાયનું પ્રમાણ : | મફત શિક્ષણ, રહેવા અને યોજના મુજબ બોડીંગ સુવિધા |
| અમલીકરણ કચેરી : | ગુજરાત ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી, ગાંધીનગર |
| ફંડીંગ પેટર્ન | રાજ્ય :૧૦૦ કેન્દ્રિય: અન્ય: |
| અપેક્ષિત આઉટકમ : | અનુ.જનજાતિના લોકોના સાક્ષરતા દરમાં વધારો કરવામાં આવશે. તેમજ અધ વચ્ચે અભ્યાસ છોડી દેનાર કન્યાઓના પ્રમાણમાં ઘટાડો કરવામાં આવશે. |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| યોજનાનું નામ : | વીકેવાય-૧૬:<br>૯૩-૨૨૨૫-૦૨-૨૭૭-૩૯,<br>૯૩-૨૨૨૫-૦૨-૭૯૬-૬૭<br>ઉચ્ચ શિક્ષણ, ટેબલેટ અને સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે પ્રોત્સાહન સહાય | | | | | |
| ઘટકો અને પ્રવૃતિઓ : | ટેબલેટ મેળવનાર વિદ્યાર્થીને સહાય અને સ્પર્ધાત્મક પરીક્ષા માટે કોચિંગ | | | | | |
| સંભવિત લાભાર્થીઓ : | ૧૦,૧૭૫ વિદ્યાર્થી અને ૨૦૯૦ ઉમેદવાર | | | | | |
| સહાયનું પ્રમાણ : | અનુસૂચિત આદિજાતિના વિદ્યાર્થીઓ માટે ધોરણ ૧૨ પાસ કર્યા પછી શિક્ષણ ખાતા ધ્વારા આપવામાં આવતા ટેબલેટ પેટે પદરના ચુકવેલ રૂ.૧૦૦૦/-ની સહાય આપવામાં આવે છે. વિવિધ અભ્યાસની પ્રવેશ પરીક્ષા જેવી કે જી.પી.એસ.સી. યુ.પી.એસ..સી., નેટ,સ્લેટની તૈયારી માટે કોચિંગ. | | | | | |
| અમલીકરણ કચેરી : | ડી-સેગ, મદદનીશ કમિશ્નર/આદિજાતિ વિકાસ અધિકારી (આ.વિ.) | | | | | |
| ફંડીંગ પેટર્ન: | રાજ્ય : | ૧૦૦ | કેન્દ્રિય: | | અન્ય: | |
| અપેક્ષિત આઉટકમ : | અનુ.જનજાતિના વિદ્યાર્થીઓના શૈક્ષણિક વિકાસ | | | | | |

| | |
|---|---|
| યોજનાનું નામ : | વીકેવાય-૧૭:<br>૯૩-૨૨૨૫-૦૨-૧૦૨-૧૩,<br>૯૬-૨૨૨૫-૦૨-૭૯૬-૭૬<br>સ્વરોજગારી માટે આર્થિક સહાય |
| ઘટકો અને પ્રવૃતિઓ : | સ્વરોજગારી માટે વિના મુલ્યે કીટ્સ આપવામાં આવે છે. |
| સંભવિત લાભાર્થીઓ : | ૧૬,૭૦૦ લાભાર્થી |

| | | | | | |
|---|---|---|---|---|---|
| સહાયનું પ્રમાણ : | માનવ ગરીમા યોજનામાં રૂ.૬૦૦૦ સુધીની ટુલકીટ્સ ગ્રીમ્કો મારફતે આપવામાં આવે છે. શહેરી વિસ્તાર માટે રૂ. ૧,૫૦,૦૦૦/- અને ગ્રામ્ય વિસ્તાર માટે રૂ. ૧,૨૦,૦૦૦/-ની વાર્ષિક આવક મર્યાદા છે. | | | | |
| અમલીકરણ કચેરી : | મદદનીશ કમિશ્નર/આદિજાતિ વિકાસ અધિકારી (આ.વિ.) | | | | |
| ફંડીંગ પેટર્ન | રાજ્ય : | ૧૦૦ | કેન્દ્રિય: | | અન્ય: |
| અપેક્ષિત આઉટકમ : | અનુ.જનજાતિના લોકોને રોજગારી સાથે આર્થિક વિકાસ | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| યોજનાનું નામ : | વીકેવાય-૧૮:<br>૯૬-૨૨૨૫-૦૨-૭૯૬-૮૧<br>ગુજરાત જંગલ વિકાસ કોર્પોરેશન થકી જંગલોની ગૌણ વન પેદાશો માટે લઘુતમ ટેકાના ભાવના અમલીકરણ | | | | |
| ઘટકો અને પ્રવૃતિઓ : | ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમની મુખ્ય પ્રવુતિ ધ્વારા સંગ્રહ, પ્રક્રિયા, વનિલ ઉદ્યોગ, પીયત, વાવેતર, ધનવંતરી અને લાકડું તેમજ સામુહિક જંગલની પેદાશને લઘુતમ ટેકાના ભાવ માટે માર્કેટીંગ કરે છે. | | | | |
| સંભવિત લાભાર્થીઓ : | ૨૫૦૦ લાભાર્થી | | | | |
| સહાયનું પ્રમાણ : | યોજના મુજબ | | | | |
| અમલીકરણ કચેરી : | પ્રાયોજના વહીવટદારશ્રી/મદદનીશ જંગલ અધિકારી | | | | |
| ફંડીંગ પેટર્ન: | રાજ્ય : | ૧૦૦ | કેન્દ્રિય: | | અન્ય: |
| અપેક્ષિત આઉટકમ : | જમીન અને રોજગારી વિકાસ | | | | |

| | |
|---|---|
| યોજનાનું નામ : | વીકેવાય-૩૧:<br>૯૩-૨૨૨૫-૦૨-૨૮૨-૦૧,<br>૯૬-૨૨૨૫-૦૨-૭૯૬-૨૧<br>આરોગ્ય વિષયક યોજનાઓ |
| ઘટકો અને પ્રવૃતિઓ : | મફત તબીબી સહાય હેઠળ ગંભી રોગોમાં નાણાંકીય સહાય પુરી પાડવા માટે અને દુધ સંજીવની યોજના પ્રાથમિક શાળાના બાળકોને ૨૦૦ મી.લી. દૈનિક દૂધ પુરૂ પાડવામાં આવે છે. |
| સંભવિત લાભાર્થીઓ : | ૨૫,૧૦૦ દર્દી/ ૧૨,૦૦,૦૦૦ વિદ્યાર્થી / વિદ્યાર્થીની |
| સહાયનું પ્રમાણ : | અનુસૂચિત જનજાતિના લોકોની વાર્ષિક આવક રૂ. ૧,૫૦,૦૦૦ / - શહેરી વિસ્તાર અને રૂ .૧,૨૦,૦૦૦/ - ગ્રામ્ય વિસ્તાર માટે સહાયતાને મફત |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | તબીબી સહાય આપવામાં આવે છે. વિવિધ રોગો માટે નાણાકીય સહાયની દર નીચે પ્રમાણે છે:<br>ટી.બી.ની સારવાર માટે રૂ. ૫૦૦ / -માસિક દર્દ મટે ત્યાં સુધી.<br>કેન્સર રૂ. ૧૦૦૦/ - માસિક દર્દ મટે ત્યાં સુધી<br>ડિલીવરીના જટિલ કેસ માટે. રૂ. ૫૦૦/ - પ્રતિ કેસ દિઠ<br>એનિમિયા માટે (મહિલા) રૂ. ૧૫૦ / - પ્રતિ કેસ દિઠ<br>રક્તપિત માટે રૂ. ૪૦૦ / - દર મહિને દર્દ મટે ત્યાં સુધી.<br>એચ.આઈ.વી / એઇડ્સ રૂ.૫૦૦ / -માસિક દર્દ મટે ત્યાં સુધી. | | | | |
| અમલીકરણ કચેરી : | મદદનીશ કમિશ્નર/આદિજાતિ વિકાસ અધિકારી (આ.વિ.)/ પ્રાયોજના વહીવટદારશ્રી | | | | |
| ફંડીંગ પેટર્ન | રાજ્ય : | ૧૦૦ | કેન્દ્રિય: | | અન્ય: |
| અપેક્ષિત આઉટકમ : | આરોગ્યમાં સુધારો, સારૂ આરોગ્ય અને આદિજાતિના બાળકોના સ્વાસ્થય સુધારવા માટે | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| યોજનાનું નામ : | વીકેવાય-૩૨:<br>૯૩-૨૨૨૫-૦૨-૨૮૨-૦૧,<br>૯૬-૨૨૨૫-૦૨-૭૯૬-૨૯<br>વ્યકતિગત ધોરણે આવાસ | | | | |
| ઘટકો અને પ્રવૃતિઓ : | વ્યક્તિગત ધોરણે મકાન, હળપતિ હાઉસિંગ બોર્ડ માટે નાણાંકીય સહાય | | | | |
| સંભવિત લાભાર્થીઓ : | ૫,૧૯૯ લાભાર્થી (૪,૦૦૦ હળપતિ સહિત) | | | | |
| સહાયનું પ્રમાણ : | વ્યક્તિગત ધોરણે મકાન માટે નાણાકીય સહાય, હળપતિ હાઉસિંગ બોર્ડ<br>આ યોજના હેઠળ વ્યક્તિગત ધોરણે મકાન બાંધકામ માટે અનુસૂચિત જનજાતિની વ્યક્તિને રૂ. ૭૦૦૦૦/- નાણાકીય સહાય આપવામાં આવે છે.<br>ઉપરાંત હળપતિ ગૃહ નિર્માણ બોર્ડ ધ્વારા હળપતિ જાતિના લોકોને રૂ.૭૦૦૦૦/- ની મકાન સહાય આપવામાં આવે છે. | | | | |
| અમલીકરણ કચેરી : | મદદનીશ કમિશ્નર/આદિજાતિ વિકાસ અધિકારી (આ.વિ.)/ હળપતિ ગૃહ નિર્માણ બોર્ડ | | | | |
| ફંડીંગ પેટર્ન | રાજ્ય : | ૧૦૦ | કેન્દ્રિય: | | અન્ય: |
| અપેક્ષિત આઉટકમ : | ઘર વિહોણા અનુ.જનજાતિ/હળપતિ જાતિના લોકો પોતાના મકાનમાં રહી શકે તે માટે નાણાંકીય સહાય. | | | | |

| | |
|---|---|
| યોજનાનું નામ : | વીકેવાય-૩૪:<br>૯૩-૨૨૨૫-૦૨-૮૦૦-૦૭,<br>૯૬-૨૨૨૫-૦૨-૭૯૬-૭૨<br>સામાજીક પ્રેરણા  યોજના (કુવરબાઈનું મામેરૂ, સાત ફેરા સમુહ લગ્ન) |
| ઘટકો અને પ્રવૃતિઓ : | લગ્ન અને સમુહ લગ્ન માટે નાણાંકીય સહાય પુરી પાડવી |
| સંભવિત લાભાર્થીઓ : | ૯,૧૦૦ લાભાર્થી |

| | | | | | |
|---|---|---|---|---|---|
| સહાયનું પ્રમાણ : | આ યોજના હેઠળ રૂ.૧૨,૦૦૦/- પ્રતિ કન્યા (બે કન્યા સુધી) આપવામાં આવે છે. જે યોજનામાં સાત ફેરા સમુહ લગ્નની યોજના વર્ષ ૨૦૧૪-૧૫થી મર્જ કરેલ છે. | | | | |
| અમલીકરણ કચેરી : | મદદનીશ કમિશ્નર/આદિજાતિ વિકાસ અધિકારી (આ.વિ.) | | | | |
| ફંડીંગ પેટર્ન | રાજ્ય : | ૧૦૦ | કેન્દ્રિય: | | અન્ય: |
| અપેક્ષિત આઉટકમ : | અનુ.જનજાતિના સામાજિક પ્રોત્સાહન માટે | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| યોજનાનું નામ : | વીકેવાય-૩૬:<br>૯૩-૨૨૨૫-૦૨-૮૦૦-૦૩,<br>૯૬-૨૨૨૫-૦૨-૭૯૬-૧૪<br>આદિમજુથો માટેની વિકાસ યોજના | | | | |
| ઘટકો અને પ્રવૃતિઓ : | વર્ષ ૨૦૧૧-૧૨માં આદિમજુથ અને હળપતિઓને મૂળભુત સુવિધાઓ પુરી પાડે છે. એક નવી યોજના આદિમજુથ અને હળપતિ છ મૂળભુત સુવિધઓ તરીકે રજુ કરવામાં આવ્યું હતુ. આ યોજનામાં ઘરો પુરી પાડવા માટે, પીવાના પાણી, વીજળી, આંતરિક રસ્તાઓ, શિક્ષણ સુવિધાઓ, હળપતિ રોજગારી પ્રોજેક્ટ માટે સહાય. | | | | |
| સંભવિત લાભાર્થીઓ : | આદિમજુથના લાભાર્થીઓ | | | | |
| સહાયનું પ્રમાણ : | યોજના મુજબ | | | | |
| અમલીકરણ કચેરી : | પ્રાયોજના વહીવટદારશ્રી,/પ્રોજેક્ટ અધિકારી (આદિમજુથ),/ નાયબ જિલ્લા વિકાસ અધિકારી (વિકાસ) અમદાવાદ/સુરેન્દ્રનગર | | | | |
| ફંડીંગ પેટર્ન | રાજ્ય : | ૧૦૦ | કેન્દ્રિય: | | અન્ય: |
| અપેક્ષિત આઉટકમ : | સામાજિક આર્થિક વિકાસ | | | | |

| | |
|---|---|
| યોજનાનું નામ : | વીકેવાય-૫૧:<br>૯૬-૪૨૨૫-૦૨-૭૯૬-૪૨<br>બીલ્ડીંગ |
| ઘટકો અને પ્રવૃતિઓ : | અનુ.જનજાતિના કુમારો અને કન્યાઓ માટેના નવા સરકારી છાત્રાલયોની સુવિધા પુરી પાડવા માટે નવિન બાંધકામ, નવિન સરકારી આદર્શ નિવાસી શાળાઓ, સાંસ્કૃતિક સામુદાયિક હોલ, તિરંદાજી કેન્દ્ર તેમજ રીપેરીંગ રીનોવેશન માટે. |
| સંભવિત લાભાર્થીઓ : | ૪૩ સંસ્થાઓ ( છાત્રાલય, આ.નિ.શા., વી.ટી.સી., આર્ચરી કેન્દ્ર, સંગ્રહાલય, કોમ્યુનિટી હોલ.) |
| સહાયનું પ્રમાણ : | યોજના મુજબ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| અમલીકરણ કચેરી : | માર્ગ અને મકાન વિભાગ | | | | |
| ફંડીંગ પેટર્ન | રાજ્ય : | ૧૦૦ | કેન્દ્રિય: | | અન્ય: |
| અપેક્ષિત આઉટકમ : | અનુ.જનજાતિના લોકોના શૈક્ષણિક અને સામાજિક વિકાસના હેતુસર. | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| યોજનાનું નામ : | વીકેવાય-૬૯:<br>૯૬-૨૨૨૫-૦૨-૭૯૬-૬૮<br>આદિજાતિ યુનીવર્સીટી | | | | |
| ઘટકો અને પ્રવૃતિઓ : | વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન રાજપીપળા જીલ્લા નર્મદા ખાતે આદિવાસી યુનિવર્સિટી મંજૂર કરવામાં આવી છે. યુનિવર્સિટીના બાંધકામ અને અન્ય જરૂરિયાતો માટે. | | | | |
| સંભવિત લાભાર્થીઓ : | ૧ યુનિવર્સિટી | | | | |
| સહાયનું પ્રમાણ : | યોજના મુજબ | | | | |
| અમલીકરણ કચેરી : | પ્રાયોજના વહીવટદારશ્રી, રાજપીપલા/મદદનીશ કમિશ્નર રાજપીપલા (આ.વિ.) | | | | |
| ફંડીંગ પેટર્ન: | રાજ્ય : | ૧૦૦ | કેન્દ્રિય: | | અન્ય: |
| અપેક્ષિત આઉટકમ : | શૈક્ષણિક વિકાસ | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| યોજનાનું નામ : | વીકેવાય-૭૦:<br>૯૬-૨૨૨૫-૦૨-૭૯૬-૭૦<br>મુખ્યમંત્રી નાહરી કેન્દ્ર યોજના | | | | |
| ઘટકો અને પ્રવૃતિઓ : | રાજ્યના આદિવાસી વિસ્તારોમાં નાહરી કેન્દ્રો ગ્રાહકોને પરંપરાગત સ્થાનિક આદિજાતિ રાંધણકળા તેમજ સ્થાનિક ઘર બનાવતા ઉત્પાદનો જેમ કે પીણાં, પાપડ વગેરે ઓફર કરે છે તે રેસ્ટોરન્ટ્સ અને વેચાણ ગણકો તરીકે ભેગા થશે. | | | | |
| સંભવિત લાભાર્થીઓ : | ૬ લાભાર્થી | | | | |
| સહાયનું પ્રમાણ : | રૂ.૫.૦૦ લાખ સબસીડી પેટે તેમજ રૂ.૫.૦૦ લાખની રકમ લોન પેટે એમ કુલ ૧ નાહરી કેન્દ્ર શરૂ કરવા રૂ.૧૦.૦૦ લાખની યુનિટ કોસ્ટ | | | | |
| અમલીકરણ કચેરી : | પ્રાયોજના વહીવટદારશ્રી | | | | |
| ફંડીંગ પેટર્ન | રાજ્ય : | ૧૦૦ | કેન્દ્રિય: | | અન્ય: |
| અપેક્ષિત આઉટકમ : | મહિલા-આગેવાની હેઠળના રોજગારીની તકોને પ્રોત્સાહન અને સક્ષમ કરવાના ઉદ્દેશથી, | | | | |

| | |
|---|---|
| યોજનાનું નામ : | વીકેવાય-: ન્યુ (નવી બાબત)<br>છુટાછવાયા વિસ્તારમાં વસતા આદિજાતિ કુંટુંબો માટે દૂધાળા પશુની યોજના |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ઘટકો અને પ્રવૃતિઓ : | છુટાછવાયા વિસ્તારમાં રહેતા આદિજાતિ કુંટુંબોને દૂધાળા પશુ ઉપરાંત વાસણોની કીટ, પશુ વાહન વ્યવહાર, પશુ વિમો, પશુ સારવાર, પશુ ખાણદાણ અને લાભાર્થીઓને તાલીમ સુવિધા. | | | | |
| સંભવિત લાભાર્થીઓ : | ૧૫૦૦ મહિલા લાભાર્થી | | | | |
| સહાયનું પ્રમાણ : | નિયમોનુસાર | | | | |
| અમલીકરણ કચેરી : | ડી-સેગ, પ્રાયોજના વહીવટદારશ્રીઓ | | | | |
| ફંડીંગ પેટર્ન | રાજ્ય : | ૧૦૦ | કેન્દ્રિય: | | અન્ય: |
| અપેક્ષિત આઉટકમ : | આદિજાતિ મહિલાઓની આજીવિકામાં વૃધ્ધિ | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| યોજનાનું નામ : | વીકેવાય-: ૨૬ (નવી બાબત)<br>આદિજાતિ લાભાર્થીઓને જુદી જુદી વ્યવસાયિક / શૈક્ષણિક પ્રવૃતિઓ માટે નાણાંકીય સહાય.<br>વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે વિદ્યાર્થીઓને IELTS & TOEFLના કોચીંગ ક્લાસ. | | | | |
| ઘટકો અને પ્રવૃતિઓ : | વિદેશમાં વધુ ઉચ્ચ અભ્યાસ માટે જવા માંગતા હોય તેવા વિદ્યાર્થીઓને જરૂરી તાલીમ સાથે તેમને પાસપોર્ટ, વિઝા, વિદેશમાં અભ્યાસ / હોસ્ટેલનું માર્ગદર્શન મળી રહે તે માટે IELTS & TOEFLની તાલીમ. | | | | |
| સંભવિત લાભાર્થીઓ : | ૨૦૦ વિદ્યાર્થી/વિદ્યાર્થીની | | | | |
| સહાયનું પ્રમાણ : | વિદ્યાર્થીદીઠ રૂ.૫૦,૦૦૦/- પ્રમાણે તાલીમ ખર્ચ. | | | | |
| અમલીકરણ કચેરી : | ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન | | | | |
| ફંડીંગ પેટર્ન | રાજ્ય : | ૧૦૦ | કેન્દ્રિય: | | અન્ય: |
| અપેક્ષિત આઉટકમ : | વધુ ઉચ્ચ અભ્યાસ અર્થે વિદેશ જવાની તકોને પ્રોત્સાહન અને રોજગારી સાથે અન્ય સમાજની સક્ષમ કરવાના ઉદ્દેશથી, | | | | |

| | |
|---|---|
| યોજનાનું નામ : | વીકેવાય-:૨૭ (નવી બાબત)<br>સ્વરોજગારીની તાલીમ અને નિર્માણ માટેની યોજના (હાટ બજાર) |
| ઘટકો અને પ્રવૃતિઓ : | ઉત્પાદિત કરેલ ચીજ વસ્તુઓના વેચાણ માટે હાટ બજાર |
| સંભવિત લાભાર્થીઓ : | ૧૦ હાટ બજાર |
| સહાયનું પ્રમાણ : | ૧ હાટ બજાર માટે રૂ.૨૦૦.૦૦ લાખ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| અમલીકરણ કચેરી : | પ્રાયોજના વહીવટદારશ્રીઓ | | | | |
| ફંડીંગ પેટર્ન | રાજ્ય : | ૧૦૦ | કેન્દ્રિય: | | અન્ય: |
| અપેક્ષિત આઉટકમ | આદિજાતિ કુંટુંબોના આજીવિકામાં વૃધ્ધિ | | | | |
| યોજનાનું નામ : | વીકેવાય-:૬૧ (નવી બાબત)<br>જુદા જુદા શૈક્ષણિક અને વ્યવાસયિક પ્રવૃતિઓ માટે લોન આપવાની યોજના<br>(દરીયાઇ ખેડુ માછીમારોને નાણાંકીય લોન સહાય) | | | | |
| ઘટકો અને પ્રવૃતિઓ : | સાગર ખેડુ સભાસદોના જુથને ફીશીંગ બોટ, નેટ અને રીકરીંગ લોન/સહાય | | | | |
| સંભવિત લાભાર્થીઓ : | ૧૦ જુથના ૧૧૦ સભાસદો | | | | |
| સહાયનું પ્રમાણ : | નિયમોનુસાર | | | | |
| અમલીકરણ કચેરી : | પ્રાયોજના વહીવટદારશ્રીઓના સહયોગથી ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ મારફતે | | | | |
| ફંડીંગ પેટર્ન | રાજ્ય : | ૧૦૦ | કેન્દ્રિય: | | અન્ય: |
| અપેક્ષિત આઉટકમ | દરીયાઇ માછીમારો પગભર થઇ શકે અને આવકમાં વૃધ્ધિ | | | | |

# રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ

૧ મે, ૧૯૬૦ ના રોજ ગુજરાત રાજ્યની સ્થાપના થઇ તે સમયે રમતગમત યુવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓ વિભાગ એક સ્વતંત્ર વિભાગ તરીકે અસ્તિત્વ ધરાવતો ન્હોતો, પરંતુ રાજ્યમાં યુવા પ્રવૃત્તિઓને વેગ આપવા માટે તા.૧૭/૧૨/૧૯૯૦ના રોજ એક અલગ વિભાગ તરીકે તેની રચના કરવામાં આવી. વિભાગને નવા વિષયોની પુન:ફાળવણી કરવામાં આવી હોવાથી વિભાગનું મૂળ નામ યુવક સેવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓ વિભાગ બદલીને સામાન્ય વહીવટ વિભાગના તા.૫/૮/૧૯૯૭ના જાહેરનામા ક્રમાંક જીએસ (૯૭-૨૬-એસકેટી૧૧૯૭(૩)કેયુ) થી વિભાગનું નામ રમતગમત, યુવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓ વિભાગ રાખવામાં આવ્યું. તે અનુસાર આ વિભાગ હવે આ નામ હેઠળ કાર્યરત છે. આ વિભાગ રમતગમત, યુવા, સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓ, સંગ્રહાલયો, પુરાતત્વ, પુસ્તકાલયો, દફતર અને હસ્તપ્રતો, શતાબ્દી મહોત્સવો, સ્મારકો અને અકાદમીઓ સંબંધિત કામગીરી કરે છે.

સ્પોર્ટસ ઑથોરીટી ઑફ ગુજરાત, સંગીત નાટક અકાદમી, ગુજરાત સાહિત્ય અકાદમી અને લલિત કલા અકાદમી સ્વાયત્ત સંસ્થાઓ તરીકે કાર્યરત છે.

**ઉદ્દેશો**

- રાજ્યમાં ઉભરાતી નવી સ્પોર્ટસ ટેલેન્ટને વિશાળ તકો પુરી પાડવી.
- રાજ્યના આર્કિવલ રેકર્ડની જાળવણી અને સાચવણી.
- કિંમતી અને અલભ્ય રેકર્ડનું ડીજીટાઇઝેશન.
- ચિત્રકલા, શિલ્પકલા તથા ફોટોગ્રાફી જેવી વિવિધ કલાઓને સામેલ કરી તેને પ્રોત્સાહન આપવું તથા વિકાસ સાધવો.
- રાજ્યની જાહેર ગ્રંથાલયોનું આધુનિકરણ તથા વિકાસ કરવો.

**વ્યુહરચના**

- રાજ્યમાં ખેલકુદ પ્રવૃતિઓને પ્રોત્સાહન આપવા, ખેલમહાકુંભનું આયોજન.
- ઓલમ્પિક અને એશિયન ગેમ્સના વિજેતા ખેલાડીઓને વિશિષ્ટ લાભો તથા એવોર્ડ આપવા.
- કલા અને સાંસ્કૃત્તિક પ્રોત્સાહન આપવા માટે કલામહાકુંભનું આયોજન.
- ગુજરાતના સાંસ્કૃત્તિક વારસાને પ્રોત્સાહન આપવા કલા અને સંસ્કૃતિના વિવિધ ઉત્સવોનું આયોજન.
- લાયબ્રેરીઓને નવા પુસ્તકો, સંદર્ભ ગ્રંથો, નવા સાધન સામગ્રી, તથા અદ્યતન આઇ.ટી.સામગ્રી ઉપલબ્ધ કરાવવી.
- રાજ્યના આર્કાવલ રેકર્ડનું અદ્યતન ટેકનોલોજી દ્વારા સાચવણી અને જાળવણી.

**યોજનાઓ**

| | |
|---|---|
| **યોજનાનું નામ :** | **ART 23**<br>**૯૮ ૨૨૦૫ ૧૦૫ ૦૪**<br>**રાજા રામમોહન રોય લાયબ્રેરી ફાઉન્ડેશન, કોલકત્તા** |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | પુસ્તકો, સાધન સામગ્રી, કોમ્પ્યુટર નેટવર્ક, ભવન નિર્માણ |
| સંભવિત લાભાર્થીઓ : | ગુજરાત સરકારના ૨૦૦૦ જાહેર ગ્રંથોલયો વિશે |
| સહાયનું પ્રમાણ : | યોજનાકીય માર્ગદર્શિકા મુજબ |
| અમલકર્તા કચેરી: | ગ્રંથાલય નિયામકની કચેરી, ગાંધીનગર |
| ફંડીગ પેટર્ન(ટકાવારીમાં) : | રાજ્ય : ૫૦% કેન્દ્રીય : ૦ અન્ય : ૫૦% |
| અપેક્ષિત આઉટકમ : | ૨૦૦૦ જાહેર ગ્રંથાલયોની સેવાઓને અત્યંત આધુનિક બનાવવા |

| | |
|---|---|
| **યોજનાનું નામ :** | **ART-2**<br>**૯૮ ૨૨૦૫ ૧૦૫ ૦૧**<br>**અનુદાનિત ગ્રંથાલયમાં ગ્રાન્ટની ફાળવણી** |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં અનુદાનિત ગ્રંથાલયમાં ગ્રાન્ટ |
| સંભવિત લાભાર્થીઓ : | ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં અનુદાનિત ગ્રંથાલયમાં લાભાર્થીઓ માટે |
| સહાયનું પ્રમાણ : | યોજનાકીય માર્ગદર્શિકા મુજબ |
| અમલકર્તા કચેરી: | ગ્રંથાલય નિયામકની કચેરી, ગાંધીનગર |
| ફંડીગ પેટર્ન(ટકાવારીમાં) : | રાજ્ય : ૧૦૦% |
| અપેક્ષિત આઉટકમ : | ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાઓને અનુદાનની રકમમાં વધારો કરી કર્યક્ષમ પુસ્તકાલયની સેવાઓ પૂરી પાડવી |

| | |
|---|---|
| **યોજનાનું નામ :** | **ART 3**<br>**૯૮ ૨૨૦૫ ૧૦૪ ૦૧**<br>**દફતર સંગ્રહનો વિકાસ** |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | પુરાતાત્વિક સાહિત્યનો સંગ્રહ અને જાળવણી |
| સંભવિત લાભાર્થીઓ : | સંશોધનકાર તજજ્ઞો અને જાહેર જનતા |
| સહાયનું પ્રમાણ : | યોજનાકીય માર્ગદર્શિકા મુજબ |
| અમલકર્તા કચેરી: | ગુજરાત સરકાર (પુરાતત્વ અને સંગ્રહાલય ખાતુ) |
| ફંડીગ પેટર્ન(ટકાવારીમાં) : | રાજ્ય : ૧૦૦% કેન્દ્રીય : ૦ અન્ય : ૦ |
| અપેક્ષિત આઉટકમ : | અંદાજે ૩૮૦ લાખ પુરાતતત્વિક સાહિત્યનું ડેજીટલાઇઝેશન કરવાથી |

| | |
|---|---|
| | સંશોધનકાર તજજ્ઞો અને જાહેર જનતાને લાભ થશે |

| | |
|---|---|
| **યોજનાનું નામ :** | **ART 4**<br>**૯૬ ૨૨૦૫ ૭૯૬ ૦૪**<br>**તુરી બારોટ નાટ્ય નવનિર્માણ યોજના (SCSP)** |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | તુરી બારોટ નાટ્ય નવનિર્માણ (SCSP) |
| સંભવિત લાભાર્થીઓ : | ગુજરાતના તમામ તુરી બારોટ કલાકારો |
| સહાયનું પ્રમાણ : | યોજનાકીય માર્ગદર્શિકા મુજબ |
| અમલકર્તા કચેરી: | ગુજરાત સંગીત નાટક અકાદમી(રાજ્ય કક્ષાએ) |
| ફંડીગ પેટર્ન(ટકાવારીમાં) : | રાજ્ય : ૧૦૦% |
| અપેક્ષિત આઉટકમ : | પરંપરાગત લોક કલાકારોને પ્રોત્સાહન પુરુ પાડવું |

| | |
|---|---|
| **યોજનાનું નામ :** | **ART 5**<br>**૯૮ ૨૨૦૫ ૧૦૨ ૦૨**<br>**કલા અને સંસ્કૃત્તિનો વિકાસ** |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | લલિત કલા અકાદમીની પ્રવૃત્તિઓ |
| સંભવિત લાભાર્થીઓ : | કલા પ્રેમીઓ |
| સહાયનું પ્રમાણ : | યોજનાકીય માર્ગદર્શિકા મુજબ |
| અમલકર્તા કચેરી: | ગુજરાત રાજય લલિત કલા અકાદમી |
| ફંડીગ પેટર્ન(ટકાવારીમાં) : | રાજ્ય : ૧૦૦% કેન્દ્રીય : ૦ અન્ય : ૦ |
| અપેક્ષિત આઉટકમ : | કલા અને સંસ્કૃત્તિનો વિકાસ |

| | |
|---|---|
| **યોજનાનું નામ :** | **ART 8**<br>**૯૮ ૨૨૦૫ ૧૦૨ ૦૧**<br>**ગુજરાતની કલા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓનું વિસ્તરણ** |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | સંગીત,નૃત્ય, નાટક, ભવાઇ, લોક નૃત્ય,લોક ડાયરો, ગુજરાતના કલાકારોને એવોર્ડ, સેમીનાર/સ્પર્ધા |
| સંભવિત લાભાર્થીઓ : | ગુજરાત રાજ્યના તમામ કલાકાર(સંગીત,નૃત્ય, નાટક, ભવાઇ, લોક નૃત્ય,લોક ડાયરો, તુરી બારોટ) |
| સહાયનું પ્રમાણ : | યોજનાકીય માર્ગદર્શિકા મુજબ |
| અમલકર્તા કચેરી: | ગુજરાત સંગીત નાટક અકાદમી(રાજ્ય કક્ષાએ) |
| ફંડીગ પેટર્ન(ટકાવારીમાં) : | રાજ્ય : ૧૦૦% કેન્દ્રીય : ૦ અન્ય : ૦ |
| અપેક્ષિત આઉટકમ : | ગુજરાતના કલાકારોને પ્રોત્સાહન પુરુ પાડવું. |

| | |
|---|---|
| **યોજનાનું નામ :** | **ART 8** |

| | |
|---|---|
| | **૯૮ ૨૨૦૫ ૧૦૨ ૦૮**<br>**કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ** |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | એક ભારત શ્રેષ્ઠ ભારત, પરંપરાગત લોક કલા અને કલા મહાકુંભ |
| સંભવિત લાભાર્થીઓ : | ૮ થી ૧૩ વર્ષના બાળકો (સામાન્ય) માટે એડવેન્ચર કોર્ષ |
| સહાયનું પ્રમાણ : | યોજનાકીય માર્ગદર્શિકા મુજબ |
| અમલકર્તા કચેરી: | કમિશનર,યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ |
| ફંડીગ પેટર્ન(ટકાવારીમાં) : | રાજ્ય : ૧૦૦% |
| અપેક્ષિત આઉટકમ : | સેમીનાર, અને સાહસિક પ્રવૃત્તિઓ |

| | |
|---|---|
| **યોજનાનું નામ :** | **TDP-3**<br>**૯૮ ૨૦૭૦ ૦૦૩ ૦૧**<br>**રાજભાષા(ગુજરાતી)નો વિકાસ** |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | ૧. અપ્રાપ્ય પુસ્તકોનું પુનઃમુદ્રણ અને કચેરીના પ્રકાશનો સી.ડી. સ્વરૂપે તૈયાર કરવા.(સરકારી લેખન પધ્ધતિ)<br>૨.રાજભાષા પ્રદર્શન-પરિસંવાદ યોજવા<br>૩.ગુજરાતી અને અંગ્રેજી ભાષાના ઓપવર્ગોનું આયોજન<br>૪.સરકારી કર્મચારીઓ/ અધિકારીઓ માટે હિન્દી તથા ગુજરાતી ભાષાની પરીક્ષાઓનું આયોજન |
| સંભવિત લાભાર્થીઓ : | લોકો અને સરકારી કર્મચારીઓ |
| સહાયનું પ્રમાણ : | યોજનાકીય માર્ગદર્શિકા મુજબ |
| અમલકર્તા કચેરી: | ભાષા નિયામકની કચેરી |
| ફંડીગ પેટર્ન(ટકાવારીમાં) : | રાજ્ય : ૧૦૦% |
| અપેક્ષિત આઉટકમ : | રાજ્યના વહીવટીતંત્રમાં રાજભાષા ગુજરાતીનો ઉપયોગ સુગમ બનશે. |

| | |
|---|---|
| **યોજનાનું નામ :** | **EDN 52**<br>**૯૮ ૨૨૦૪ ૧૦૩ ૦૨**<br>**વિશ્વ યોગ દિવસની ઉજવણી** |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | યોગની જાગૃતિ |
| સંભવિત લાભાર્થીઓ : | ગુજરાતના યુવક યુવતીઓ |
| સહાયનું પ્રમાણ : | યોજનાકીય માર્ગદર્શિકા મુજબ |
| અમલકર્તા કચેરી: | કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, જિલ્લા રમતગમત અધિકારીશ્રીઓ, તમામ જિલ્લા કલેક્ટરશ્રીઓ |
| ફંડીગ પેટર્ન(ટકાવારીમાં) : | રાજ્ય : ૧૦૦% |
| અપેક્ષિત આઉટકમ : | યોગ માટે તાલીમ કેમ્પ અને કાર્યક્રમ |

| | |
|---|---|
| **યોજનાનું નામ :** | **EDN 53**<br>**૯૮ ૨૨૦૪ ૧૦૪ ૦૨**<br>**વ્યાયામ શાળાઓને પ્રોત્સાહન** |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | વ્યાયામ શાળાઓના અખાડાઓમાં રાજ્યના યુવાનો પ્રચાર પ્રસાર આટે શ્રેષ્ઠ કામગીરી કરેલ હોય તેવી વ્યક્તિને "વ્યાયામ જ્યોતિવીર અંબુભાઇ પુરાણી" રૂ.૫૧,૦૦૦/- લાઇફટાઇમ પુરસ્કાર આપવા બાબત. |
| સંભવિત લાભાર્થીઓ : | ૨૫ |
| સહાયનું પ્રમાણ : | યોજનાકીય માર્ગદર્શિકા મુજબ |
| અમલકર્તા કચેરી: | કમિશ્નર,યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી |
| ફંડીગ પેટર્ન(ટકાવારીમાં) : | રાજ્ય : ૧૦૦% |
| અપેક્ષિત આઉટકમ : | વ્યાયામ શાળો અને અખાડાઓને પ્રોત્સાહન |

| | |
|---|---|
| **યોજનાનું નામ :** | **EDN-54**<br>**૯૮ ૨૨૦૫ ૧૦૭ ૦૨,**<br>**૯૬ ૨૨૦૫ ૭૯૬ ૦૫**<br>**સંગ્રહાલયોનો વિકાસ** |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | રાજયના સામાન્ય વિસ્તાર તથા આદિજાતિ વિસ્તારમાં આવેલા જુના તથા નવા સંગ્રહાલયો ખાતે આધુનિક પધ્ધતિથી વિકાસ કરવો તથા સંગ્રહાલયો ખાતે રાજયના કલા તથા સંસ્કૃતિને લગતાનમૂનાઓ ડીસ્પ્લે કરીને સંગ્રહાલયો આધુનિક કરવા. |
| સંભવિત લાભાર્થીઓ : | જાહેરજનતા, વિદ્યાર્થીઓ, વિદ્વાનો , સંશોધકો |
| સહાયનું પ્રમાણ : | યોજનાકીય માર્ગદર્શિકા મુજબ |
| અમલકર્તા કચેરી: | સંગ્રહાલય ખાતું, ગાંધીનગર |
| ફંડીગ પેટર્ન(ટકાવારીમાં) : | રાજ્ય : ૧૦૦% |
| અપેક્ષિત આઉટકમ : | રાજયના સામાન્ય વિસ્તાર તથા આદિજાતિ વિસ્તારમાં આવેલા સંગ્રહાલયોના વિકાસથી જાહેર જનતાને વધુમાં વધુ રાજયના કલા-વારસો, સંસ્કૃતિથી જાણકારી આપવી. |

| | |
|---|---|
| **યોજનાનું નામ :** | **END-54**<br>**૯૮ ૨૨૦૪ ૧૦૪ ૦૬**<br>**ગુજરાત ખેલ કૂદ સત્તા મડળ હેઠળ ખેલ કૂદ પ્રવૃતિઓનુ વિસ્તરણ** |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | ખેલાડીઓને તાલિમ, પૌષ્ટીક આહાર અને રહેવાની સગવડ, રોકડ પુરસ્કાર, દિવ્યાંગ ખેલાડીઓ માટે સ્પેશીયલ ખેલમહાકુંભ, સ્પોર્ટસ એકેડમીની સ્થાપના તથા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ સિદ્ધી પ્રાપ્ત કરેલ ખેલાડીઓને તાલિમ, સાધનો, ગણવેશ વગેરે |
| સંભવિત લાભાર્થીઓ : | શાળામાં ભણતા ખેલાડીઓ તથા દરેક વય જુથના રમતમાં રૂચિ ધરાવતાં પ્રતિભાશાળી ખેલાડીઓ |
| સહાયનું પ્રમાણ : | યોજનાકીય માર્ગદર્શિકા મુજબ |
| અમલકર્તા કચેરી: | સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત |
| ફંડીગ પેટર્ન(ટકાવારીમાં) : | રાજ્ય : ૧૦૦% |
| અપેક્ષિત આઉટકમ : | ડી.એલ.એસ.એસ. ૨૦૧૭-૧૮માં ૨૬૦૦ થી ૭૦૦૦ ખેલાડીઓ, ઈન-સ્કુલ ૬૦૦૦૦ થી ૧૫૦૦૦૦ ખેલાડીઓ, ખેલમહાકુંભમાં ૩૦ થી ૪૫ લાખ ખેલાડીઓ સમાવિષ્ઠ કરવાનું અપેક્ષિત છે. |

| | |
|---|---|
| **યોજનાનું નામ :** | **END-57**<br>**૯૮ ૪૨૦૨ ૦૩ ૮૦૦ ૦૧,**<br>**૯૬ ૪૨૦૨ ૦૩ ૭૯૬ ૦૧**<br>**પ્રોજેક્ટ ઈમ્પલીમેન્ટેનેશન યુનિટ(પી.આઇ.યુ) હેઠળ રમત સંકુલના વિકાસના કામો** |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | સ્પોર્ટસ કોમ્પલેક્ષ વિકસાવવાનું ઈન્ડોર હોલનું બાંધકામ, સ્વીમીંગ પુલ, ટેનીસ-કોર્ટ, એથ્લેટીક ટ્રેક વિકસાવવા જીલ્લા યુનિવર્સિટી તથા મહાનગરપાલિકા ખાતેની કામગીરી. |
| સંભવિત લાભાર્થીઓ : | પ્રતિભાશાળી ખેલાડીને પ્રોત્સાહન તથા ટ્રેનીંગની કામગીરી તથા સમાજના વિકાસની કામગીરી. |
| સહાયનું પ્રમાણ : | રાજ્ય : ૧૦૦% |
| અમલકર્તા કચેરી: | સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત |
| ફંડીગ પેટર્ન(ટકાવારીમાં) : | ગુજરાત સરકાર (જો જી.ઓ.આઈ. દ્વારા ફંડ ઉપલબ્ધ થશે. ) |
| અપેક્ષિત આઉટકમ : | વર્ષ ૨૦૨૨ સુધીમાં ૫૦% બ્લોક લેવલ, તાલુકા લેવલની કામગીરી પૂર્ણ થશે તથા વર્ષ ૨૦૩૦ સુધીમાં ૯૫% કામગીરી પૂર્ણ થશે. |

| | |
|---|---|
| **યોજનાનું નામ :** | **૯૮ ૨૨૦૪ ૧૦૪ ૦૭**<br>**સ્પોર્ટસ યુનિવર્સિટીની સ્થાપના** |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | 1. સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ અને ખેલાડીઓ માટે બોયઝ હોસ્ટેલનું નિર્માણ<br>2. સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ અને ખેલાડીઓ માટે ગર્લ્સ હોસ્ટેલનું નિર્માણ<br>3. સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીને સહાયક અનુદાન<br>4. દ્રશ્ય-શ્રાવ્ય સ્વઅધ્યયન સંપુટ તૈયાર કરવો<br>5. વિદ્યાર્થી, કોચીઝ, ફેકલ્ટીના વિકાસ કાર્યક્રમ માટે સહાય |
| સંભવિત લાભાર્થીઓ : | સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી ખાતે વિવિધ અભ્યાસક્રમ માટે ૩ વિભાગને સંપુર્ણ કાર્યરત કરવા તેમજ વિદ્યાર્થીઓ અને રાજ્યના રમતવીરોને પ્રોત્સાહન આપવું |
| સહાયનું પ્રમાણ : | યોજનાકીય માર્ગદર્શિકા મુજબ |
| અમલકર્તા કચેરી: | સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી |
| ફંડીગ પેટર્ન(ટકાવારીમાં) : | રાજ્ય : ૧૦૦% કેન્દ્રીય : ૦ અન્ય : ૦ |
| અપેક્ષિત આઉટકમ : | રાજ્યમાં રમતગમત ક્ષેત્રના વિકાસ માટે જરૂરી માળખાગત સુવિધા સ્થાપિત કરવી તેમજ રાજ્યના યુવા રમતવીરોને રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાઓને અનુરૂપ યોગ્ય માર્ગદર્શક અને તાલીમ મળી રહે તે મુજબના નિષ્ણાંતો તૈયાર કરવા. |

| | |
|---|---|
| **યોજનાનું નામઃ** | **૯૮ – ૨૨૦૪ – ૧૦૩ – ૦૧** |
| ઘટકો અને પ્રવૃત્તિઓઃ | વિશ્વમાં અગમ્ય દુર્ગમ સ્થાનોમાં જવા માટે તથા સંશોધન કરવા માટે ખાસ પ્રકારની તાલીમ, સાધનો, ટ્રાન્સપોર્ટેશનઅને પ્રવાસ અને અભિયાન કે સાહસિક સંશોધન કાર્યક્રમો. |
| સંભવિત લાભાર્થીઓઃ | સાહસિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ બાળકો તથા યુવાનો. |
| સહાયનું પ્રમાણઃ | ૧. વિશ્વ કક્ષાના કાર્યક્રમોમાં જોડાનારને ૧૫ લાખ સુધીની આર્થિક સહાય.<br>૨.રાજ્યમાં અને રાજ્ય બહાર અભિયાન કે સંસોધન માટે પ્રવાસ તથા તાલીમ ફી.<br>૩. રાજ્યમાં સાહસિક પ્રવૃત્તિઓ માટે સહાય. |
| અમલીકરણ કચેરીઃ | કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, જિલ્લા રમતગમત અધિકારી |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્યઃ ૧૦૦ % કેન્દ્રીયઃશૂન્ય અન્યઃશૂન્ય |
| અપેક્ષિત આઉટકમઃ (૨૦૦ | વિશ્વના અગમ્ય અને દુર્ગમ સ્થાનોમાં જવા માટે તથા અભિયાનોમાં જોડાવા |

| | |
|---|---|
| શબ્દોમાં) | સહિત સંશોધન પ્રવૃત્તિઓ માટે રાજ્યના ૫ સાહસિકોને સહાય. |

| **યોજનાનું નામ** | **ઇડીએન-૬૮**<br>**૯૬-૨૨૦૪-૦૦-૭૯૬-૩૦-** |
|---|---|
| ઘટકો અને પ્રવૃત્તિઓ | આદિજાતી ના યુવક યુવતિઓ માટે તાલુકા કક્ષાએ વ્યક્તિત્વ વિકાસ અને યોગાસન તાલીમ શિબિર |
| સંભવિત લાભાર્થીઓ | ગુજરાત રાજ્યના ૧૫ થી ૩૫ વર્ષના આદિજાતી ના યુવક યુવતિઓ |
| સહાયનું પ્રમાણ | યોજના ની ગાઇડ લાઇન મુજબ |
| અમલકર્તા એજન્સી | કમિશનર,યુવક સેવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓ |
| ફડીંગ પેટર્ન (ટકાવારીમાં) | ૧૦૦% ગુજરાત રાજય |
| અપેક્ષિત આઉટકમ | ગુજરાત રાજ્યના ૧૫ થી ૩૫ વર્ષના આદિજાતી ના યુવક યુવતિઓને શારીરીક, માનસીક,આધ્યાત્મીક વિકાસ માટે યોગાસન અને વ્યક્તિત્વ વિકાસની તાલીમ આપવામાં આવશે. આદિજાતીની વધુ વસ્તી ધરાવતાં ૧૭ જિલ્લાઓના ૧૨૭ તાલુકાઓ માં તાલુકા કક્ષાની શિબિર યોજવાનું આયોજન છે. |

| **યોજનાનું નામઃ** | **૯૮ – ૨૨૦૪ – ૧૦૪ – ૦૭** |
|---|---|
| ઘટકો અને પ્રવૃત્તિઓઃ | દિવ્યાંગ રમતવીરોના ટ્રેનર્સ માટે તાલીમ કાર્યક્રમ |
| સંભવિત લાભાર્થીઓઃ | દિવ્યાંગ રમતવીરોના ટ્રેનર્સ |
| સહાયનું પ્રમાણઃ | યોજના ની ગાઈડ લાઈન મુજબ |
| અમલીકરણ કચેરીઃ | સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્યઃ ૧૦૦ % કેન્દ્રીયઃશૂન્ય અન્યઃશૂન્ય |
| અપેક્ષિત આઉટકમઃ (૨૦૦ શબ્દોમાં) | ઓલમપીક રમતોના ક્ષેત્રમાં દિવ્યાંગ રમતવીરોના રાહબરો/ટ્રેનર્સને ઉત્તમ કક્ષાના નિષ્ણાંતો દ્વારા તાલીમ આપવામાં આવનાર છે. |

| **યોજનાનું નામઃ** | **૯૮ – ૨૨૦૪ – ૧૦૪ – ૦૬** |
|---|---|
| ઘટકો અને પ્રવૃત્તિઓઃ | જિલ્લાકક્ષાએ સ્પોર્ટસ સંકુલની ક્ષમતામાં વધારો કરવા બાબત. |
| સંભવિત લાભાર્થીઓઃ | ૫૦૦૦ ખેલાડીઓ |
| સહાયનું પ્રમાણઃ | યોજના ની ગાઈડ લાઈન મુજબ |
| અમલીકરણ કચેરીઃ | સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્યઃ ૧૦૦ % કેન્દ્રીયઃશૂન્ય અન્યઃશૂન્ય |
| અપેક્ષિત આઉટકમઃ (૨૦૦ શબ્દોમાં) | રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય કક્ષાએ ખેલાડીઓ ભાગ લેવા જાય તેઓને વિવિધ રમતના નિષ્ણાંત કોચ ધ્વારા વૈજ્ઞાનિક ઢબે તાલીમ આપવા જીલ્લાકક્ષા સ્પોર્ટસ સંકુલ ખાતે સુવિધાઓ ઉભી કરવી જરૂરી છે. |

# વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ

રાજ્યમાં ઇન્ફોર્મેશન ટેક્નોલોજી, બાયો ટેક્નોલોજી, જીઓ સ્પેશિયલ ટેક્નોલોજી, સિસ્મોલોજીકલ રીસર્ચ જેવી ઉભરતી ટેક્નોલોજીઓને પ્રોત્સાહન આપવા અને તેના ઉપયોગ માટેની જવાબદારી વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગને સોંપવામાં આવેલ છે. આ વિભાગ સ્ટેટ ડેટા સેંટર અને જીસ્વાન- ગુજરાત સ્ટેટ વાઇડ એરિયા નેટવર્કની દેખરેખ રાખે છે. વિભાગે તેની સંસ્થાઓ મારફતે શૈક્ષણિક ચેનલો માટે ક્ષમતા નિર્માણ કરેલ છે જેના થકી બાયસેગ રાજ્ય સરકાર માટે ૧૬ ચેનલો અને ભારત સરકાર માટે ૩૪ ચેનલોનું પ્રસારણ કરે છે.

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ હેઠળની મહત્વની સંસ્થાઓમાં ઇન્સ્ટીટ્યુટ ઓફ સિસ્મોલોજીકલ રીસર્ચ(ISR), બાયોટેક્નોલોજી મિશન, સાયન્સ સિટી કાઉંસિલ અને ગુજકોસ્ટનો સમાવેશ થાય છે. વિભાગ વિવિધ પ્રોત્સાહન કાર્યક્રમો જેવા કે ગુજરાત સાયન્સ કોંગ્રેસ, નેશનલ સમિટ ઓન ઇનોવેશન એન્ડ ટેક્નોલોજી વગેરેના આયોજનને સુગમતા કરી આપે છે તેમજ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી ક્ષેત્રમાં સંશોધન અને વિકાસ(R&D) ના પ્રોત્સાહન માટે આઇસીટી, બાયોટેક તેમજ અન્ય વૈજ્ઞાનિક વ્યવસાયિકો-સંસ્થાઓ સાથે સક્રિય રીતે કાર્ય કરે છે.

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ પોતાના તમામ લક્ષ્યાંકો તેના હેઠળની સંસ્થાઓ દ્વારા સિધ્ધ કરે છે જેમાં આઇસીટી માટેના લક્ષ્યાંકો  માહિતી અને પ્રૌદ્યિગિકી નિયામક અને ગુજરાત ઇન્ફોર્મેટીક્સ લિમીટેડ દ્વારા, બાયોટેક્નોલોજી સંબંધિત ગતિવિધિઓ ગુજરાત સ્ટેટ બાયોટેક્નોલોજી મિશન દ્વારા, અર્થ સાયન્સ અને સિસ્મોલોજી સંબંધિત ગતિવિધિઓ ઇન્સ્ટીટ્યુટ ઓફ સિસ્મોલોજીકલ રીસર્ચ(ISR) દ્વારા, સાયંસ સીટી-મ્યુઝિયમને કાર્યરત રાખવાની કામગીરી ગુજરાત કાઉંસિલ ઓફ સાયન્સ સિટી દ્વારા, સામુદાયિક પ્રચાર પ્રસારનાં કાર્યક્રમો ગુજરાત કાઉંસિલ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી દ્વારા, શૈક્ષણિક ચેનલોનું પ્રસારણ તથા GIS એપ્લિકેશન નું નિર્માણ બાયસેગ દ્વારા પ્રાપ્ત કરવામાં આવે છે.

**હેતુઓ**

- વિભાગને રાજ્યમાં વિવિધ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી ક્ષેત્રો જેવા કે ઇંફોર્મેશન ટેક્નોલોજી, બાયોટેક્નોલોજી, જિઓ-સ્પેશિયલ, અર્થ સાયન્સના વિકાસને પ્રોત્સાહન આપવું તથા સમુદાયમાં વૈજ્ઞાનિક અભિગમ પ્રત્યે જાગૃતિનો પ્રચાર પ્રસાર કરવાના લક્ષ્યાંકની જવાબદારી સોંપવામાં આવેલ છે.

**વ્યુહરચના**

- ચોક્કસ ઉદ્દેશો સિધ્ધ કરવા વિભાગ નીચેની ત્રણ સ્ટ્રેટેજી પર કાર્ય કરે છે.
  - અ) 'સંશોધન અને વિકાસ(R&D)' નો વિકાસ, R&D માં રોકાણ અને ટેક્નોલોજી આધારિત પેદાશોનું ઉત્પાદન.
  - બ) રાજ્યમાં જાહેર ક્ષેત્રની તેમજ ખાનગી ક્ષેત્રની સંસ્થાઓની ઓપરેશનલ અને વિકાસ સંબંધિત જરૂરિયાતો અન્વયે સહાય કરવા રાજ્યમાં મજબૂત ટેક્નોલોજી આંતરમાળખાનો વિકાસ કરવો.
  - ક) સમુદાયો માટે વિજ્ઞાન આધારિત કાર્યક્રમો અને પ્રચાર પ્રસાર
- ક્ષેત્રીય ઉદ્દેશોની પૂર્તિ માટે મોટા ભાગે વિભાગ દ્વારા ક્ષેત્રીય નિતિઓ જેવી કે પ્રોક્યોરમેન્ટ પોલિસી, ઇ-ગવર્નંસ પોલિસી, ઇલેક્ટોનિક્સ પોલિસી, ઇંફોર્મેશન ટેક્નોલોજી પોલિસી, બાયોટેક્નોલોજી પોલિસી, સ્ટાર્ટ-અપ પોલિસી અને હાલમાં એક સર્વાંગી  વિજ્ઞાન અને ટેક્નોલોજી પોલિસીની રચના હાથ ધરવામાં આવેલ છે.

**યોજનાઓ**

| | |
|---|---|
| **યોજનાનું નામ** | **DIT-7** |
| | ૮૯-૨૦૫૨-૦-૯૦-૧૧-૦ |
| | **માહિતી અને સંચાર ટેકનોલોજી સેવાઓને યુઆઇડી દ્વારા સહાય** |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | સરકારની સેવાઓને આધારથી જોડીને સરળ બનાવવી |
| લાભાર્થિઓ | રાજ્ય સરકારના વિભાગો |
| યોજનાનો વ્યાપ | સમગ્ર ગુજરાત |
| અમલવારી કરનાર એજન્સી | વિભાગ |
| ફંડીંગ પેટર્ન | ૧૦૦% ભારત સરકાર |
| અપેક્ષિત પરિણામો | તમામ સરકારી સેવાઓ આધાર કાર્ડ આધારીત મળતી થશે. |

| | |
|---|---|
| **યોજનાનું નામ** | **DIT-5** |
| | ૮૯-૨૦૫૨-૦-૯૦-૮-૦ |
| | **નેશનલ ઇ-ગવર્નન્સ પ્લાન અંતર્ગત ક્ષમતાવર્ધન માટે  વધારાની કેન્દ્રીય સહાય** |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | કેન્દ્રીય સહાયથી રાજ્યના આઇટી માળખાને સુદ્રઢ કરવું |
| લાભાર્થિઓ | રાજ્ય સરકારના વિભાગો |
| યોજનાનો વ્યાપ | સમગ્ર ગુજરાત |
| અમલવારી કરનાર એજન્સી | વિભાગ |
| ફંડીંગ પેટર્ન | રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર ૫૦% - ૫૦% |
| અપેક્ષિત પરિણામો | રાજ્યના આઇટી માળખાનું સુદ્રઢીકરણ |

| | |
|---|---|
| **યોજનાનું નામ** | **ISR-1** |
| | ૯૦-૩૪૨૫-૬૦-૨૦૦-૪-૦ |
| | **ભૂકંપ સંશોધન સંસ્થા** |
| પ્રવૃત્તિઓ | • અર્થક્વેકઅર્લીવોરનીંગસીસ્ટમ |
| | • ૨૪ કલાક * ૭ દિવસ ગુજરાત રાજ્યના ભૂકંપીય ખતરાનું નિરીક્ષણ |
| | • કચ્છમાં ધરતીકંપની આગાહી માટે મલ્ટી પેરામેટ્રીક જીયોફીઝીકલ, જીયોકેમીકલ મોનીટરીંગ |
| | • ૩ડી મેગ્નેટેલોરીકસ્ટડીઑફ કચ્છ, ગુજરાત |
| | • ગુજરાતમાં ડીપસિઝમિકસાઉન્ડીંગ પ્રોફાઇલ(DSS Profile) કરીને જમીનની પ્રકૃતિ, ખામીઓ, ફોલ્ટની રૂપરેખાઓ, અને જમીનમાં છુપાયેલા ફોલ્ટ  શોધવા |
| | • પશ્ચિમ ભારતમાં ધરતીકંપના જોખમની આકારણી માટે જમીન બંધારણનો અભ્યાસ |
| | • જીપીએસ નેટવર્કનો ઉપયોગ કરીને ગુજરાતમાં ભૂ-પૃષ્ઠની વિરૂપતાનું વાસ્તવિક સમયે નિરીક્ષણ કરવું |

| | |
|---|---|
| લાભાર્થીઓ | ઇન્જીનીયરો, પોલીસી મેકરો, રાજ્ય અને કેંદ્ર સરકારના વિવિધ વિભાગો અને ઉધોગો અને સમગ્ર ભારતના લોકો |
| સહાયના સ્કેલ | ના |
| લાગુ કરનારી સંસ્થા | ઇન્સ્ટીટ્યુટ ઑફ સિસ્મોલોજીકલ રીસર્ચ |
| ફંડીંગ પેટર્ન | ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થા |
| ઇચ્છિત પરીણામ | ભૂકંપમાં થનાર જાનમાલના નુકશાનને ઘટાડવામાં મદદ કરવી |

| | |
|---|---|
| **યોજનાનું નામ** | **DIT-1** |
| | ૮૯-૨૦૫૨-૦-૯૦-૧-૦ |
| | **સાયન્સ એન્ડ ટેકનોલોજી પ્લાન, સ્ટોરેજ સોલ્યુશન અને ડેટા સેન્ટર CERT-G** |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | ડેટા સેન્ટર, GSWAN, IWDMS, IACMMS, મિની ડેટા સેન્ટર, વિડીયો કોન્ફરન્સીંગ અને સીએમ વેબ સેન્ટર, વગેરેના મેન્ટેનન્સ અને આધુનિકીકરણ નું કામ. |
| લાભાર્થિઓ | રાજ્ય સરકારના વિભાગો |
| યોજનાનો વ્યાપ | સમગ્ર ગુજરાત |
| અમલવારી કરનાર એજન્સી | વિભાગ અને જીઆઇએલ દ્વારા સંયુક્ત રીતે |
| ફંડીંગ પેટર્ન | 100% રાજ્ય સરકાર |
| અપેક્ષિત પરિણામો | રાજ્ય સરકારના તમામ વિભાગોમાં આઇટી સંસાધનોનું સુચારૂ સંચાલન |

| | |
|---|---|
| **યોજનાનું નામ** | **DIT-4** |
| | ૮૯-૨૦૫૨-૦-૯૦-૪-૦ |
| | **પોલિસી અંતર્ગત વિવિધ પ્રોત્સાહનો** |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | સાહસિકોને સરકારની આઇટી પોલિસી, ઇલેક્ટ્રોનિક્સ પોલિસી અને સ્ટાર્ટ અપ પોલિસી અંતર્ગત વિવિધ પ્રોત્સાહનો પૂરા પાડવા. |
| લાભાર્થિઓ | રાજ્યના આઇટી ક્ષેત્રના ઉત્સાહી અને સાહ્સિક ઉદ્યોગકર્મીઓ |
| યોજનાનો વ્યાપ | સમગ્ર ગુજરાત |
| અમલવારી કરનાર એજન્સી | ડાયરેક્ટર આઇટી અને એ-ગવર્નન્સ |
| ફંડીંગ પેટર્ન | ૧૦૦% રાજ્ય સરકાર |
| અપેક્ષિત પરિણામો | નવા આઇ ટી યુનિટની સ્થાપના અને વધારે રોજગારી ઉભી કરવી. |

| | |
|---|---|
| **યોજનાનું નામ** | **SCN-1** |
| | ૯૦-૪૦૭૫-૦-૮૦૦-3-૦ |
| | **ગાંધીનગર ખાતે નવી ઇપીએબીએક્સ સિસ્ટમની સ્થાપના** |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | ગાંધીનગર ખાતે જૂની સિસ્ટમના સ્થાને નવી સુદ્રઢ કોમ્યુનિકેશન સિસ્ટમ સ્થાપી ડિજીટલ કોમ્યુનિકેશન શરૂ કરવું |
| લાભાર્થિઓ | ગાંધીનગર ખાતેની સરકારી કચેરીઓ |
| યોજનાનો વ્યાપ | ગાંધીનગર |

| | |
|---|---|
| અમલવારી કરનાર એજન્સી | વિભાગ |
| ફંડીંગ પેટર્ન | ૧૦૦% રાજ્ય સરકાર |
| અપેક્ષિત પરિણામો | નવી કોમ્યુનિકેશન સિસ્ટમ અને રાજ્યનું અસરકારક કોમ્યુનિકેશન |

| | |
|---|---|
| **યોજનાનું નામ** | **DIT-6**<br>૮૯-૨૦૫૨-૦-૯૦-૧૦-૦<br>**ડાયરેક્ટર આઇટી ની કચેરી નું મહેકમ** |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | એક નવા ખાતા ના વડાની કચેરી જે રાજ્યને આઇટી ક્ષેત્રે ઘણું મદદરૂપ બનશે. |
| લાભાર્થિઓ | રાજ્યના વિભાગો |
| યોજનાનો વ્યાપ | સમગ્ર ગુજરાત |
| અમલવારી કરનાર એજન્સી | વિભાગ |
| ફંડીંગ પેટર્ન | ૧૦૦% રાજ્ય સરકાર |
| અપેક્ષિત પરિણામો | રાજ્યમાં આઇટી સંવર્ગ ઉભો કરવો અને તે દ્વારા આઇટી ક્ષેત્રે માળખાકીય સુવિધાઓ સુદ્રઢ કરવી |

| | |
|---|---|
| **યોજનાનું નામ** | **DIT-8**<br>૮૯-૨૦૫૨-૦-૯૦-૧૨-૦<br>**રાજ્યવ્યાપી ફાયબરગ્રીડ નેટવર્ક-ભારતનેટ ની સ્થાપના.** |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | દેશના ભારતનેટ પ્રોજેક્ટ અન્વયે રાજ્યમાં ખાસ કંપની સ્થાપી તેના દ્વારા સમગ્ર રાજ્યમાં હાઇસ્પીડ નેટવર્ક સ્થાપવું |
| લાભાર્થિઓ | રાજ્ય સરકારના વિભાગો અને તમામ કચેરીઓ |
| યોજનાનો વ્યાપ | સમગ્ર ગુજરાત |
| અમલવારી કરનાર એજન્સી | વિભાગ |
| ફંડીંગ પેટર્ન | ૧૦૦% રાજ્ય સરકાર |
| અપેક્ષિત પરિણામો | તમામ સરકારી કચેરીઓને ફાઇબરગ્રીડથી જોડી ઝડપમાં અનેકગણો વધારો કરવો. |

| | |
|---|---|
| **યોજનાનું નામ** | **GST-1**<br>૯૦-૩૪૨૫-૬૦-૨૦૦-૨-૦<br>**વિજ્ઞાનનો પ્રચાર અને પ્રસાર, તાલીમ, ક્ષમતા વર્ધન અને રાજ્યમાં વૈજ્ઞાનીક અભિગમ અને શિક્ષણ વિકસાવવા** |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | • પ્રાદેશિક સાયન્સ મ્યુઝિયમની સ્થાપના અને વિકાસ ( વિકાસનું બીજું વર્ષ) ભુજ, રાજકોટ, ભાવનગર, વડોદરા અને પાટણ માં ૫ પ્રાદેશિક સાયન્સ મ્યુઝિયમ વિકસિત થઇ રહ્યા છે. |
| | • રાજ્યમાં લોક વિજ્ઞાન કેન્દ્ર ની સ્થાપના અને વિકાસ (૩૩ સીએસસી) |
| | • હાલમાં ૧૮ લોક વિજ્ઞાન કેન્દ્ર અને ૧૩ નવા લોક વિજ્ઞાન કેન્દ્ર |
| | • ગણિત - વિજ્ઞાન પ્રશ્નોત્તરી કાર્યક્રમ |

| | |
|---|---|
| | • સેમિનાર/સિમ્પોઝીયા/વર્કશૉપ/ટ્રેનિંગ/પ્રદર્શન/ પેપર પ્રેઝન્ટેશન |
| | • વિજ્ઞાન ના સામાયિકો, સમાચારપત્રો, અને વેબસાઇટ પ્રકાશિત કરવી |
| | • વિજ્ઞાન અને ટેકનોલોજીના દિવસો/અઠવાડિયાની ઉજવણી |
| | • સાયન્સ કવીઝ/સાયન્સ ડ્રામા/સાયન્સ જાથા/સાયન્સ સેમિનાર વગેરે |
| | • સ્કૂલ સાયન્સ ક્લબ, રાજ્યમાં ૨૦૦૦ સાયન્સ ક્લબમાં એક્ટીવીટી કીટ સાથે ગ્રાન્ટ ફાળવણી. |
| બ) હેતુ લાભાર્થીઓ | શાળા અને કોલેજના વિદ્યાર્થીઓ, શિક્ષક, ખેડૂત, મહિલા અને સામાન્ય લોકો, એનજીઓ ના સભ્યો, મીડિયા ના સભ્યો, વિજ્ઞાન, એન્જિનિયરિંગ અને ફાર્મસી કોલેજો ના પ્રધ્યાપકો, વૈજ્ઞાનિકો, અને સંશોધન વિદ્વાનો |
| ક) સહાયના ધોરણો | લોક વિજ્ઞાન કેન્દ્ર: જિલ્લાસ્તર ના કેન્દ્ર માટે:વાર્ષિક Rs.7.50 લાખ અને પ્રાદેશિક સ્તર ના કેન્દ્ર માટે : વાર્ષિક Rs. 10.00 લાખ |
| | બીજી પ્રમોશનલ પ્રવુત્તિઓ માટે સમિતિના નિર્દેશ મુજબ. |
| ડ) અમલીકરણ માટેની સંસ્થા | ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી |
| ઇ) ફંડીંગ પેટર્ન | ૧૦૦% ગુજરાત રાજ્ય અનુદાન |
| ઈ) અપેક્ષિત પરિણામ | સામાન્ય નાગરિકોના જીવનમાં વૈજ્ઞાનિક અભિગમ અને અભિરુચિ વિકાસ થશે જેનાથી રાજ્ય માં નાગરિકોના સામાજિક-આર્થિક કલ્યાણ માં સહાયતા મળશે. |
| | સમાજમાં પ્રચલિત અંધશ્રદ્ધાનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ લાવવા માં મદદ મળશે. જેથી લોકોનું સામાજિક અને આર્થિક સ્તર ઊંચું આવશે. |

| | |
|---|---|
| **યોજનાનું નામ** | **GST-1** |
| | **૯૦-૩૪૨૫-૬૦-૨૦૦-૨-૦** |
| | **સંશોધન અને વિકાસ, ઇનોવેશન અને આઇપી આર તેમજ સમાજના વિકાસમાં ટેકનોલોજીનું ઝડપી વિસ્તરણ** |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | • વિજ્ઞાન અને ટેકનોલોજીના ઉભરતા ક્ષેત્રોમાં સેન્ટર ફોર એકસલન્સની સ્થાપના |
| | • ગુજરાત નેનોમિશનનું સંશોધન અને પ્રમોશન |
| | • માઇનોર રિસર્ચ પ્રોજેક્ટ |
| | • રાજયમાં વિજ્ઞાન, ઇજનેરી, ફાર્માસ્યુટીક્લના સ્નાતક અને અનુસ્નાતક વિધ્યાર્થીઓને સ્ટેટ ઇનસ્પાયર પ્રોગ્રામ હેઠળ ગ્રાન્ટ |
| | • ઉદ્યોગ, ઉર્જા, પર્યાવરણ, બાયોટેકનોલોજી, ઇન્ફર્મેશન ટેકનોલોજીનાં ક્ષેત્રોમાં ડો. વિક્રમ સારાભાઇ એવોર્ડ |
| | • આંતરરાષ્ટ્રિય વર્કશોપ/પરિષદ માં હાજરી આપવા માટે યુવા સંશોધકો અને વૈજ્ઞાનિકોનેહવાઇ મુસાફરીમાં સહાય |
| | • રાજ્યમાં બૌધિક સંપદા નું નિર્માણ બૌધિક સંપદા ની માહિતી અને નોંધણીની સુવિધા દ્વારા વધારવું |

| | |
|---|---|
| બ) હેતુ લાભાર્થીઓ | વૈજ્ઞાનિકો, સંશોધકો, કોલેજના અધ્યાપકો , શિક્ષકો, |
| | સ્નાતક/અનુસ્નાતક વિદ્યાર્થીઓ |
| ક) સહાયના ધોરણો | માઇનોર રિસર્ચ પ્રોજેક્ટ માટે રૂ. ૧૦ લાખ સુધી સમિતિ ના નિર્દેશ મુજબ |
| | બૌધિક સંપદા રક્ષણ માટે રૂ ૫ થી ૩૦ લાખ સુધી સમિતિ ના નિર્દેશ મુજબ. |
| ડ) અમલીકરણ માટેની સંસ્થા | ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી |
| ઇ) ફંડીંગ પેટર્ન | ૧૦૦% ગુજરાત રાજ્ય અનુદાન |
| ઈ) અપેક્ષિત પરિણામ | • રાજ્યમાં સ્પર્ધાત્મક સંશોધન નું વાતાવરણ બનશે. |
| | • વિશ્વવિદ્યાલય / મહાશાળા માં અદ્યતન સુવિધા ઊભી થશે. |
| | • રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંશોધન કેન્દ્ર વચ્ચે સમન્વય પ્રસ્થાપિત થશે. |
| | • "નેનો ટેકનોલોજી" ના વિષય માં સામાન્ય લોકો માં જાગરૂકતા, સમજણ, અને રસ કેળવાશે. |
| | • આર્થિક સહાયતા તેમજ જાગૃતિ ની પ્રવૃતિઓ દ્વારા બૌધિક સંપદા ના રક્ષણ માટે નું પ્રોત્સાહન મળશે. જેના દ્વારા દેશ નો બૌધિક સંપદા ક્રમ મજબુત બનશે. |

| **યોજનાનુ નામ** | **GST-1**<br>**90-3425-60-200-2-0**<br>શાળાના વિદ્યાર્થીઓ માટે DO-IT-Yourself (DIY) કીટ માટેની દરખાસ્ત |
|---|---|
| ઘટકો અને પ્રવૃતિઓ | • સર્જનાત્મક અને નવીનત્તમ વિચારોથી સભર વિદ્યાર્થીઓ તથા પ્રાધ્યાપકોને યોગ્ય સુવિધા પૂરી પાડવા માટે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીના ક્ષેત્રે "ક્રિએટીવ લેબ" ની સ્થાપનાની દરખાસ્ત કરવામાં આવેલ છે.<br>• ક્રિએટીવ લેબ વિજ્ઞાન, ટેક્નોલોજી અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી ક્ષેત્રો માટે પેટન્ટ અને ઈન્ડસ્ટ્રીયલ ડિઝાઈન જેવી ઈન્ટેક્ચ્યુઅલ પ્રોપર્ટીસ માટે જનરેટર તરીકેનું કામ કરશે. આ દરખાસ્ત ભારત સરકારનો સ્વપ્નદ્રષ્ટા અભિયાન સર્જનાત્મક ભારત-નવીન ભારતની યોજના હેઠળ કરવામાં આવી છે.<br>• ક્રિએટિવ લેબના સ્થાપનાની સાથે DO-IT-Yourself kitsનું ડિઝાઇન અને વિકાસ કરવામાં આવશે અને જરૂરી સૂચનાઓ, તાલીમ કાર્યક્રમ અને માર્ગદર્શન સાથે શાળાઓને પહોંચાડવામાં આવશે. |
| હેતુ લાભાર્થીઓ | શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો |
| સહાયના માપદંડ | • શરૂઆતમાં, ગુજકોસ્ટએ અંદાજીત રૂ. ૧.૦૦ લાખ (એક સેટની કિંમત) ની DIY કિટ્સની ખરીદી કરવાની યોજના બનાવી છે.<br>• જે રાજ્યમાં પસંદ કરેલ 100 શાળાઓને આપવામાં આવશે.<br>• DIY કિટ્સની કિંમત, તેની તાલીમ અને માર્ગદર્શન, અનુવર્તી અને ડોક્યુમેન્ટેશનનો લગભગ ખર્ચો રૂ. ૧૨૫.૦૦ લાખ હશે. |
| અમલીકરણ એજન્સી | ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી |
| ફંડીંગ પેટર્ન | ગુજરાત રાજ્ય અનુદાન |

| | |
|---|---|
| અપેક્ષિત પરિણામ | • વિદ્યાર્થી અને સંશોધક તેમના વિચારને મોડેલ અથવા પ્રયોગ રૂપે રજૂ કરી શકશે.<br>• નવીન વિચારો સાથેના વિદ્યાર્થીઓને ફાયદો થશે, જ્યાં તેઓ તેમના સર્જનાત્મક વિચારોને પાયલોટ પ્રોજેકટના ફોર્મમાં રૂપાંતરિત કરી શકશે. |

| | |
|---|---|
| **યોજનાનુ નામ** | **SCT-1** |
| | **૯૦-૩૪૨૫-૬૦-૨૦૦-૧-૦** |
| | **ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ સીટી** |
| ઘટકો અને પ્રવૃતિઓ | - સાયન્સ સીટી તબક્કાવાર રીતે વિકસિત કરવામાં આવી છે. સાયન્સ સીટીનો પ્રથમ તબક્કો ભારતના પ્રથમ આઇમેક્સથ્રીડી થિયેટર, હોલ ઓફ સાયન્સ, હોલ ઓફ સ્પેસ,એનર્જી પાર્ક, બાળકો માટેનું પ્રવૃતિ કેન્દ્ર,લાઇફ સાયન્સ પાર્ક,પ્લેનેટ અર્થ,સીમ્યુલેટર ઓડિટોરિયમ અને સુંદર લેન્ડસ્કેપની વચ્ચે પાયાની સુવિધાઓ જેવી કે પાર્કિંગ અને કાફટેરીયા સાથે પૂર્ણ કરવામાં આવ્યો છે. |
| | - સાયન્સ સીટીના બીજા તબક્કામાં ભાવિ વિકાસ માટે ફૂલ જમીનના ઉપયોગની યોજના (માસ્ટર પ્લાન) સાથે બે ગેલેરીઓ (૧) રોબોટીક અને (૨) એક્વેટિક ના ડિઝાઇનનું આયોજન કરવામાં આવ્યું છે. |
| હેતુ લાભાર્થીઓ | - યુનિવસિટી વિભાગો –બેઝીક સાયન્સ, એન્જિનિયરિંગ અને હ્યુમેનીટીઝ, શાળા અને કોલેજના વિધાર્થીઓ |
| | - શિક્ષકો, અધ્યાપકો,સંશધકો અને વૈજ્ઞાનિકો |
| | - જન સામાન્ય,ગ્રહિણીઓ, ખેડૂતો અને કારીગરો |
| | - આદિવાસી સમુદાયના સભ્યો |
| | - મીડિયાના સભ્યો |
| સહાયના માપદંડ | સરકાર દ્વારા મંજુર અને માન્ય સિધ્ધાંત અને ડિઝાઇન મુજબ ગુજરાત કાઉન્સીલ ઓફ સાયન્સ સીટીએ વૈજ્ઞાનિક વિષય આધારિત પેવેલીયનો અને અન્ય માળખાકીય સુવિધાઓનું ડિઝાઈન અને વિકાસ કરવું |
| અમલીકરણ એજન્સી | ગુજરાત કાઉન્સીલ ઓફ સાયન્સ સીટી |
| ફંડીંગ પેટર્ન | ૧૦૦% ગુજરાત સરકાર |
| અપેક્ષિત પરિણામ | વિજ્ઞાન અને ટેકનોલોજીના સીમાંત વિસ્તારો પર આધારિત નવીનતમ એકઝીબીટ અને હાઇટેક પ્રસ્તુતિઓ દ્વારા ગુજરાત સાયન્સ સીટી ના બીજા તબક્કાનો વિકાસ સાયન્સ, ટેક્નોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત (સ્ટેમ) માટે એપી સેન્ટર તેમજ ઉત્પ્રેરક બનશે અને તમામ ઉંમરના લોકો માટે શિક્ષણ અને આસપાસના વિશ્વ વિશેની જિજ્ઞાસાને પ્રેરણા આપશે. |

| | |
|---|---|
| **યોજનાનુ નામ** | **SCT-2** |
| | **૯૦-૩૪૨૫-૬૦-૬૦૦-૧-૦** |

| | વિજ્ઞાનની લોકપ્રિયતા |
|---|---|
| અ) ઘટકો અને પ્રવૃતિઓ | - ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ સીટી સમગ્ર વર્ષ દરમ્યાન વિજ્ઞાન લોકપ્રય કાર્યક્રમો દ્વારા વિવિધ પ્રવૃતિઓ હાથ ધરે છે. આ પ્રવૃતિઓ દ્વારા સાયન્સ સીટી સામાન્ય લોકો, વિધ્યાર્થીઓ અને શિક્ષકો વચ્ચે વિજ્ઞાનનો પ્રચાર અને પ્રસાર કરે છે. વિગતવાર દરખાસ્તોમાં સમાવેલ પ્રવૃતિઓ અને પરિસંવાદો તેમજ વિવિધ દિવસોની ઉજવણી કરવા માટે સાયન્સ સીટી સક્ષમ બને તે માટે સાયન્સ સીટીને સરકાર તરફથી નાણાકીય સહાયની જરૂર પડશે.નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટે ચાલુ યોજના હેડમાં રૂ. ૩૫૦ લાખની જોગવાઇ કરેલ છે. |
| બ) હેતુ લાભાર્થીઓ | શાળા અને કોલેજના વિધાર્થીઓ |
| | - શિક્ષકો, અધ્યાપકો,સંશધકો અને વૈજ્ઞાનિકો |
| | -મિડીયાના સભ્યો વગેરે. |
| ક) સહાયના માપદંડ | -સાયન્સ સીટી કેમ્પસમાં ગુજરાત કાઉન્સીલ ઓફ સાયન્સ સીટી દ્વારા બધા કાર્યક્રમોની ડિઝાઇન અને અમલીકરણ કરવામાં આવે છે. |
| ખ) અમલીકરણ એજન્સી | ગુજરાત કાઉન્સીલ ઓફ સાયન્સ સીટી |
| ગ) ફંડીંગ પેટર્ન | ૧૦૦% રાજ્ય સરકાર |
| ઘ) અપેક્ષિત પરિણામ | ૧) સમગ્ર વર્ષ દરમ્યાન વિજ્ઞાનની ઉજવણી (૧૨૫ કાર્યક્રમો) |
| | ૨) વિજ્ઞાન અને ગણિત પર શૈક્ષણિક કાર્યક્રમો (સાયન્સ ઓલિમ્પિએડ) |
| | ૩) સાયન્સ અને ટેકનોલોજી થિમ પર સાધન સામગ્રી. |
| | ૪) વૈજ્ઞાનિક કૌશલ્ય વિધ્યાર્થી સ્વયંસેવકોને તાલીમ આપવી.<br>૫) મીડીયા રીસોર્સ સેન્ટર, સાયન્સ ક્લબ, ડી એન એ ક્લબનો રાજ્યવ્યાપી પ્રસાર |

| | |
|---|---|
| **યોજનાનું નામ** | **BSG-1** |
| | ૯૦-૩૪૨૫-૬૦-૨૦૦-૩-૦ |
| | **રીમોટ સેન્સીંગ એન્ડ કોમ્યુનિકેશન સેન્ટર**<br>**ભાસ્કરાચાર્ય ઇન્સ્ટીટ્યુટ ઓફ સ્પેસ એપ્લીકેશન એન્ડ જીઓ ઇન્ફોર્મેટીક્સ (BISAG)** |
| ઘટકો અને પ્રવૃતિઓ : | સેટેલાઇટ કોમ્યુનિકેશન આધારિત દૂરવર્તી શિક્ષણ, તાલીમ અને વિસ્તરણ માટે ‘ વંદે ગુજરાત’ અંતર્ગત ૧૬ ચેનલ અને સ્વયંપ્રભા અંતર્ગત ૩૨ ચેનલ (24 x 7) કાર્યરત કરવામાં આવેલ છે. |
| | રાજ્યના વિકાસલક્ષી આયોજન અને નિર્ણાયક પ્રણાલી માટે સ્પેસ-જીઓ ઇન્ફર્મેટીક્સ ટેકનીકનો ઉપયોગ કરી જીઓ-ઇન્ફર્મેટીક ગ્રાફીક સીસ્ટમની એપ્લીકેશન તૈયાર કરવામાં આવેલ છે. |
| | સ્પેસ-જીઓ ઇન્ફર્મેટીક્સ એપ્લીકેશનની સંશોધન અને વિકાસલક્ષી કામોમાં જુદી જુદી પધ્ધતિઓ તૈયાર કરવી. |
| નિર્ધારિત લક્ષ્યાંકો: | ગુજરાત સેટકોમ નેટવર્ક વિધાર્થીઓ, ખેડૂતો, સામાન્ય લોકો, સરકારી |

| | |
|---|---|
| | અધિકારીશ્રીઓ, પંચાયત કક્ષાના પદાધિકારીઓનો વિશાળ સમુદાય |
| | જીઓ- ગ્રાફીક ઇ ન્ફર્મેશન સીસ્ટમ (જીઆઇએસ) : |
| | તમામ સરકારી વિભાગો અને સરકારી એજન્સીઓ |
| | સંશોધન અને વિકાસ : (આર & ડી ) : પસંદગી પામેલ વિધાર્થીઓ અને સરકારી એજન્સીઓ- ખુબ જ ઓછા ભાવે સોફટવેર ઉપ્લબ્ધ કરાવી અને તેનુ ઝડપી અમલીકરણ |
| સહાયનું પ્રમાણ: | - લાગુ પડતુ નથી. - શુન્ય - |
| અમલકર્તા એજન્સી: | ભાસ્કરાચાર્ય ઇન્સ્ટીટ્યુટ ફોર સ્પેસ એપ્લીકેશન એન્ડ જીઓ- ઇન્ફર્મેટીકસ, |
| ફંડીંગના પેટર્ન : | ૧૦૦% રાજ્ય સરકાર |
| અપેક્ષિત આઉટકમ | ગુજરાત સેટકોમ નેટવર્ક પ્રાથમિક અને ઉચ્ચતર ધોરણના વિધાર્થીઓને તેમના સમયે, તેમના સ્થળે વિનામુલ્યે ટીવી પર કાર્યક્રમો પ્રસારિત થવાથી ખુબ જ લાભદાયી બનશે.ઉપરાંત રાજ્યના અન્ય લોકોને પણ સરકારી યોજનાઓની જાણકારી મળશે. |
| | જીઓ- ગ્રાફીક ઇન્ફર્મેશન સીસ્ટમ (જીઆઇએસ) : |
| | રાજ્યના તમામ વિકાસ ક્ષેત્રના કાર્ય માટે ઓછી કિંમતે ઇન હાઉસ તૈયાર કરેલ સોફટવેર ખુબ જ ઉપયોગી નીવડશે. વૈજ્ઞાનિક રીતે તૈયાર કરેલ ડેટાબેજ મેનેજમેન્ટ અને ઉપયોગ રાજ્યના તમામ વિભાગો કરી શકશે. |
| | સંશોધન અને વિકાસ : (આર & ડી ): |
| | વિધાર્થીઓને હાઇ એન્ડ ટેકનોલોજી સાથે કામ કરવાની તકો ઉભી થશે અને તેના પેપર્સ પ્રકાશિત કરવામાં ખૂબ જ ઉપયોગી નીવડશે. છેલ્લા પાંચ વર્ષમાં ૧૧૦ આંતર રાષ્ટ્રીય અને ૨૨ રાષ્ટ્રીય જર્નલ્સ પ્રકાશિત કરવામાં આવેલ છે. હાઇ એન્ડ ટેકનોલોજી ના ઉપયોગથી બાયસેગ ખાતેથી રાજ્યના મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને અમુક બહારના વિધાર્થીઓને તેઓના સંશોધન કાર્યમાં મદદરૂપ થયેલ છે અને બાયસેગને પણ વિધાર્થીઓના સંશોધનનો લાભ મળેલ છે. |

# શહેરી વિકાસ અને શહેરી ગૃહ વિભાગ

ગુજરાત ભારતમાં આર્થિક વિકસિત રાજ્યોમાંનું એક છે. આર્થિક વૃદ્ધિ ના કારણે પણ રાજ્યમાં ઝડપી શહેરીકરણ થઈ રહ્યુ છે. 2011 ની વસતી ગણતરી મુજબ રાષ્ટ્રીય સરેરાશ 31.1% ની સામે ગુજરાતમાં 42.6% શહેરીકરણના છે. શહેરીકરણની તીવ્ર ગતિના કારણે રાજ્યમાં શહેરી પરિવારોમાં નોંધપાત્ર વૃદ્ધી  થઈ રહી છે. 2011 માં ગુજરાતમાં કુલ શહેરી ઘરોની સંખ્યા ૫.૪ મિલિયન હતી જે ૧૯૯૧ કરતા લગભગ બમણી છે. ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ કુલ ઘરોના ૪૬% શહેરી ઘરો છે.

ઝડપી શહેરીકરણ ની જરૂરિયાતો પૂરી કરવા માટે ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૦૫ ને શહેરી વિકાસ વર્ષ તરીકે જાહેર કરવામાં આવેલ. શહેરી માળખાકીય સુવિધાઓ, પીવાના પાણી, ગટર વ્યવસ્થા, વરસાદી પાણી ડ્રેનેજ, આંતરિક રસ્તા અને સ્ટ્રીટ લાઇટ પૂરી પાડતી વિવિધ યોજનાઓ અને કાર્યક્રમો શરૂ કરવામાં આવેલ. શહેર બગીચાઓ અને મનોરંજન સુવિધાઓ વિકાસ જેવા વધારાના ઘટકો પણ કારણે મહત્વ આપવામાં આવેલ છે. શહેરી ગરીબો માટે સસ્તા મકાનોની યોજનાઓ શરૂ કરવામાં આવતા ગુજરાતનો શહેરી વિકાસ વધુ વ્યાપક બની જાય છે.

**હેતુઓ**

**સ્વર્ણિમ**

- સ્વચ્છ પીવાનું પાણી તેમજ વ્યવસ્થિત પાણી પુરવઠા, ગટર વ્યવસ્થાના અમલ માટે તબક્કાવાર રીતે બધા સ્થાનિક શહેરી સંસ્થાઓને આવરી લેવામાં આવેલ છે.
- ઓવરબ્રિજ-અન્ડરબ્રીજ, રસ્તા, બગીચાઓ શહેરી પરિવહન, કોમ્યુનિટી હોલ વગેરે જેવી માળખાકીય સુવિધાઓ માટે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને સહાય પુરી પાડવી.

**એફોર્ડેબલ હાઉસિંગ**

- આ યોજના હેઠળ વર્ષે ૨૦૨૨ ના અંત સુધીમાં તમામ શહેરી વસ્તી આવરી લેવી.
- ઝુંપડપટ્ટી વિસ્તારોને પરવડી શકે તેવા ઘરો અને મૂળભૂત સુવિધાઓ પુરી પાડવી તેમજ તેઓના જીવનધોરણમાં સુધારો કરવો.

**મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન**

- તમામ શહેરી વસ્તીને વ્યક્તિગત શૌચાલય અને જાહેર શૌચાલય પુરા પાડવા.
- શહેરોને સ્વચ્છ અને ઘન તેમજ પ્રવાહી કચરામાંથી મુક્ત બનાવવા અને કચરાનો નફાકારક નિકાલ થાય તે માટે પ્રયત્નો કરવા.
- ગટર સફાઈ કામ રોકાયેલા કામદારોને અદ્યતન ટેક્નોલોજી પૂરી પાડી તેમને આધુનિક સાધનો પુરા પાડવા.

**સ્માર્ટ સીટી**

- રાજ્યના કુલ ૬ (છ) સ્માર્ટ શહેરો અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ગાંધીનગર અને દાહોદમાં મૂળભૂત માળખાકીય સુવિધાઓ, ગુણવત્તાયુક્ત જીવનધોરણ તેમજ સ્માર્ટ સોલ્યુશન્સ પુરા પાડવા.

**અમૃત**

- દરેક ઘરમાં પાણી તેમજ ગટર જોડાણ પુરા પાડવા.
- જાહેર પરિવહન તેમજ શહેરી પરિવહન માટેની સુવિધાઓ પુરી પાડી પ્રદુષણ ઘટાડવું.

**રાષ્ટ્રીય શહેરી આવજીવિકા મિશન**

- શહેરી ગરીબોને તાલીમ તેમજ કુશળ સ્વ-રોજગાર દ્વારા પુરા પાડી તેઓની ગરીબી દુર કરવી.
- તબક્કાવાર રીતે શહેરી ઘરવિહોણા લોકો માટે જરૂરી સેવાઓ સાથે સજ્જ આશ્રય પૂરો પાડવા માટે.
- શેરી ફેરીયાઓને બજાર તકો, યોગ્ય જગ્યાઓ, સંસ્થાકીય ક્રેડિટ, સામાજિક સુરક્ષા અને કુશળતા તાલીમ દ્વારા તેઓને આજીવિકા પુરી પાડવી.

**મેગા**

- રોડ ઉપરનો ટ્રાફિક ઘટાડીને લોકોને પરવડે તેવા દરે સલામત, ઝડપી અને પર્યાવરણને અનુરૂપ એવી પરિવહન સેવાઓ પૂરી પાડવી.
- ટૂંકાગાળામાં અદ્યતન ટેક્નોલોજીથી સજ્જ અને ઓછા ખર્ચામાં વૈશ્વિક કક્ષાની મેટ્રો સેવા પુરી પાડવા પ્રતિબદ્ધ.

**વ્યૂહરચના**

**સ્વર્ણિમ**

- સ્વચ્છ પીવાના પાણી, ગટર વ્યવસ્થા અને મૂળભૂત માળખાકીય સુવિધાઓ તબક્કાવાર પુરી પાડવા માટે બધી જ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને આવરી લેવી.
- શહેરી વસ્તીના જીવનધોરણને ઉંચુ લાવવા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને સહાય.

**એફોર્ડેબલ હાઉસિંગ**:

- પબ્લીક પ્રાઇવેટ પાર્ટનરશીપના ધોરણે હાઉસીંગ યોજનાનાં અમલ માટે અંદાજપત્રીય જોગવાઈ.
- ખાનગી વિકાસકર્તાઓના જમીન ઉપયોગ સાથે ઝૂંપડપટ્ટી પુનર્વસન યોજનાઓનું અમલીકરણ
- ક્રેડિટ લિંક સબસીડી અને બેનીફીશીયરી લીડ કંન્સ્ટ્રશન યોજના હેઠળ વધુમાં વધુ જરૂરિયાતમંદ લોકોને આવરી લેવા.

**મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન**

- જાહેરમાં ખુલ્લા શૌચક્રિયા મુક્ત બનાવવા (ODF) માટે જાહેર જનતામાં જાગૃતિ લાવવી અને ODF રાજ્ય ની પરિસ્થિતિને જાળવી રાખવા માટે દેખરેખ રાખવી.
- ઘન કચરા અને પ્રવાહી કચરાને જુદા પાડી તેમાથી ઊર્જા ઉત્પન્ન કરવી.
- ગટર, પાણી અને વરસાદી પાણીના નિકાલ માટે અદ્યતન ટેક્નોલોજી તેમજ સાધનો માટેની જોગવાઇ.

**સ્માર્ટ શહેરો**

- ઇ-ગવર્નન્સ, એનર્જી મેનેજમેન્ટ, પાણી વ્યવસ્થાપન અને શહેરી પરિવહન માટે વિવિધ યોજનાઓનું અમલીકરણ.

**અમૃત**

- શહેરી મૂળભૂત માળખાકીય સુવિધાઓ જેવી કે, પાણી પુરવઠો, ગટર જોડાણ, વરસાદી પાણીના નિકાલ, શહેરી પરિવહન, બાગ-બગીચાઓ અને શહેરી યુવાનો માટે ક્ષમતા નિર્માણ કાર્યક્રમોનો વિકાસ કરવો.

**રાષ્ટ્રીય શહેરી આવજીવિકા મિશન**

- શહેરી ગરીબોને તાલીમ તેમજ અન્ય સ્રોતો દ્વારા સક્ષમ બનાવી તેઓને સ્વરોજગારની તકો પુરી પાડી તેઓનું જીવનધોરણ ઉંચુ લાવવું.
- શહેરી ગરીબોને માઇક્રો એન્ટરપ્રાઇઝ પુરા પાડવા તાલીમ તેમજ સહાય પુરી પાડવી.
- શહેરી ઘરવિહોણા લોકોને કાયમી ૨૪ કલાક માટે મૂળભૂત સુવિધાઓ જેવી કે પાણી, ગટર, સલામતી સાથે આશ્રયસ્થાનો પુરા પાડવા માટેની ખાતરી.
- શેરી ફેરીયાઓને બજાર તકો, યોગ્ય જગ્યાઓ, સંસ્થાકીય ક્રેડિટ, સામાજિક સુરક્ષા અને કુશળતા તાલીમ દ્વારા તેઓને આજીવિકા પુરી પાડવી.

**યોજનાઓ**

| | |
|---|---|
| **યોજનાનું નામ** | **એચએસજી-૨૬-૨૭-૨૮**<br>**૧૦૧-૨૨૧૬-૦૨-૧૯૧-૦૩**<br>**૧૦૧-૨૨૧૬-૦૨-૧૯૨-૦૧**<br>**૧૦૧-૨૨૧૬-૦૨-૧૯૩-૦૩**<br>**રાજીવ આવાસ યોજના (પોષણક્ષમ આવાસ)** |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | ૧. ઝુંપડપટ્ટી પુનઃવસન<br>૨. એફોર્ડેબલ હાઉસીંગ ઈન પાર્ટનરશીપ |
| અપેક્ષિત લાભાર્થીઓ | રાજ્યમાં મહાનગરપાલિકા, શહેરી વિકાસ સત્તામંડળો તેમજ નગરપાલિકા વિસ્તારના હદમાં ઝુંપડપટ્ટીમાં વસતાં લાભાર્થીઓ કે જેઓની પાસે પાકું મકાન નથી. |
| સહાયનુ ધોરણ | ૪૦%, ૪૦% &૨૦% ૩ હપ્તામાં (કેંદ્ર અને રાજ્ય ફાળો) |
| અમલીકરણ સંસ્થા | જુદી જુદી શહેરી સ્થાનિક સંસ્થાઓ જેવી કે મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ, શહેરી વિસ્તાર/વિકાસ સત્તા મંડળ |
| ફંડીંગ પેટર્ન (%) | રાજ્ય – ૪૦% કેંદ્ર – ૬૦% |
| અપેક્ષિત આઉટકમ | ભારત સરકાર દ્વારા “ઝુંપડપટ્ટીમુક્ત ભારત”બનાવવાના આશયથી રાજીવ આવાસ યોજના ની જાહેરાત કરવામાં આવેલ હતી. યોજના હેઠળ કુલ ૨૯,૪૫૧ આવાસો બનાવવા માટે સરકારશ્રીની મંજુરી મેળવેલ જે પૈકી કુલ |

| | |
|---|---|
| | ૧૫,૯૦૬ આવાસોની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે. એફોર્ડેબલ હાઉસીંગ મિશન દ્વારા બાકી રહેતાં આવાસોની કામગીરી પુર્ણ કરવાનો લક્ષ્યાંક છે. જે ધ્યાને રાખી વર્ષ ૨૦૧૮-૧૯માં બજેટ જોગવાઈ સુચિત કરવામાં આવેલ છે. કેંદ્ર સરકારની સુચના અનુસાર જુન-૨૦૧૫માં પ્રધાનમંત્રી આવાસ યોજના જાહેર થયેથી નવી કોઈ દરખાસ્ત રાજીવ આવાસ યોજના હેઠળ ન સ્વીકારતાં આ યોજના માત્ર પ્રગતિમાં રહેલ મંજુર પ્રોજેક્ટ્સ પુરતી માન્ય રહેશે. વર્ષ ૨૦૧૮-૧૯માં અંદાજીત ૧૩,૫૪૫ લાભાર્થીઓ આ યોજના હેઠળ લાભ મેળવશે. |

| | |
|---|---|
| **યોજનાનું નામ** | **એચએસજી-૩૪ (સામાન્ય)**<br>**૧૦૧-૨૨૧૬-૦૨-૧૯૧-૦૪-૦૦**<br>**૧૦૧-૨૨૧૬-૦૨-૧૯૨-૦૨-૦૦**<br>**૧૦૧-૨૨૧૬-૦૨-૧૯૩-૦૪-૦૦**<br>**એચએસજી-૩૫**<br>**૯૫-૨૨૧૬-૦૨-૧૯૧-૦૪-૦૦**<br>**૯૫-૨૨૧૬-૦૨-૧૯૨-૦૨-૦૦**<br>**૯૫-૨૨૧૬-૦૨-૧૯૩-૦૪-૦૦**<br>**એચએસજી-૩૬**<br>**૯૬-૨૨૧૬-૦૨-૭૯૬-૧૪-૦૦**<br>**પ્રધાનમંત્રી આવાસ યોજના** |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | ૧. જાહેર અને ખનગી ભાગીદારીથી પોષણક્ષમ આવાસ નિર્માણ<br>૨. લાભાર્થીની આગેવાનીમાં વ્યક્તિગત ઘર બાંધકામ અથવા વિસ્તાર વૃધ્ધી માટે સબસીડી<br>૩. ઝુંપડપટ્ટી પુનઃવસન – પી.પી.પી.<br>૪. ઋણ આધારિત સબસીડી (ક્રેડીટ લીંક્ડ સબસીડી) |
| અપેક્ષિત લાભાર્થીઓ | રાજ્યમાં મહાનગરપાલિકા, શહેરી વિકાસ સત્તામંડળો તેમજ નગરપાલિકા વિસ્તારોની હદમાં રહેતા જરૂરિયાતમંદ લાભાર્થીઓને કુટંબની વાર્ષિક આવકની મર્યાદા ધ્યાને રાખી લાભ આપવામાં આવશે. |
| સહાયનુ ધોરણ | ૪૦%, ૪૦% &૨૦% ૩ હપ્તામાં |
| અમલીકરણ સંસ્થા | જુદી જુદી શહેરી સ્થાનિક સંસ્થાઓ જેવી કે મહા નગરપાલિકાઓ, નગરપાલિકાઓ, શહેરી વિકાસ/વિસ્તાર સત્તા મંડળો તથા ગુજરાત હાઉસીંગ બોર્ડ |
| ફંડીંગ પેટર્ન (%) | રાજ્ય – ૪૦% કેંદ્ર – ૬૦% |
| અપેક્ષિત આઊટકમ | પ્રધાનમંત્રી આવાસ યોજના કેંદ્ર સરકારની મુખ્ય આવાસન યોજના છે જેના |

| | |
|---|---|
| | દ્વારા સરકાર શહેરી વિસ્તારોમાં વસતાં આર્થિક રીતે નબળા વર્ગના જુથો માટે સુવિધાયુક્ત આવાસો પુરા પાડવા માટેનું આયોજન હાથ ધરેલ છે. રાજ્યમાં એફોર્ડેબલ હાઉસીંગને પ્રોત્સાહન મળી રહે તે હેતુસર યોજનાના વિવિધ ઘટકો હેઠળ રાજ્ય સરકાર દ્વારા કેન્દ્રીય સહાય સામે સમાન ધોરણે આવાસદીઠ સહાય આપવા માટે અમલી કરેલ છે.રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ દ્વારા એફોર્ડેબલ હાઉસીંગનો અંદાજ મેળવવા માટે ડિમાન્ડ સર્વે હાથ ધરવામાં આવેલ. જે મુજબ આવેલ ડિમાન્ડના આધારે વિવિધ ઘટકો હેઠળ વર્ષ ૨૦૧૮-૧૯ માટે ૮૫,૦૦૦ આવાસો મંજુર કરાવવાનો લક્ષ્યાંક રાખેલ છે તેમજ સી.એલ.એસ.એસ. યોજના હેઠળ ૧૫,૦૦૦ લાભાર્થીઓને આવાસ માટે લીધેલ લોન પર વ્યાજ સહાય આપવાનો લક્ષ્યાંક રાખેલ છે. રાજ્યમાં શહેરી વિસ્તારોમાં આવાસોની માંગને ધ્યાને લેતાં હજુ કામગીરી કરવા માટે બહોળો અવકાશ રહેલો છે તે દ્વારા લાભાર્થીઓને સુવિધાયુક્ત આવાસો પુરા પાડવાના લક્ષ્યાંક્ને હાંસલ કરવા પુરતા બજેટની ફાળવણી થવી જરૂરી છે. |

| | |
|---|---|
| **યોજનાનું નામઃ** | **યુડીપી-૭-૮-૯**<br>**૧૦૨-૨૨૧૫-૦૨-૧૦૫-૦૧-૦૦**<br>**૯૫-૨૨૧૫-૦૨-૧૦૫-૦૧-૦૦**<br>**૯૬-૨૨૧૫-૦૨-૭૯૬-૦૪-૦૦**<br>**યુડીપી-૭-૮-૯**<br>**૧૦૨-૨૨૧૫-૦૨-૧૦૫-૦૨-૦૦**<br>**૯૫-૨૨૧૫-૦૨-૧૦૫-૦૨-૦૦**<br>**૯૬-૨૨૧૫-૦૨-૭૯૬-૦૫-૦૦**<br>**સ્વચ્છ ભારત મિશન - ગુજરાત** |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | વ્યક્તિગત શૌચાલય (IHHL) |
| | કોમ્યુનીટી ટોઇલેટ (CT) |
| | સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ (SWM) |
| | ઇન્ફોર્મેશન, એજ્યુકેશન, કોમ્યુનિકેશન (IEC) |
| | કેપેસીટી બિલ્ડીંગ, એડમિનિસ્ટ્રેશન અને ઓફીસ ખર્ચ (CB A&OE) |
| સંભવિત લાભાર્થીઓઃ | મનપા/નપાની કુલ વસ્તી (૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ કુલ ૨,૩૧,૫૫,૦૫૩ ) |
| સહાયનું પ્રમાણઃ | ઘટક — કેન્દ્ર ફાળો — રાજ્ય ફાળો<br>IHHL — Rs. 4000/- — Rs. 8000/-<br>CT/PT — Rs.26,000/- — Rs.18,000/-<br>SWM — 35% — Unit — GoG — ULBs<br>(પ્રોજેક્ટ પડતરનાં) — 162 નપા. — 55 — 10 |

| | | | |
|---|---|---|---|
| | 4 મોટી મનપા 25 40<br>4 નાની મનપા 35 30 | | |
| અમલીકરણ કચેરીઃ | સ્વચ્છ ભારત મિશન - ગુજરાત | | |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય - ૪૦% | કેન્દ્ર - ૬૦% | અન્ય - નીલ |
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | * શહેરી વિસ્તારના નાગરિકોના જીવનમાં સુધારો લાવવા માટે<br>* શિક્ષણનાં માધ્યમથી નાગરિકોમાં જન-જાગૃતિ લાવી ઉત્તમ કક્ષાની સ્વચ્છતા પ્રત્યે લોકોને સભાન કરવા<br>* સ્વચ્છતા માટે પર્યાવરણને અનુરૂપ અને વ્યાજબી ટેકનોલોજીનો ઉપયોગ<br>* શહેરી વિસ્તારોના નાગરિકોના સહયોગથી આસપાસના વિસ્તારમાં પર્યાવરણલક્ષી ધન અને પ્રવાહી કચરાની વ્યવસ્થા ઉભી કરવી<br>* ધન કચરાનું વૈજ્ઞાનિક ઢબે નિરાકરણ<br>* ખુલ્લામાં શૌચક્રિયા મુક્ત ગુજરાત | | |

| | |
|---|---|
| **યોજનાનું નામઃ** | **યુડીપી-૨૦ (સામાન્ય)**<br>**૧૦૨-૩૪૭૫-૦૦-૧૦૮-૦૩-૦૦**<br>**યુડીપી-૨૧ (ટીએએસપી)**<br>**૯૬-૩૪૭૫-૦૦-૧૦૮-૦૩-૦૦**<br>**રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન** |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | સામાજીક ગતિશિલતા અને સંસ્થાકીય વિકાસ |
| | સ્વરોજગાર કાર્યક્રમ |
| | કૌશલ્ય તાલીમ અને સ્થળ નિર્ધારણ ધ્વારા રોજગારી |
| | ઘર વિહોણા શહેરીજનો માટે આશ્રય સ્થાનો |
| | શહેરી ફેરીયાઓને સહાય |
| સંભવિત લાભાર્થીઓઃ | શહેરી ગરીબ (બી.પી.એલ) |
| સહાયનું પ્રમાણઃ | લાગુ પડતુ નથી |
| અમલીકરણ કચેરીઃ | ગુજરાત અર્બન લાઇવલીહુડ મિશન |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજયઃ ૪૦% કેન્દ્રિયઃ ૬૦% |
| અપેક્ષિત આઉટકમ | |
| સામાજીક ગતિશિલતા અને સંસ્થાકીય વિકાસ | સ્વસહાય જુથોમાં બચત તેમજ ધંધો રોજગાર કરવાની આદત વિકાસવી |
| સ્વરોજગાર કાર્યક્રમ | વ્યાજુકી સહાય સ્વરૂપે નાણાંકીય મદદ પૂરી પાડવી. |
| કૌશલ્ય તાલીમ અને સ્થળ નિર્ધારણ ધ્વારા રોજગારી | કુશળ અને અર્ધ કુશળ તાલીમાર્થીઓને તાલીમ આપી તેમને સ્વરોજગાર કે રોજગારી અપાવવી. |
| ઘર વિહોણા શહેરીજનો માટે આશ્રય સ્થાનો | ૨૪ X ૭ માટે આશ્રય સ્થાન પુરા પાડવા |
| શહેરી ફેરીયાઓને સહાય | શહેરી શેરી ફેરીયાઓનો સર્વે કરી તેમનો રજીસ્ટ્રેશન કરી ઓળખકાર્ડ |

| | |
|---|---|
| | આપવા |
| | સ્ટ્રીટ વેન્ડીંગ પ્લાન બનાવવા |

| | |
|---|---|
| **યોજના નું નામ** | **યુડીપી-૨૨**<br>**૧૦૨-૪૨૧૭-૬૦-૧૯૦-૦૨-૦૦**<br>**શેરફાળો - મેટ્રો લિન્ક એક્સપ્રેસ ફોર ગાંધીનગર એન્ડ અમદાવાદ માટે**<br>**યુડીપી-૨૩**<br>**૧૦૨-૬૨૧૭-૬૦-૮૦૦-૦૮-૦૦**<br>**મેટ્રો લિન્ક એક્સપ્રેસ ફોર ગાંધીનગર એન્ડ અમદાવાદ (મેગા) કંપની લિમિટેડ માટે લોન**<br>**રેલ આધારીત જાહેર પરિવહન વ્યવસ્થા** |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | અમદાવાદ શેહર ના નાગરિકો ને પર્યાવરણ ને સાનુકૂળ રેલ આધારીત જાહેર પરિવહન વ્યવસ્થા પૂરી પાડવી. |
| સંભવિત લાભાર્થીઓ | અમદાવાદ તેમજ ગાંધીનગર શેહર ના નાગરિકો |
| સહાય નું પ્રમાણ | ૫૦% મૂડી ગુજરાત સરકાર અને ૫૦% મૂડી ભારત સરકાર |
| અમલીકરણ કચેરી | મેટ્રો લિન્ક એક્સપ્રેસ ફોર ગાંધીનગર એન્ડ અમદાવાદ (મેગા) કંપની લિમિટેડ |
| ફંડીગ પેટર્ન | રાજય ૫૦% કેન્દ્રીય ૫૦% |
| અપેક્ષિત આઉટકમ | અમરાઇવાડી, જેઠી બાઇની ચાલી, અબુ કસાઇની ચાલી અને આંબેડકર નગરના અસરગ્રસ્ત કુટુંબોનું પુનઃસ્થાપન. ૬ કિ.મી. લંબાઇ ધરાવતા પ્રોજેક્ટની શરૂઆત થાય તેવી અપેક્ષા છે |

| | |
|---|---|
| **યોજનાનું નામ** | **યુડીપી-૪૧**<br>**૧૦૨-૨૨૧૭-૦૩-૧૯૧-૬૩-૦૦**<br>**૧૦૨-૨૨૧૭-૦૩-૧૯૨-૧૬-૦૦**<br>**સ્માર્ટ સીટીઝ મિશન** |
| ઘટક અને પ્રવૃત્તિઓ | • ઇ-ગર્વનન્સ અને નાગરિક સેવાઓ<br>• ઉર્જા વ્યવસ્થાપન<br>• કચરાનું વ્યવસ્થાપન<br>• શહેરી યાતાયાત<br>• જળ વ્યવસ્થાપન |
| સંભવિત લાભાર્થીઓ | પસંદ કરેલ ૬ (છ) શહેરોના નાગરિકો આશરે ૧,૩૫,૦૮,૮૫૦ |
| સહાયનુ પ્રમાણ | - |
| અમલીકરણ કચેરી | સ્પેશ્યલ પર્પઝ વ્હેકિલ (SPV) |
| નાણાકીય સહાય નું ધોરણ (ટકાવારીમાં) | <table><tr><td>શહેરો</td><td>GoI</td><td>GoG</td><td>ULB</td></tr><tr><td>અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ</td><td>૫૦%</td><td>૨૫%</td><td>૨૫%</td></tr><tr><td>ગાંધીનગર અને દાહોદ</td><td>૫૦%</td><td>૫૦%</td><td>--</td></tr></table> |

| | |
|---|---|
| ઈચ્છિત પરિણામ | સ્માર્ટ અને ટકાઉ આંતરમાળખાકીય સુવિધાઓ દ્વારા જીવનની ગુણવત્તામાં સુધારો કરવો. |

| | |
|---|---|
| **યોજનાનું નામ** | **યુડીપી-૪૨-૪૩ (સામાન્ય)**<br>**૧૦૨-૨૨૧૭-૦૩-૧૯૧-૬૫-૦૦**<br>**૧૦૨-૨૨૧૭-૦૩-૧૯૨-૧૮-૦૦**<br>**યુડીપી-૪૪-૪૫ (એસસીએસપી)**<br>**૯૫-૨૨૧૭-૦૩-૧૯૧-૧૦-૦૦**<br>**૯૫-૨૨૧૭-૦૩-૧૯૨-૦૫-૦૦**<br>**યુડીપી-૪૬-૪૭ (ટીએએસપી)**<br>**૯૬-૨૨૧૭-૦૩-૭૯૬-૧૨-૦૦**<br>**૯૬-૨૨૧૭-૦૩-૭૯૬-૧૩-૦૦**<br>**અટલ મિશન ફોર રીજ્યુવેનેશન અને અર્બન ટ્રાન્સફોર્મેશન (અમૃત)** |
| ઘટક અને પ્રવૃત્તિઓ | - મુળભૂત શહેરી આંતરમાળખાનો પાણી પૂરવઠો, ગટર વ્યવસ્થા અને સેપ્ટેજ મેનેજમેન્ટ તથા સ્ટ્રોમ વોટર ડ્રેનેજ (વરસાદી પાણી નિકાલ વ્યવસ્થા), ફુટપાથ, પાર્કીંગ વ્યવસ્થાની જગ્યાઓ, નોન મોટો રાઈઝડ(સાયકલ જેવી) અને પબ્લીક ટ્રાન્સપોર્ટની વ્યવસ્થાનો વિકાસ<br>- હરિયાળા નગર, ઉદ્યાનો, બાળકો માટે મનોરંજનના સ્થળો વિકસાવીને શહેરોની સુવિધામાં વધારો કરવા.<br>- કેપેસીટી બિલ્ડીંગ<br>- સુધારા અમલીકરણ |
| સંભવિત લાભાર્થીઓ | ૩૧ શહેરો – ૦૮ મ.ન.પા., ૨૨ વર્ગ અ ન.પા., ૦૧ હૃદય સીટી |
| સહાયનુ પ્રમાણ | - |
| અમલીકરણ કચેરી | પેરાસ્ટેટસ એજન્સીઝ જી.ડબ્લ્યુ.એસ.એસ.બી. જેવી કે જીયુડીસી સ્થાનિક સ્વરાજયની સંસ્થા (મ.ન.પા. એન્ડ ન.પા.) |
| નાણાકીય સહાય નું ધોરણ (ટકાવારીમાં) | (see table below) |
| ઈચ્છિત પરિણામ | મિશન દ્વારા નીચે મુજબના પરિણામો ઈચ્છિત છે.<br>- પાણી પુરવઠા તથા ગટરની વ્યવસ્થાનું યુનિવર્સલ કવરેજ<br>- શહેરોના પ્રદુષણમાં ઘટાડો કરવો.<br>- શહેરોમાં પૂરની પરિસ્થિતિ નિવારવી.<br>- શહેરોમાં સર્વિસ ડીલીવરીની વ્યવસ્થામાં સુધાર લાવવા.<br>- રિસોર્સનું મોબીલાઈઝેશન (મેન પાવર અને મટીરીયલ્સ) |

| શહેરો | GoI | GoG | ULB |
|---|---|---|---|
| અમદાવાદ- ૫ કરોડની વધુ વસતિ | ૩૩% | ૨૦% | ૪૭% |
| સુરત વડોદરા અને રાજકોટ એક કરોડથી વધુ અને ૫ કરોડ થી ઓછી વસતિ | ૩૩% | ૩૭% | ૩૦% |
| ૧ કરોડ કરતા ઓછી વસતિ વાળા શહેરો (બીજા શહેરો) | ૫૦% | ૪૦% | ૧૦% |

| | |
|---|---|
| | - સ્થાનિક સ્વરાજની સંસ્થાનું સંચાલન વધુ જવાબદેહી તથા પારદર્શક બનાવવું. |

| | |
|---|---|
| **યોજનાનું નામ** | **એચએસજી-૧-૨-૩-૪-૫-૬ (સામાન્ય)**<br>**૧૦૧-૨૨૧૬-૦૨-૧૯૦-૦૬-૦૦**<br>**૧૦૧-૨૨૧૬-૦૨-૧૯૦-૦૭-૦૦**<br>**૧૦૧-૨૨૧૬-૦૨-૧૯૧-૦૧-૦૦**<br>**૧૦૧-૨૨૧૬-૦૨-૧૯૧-૦૨-૦૦**<br>**૧૦૧-૨૨૧૬-૦૨-૧૯૩-૦૧-૦૦**<br>**૧૦૧-૨૨૧૬-૦૨-૧૯૩-૦૨-૦૦**<br>**એચએસજી-૭-૮-૯-૧૦-૧૧-૧૨ (એસસીએસપી)**<br>૯૫-૨૨૧૬-૦૨-૧૯૦-૦૨-૦૦<br>૯૫-૨૨૧૬-૦૨-૧૯૦-૦૩-૦૦<br>૯૫-૨૨૧૬-૦૨-૧૯૧-૦૧-૦૦<br>૯૫-૨૨૧૬-૦૨-૧૯૩-૦૧-૦૦<br>૯૫-૨૨૧૬-૦૨-૧૯૩-૦૨-૦૦<br>૯૫-૨૨૧૬-૦૨-૧૯૧-૦૨-૦૦<br>**એચએસજી-૧૩-૧૪-૧૫-૧૬-૧૭-૧૮(ટીએએસપી)**<br>૯૬-૨૨૧૬-૦૨-૭૯૬-૦૨-૦૦<br>૯૬-૨૨૧૬-૦૨-૭૯૬-૦૪-૦૦<br>૯૬-૨૨૧૬-૦૨-૭૯૬-૦૬-૦૦<br>૯૬-૨૨૧૬-૦૨-૭૯૬-૦૭-૦૦<br>૯૬-૨૨૧૬-૦૨-૭૯૬-૦૮-૦૦<br>૯૬-૨૨૧૬-૦૨-૭૯૬-૧૦-૦૦<br>**મુખ્યમંત્રી ગૃહ યોજના** |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | આર્થિક રીતે નબળા વર્ગના જુથોને આવાસ માટે સહાય |
| અપેક્ષિત લાભાર્થીઓ | રાજ્યમાં મહાનગરપાલિકા, શહેરી વિકાસ સત્તામંડળો તેમજ નગરપાલિકા વિસ્તારના હદમાં રહેતા આર્થિક રીતે નબળા વર્ગના લાભાર્થીઓ કે જેઓની પાસે પાકું મકાન નથી તેઓને કુટંબની વાર્ષિક આવકની મર્યાદા ધ્યાને રાખી લાભ આપવામાં આવશે. |
| સહાયનુ ધોરણ | વધારાની રાજ્ય સહાય (પી.એમ.એ.વાય. યોજના હેઠળ રાજ્યની વધારાની સહાય) |
| અમલીકરણ સંસ્થા | જુદી જુદી શહેરી સ્થાનિક સંસ્થાઓ જેવી કે મહા નગરપાલિકાઓ, નગરપાલિકાઓ, શહેરી સ્થાનિક સત્તા મંડળ તથા ગુજરાત હાઉસીંગ બોર્ડ |

| | |
|---|---|
| ફંડીંગ પેટર્ન (%) | પી.એમ.એ.વાય. યોજના અંતર્ગત ૬૦:૪૦ રેશિયો ઉપરાંત રાજ્યની ખુટતી સહાય ચુકવાવાની થાય છે. |
| અપેક્ષિત આઉટકમ | રાજ્ય સરકાર દ્વારા શહેરી વિસ્તારોમાં વસતાં આર્થિક રીતે નબળા તેમજ ઓછી આવક ધરાવતાં જુથોને વ્યાજબી ભાવે સુવિધાયુક્ત આવાસો પુરા પાડી શકાય તે હેતુથી મુખ્યમંત્રી ગૃહ યોજના અમલી કરવામાં આવેલ. પ્રધાનમંત્રી આવાસ યોજનાની જાહેરાત થયા બાદ રાજ્યમાં એફોર્ડેબલ હાઉસીંગને પ્રોત્સાહન મળી રહે તે હેતુસર યોજનાના વિવિધ ઘટકો હેઠળ રાજ્ય સરકાર દ્વારા આવાસદીઠ કેન્દ્રીય સહાય સામે સમાન ધોરણે આવાસદીઠ રાજ્ય સહાય આપવા માટે જાહેરાત કરેલ છે. આથી મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ પ્રોજેક્ટસ માટે ૬૦:૪૦ ઉપરાંતની રાજયની વધારાની સહાયની જરૂર રહેશે. રાજ્ય સરકાર પ્રધાનમંત્રી આવાસ યોજનાના લક્ષ્યાંકને સેવી દરેક લાભાર્થીઓને આવરી લેવાનો આશય ધરાવે છે. |

| | |
|---|---|
| **યોજનાનું નામ** | **યુડીપી-૨૬ (સામાન્ય)**<br>**૧૦૨-૨૨૧૭-૦૩-૧૯૧-૬૧-૦૦**<br>**૧૦૨-૨૨૧૭-૦૩-૧૯૨-૦૭-૦૦**<br>**૧૦૨-૨૨૧૭-૦૩-૧૯૩-૦૩-૦૦**<br>**યુડીપી-૨૭ (એસસીએસપી)**<br>**૯૫-૨૨૧૭-૦૩-૧૯૧-૦૯-૦૦**<br>**૯૫-૨૨૧૭-૦૩-૧૯૨-૦૧-૦૦**<br>**૯૫-૨૨૧૭-૦૩-૧૯૩-૦૧-૦૦**<br>**યુડીપી-૨૮ (ટીએએસપી)**<br>**૯૬-૨૨૧૭-૦૩-૭૯૬-૦૮-૦૦**<br>**૯૬-૨૨૧૭-૦૩-૭૯૬-૦૯-૦૦**<br>**૯૬-૨૨૧૭-૦૩-૭૯૬-૧૦-૦૦**<br>**સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના (SJMMSVY)** |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | આંતરમાળખાકીય વિકાસ |
| સંભવિત લાભાર્થીઓ | મહાનગરપાલિકા અને નગરપાલિકાના નગરજનો |
| સહાયનું પ્રમાણ | રાજય ફાળો ૧૦૦ ટકા |
| અમલીકરણ કચેરી | જીલ્લા શહેરી વિકાસ અજન્સી (ડુડા) |
| ફંડીંગ પેટર્ન (ટકાવારી | રાજય-૧૦૦ % |
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | રાજયના શહેરોના સર્વાંગી વિકાસ માટે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ દ્વારા વર્ષ- ૨૦૦૯માં યોજનાનો અમલ. • પાણી પુરવઠાના, ભુગર્ભ ગટરના કામો, આંતરમાળખાકીય વિકાસના કામો જેવા કે (રસ્તા, ટ્રાફીક વ્યવસ્થા, ફ્લાય ઓવરબ્રીજ, આંગણવાડી વિગેરે), આગવી ઓળખના કામો જેવા કે (પાર્કસ / ગાર્ડન, સ્વીમીંગ પુલ, ટાઉનહોલ, |

| | |
|---|---|
| | હેરીટેઝના કામો, તળાવનો વિકાસ, રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ વિગેરે) , ખાનગી સોસાયટીઓમાં જનભાગીદારી દ્વારા માળખાકીય સુવિધાના કામો, નગર સેવા સદનના મકાન બાંધકામ/રીનોવેશનના કામો આવરી લેવામાં આવેલ છે. |

| | |
|---|---|
| **યોજના નું નામ** | **યુડીપી-૩૪ (સામાન્ય)**<br>**૧૦૨-૨૨૧૭-૦૩-૧૯૧-૬૧-૦૦**<br>**૧૦૨-૨૨૧૭-૦૩-૧૯૨-૦૭-૦૦**<br>**૧૦૨-૨૨૧૭-૦૩-૧૯૩-૦૩-૦૦**<br>**યુડીપી-૩૫ (એસસીએસપી)**<br>**૯૫-૨૨૧૭-૦૩-૧૯૧-૦૯-૦૦**<br>**૯૫-૨૨૧૭-૦૩-૧૯૨-૦૧-૦૦**<br>**૯૫-૨૨૧૭-૦૩-૧૯૩-૦૧-૦૦**<br>**યુડીપી-૩૬ (ટીએએસપી)**<br>**૯૬-૨૨૧૭-૦૩-૭૯૬-૦૮-૦૦**<br>**૯૬-૨૨૧૭-૦૩-૭૯૬-૦૯-૦૦**<br>**૯૬-૨૨૧૭-૦૩-૭૯૬-૧૦-૦૦**<br>**સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના યુડીપી-૩૪**<br>**સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના (SJMMSVY)** |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | પાણીનો સ્રોત તથા જળ શુધ્ધિકરણ પ્લાન્ટ<br>પાણીના સંગ્રહ તથા વિતરણ વ્યવસ્થા<br>ગંદા પાણીને એકત્રિત કરવા માટે સ્યુઅર કલેકટીંગ નેટવર્ક<br>પમ્પીંગ સ્ટેશન<br>ગંદા પાણીના શુધ્ધિકરણ તથા સલામત નિકાલ માટે સીવેજ |
| સંભવિત લાભાર્થીઓ | ૧૬૨ નગરપાલિકાઓ |
| સહાયનુ પ્રમાણ | - |
| અમલીકરણ કચેરી | ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ (GWSSB),<br>ગુજરાત શહેરી વિકાસ કંપની (GUDC)<br>સ્થાનિક સંસ્થાઓ (ULB),<br>સત્તામંડળો અને મહાનગરપાલિકાઓ |
| નાણાકીય સહાય નું ધોરણ | ૧૦૦% રાજય સરકાર |
| ઈચ્છિત પરિણામ | - દરેક ઘરોને પૂરતા પ્રમાણમાં તથા સ્વચ્છ પાણી પુરુ પાડવું<br>- ગંદા પાણીનું એકત્રિકરણ તથા સલામત નિકાલ કરી પર્યાવરણીય સ્વચ્છતા જાળવવી<br>- શહેરોને સ્વચ્છ કરવા<br>- તુટી ગયેલા માર્ગો સુધારવા |

| | |
|---|---|
| **યોજનાનું નામ** | **યુડીપી-૪૩**<br>**૧૦૨-૨૨૧૭-૦૩-૧૯૦-૦૪-૦૦**<br>**ઈ-નગર** |
| ઘટક અને પ્રવૃત્તિઓ | પ્રવૃત્તિઓ (મોડ્યુલસ)<br>- વેબ પોર્ટલ<br>- પ્રોપર્ટી ટેક્ષ<br>- પાણી અને ગટર / હોલ બુકીંગ<br>- બિલ્ડીંગ પરમીશન<br>- જન્મ, મરણ અને લગ્ન વિષયક રજીસ્ટ્રેશન<br>- લાયસન્સ મોડ્યુલ્સ<br>- પ્રોફેશનલ ટેક્ષ (સી.સી.સી)<br>- કલ્યાણકારી યોજનાર |
| સંભવિત લાભાર્થીઓ | ૧૬૨ નગરપાલિકાઓ, ૮ મહાનગરપાલિકાઓ તથા સત્તા મંડળો |
| સહાયનુ પ્રમાણ | - |
| અમલીકરણ કચેરી | સ્થાનિક સંસ્થાઓ (ULB),<br>સત્તામંડળો અને મહાનગરપાલિકાઓ અને ટાટા ક્નસલ્ટન્ટ સર્વિસીસ |
| નાણાકીય સહાય નું ધોરણ | ૧૦૦% રાજય સરકારનો ફાળો |
| ઈચ્છિત પરિણામ | -જન્મ મૃત્યુ, લગ્નની નોંધણી, મિલકત અને પ્રોફેશન ટેક્ક્ષની નોંધણી જેવી ૫૨ ઓન લાઇન નાગરીક કેન્દ્રિત સુવિધાઓ<br>દુકાનો અને સંસ્થાઓને પરવાનો.<br>રાજ્યની તમામ નગરપાલિકાઓમાં નાગરિક કેન્દ્રિક સુવિધાઓ ઝડપી પ્રાપ્ત કરાવવી અને નાણા અને સમયનો બચાવ કરવો.<br>અસરકારક, જવાબદાર, પારદર્શી ઇ ગવર્નન્સ નાગરિક સેવાઓથી ઝડપી આવક માટેની પધ્ધતિ વિકસાવવી |

# મહિલા અને બાળ વિકાસ વિભાગ

લૈંગિક સમાનતા અને ઇક્વિટી હાંસલ કરવા માટે રાજ્યોના વિકાસના કાર્યક્રમો અને નીતિઓના તમામ પાસાઓને લિંગ પરિપ્રેક્ષ્ય લાવવા માટે એક વ્યૂહરચનાના સંસ્થાકીયકરણ માટે સતત ગુજરાત પ્રયાસ કરી રહ્યું છે. રાજ્ય સરકારે મહિલા કમ્પોનન્ટ યોજનાનો ખ્યાલ અપનાવ્યો છે, જેના અંતર્ગત તમામ વિભાગોમાં લાભાર્થી લક્ષી યોજનાઓના 30 ટકા હિસ્સાને મહિલાઓ માટે રાખવામાં આવે છે.ગુજરાતની જમીન જીવંત વિકાસની સાક્ષી છે, જેમાં રાજ્ય સરકાર સાથેના લોકોના વિકાસ સહિત મહિલાઓ અને બાળકોના વિકાસ માટે ખાસ પ્રયાસો કરવામાં આવે છે અને તેમની ચિંતાઓ બહુપર્દેશી રીતે સંબોધન કરે છે. ગુજરાતમાં ઇન્ટિગ્રેટેડ ચાઇલ્ડ ડેવલપમેન્ટ સર્વિસિસ (આઈસીડીએસ) યોજના અમલીકરણ માટે મહિલા અને બાળ વિકાસ વિભાગ નોડલ વિભાગ છે. રાજ્ય સરકાર બાળકો, સગર્ભા સ્ત્રીઓ, સ્તનપાન કરાવતી માતાઓ અને કિશોરોની પોષક સ્થિતિ સુધારવા માટે પ્રતિબદ્ધ છે. તે બાળ આરોગ્ય, પોષણ અને વિકાસ માટે સર્વગ્રાહી અભિગમ ધરાવે છે. આઈસીડીએસ માટેનું કમિશનર, ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ ઉપરાંત ગુજરાતની અમલીકરણ શસ્ત્ર છે. મહિલા સશક્તિકરણના કારણને આગળ વધારવા માટે મહિલા કમિશનની સ્થાપના કરવામાં આવી છે.

**ઉદ્દેશો**

ઈન્ટિગ્રેટેડ ચાઇલ્ડ ડેવલપમેન્ટ સર્વિસિસ (આઇસીડીએસ) યોજનાને નીચેના હેતુઓ સાથે શરૂ કરવામાં આવી હતી:

- 0-6 વર્ષમાં વય જૂથના બાળકોની પોષક અને આરોગ્યની સ્થિતિને સુધારવા;
- સમાજમાં મહિલાઓ વિશેની હાલની વિચારધારાને બદલવી.
- બાળકના યોગ્ય મનોવૈજ્ઞાનિક, શારીરિક અને સામાજિક વિકાસ માટે પાયો મૂકે;
- મૃત્યુદર, રોગો, કુપોષણ અને સ્કૂલના ડ્રોપઆઉટની ઘટનાઓને ઘટાડવા;
- બાળ વિકાસને પ્રોત્સાહન આપવા માટે વિવિધ વિભાગોમાં નીતિ અને અમલીકરણ માટે અસરકારક સંકલન પ્રાપ્ત કરવા; અને
- યોગ્ય પોષણ અને સ્વાસ્થ્ય શિક્ષણ દ્વારા બાળકના આરોગ્ય અને પોષક જરૂરિયાતોની સંભાળ રાખવા માતાની ક્ષમતામાં વધારો.

**વ્યૂહરચના**

ઉપરોક્ત ઉદ્દેશો સહિતના સેવાઓના પેકેજ દ્વારા પ્રાપ્ત કરવા માં આવે છે:

- પૂરક પોષણ
- બિન-ઔપચારિક પૂર્વ-શાળા શિક્ષણ
- પોષણ સ્વાસ્થ્ય શિક્ષણ
- ઇમ્યુનાઇઝેશન
- રેફરલ
- આરોગ્ય તપાસ-અપ્સ

**યોજનાઓ**

| | | |
|---|---|---|
| **યોજનાનું નામ** | | **NTR-01**<br>**૧૦૬ ૨૨૩૬ ૦૨ ૮૦૦ ૧૧**<br>**કિશોરી શક્તિ યોજના** |
| એ) | ઘટક અને પ્રવૃત્તિઓ | સખી સહેલી, જીવન કૌશલ્ય શિક્ષણ, પોષણ અને આરોગ્ય શિક્ષણ તાલીમ |
| બી) | લક્ષિત લાભાર્થીઓ | ૧૧ થી ૧૪ વર્ષની શાળાએ ન જતી કિશોરીઓને પુરક પોષણ<br>૧૪ થી ૧૮ તમામ કિશોરીઓ (શાળાએ જતી અને શાળાએ ન જતી) |
| સી) | યોજનાનો વ્યાપ | ના |
| ડી) | અમલીકરણ એજન્સી | મહિલા અને બાળ વિકાસ |
| ઇ) | ફંડીંગ પેટર્ન | ૬૦:૪૦ (સ્ટેટ અને સી.એસ.એસ.) |
| એફ) | અપેક્ષિત આઉટકમ | ૨૦૨ બ્લોકમાં પોષણ અને પોષણ સિવાયની સેવાઓ પુરી પડવામાં આવે છે. |

| | |
|---|---|
| **યોજનાનુ નામ** | **NTR-3**<br>**૯૫ ૨૨૩૫ ૦૨ ૮૦૦ ૦૧**<br>**ખાસ પોષણ કાર્યક્રમ** |
| | **NTR-2**<br>**૯૬ ૨૨૩૬ ૦૨ ૭૯૬ ૦૨**<br>**સંકલોત બાળ વિકાસ યોજના** |
| | **NTR-2**<br>**૧૦૬ ૨૨૩૬ ૦૨ ૮૦૦ ૦૨**<br>**સંકલોત બાળ વિકાસ યોજના** |
| (અ) ઘટક અને પ્રવૃત્તિઓ | • ટેક હોમ રેશન- ૬માસથી ૩ વર્ષના સામાન્ય અને અતિઓછાવજનવાળા તેમજ ૩-૬ વર્ષના અતિઓછા વજનવાળા બાળકોને બાલભોગ આપવામાં આવે છે.<br>• ટેક હોમ રેશન- સગર્ભા અને ધાત્રી માતા તેમજ કિશોરીઓને શીરો, સુખડી અને ઉપમા આપવામાં આવે છે.<br>• ૩-૬ વર્ષના બાળકોને સવાર અને બપોરનો ગરમ ભોજન<br>• ૩-૬ વર્ષના બાળકોને અઠવાડીયામાં ૨ દિવસ ફળ<br>• ન્યુટ્રી કેન્ડી ૩ થી ૬ વર્ષના બાળકો ને<br>• દૂધ સંજીવની યોજના છ માસથી છ વર્ષ સુધીના બાળકોને ૧૦૦ મીલી લીટર દૂધ અઠવાડીયામાં પાંચ વખત અને ગર્ભવતી અને પ્રસુતાને અઠવાડીયામાં બે વખત ૨૦૦ મીલી લીટર દૂધ વર્ષ ૨૦૧૬-૧૭માં આ સ્કીમ ૨૦ જીલ્લા અને ૮૩ ટ્રાઇબલ બ્લોક અને ૨૬ વિકાસશીલ તાલુકામાં અમલીકરણ કરવામાં આવેલ હતુ. |
| (બી) લક્ષિત લાભાર્થીઓ | • ૦-૬ વર્ષના બાળકો, સગર્ભા અને ધાત્રી માતાઓ અને કિશોરીઓ |
| (સી) યોજનાનો વ્યાપ | • સમગ્ર ગુજરાત |
| (ડી) અમલીકરણ એજન્સી | • આઇસીડીએસ- મહિલા અને બાળ વિકાસ વિભાગ |
| (ઇ) ફંડીંગ પેટર્ન | GOI: GOG – 50:50 કેન્દ્ર અને રાજ્યનો હિસ્સો, ફળ-૧૦૦% સ્ટેટ બર્ડન |
| (એફ) અપેક્ષિત આઉટકમ | તમામ લાભાર્થીઓના પોષણ સ્તરમાં સુધારો લાવવો |

| યોજનાનું નામ | | NTR-5<br>**૧૦૬ ૪૨૩૬ ૦૨ ૮૦૦ ૦૧**<br>**આંગણવાડીઓનું બાંધકામ** |
|---|---|---|
| | | NTR-09<br>**૧૦૬ ૪૨૩૬ ૦૨ ૮૦૦ ૦૩**<br>**આંગણવાડીઓનું રીપેરીંગકામ** |
| | | NTR-22<br>**૧૦૬ ૪૨૩૬ ૦૨ ૮૦૦ ૦૪**<br>**બ્લોક ઓફીસનું બાંધકામ, રીપેરીંગ અને અપગ્રેડેશન** |
| એ) | ઘટક અને પ્રવૃત્તિઓ | આંગણવાડી મકાનોનુ માળખાકીય નિર્માણ |
| બી) | લક્ષિત લાભાર્થીઓ | ૦-૬ વર્ષનાં બાળકો,કીશોરી, સગર્ભા તથા ધાત્રી માતાઓ |
| સી) | યોજનાનો વ્યાપ | સમગ્ર રાજય |
| ડી) | અમલીકરણ એજન્સી | જીલ્લા પંચાયત |
| ઇ) | ફંડીંગ પેટર્ન | ૬૦:૪૦ (કેન્દ્ર અને રાજય) |
| એફ) | અપેક્ષિત આઉટકમ | લાભાર્થીઓ માટે તંદુરસ્ત તથા સુવિધાયુકત વાતાવરણ તૈયાર કરી શકાશે. લાભાર્થીઓની સ્વચ્છતાની આદતો પાડવા તથા જાળવી રાખવા માટે મદદરૂપ બને છે. કુપોષણ ઘટાડવા માટે સુવિધાયુકત મકાન મદદરૂપ બને છે. |

| યોજનાનું નામ | NTR-10<br>**૧૦૬ ૨૨૩૬ ૦૨ ૧૦૧ ૦૧**<br>**આંગણવાડી કાર્યકરોને વધારાની સવલત** |
|---|---|
| | NTR-18<br>**૧૦૬ ૨૨૩૬ ૦૨ ૮૦૦ ૦૧**<br>**સંકલોત બાળ વિકાસ યોજના** |
| | NTR-16<br>**૯૬ ૨૨૩૬ ૦૨ ૭૯૬ ૦૧**<br>**સંકલોત બાળ વિકાસ યોજના** |
| ઘટક અને પ્રવૃત્તિઓ | માનદવેતન |
| લક્ષિત લાભાર્થીઓ | AWW/AWH |
| યોજનાનો વ્યાપ | ૧૦૪૨૫૮ |
| અમલીકરણ એજન્સી | સ્ટેટ સરકાર |
| ફંડીંગ પેટર્ન | ૬૦:૪૦ (સ્ટેટ અને સી.એસ.એસ.) |
| અપેક્ષિત આઉટકમ | ઇન્ટીગ્રેટેડ ચાઇલ્ડ ડેવલપમેન્ટ સર્વિસ એ 60 ટકા કેન્દ્રિય સ્પોન્સર્ડ યોજના છે, જે મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળ ચાલી રહી છે.<br>• હવે ગુજરાત રાજ્યમાં 53029 આંગણવાડી મંજૂર કરવામાં આવે છે.<br>• આગણવાડી વર્કર ને રકમ રૂ. 6300 / - , મીની આ.વા વર્કર માટે રૂ. 3600 અને તેડાગર માટે રૂ. ૩૨૦૦ ની વર્ષ 2017-18 માં દરખાસ્ત કરવામાં આવી રહી છે. |

| | |
|---|---|
| | • વધારાની માનદવેતન રાજ્ય સરકાર પર બોજ પડશે.<br>• વર્ષ 2018-19માં કુલ રૂ.32,56,09,700 / - ની સુચિત જોગવાઈ કરવા માં આવેલ છે. |

| | | |
|---|---|---|
| **યોજનાનું નામ** | | **એન.ટી.આર-૧૩ ૯૫-૨૨૩૫-૦૨-૮૦૦-૦૨**<br>**કિશોરીઓ સશક્તિકરણ માટે રાજીવ ગાંધી યોજના (સબલા)** |
| | | **એન.ટી.આર-૧૩ ૯૬-૨૨૩૬-૦૨-૭૯૬-૦૯**<br>**કિશોરીઓ સશક્તિકરણ માટે રાજીવ ગાંધી યોજના (સબલા)** |
| | | **એન.ટી.આર-૧૩ ૧૦૬-૨૨૩૬-૦૨-૮૦૦-૧૪**<br>**કિશોરીઓ સશક્તિકરણ માટે રાજીવ ગાંધી યોજના (સબલા)** |
| એ) | ઘટક અને પ્રવૃત્તિઓ | સખી સહેલી, જીવન કૌશલ્ય શિક્ષણ, પોષણ અને આરોગ્ય શિક્ષણ તાલીમ અને જરૂરી કીટ પુરી પાડવી |
| બી) | લક્ષિત લાભાર્થીઓ | ૧૧ થી ૧૪ વર્ષની શાળાએ ન જતી કિશોરીઓને પુરક પોષણ<br>૧૪ થી ૧૮ તમામ કિશોરીઓ (વોકેશનલ ટ્રેનીંગ) |
| સી) | યોજનાનો વ્યાપ | ના |
| ડી) | અમલીકરણ એજન્સી | મહિલા અને બાળા વિકાસ |
| ઇ) | ફંડીંગ પેટર્ન | ૬૦:૪૦ (કેન્દ્ર અને રાજય) |
| એફ) | અપેક્ષિત આઉટકમ | 134 બ્લોકમાં પોષણ અને પોષણ સિવાયની સેવાઓ પુરી પડવામાં આવે છે. |

| | | |
|---|---|---|
| **યોજનાનું નામ** | | **NTR-15**<br>**૧૦૬ ૨૨૩૬ ૦૨ ૮૦૦ ૧૫**<br>**પ્રધાનમંત્રી માતૃત્વ વંદના યોજના** |
| એ) | ઘટક અને પ્રવૃત્તિઓ | સગર્ભા માતાઓની વહેલા નોંધણી, ઓછામાં ઓછુ બે વખત સગર્ભા માતાઓના સ્વાસ્થ્યની ચકાસણી, સંસ્થાકીય સુવાવડ અને પ્રસૂતિ પછીની કાળજી, ધનુરની રસી - લોહ તત્વની ગોળીઓ - આહાર અને આરામ વિશે કાઉન્સેલીંગ, નવજાત શિશુની કાળજી માટે આવશ્યક બાબતો અંગે ઘરે કાઉન્સેલીંગ અને વધુમાં વધુ માતાના ધાવણ અંગે સમજ. |
| બી) | લક્ષિત લાભાર્થીઓ | ૫૮૦૩૦૦ (સગર્ભા અને ધાત્રી માતાઓ) |
| સી) | યોજનાનો વ્યાપ | રાજયના તમામ જિલ્લા |
| ડી) | અમલીકરણ એજન્સી | મહિલા અને બાળ વિકાસ (આઇસીડીએસ) |
| ઇ) | ફંડીંગ પેટર્ન | ૬૦:૪૦ (કેન્દ્ર અને રાજય) |
| એફ) | અપેક્ષિત આઉટકમ | • સગર્ભા, ધાત્રી માતાઓ અને તેના નવજાત શિશુના આરોગ્ય અને પોષણના સ્તરમાં સુધારો આવશે<br>• પૂર્વ પ્રસૂતિ સંભાળ, સંસ્થાકીય સુવાવડ તથા બાળકોના રસીકરણના પ્રમાણમાં વધારો થશે<br>• આઇએમઆર અને એમએમઆરમાં ઘટાડો થશે |

| યોજનાનુ નામ | **NTR-02**<br>**૯૬ ૨૨૩૬ ૦૨ ૭૯૬ ૦૨**<br>**સંકલોત બાળ વિકાસ યોજના - સ્પોટ ફિડિંગ કાર્યક્રમ** |
|---|---|
| (અ) ઘટક અને પ્રવૃત્તિઓ | • કાર્યક્રમનું અમલીકરણ કરતાં તમામ આંગણવાડી કાર્યકર અને તેડાગરને તાલીમ આપવી<br>• સગર્ભા અને ધાત્રી માતાઓના પોષણ સ્તર તપાસની માટે સ્ક્રિનિંગ<br>• લાભાર્થીઓને અઠવાડીયામાં ૬ દિવસ એક ટાઈમ સંપૂર્ણ ભોજન આપવો<br>• લાભાર્થીઓના વજન, ઊચાઇ અને બાવડાના મધ્ય ભાગના ઘેરવની તપાસણી<br>• હિમોગ્લોબિનની તપાસ<br>• લોહતત્વ અને કેલ્શિયમની ગોળી આપવી<br>• લાભાર્થીઓ સાથે સંપરામર્શ |
| (બી) લક્ષિત લાભાર્થીઓ | • સગર્ભા અને ધાત્રી માતા |
| (સી) યોજનાનો વ્યાપ | • રાજ્યનાં ૫ જિલ્લાઓ જેમકે દાહોદ, વલસાડ, મહિસાગર, છોટાઉદેપુર અને રાજ્યનાં નર્માદાના ૬ પછાત વિકાસશીલ તાલુકા (ગરબાડા ૧ અને ૨, ધાનપુર ૧ અને ૨, કપરાડા ૧ અને ૨, કડાણા, કવાંટ અને દેડીયાપાડા ૧ અને ૨) |
| (ડી) અમલીકરણ એજન્સી | • આઇસીડીએસ, મહિલા અને બાળ વિકાસ વિભાગ |
| (ઇ) ફંડીંગ પેટર્ન | • ૧૦૦% સ્ટેટ બર્ડન |
| (એફ) અપેક્ષિત આઉટકમ | • સગર્ભા અને ધાત્રી માતા તેમજ તેઓના બાળકના પોષણ સ્તરમાં સુધારો. |

| યોજનાનુ નામ | **એસ.સી. ડબલ્યુ ૨૫ ૯૫ ૨૨૩૫ ૦૨ ૧૦૩ ૦૧**<br>**નિરાધાર વિધવાઓના પુનઃસ્થાપન માટે નાણાકીય સહાય** |
|---|---|
| | **એસ.સી. ડબલ્યુ ૨૫ ૯૬ ૨૨૩૫ ૦૨ ૭૯૬ ૦૬**<br>**નિરાધાર વિધવાઓના પુનઃસ્થાપન માટે નાણાકીય સહાય** |
| | **એસ.સી. ડબલ્યુ ૨૫ ૧૦૬ ૨૨૩૫ ૦૨ ૧૦૩ ૦૪**<br>**નિરાધાર વિધવાઓના પુનઃસ્થાપન માટે નાણાકીય સહાય**<br>**૧૦૬ ૨૨૩૫ ૦૨ ૧૦૩ ૨૭**<br>**જીટીએ- તરડોછાયેલી ત્યક્તા અને વિધવાને આર્થિક સહાય** |
| ઘટક અને પ્રવૃત્તિઓ | • નિરાધાર વિધવા લાભાર્થીઓને દર મહિને રૂ. ૧૦૦૦ સહાય ચુકવવામાં આવે છે.<br>• ૧૮ થી ૪૦ વર્ષની વિધવાલાભાર્થીઓને આર્થિક રીતે પગભર થવા NGO દ્વારા તાલીમ આપવામાં આવે છે. |
| લક્ષિત લાભાર્થીઓ | નિરાધાર વિધવા ૧૮ વર્ષથી ઉપરની વિધવા અને તેનો પુત્ર ૨૧ વર્ષથી વધુ ન હોય તેવા લાભાર્થીઓને ગ્રામીણ વિસ્તારોમાં ૪૭૦૦૦ અને શહેરી |

| | |
|---|---|
| | વિસ્તારમાં ૬૮૦૦૦ થી વધુ આવક ન હોય તેમને ચુકવવા પાત્રતા |
| યોજનાનો વ્યાપ | સમગ્ર ગુજરાત રાજ્ય ડીબીટી દ્વારા રૂ૧૦૦૦ પ્રતિમાસ.. પરિવહન ભથ્થુ રૂ.૩૦૦ બે અઠવાડીયા માટે અને રૂ.૬૦૦ ચાર અઠવાડીયા માટે વોકેશનલ તાલીમ વધારાની આજીવીકા માટે રૂ.૫૦૦૦/- ની આર્થિક શહાય |
| અમલીકરણ એજન્સી | સહાય માટે તાલુકા મામલતદાર કચેરી<br>તાલીમ માટે નિયુક્ત કરેલ NGO |
| ફંડીંગ પેટર્ન | • પોસ્ટ વિભાગ દ્વારા લાભાર્થીઓના ખાતામાં સહાય જમા કરવામાં આવે છે. (રૂ.૩૦૦ GOI સ્કીમ હેઠળ ૪૦ થી ૭૯ વર્ષના લાભાર્થીઓને )<br>• લાભાર્થીઓને સ્વનિર્ભર બનાવવા માટે NGO દ્વારા તાલીમ આપવામાં આવે છે. પગભર થવા માટે સાધન સહય કીટ સ્વરૂપે આપવામાં આવે છે. |
| (એફ) અપેક્ષિત આઉટકમ | • મહિલા સશક્તિકરણ.<br>• કૌશલ્ય વિકાસ જાગૃવત અને તાલીમ મારફતે વિવિધ ક્ષેત્રોમાં |

| | |
|---|---|
| **યોજનાનુંનામઃ** | **WCD-5 ૧૦૬ ૨૨૩૫ ૦૨ ૧૦૩ ૧૭**<br>**ગુજરાત મહિલા આર્થિક વિકાસ કાર્યક્રમ માર્ગદર્શન કેન્દ્રો,**<br>**SCW, ૨૨૩૫ ૦૨ ૧૦૩ ૧૭**<br>**સેક્સ વર્કર બહેનોની પુનઃસ્થાપન માટેની યોજના** |
| ઘટકો અને પ્રવૃત્તિઓ: | - |
| સંભવિત લાભાર્થીઓ: | - |
| સહાયનું પ્રમાણ: | - |
| અમલીકરણ કચેરી: | ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લી. ગાંધીનગર. |
| ફંડીગપેટર્ન (ટકાવારીમાં) | રાજય (૧૦૦ % ) |
| અપેક્ષિતઆઉટકમઃ<br>(૨૦૦ શબ્દોમાં) | ૧.મહિલાઓને સ્વ-રોજગારી અને આર્થિક જીવનધોરણ ઉંચુ લાવવું તેમજ પછાત તાલુકા અને મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં રહેતી મહિલાઓમાં જાગૃતતા લાવવી.<br>૨. પ્રતિકૂળ પરિસ્થિતિમાં જીવતી મહિલાઓનું પુનઃસ્થાપન કરી સામાજીક પ્રવાહમાં ભેળવી, સામાજીક અને આર્થિક જીવનધોરણ ઉંચુ લાવવું. |

| | |
|---|---|
| **યોજનાનુ નામ** | **ડબલ્યુ.સી.ડી. - ૧૮**<br>**૧૦૬ ૨૨૩૫ ૦૨ ૧૦૩ ૩૨**<br>**૧૮૧- અભયમ મહિલા હેલ્પલાઇન** |
| ઘટક અને પ્રવૃત્તિઓ | ફોન પર માર્ગદર્શન, સલાહ-સુચન- ૨૦૧૭માં ૨૪x૭ મહિલા હેલ્પલાઇન ૧૮૧, અભયમ ટોલ ફ્રી નંબર મહિલાઓ માટે મોબાઇલ અને લેન્ડલાઇન પરથી ઉપલબ્ધ કરાવવી.<br>હિંસાના સંજોગોમાં તાત્કાલિક બચાવ ૨૪x૭ ફ્રી સલાહ માર્ગદર્શન તેમજ ઘરેલુ હિંસા વખતે મહિલાને સુરક્ષિત જગ્યાએ ખસેડવી. કોલ અપગ્રેડેશન માં સહાય<br>ટૂંકા ગાળાનું અને લાંબા ગાળાનું કાઉન્સેલીંગ (સલાહ)<br>મહિલાલક્ષી માળખાઓ અને યોજનાઓની માહિતી |
| લક્ષિત લાભાર્થીઓ | કોઈ પણ કન્યા, યુવતી કે મહિલા આ સેવાનો ઉપયોગ કરી શકે છે,<br>મહિલાને મદદરૂપ બનનાર કોઇપણ પુરૂષ આ સેવાનો ઉપયોગ કરી શકે છે,<br>અન્ય રાજ્યની મહિલા ગુજરાતમાં આવતા આ સેવાનો લાભ મેળવી શકે છે. |
| યોજનાનો વ્યાપ | સમગ્ર ગુજરાત |
| અમલીકરણ એજન્સી | ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ તેમજ ગૃહ વિભાગ અને GVK EMRI વચ્ચે PPP મોડલમાં કરાર કરવામાં આવેલ છે. કમિશ્નર મહિલા અને બાળ વિકાસ ધ્વારા યોજનાકીય ખર્ચ કરવા માટે અનુદાન ચુકવવામાં આવે છે. |
| ફંડીંગ પેટર્ન | ૧૮૧ અભયમ ૧૦૦% સ્ટેટ બર્ડન અને ભારત સરકારના ૮૯.૪૦/- લાખ વાર્ષિક ફીક્સ અનુદાન ફાળવે છે. |
| અપેક્ષિત આઉટકમ | ૨૪ x ૭ મફત માર્ગદર્શન, સલાહ,અને માહિતી આપવી. ઘરેલું અથવા કોઈપણ પ્રકારની હિંસા જેવી પરિસ્થિતિઓમાં બચાવ કરવા માટે સ્ત્રીઓને સલામત સ્થાન પર ખસેડવી. ટેક્નોલોજી સંકલન દ્વારા 100% કૉલ્સનો પ્રતિભાવ. |

| | |
|---|---|
| **યોજનાનુ નામ** | **એન.ટી.આર- ૧૩**<br>૯૫-૨૨૩૫-૦૨-૮૦૦- ૧૪<br>**રાજીવ ગાંધી યોજના કિશોરી બાળાઓ માટે સશકિતકરણ**<br>**નવી બાબત** |
| | **એન.ટી.આર- ૧૩**<br>૯૬-૨૨૩૫-૦૨-૭૯૬-૦૯<br>**રાજીવ ગાંધી યોજના કિશોરી બાળાઓ માટે સશકિતકરણ**<br>**નવી બાબત** |
| | **એન.ટી.આર- ૧૩** |

| | |
|---|---|
| | **૧૦૬-૨૨૩૫-૦૨-૮૦૦-૧૪**<br>**રાજીવ ગાંધી યોજના કિશોરી બાળાઓ માટે સશકિતકરણ**<br>**નવી બાબત** |
| (અ) ઘટક અને પ્રવૃત્તિઓ | આંગણવાડી મકાનોનુ માળખાકીય નિર્માણ |
| (બી) લક્ષિત લાભાર્થીઓ | ૧૫-૧૮ શાળા સિવાયના વિધ્યાર્થીનીઓ |
| (સી) યોજનાનો વ્યાપ | સમગ્ર રાજય |
| (ડી) અમલીકરણ એજન્સી | આઇ.સી.ડી.એસ. |
| (ઇ) ફંડીંગ પેટર્ન | ૧૦૦% રાજય સરકાર |
| (એફ) અપેક્ષિત આઉટકમ | ૧૩૪ બ્લોકમાં પોષણ અને પોષણ સિવાયની સેવાઓ પુરી પડવામાં આવે છે. |

| **યોજનાનુ નામ** | **એન.ટી.આર-**<br>**૧૦૬-૨૨૩૬-૦૨-૮૦૦-૧૧**<br>**કિશોરી શકિત યોજના** |
|---|---|
| (અ) ઘટક અને પ્રવૃત્તિઓ | આંગણવાડી મકાનોનુ માળખાકીય નિર્માણ |
| (બી) લક્ષિત લાભાર્થીઓ | ૧૫-૧૮ શાળા સિવાયના વિધ્યાર્થીનીઓ |
| (સી) યોજનાનો વ્યાપ | સમગ્ર રાજય |
| (ડી) અમલીકરણ એજન્સી | આઇ.સી.ડી.એસ. |
| (ઇ) ફંડીંગ પેટર્ન | ૧૦૦% રાજય સરકાર |
| (એફ) અપેક્ષિત આઉટકમ | ૨૦૨ બ્લોકમાં પોષણ અને પોષણ સિવાયની સેવાઓ પુરી પડવામાં આવે છે. |

| **યોજનાનું નામ** | **એન.ટી.આર-**<br>**૧૦૬-૨૨૩૬-૦૨-૮૦૦- ૧૯**<br>**મિશન બલમ સુખમ**<br>**નવી બાબત** |
|---|---|
| એ) ઘટક અને પ્રવૃત્તિઓ | આંગવાડી કાર્યકરોને સ્તનપાનની તાલીમ આપવાની નવી બાબતની દરખાસ્ત કરેલ છે. જેનાં કારણે બાળ મુત્યુ દરમાં ઘટાડો લાવી શકાય તથા સ્તનપાનની જાગૃતિ લાવી શકાય. |
| બી) લક્ષિત લાભાર્થીઓ | આંગવાડી કાર્યકરોને સ્તનપાનની તાલીમ આપવી |
| સી) યોજનાનો વ્યાપ | સમગ્ર રાજય |
| ડી) અમલીકરણ એજન્સી | **આઇ.સી.ડી.એસ.** |
| ઇ) ફંડીંગ પેટર્ન | ૧૦૦% રાજય સરકાર |
| એફ) અપેક્ષિત આઉટકમ | આંગવાડી કાર્યકરોને સ્તનપાનની તાલીમ આપવાની નવી બાબતની દરખાસ્ત કરેલ છે. જેનાં કારણે બાળ મુત્યુ દરમાં ઘટાડો લાવી શકાય તથા સ્તનપાનની જાગૃતિ લાવી શકાય. |

| | | |
|---|---|---|
| **યોજનાનું નામ** | | એન.ટી.આર- ૦૫<br>૧૦૬-૪૨૩૬-૦૨-૮૦૦- ૦૧<br>મનરેગાના કન્વર્ઝનથી આંગણવાડી કેન્દ્રોના નવા મકાન બાંધકામ<br>નવી બાબત |
| એ) | ઘટક અને પ્રવૃત્તિઓ | આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને સાનુકુળ વાતાવરણ મળી રહે તેમજ પૂર્વ પ્રાથમિક શિક્ષણ તથા રમત-ગમત માટેની જગ્યાનું આયોજન તેમજ શૌચાલયની સુવિધા સાથે ૨૦૦૦ નવા મકાન બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. |
| બી) | લક્ષિત લાભાર્થીઓ | મનરેગાના કન્વર્ઝનથી આંગણવાડી કેન્દ્રોના નવા મકાન બાંધકામ બાબત |
| સી) | યોજનાનો વ્યાપ | સમગ્ર રાજય |
| ડી) | અમલીકરણ એજન્સી | **આઇ.સી.ડી.એસ.** |
| ઇ) | ફંડીંગ પેટર્ન | (૫૦:૫૦) કેન્દ્ર:રાજય સરકાર |
| એફ) | અપેક્ષિત આઉટકમ | રાજ્યના તમામ આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને સાનુકુળ વાતાવરણ મળી રહે તેમજ પૂર્વ પ્રાથમિક શિક્ષણ તથા રમત-ગમત માટેની જગ્યાનું આયોજન તેમજ શૌચાલયની સુવિધા સાથે ૨૦૦૦ નવા મકાન બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. |

| | | |
|---|---|---|
| **યોજનાનું નામ** | | **એન.ટી.આર- ૦૫**<br>**૧૦૬-૪૨૩૬-૦૨-૮૦૦- ૦૧**<br>**આંગણવાડીનું બાંધકામ (પ્લાન)**<br>**નવી બાબત** |
| એ) | ઘટક અને પ્રવૃત્તિઓ | એક જર્જરીત આંગણવાડીને તોડી પાડીને તે સ્થળે નવી આંગણવાડી બનાવવા બાબત માટે યુનિટ દીઠ કુલ રૂ.૬ લાખ મુજબ ૫૦૦ આંગણવાડી કેન્દ્રો માટે કુલ રૂ.૩૦૦ લાખની નાણાંકીય જોગવાઇ કરવામાં આવેલ છે. |
| બી) | લક્ષિત લાભાર્થીઓ | નવી આંગણવાડી બનાવવા બાબત |
| સી) | યોજનાનો વ્યાપ | સમગ્ર રાજય |
| ડી) | અમલીકરણ એજન્સી | **આઇ.સી.ડી.એસ.** |
| ઇ) | ફંડીંગ પેટર્ન | ૧૦૦% રાજય સરકાર |
| એફ) | અપેક્ષિત આઉટકમ | જર્જરીત આંગણવાડીને તોડી પાડીને તે સ્થળે નવી આંગણવાડી બનાવવા બાબત |

| યોજનાનું નામ | | એન.ટી.આર- ૨૨<br>૧૦૬-૪૨૩૬-૦૨-૮૦૦- ૦૪<br>**બ્લોક ઓફિસનું બાંધકામ,રીપેરીંગ તથા આધુનિકરણ મરામત નવી બાબત** |
|---|---|---|
| એ) | ઘટક અને પ્રવૃત્તિઓ | ઘટક કક્ષાના નિયંત્રણ હેઠળ આવતા આંગણવાડી કેન્દ્રોના વહીવટ, હિસાબ તથા યોજનાકીય કામ કરતા કર્મચારીઓ માટેની બેઠક વ્યવસ્થા, મીટીંગ હોલ, ગોડાઉન, સીડીપીઓ (વર્ગ-૨) માટેની ઓફિસ, શૌચાલય તથા પાર્કીગનની સુવિધા સાથે નવા મકાન બનાવવાનું આયોજન છે. |
| બી) | લક્ષિત લાભાર્થીઓ | બ્લોક/ઘટક કચેરીઓના મકાન બાંધકામ બાબત |
| સી) | યોજનાનો વ્યાપ | સમગ્ર રાજય |
| ડી) | અમલીકરણ એજન્સી | **આઇ.સી.ડી.એસ.** |
| ઇ) | ફંડીંગ પેટર્ન | ૧૦૦% રાજય સરકાર |
| એફ) | અપેક્ષિત આઉટકમ | સંકલિત બાળ વિકાસ યોજના અધિકારી (વર્ગ-૨)ની બ્લોક/ઘટક કચેરીઓના મકાન બાંધકામ બાબત |

| યોજનાનું નામ | | **એન.ટી.આર- ૦૨**<br>**૧૦૬-૨૨૩૫-૦૨-૮૦૦- ૦૨**<br>**સંકલિત બાળ વિકાસ યોજના** |
|---|---|---|
| એ) | ઘટક અને પ્રવૃત્તિઓ | તમામ સગર્ભામાતા, ધાત્રીમાતા અને કિશોરીઓને આર્યન અને આયોડીન ડબલ ફોર્ટીફાઇડ સોલ્ટ આપવા માસીક એક કિલોગ્રામ ફોર્ટીફાઇડ મીઠું આપવાનું થાય છે. મીઠાના જથ્થાની વાર્ષિક જરૂરિયાત 257.22 ક્વીન્ટલ છે. અને માટે વાર્ષિક રૂ.2057.96 લાખની નવી બાબત તરીકે સુચિત જોગવાઇ કરવામાં આવેલ છે. |
| બી) | લક્ષિત લાભાર્થીઓ | ૬માસથી ૬ વર્ષના બાળકો અને સગર્ભામાતા અને ધાત્રીમાતા |
| સી) | યોજનાનો વ્યાપ | સમગ્ર રાજય |
| ડી) | અમલીકરણ એજન્સી | **આઇ.સી.ડી.એસ.** |
| ઇ) | ફંડીંગ પેટર્ન | ૧૦૦% રાજય સરકાર |
| એફ) | અપેક્ષિત આઉટકમ | રાજ્યના તમામ જિલ્લાના આઇ.સી.ડી.એસ. ઘટકના આંગણવાડીના ૬માસથી ૬ વર્ષના બાળકો અને સગર્ભામાતા અને ધાત્રીમાતાને ડબલ ફોર્ટીફાઇડ મીઠું આપવાની બાબત |

| યોજનાનું નામ | | એન.ટી.આર- ૧૦૬-૨૨૩૫-૦૨-૮૦૦<br>સંકલિત બાળ વિકાસ યોજના |
|---|---|---|
| એ) | ઘટક અને પ્રવૃત્તિઓ | વિશેષ નોંધ:- કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ(આઈસીડીએસ) કચેરી ખાતે રાજ્ય/જિલ્લા/ઘટક કક્ષાની જગ્યાઓ એકાકી હોઇ હાલ સરકારશ્રીની કુપોષણ મુક્તિ અભિયાન ના ભાગ રૂપે આઇસીડીએસ યોજનાઓની |

| | | |
|---|---|---|
| | | વહીવટી, આંકડાકીય, યોજનાકીય અને નાણાકીય કામગીરી સુચારૂ ઢબે ચાલુ રાખવી ખુબ જ જરૂરી છે. જો આ જગ્યાઓ તબદિલ કરી નવી બાબત તરીકે મંજુર કરવામાં ન આવે તો અમલીકરણમાં માઠી અસર પડે તેમ હોઇ આ મહેકમને ચાલુ રાખવા સને ૨૦૧૮-૧૯ માં થનાર સંભવિત ૧૦૦% સ્ટેટ બર્ડનમાં રૂ.૧૯,૯૬,૩૮,૬૦૦/- (અંકે રૂપિયા ઓગણીસ કરોડ છન્નુ લાખ આડત્રીસ હજાર છસો પુરા) ની નવી બાબત તરીકે તેમજ અત્રેની કચેરી અને તાબા હસ્તકની કચેરીઓની મંજુર જગ્યાઓને તા.૨૮/૨/૨૦૧૯ સુધીની મંજુરી આપવા વિનંતી છે. જેથી રાજ્યના તમામ જિલ્લાઓમાં જિલ્લા, અર્બન અને ઘટક કક્ષાનુ એક સમાન નિશ્રિત મહેકમનુ માળખુ અમલમાં આવી શકે તે માટે સુચિત નવી બાબત રજુ કરેલ છે. |
| બી) | લક્ષિત લાભાર્થીઓ | રાજ્ય/જિલ્લા/ઘટક કક્ષાની જગ્યાઓ એકાકી હોઇ હાલ સરકારશ્રીની કુપોષણ મુક્તિ અભિયાન ના ભાગ રૂપે આઇસીડીએસ યોજના |
| સી) | યોજનાનો વ્યાપ | સમગ્ર રાજય |
| ડી) | અમલીકરણ એજન્સી | આઇ.સી.ડી.એસ. |
| ઇ) | ફંડીંગ પેટર્ન | ૧૦૦% રાજય સરકાર |
| એફ) | અપેક્ષિત આઉટકમ | કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ(આઈસીડીએસ) કચેરી ખાતે રાજ્ય/જિલ્લા/ઘટક કક્ષાની જગ્યાઓ એકાકી હોઇ હાલ સરકારશ્રીની કુપોષણ મુક્તિ અભિયાન ના ભાગ રૂપે આઇસીડીએસ યોજનાઓની વહીવટી, આંકડાકીય, યોજનાકીય અને નાણાકીય કામગીરી સુચારૂ ઢબે ચાલુ રાખવી ખુબ જ જરૂરી છે. |

-----------

**સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.**